[illegible] [illegible] [illegible] ગીત

[illegible] [illegible]

[illegible] [illegible]

नागर स्त्रिओमां गवातां गीत

रीत कथन साथे

नागर स्त्रिओ पासे संग्रह करावी

नर्मदाशंकर लालशंकरे

छपावी प्रसिद्ध कर्यां.

[आवृत्ति २ जी]

प्रकटकर्ता

धी "गुजराती" प्रीन्टींग प्रेसना मालेक

संवत् १९६६. मे सने १९१०.

किंमत दश आना.

મુંબઈ.
"ગુજરાતી" પ્રીન્ટીંગ પ્રેસ.

પ્રકટ કર્ત્તાની નોંધ.

કવિ નર્મદાશંકરે આ સંગ્રહની પ્રથમ આવૃત્તિ લગભગ ૪૦ વર્ષપર છપાવી પ્રકટ કીધી હતી. તે પછી ગ્રંથના હાંસીયાના ભાગપર તથા બીજે ઠેકાણે જે ટુંકી ટુંકી નોંધો લખી હતી તે જાણુવાજોગ હોવાથી ભાઈ જયશંકરે મને આપી હતી અને તે તેવીને તેવી જ હું અત્રે નોંધી લઉં છું.

આ સંગ્રહમાંનાં ઘણાં ગીતો ઉચ્ચ જ્ઞાતીના વાણીયા બ્રાહ્મણ અને ક્ષત્રિયોની સ્ત્રિયોમાં ગવાય છે.

જનોઈ અને અઘરણીનાં ગીતો અમદાવાદ અને ભાવનગરના નાગર બ્રાહ્મણોની સ્ત્રિયો સહજ ફેરફાર સાથે ગાય છે.

બાળાના સંગ્રહપરથી અમદાવાદી નાગર સ્ત્રિયોનાં ગીતનો વ્યવહાર કંઈક નૂતન માલમ પડે છે.

સુરતમાં સામાન્ય તપાસ કરતાં મારું માનવું એવું છે કે નાગર સ્ત્રિયોનાં ગીતો ઉપરથીજ બીજી જ્ઞાતીની સ્ત્રિયોએ વિવાહ અને અઘરણીના પ્રસંગનાં ગીતો લીધેલાં છે. ગાવાની રૂઢીમાંજ ફેર છે. ઔદીચ વગેરે બ્રાહ્મણ જ્ઞાતીની સ્ત્રિયો જનોઇનાં ગીતો બહુ અંશે આ જ ગાય છે.

એક ઠેકાણે કવિએ લખ્યું છે કે;–

જે સંગ્રહ થયો છે તે જોતાં આ સંગ્રહ સંતોષકારક છે અને ગોઠવણી કરવામાં બહુ ચતુરાઈ બતાવી છે. તેને માટે સવિતા-ગવરીનો આભાર માનવાનો છે. એના વગર આ સંગ્રહ આવી ઉત્તમ રીતે સંગ્રહાઈ ગોઠવાઈ શકાત નહીં.

એ ઉપરાંત બેએક કાપલીપર કંઈક નોંધ લખેલી હતી, પણ તે ક્યાંય મૂકાઈ ગઈ છે, તે તાત્કાલમાં મને પ્રાપ્ત ન થવાથી દીલગીર છું.

પ્રકટ કર્ત્તા.

પ્રસ્તાવના.

સુરતની નાગર સ્ત્રિયો આ ગીતોને એટલાં તો લાંબા સૂરમાં તાણે છે કે તેથી સાંભળનારને રુદનના સૂરનું ભાન થાય છે; એ ઉપરથી મને તર્ક ઉઠ્યો કે, ઉત્સાહનું ગાણું રોતું શા માટે છે ને એ ગીતના અર્થમાં ઉત્સાહ છે કે નહીં? ઘણો કાળ વીત્યા પછી આ સુઝ્યું કે પુરુષની ભાષાની પઠે સ્ત્રિયોની ભાષા વ્હેલી ફરતી નથી ને રુડે અવસરે ગવાતાં સ્ત્રિયોનાં ગીત પરંપરાથી તેનાં તેજ ગાવામાં આવ્યાં કરેથી તે ગીતોની ભાષા જુની ભાષાનો એક નમુનો છે એમ નિઃશંક કહી શકાય; વળી ગુજરાતી ભાષા વિષે સર્વ પ્રકારની જાણ આપવામાં જેમ જુના કવિયોની ભાષા જોવી અવશ્ય છે, તેમ ગુજરાતની સઘળી ન્યાતની સ્ત્રિયોનાં ગીતની પણ ભાષા જોવી અવશ્ય છે. થોડા દહાડા પછી એવો તર્ક થયો કે, સ્ત્રિયોનો ઉત્સાહઆનંદ તે કેવો હશે? અને ઉંચી નીચી કહેવાતી ન્યાતોની સુઘડતામાં શો શો ફેર છે? એ જાણવાને સ્ત્રિયોનાં ગીત જોવાં જોઇયે. એ સઘળા ખ્યાલોથી તે ગીતોના સંગ્રહ કરવાની મારી ઇચ્છા થઈ. સઘળી ન્યાતની સ્ત્રિયોનાં ગીતોનો સંગ્રહ ઘણા કાળના શ્રમથી ને ઘણા ખર્ચથી થાય; વળી એ કામ જેવું સ્ત્રિયોથી પોતાનાથી થાય તેવું પુરુષથી ન જ થાય; વળી પુરુષને એ કામને માટે સ્ત્રિયોના દુર્લભ પ્રસંગની અનુકુળતા જોઇયે; માટે એ વિચાર બંધ રાખી માત્ર ગુજરાતમાં સહુથી ઉંચી મનાતી નાગરી સ્ત્રિયોનાં ગીતોનો સંગ્રહ કરવો ધાર્યો કે જેથી બીજી ન્યાતમાં પણ તેવો ઉદ્યોગ ચાલે. નાગરને પોતાને માટે પણ એમ કે વડનગરા, વિસલનગરા ને સાઠોદરા, એ ત્રણની સ્ત્રિયોનાં ગીતોનો સંગ્રહ થાય તો તેમાંથી ભાષા તથા રીતભાત

સંબંધી ઘણી વાત જાણવામાં આવે અને તેથી મૂળ વડનગરની ભાષા વિષે જાણ થાય; પરંતુ એ કામ પણ શીઘ્ર સધાય તેવું નહીં, માટે મેં વડનગરાની સ્ત્રિયોનાં,–ભાવનગર, અમદાવાદ ને સુરત એ ત્રણ મુખ્ય ઠેકાણાનાં ગીતનો સંગ્રહ કરવો ધાર્યો; પણ એ પણ અઘરું હોવાથી નિદાને મેં સુરતની જ નાગર સ્ત્રિયોનાં ગીત એકઠાં કરવાનો નિશ્ચય કર્યો.

"એ ઉદ્યોગ ચલાવવા સારુ મેં મારી સ્ત્રીને કહ્યું; એણે તથા બીજી બે ત્રણ સ્ત્રિયોએ તે કામ માથે લીધું ને એઓએ ગીતો ગાવાનો ઝાઝો અભ્યાસ એવી સ્ત્રિયો પાસે જઈ જઈને મ્હોડેના શબ્દો લખી લેવા માંડ્યો. એ પ્રસંગમાં લખાવનારી સ્ત્રિયોમાંની કેટલીએક કંટાળીને ને કેટલીએક શરમ ન છંડાય માટે લખાવ્યાં. પણ જ્યારે છપાવવાની વાત તેઓના જાણવામાં આવી ત્યારે તેઓ મનમાં પસ્તાયાં અને નવાં લખાવવાને બ્હાનાં કહાડી બેદરકાર થયાં–એકે તો કહ્યું કે મ્હોડેથી શીખો, લખે કેવાં વળી? એકે કહ્યું કે એ તો મને આવડતું નથી. એમ કરતાં લખાવે તો કોઈ આગલા બોલ મુકી દે, કોઈ પાછલા, ને કોઈ વચલા. તેઓના મનમાં એવું કે પછી આપણને કોણ પુછતું આવશે? તોપણ તેઓ-માંની એક વૃદ્ધ સ્ત્રિયે પોતાનાં કાળજાં જેવા ગરબાઓ (જેને સાંભળવા આખું સુરત શહેર ઉલટતું હતું) પ્રથમ ઘણા સંકોચથી પણ પછી ધોતાળ બુદ્ધિથી લખાવ્યાં છે. એ ગીતો જુદે જુદે ઠેકાણેથી કકડા કકડા રૂપે એકઠાં થયાં પછી, એક વિદ્યાભ્યાસી સ્ત્રિયે તે સઘળાને પ્રસંગ પરત્વે જુદાં પાડી, કકડા કકડા સાંધી, પાઠાફેર શુદ્ધ કરી, નિયમ પુરઃસર ગોઠવી આ ગ્રંથરૂપ આકારમાં મુકયાં છે ને પ્રસંગ સમજાવવાને રીતકથન કર્યું છે. એ રીતે આ મારે માટે તૈયાર થયેલો ગ્રંથ (સુરતની નાગર સ્ત્રિયોનો અમૂલો ગરથ–ઉંચો રસાનંદ) સર્વ ગુજરાતી જનમાં પ્રસિદ્ધ કરું છું.

જ્યાં સુધી બીજાં ઠેકાણાંના ને બીજી ન્યાતોનાં ગીતો જોવામાં આવ્યાં નથી ત્યાં સુધી આ ગીતોનું પુરું વિવેચન થાય નહીં; તો પણ સ્ત્રિયોનાં ગીતના ગ્રંથો તૈયાર કરાવવા સારુ થોડુંએક આ ગીતો વિષે અહીં બોલું છઉં.—

પ્રથમ તો એ ગીતના રાગ વિષે જણાવું છઉં. જોકે તે રાગ રુદનસ્વરનું ભાન કરે છે, તોપણ પાસેથી સાંભળતાં ને સૂર ઉપર જ લક્ષ રાખતાં તે (રાગ), ઉત્સાહની પણ ધીરી ઠાવકી ધ્વનિ છે એમ આપણા કાન સ્પષ્ટ કહે છે અને તે પ્રસંગ ગીતના ભાવાર્થને અનુકુળ છે. લગનનાં કેટલાંક ગીતના શબ્દાર્થ તથા રાગ એમાં ઉત્સાહનું ચાંચલ્ય છે પણ સુઘડ ઠરેલપણાંની સાથે; અને અધરણીનાં કેટલાંક ગીતમાં ઉત્સાહની સાથે ઠાવકું હાસ્ય પણ બહાર પડતું દેખાય છે. જે ઉછળતું ચાંચલ્ય મહાડના ગીતોમાં જણાય છે, તે સુરતની નાગર સ્ત્રિયોનાં ગીતમાં નથી.

મહાડનાં ગીત, બનડા, મોસાળું, ગરબા અને બ્રહ્માને કાળીદાસની છાપવાળાં ગીત, એ સિવાયનાં બાકી રહેલાં ગીત નાગર સ્ત્રિયોએ જ કરેલાં છે એમ ભાષા તથા રીતભાત ઉપરથી જણાય છે ને તેમાં એક કોડીલીયે તો કૃષ્ણાબાઈ એવું નામ પણ પ્રગટ કરયું છે—"ઉમયાશંકર માત ને તાત, ઉત્તમ નાગરી ન્યાત; કૃષ્ણાબાઈનું જીવ્યું ધંન, વર વહુ દેખઈતાં રતન."

નાગરબ્રાહ્મણ પ્રથમ કેવળ ઋષિધર્મ પાળનારા, પણ પછવાડેથી મોટા સંસારી ઉદ્યમ કરતા થયલા અને સંસારી ઉદ્યમમાં પડેલા છતાં પણ પૂર્વ ધર્મ રાખી રહ્યા છે, એવો જનોઇનાં ગીત ઉપરથી ભાસ થાય છે. જનોઇના સંસ્કારથી શુદ્ધ બ્રાહ્મણપણું આવે છે, માટે એ ધર્મ સંસ્કારને અનુકુળ એવો જે ગાંભીર્ય વેષ્ટિત ઉત્સાહ ને એ જેટલો ઉંચી સ્થિતિનાં બૈરાંમાં હોવો જોઇયે તેટલો એ ગીતોમાં દેખાય છે. લગનનાં ગીતો ઉપરથી સંસારી ઉદ્યમમાં

પડેલા ને તેમાં પણ રાજવંશી ક્ષત્રીના જેવી ઉંચી સ્થિતિમાં રહેલા તેમ પાછા બીજી ન્યાતોના વ્યવહાર સંબંધમાં આવેલા એવા નાગર બ્રાહ્મણોની સ્ત્રિયોનો મોટો ઉત્સાહ દીપતો દેખાય છે. લગનની ખટપટ—ધામધુમ—સામગ્રી, વસ્ત્રાભૂષણ, સગાં વહાલાંનો મેલાવડો, પરણનાર વરકન્યાને લડાવેલાં લાડ, બ્હેવણોનાં માન તથા તેમનાં પરસ્પર વખાણ તથા મ્હેણાં ઈ૦નું ઉજળું ભભકવાળું ને સુઘડ વર્ણન છે. રાબડીમાં સાસુવહુનું ચરિત્ર ટુંકું પણ સરસ છે ને રન્યાદેવની આરતીમાં વંધ્યાની સ્થિતિ અને વંશવિસ્તારનો મહિમા, એ પૂરેપૂરાં વર્ણવ્યાં છે. અધરણીના પ્રસંગમાં નાગરીયોનાં પોતાનાં કરેલાં ગીત બે ચારેક હશે, એ પ્રસંગનો મેળાવડો નાગરીયોએ પોતે કરેલો જણાતો નથી. નરસૈં મેહેતાનાં મોસાળાંએ તે ખોટ પૂરી પાડી છે. બીજાનાં ગીત ગરબા પસંદ કરી પોતાનામાં દાખલ કરવામાં અને તેને પોતાની બાનીથી ગાવામાં સુરતની નાગરીયોએ પોતાનું નાગરી રસજ્ઞાન જર સાથે દર્શાવ્યું છે. કેટલેક ઠેકાણે નાગરોમાં પણ ભુંડાં જેવાં જોડકલાં ગવાય છે, પણ સુરતની નાગરીયોના જોડ્યા બોલમાં ઘણે કરીને વખાણ, સ્હેજસાજ મજાક ને કોઈ કોઇવાર મ્હેણાં જોવામાં આવે છે. કેટલાંક પરભાતિયામાં જમાઈ વિષે બોલ ગંદા શબ્દોમાં હાસ્ય આણ્યું છે એ ઠીક નથી. સહુથી પો ગીતમાં શ્રેષ્ઠ નાગર બ્રાહ્મણની સ્થિતિ વર્ણી છે અને પરભાતિયા આજથી ૨૫ વરસ પહેલાં માલેણના જે માન હતાં તેનો ... પ્રસંગના ઉત્સાહને ઉદ્દીપન કરનાર જે ઉંચી સામગ્રી તેનો ... ઉત્સાહના જે પાત્રજન તેનો, મ્હલાવડો છે.

ટુંકામાં છેલ્લું કહેવાનું આ કે, ગીતનો રાગ, ગીતની ભ ગીતમાં રહેલા અર્થ, ગીતમાં રહેલી કવિતા, ગીતમાંની રીત ઈ૦ જોતાં સુરતની નાગર સ્ત્રિયોની ઉંચી કુલીનતા ને તેએ

નાગરી સુઘડતા એ એથી ઉભરાતો જે રસાનંદ, તે આ પુસ્તકમાં ચાંદરણારૂપ દીપી રહ્યો છે.

વિશેષ, કે ઉપર લખેલા વિષયથી હમણાંની સુરતની નાગર સ્ત્રીયો વિષે પણ તેવો જ વિચાર બંધાય. પણ દિલગીર છું કે, આજ કાલ સ્ત્રીયોનો ઉત્સાહ માત્ર લુગડાં ઘરેણાં સજવામાં, છોકરાને છેલા કરવામાં, સારી કાંચળી ને સારા કબજા પેરી ન્યાતમાં જમવા બેસવામાં અને થોડાક ગીત–જોડ્યા બોલ ગાવામાં છે. જનોઈ દીધાથી મારા છોકરાને બ્રાહ્મણપણાનો સંસ્કાર થયો, એ ભાવવાળો ઉત્સાહ આજકાલ કોઈ સ્ત્રીમાં નથી. એ રંગ તો ગયો જ!

કોડથી તથા ઉમંગથી અને આંખના ભાગથી તથા તાળીની છટાથી પ્રૌઢ રસિક સ્ત્રીઓ શરદના ચાંદરણાવાળી શાંત સલૂણી સુંદર ભાગી રાતે ટીપના તીણાં પણ ઠરેલા કુમળા મધુરા સૂરના સતરંગ પ્રવાહમાં વાંસળી ગોવાળિયા, વ્હેડલું, બાલમ, મોરલો વગેરે રસભરી ગરબીઓને મ્હલાવતી અને શેહેરના લોક નાગરીના ગરબા જાણી દોડી આવી ઠઠ મળતા અને એક ચિત્તે કર્ણથી રસપાન કરી તૃપ્ત થઈ ધન્ય છે એમ કહેતા, તે રંગ પણ ફરીથી જોવામાં આવનાર નથી!

કુલીનતા ને સુઘડતાના રંગ પણ આજકાલ છેક જ ટાહાડા થઈ ગયા છે! એને પાછા પાકા તેજાળા કરવાને નાગરીયોએ વિદ્યાભ્યાસ કેથરી પોતાની બુદ્ધિનું ચાંચલ્ય તથા કુળાભિમાન એ વધારવા જોઇયે પડે ને પોતે પણ વિવેક મરજાદથી ઠરેલ થવું જોઇયે; વળી જુના ઉપરના રસરંગના મિશ્રણથી એક નવો રસરંગ ઉત્પન્ન કરવો જોઇયે. આમ થયેથી નાગરીયોનો ઉત્સાહ–આનંદ પાછો નવા રૂપમાં પ્રદીપ્ત થશે.

ઉ.

નર્મદાશંકર લાલશંકર.

રીતકથન.

જનોઈ, લગ્ન ને અધરણી એમાં ગવાતાં ગીતો એવાં છે કે, પ્રસંગ સમજાયા વગર વાંચનારને રસ પડે નહીં, તેથી એની સાથે રીત કથન હોય તો એ ગીતોનો બરોબર અર્થ સમજાય ને વાંચવામાં રસ પડે, એમ જાણી જનોઈ, લગ્ન ને અધરણી એ પ્રસંગોની રીત લખી છે. એમાં ગીતના પ્રસંગ શિવાએ બીજા પણ કેટલાક મુખ્ય મુખ્ય પ્રસંગો લીધા છે; કે જેથી નાગર સ્ત્રિયોની રીતભાત જાણવામાં આવે. ગૃહસ્થ તથા ભિક્ષુકમાં ગીત તો તેનાં તે જ ગવાય છે, પણ રીતમાં કંઈક ફેર છે—અહીંયા તો ભિક્ષુકમાં જે રીત છે તે જ લખી છે.

જનોઇમાં જે સાંજી પરભાતિયાં ગાવામાં આવે છે તે લગ્નમાં પણ ગવાય છે; તેમ લગ્નની સાંજીના ગીતમાંથી ઘણાંખરાં જનોઈ પ્રસંગમાં ગવાય છે પણ. આ પુસ્તકમાં તે પ્રમાણે ન લખતાં જે ગીતોમાં લગ્ન સંબંધી અર્થ રહેલો છે, તે ગીતો લગ્નની સાંજીમાં દાખલ કર્યાં છે.

જનોઇમાંનાં જે ગીત લગ્નમાં ગવાય છે તેમાં વર કન્યાને ઘેર નીચે પ્રમાણે ફેરફાર કરી ગાય છે—પેહેલા નંબરનાં ગીતમાં 'લાડેકડોરે મુંજીયો' એને બદલે 'કુંઅર લાડેકડી પરણાવીએ' એમ ગવાય છે. વરને ઘેર 'મુંજીયાજી'ને ઠેકાણે 'જીયાવર' કે 'લાડેકડો' અને કન્યાને ઘેર 'લાડેકડી' કે કન્યાનું નામ દઈ ગાવામાં આવે છે.

બનડા ગાવાનો ચાલ ક્ષત્રીયોમાંથી આવ્યો છે ને તે તેઓના જ છે.

મહાડખુંદવાનો ધારો જનોઈ, લગન ને અધરણી, એ ત્રણે પ્રસંગોમાં હોય છે. પરંતુ મુખ્યત્વે એ રીત ઓદીચ્ય બ્રાહ્મણ તથા સોની વગેરેની ન્યાતમાં જોવામાં આવે છે ને નાગરમાં તો કવચિતજ ખુંદાય છે. એ જોતાં નાગરસ્ત્રીયોમાં મહાડની રીતથી દેખાદેખી

આવી હોય એમ લાગે છે, તોપણ જાણવા સારુ તે પ્રસંગના થોડાંક ગીત અધરણી પછીના ગીતમાં દાખલ કર્યાં છે.

અધરણીના પ્રસંગમાં અસલ રતિવહુનું મોસાળું ગવાતું હતું, પણ આસરે પોણોસો વરસ થયાં નરસહીં મેહેતાનું મોસાળું ગવાય છે.

જુની કવિતામાં છેક અપભ્રંશ થયલા શબ્દો કહાડી નાખી નવા શબ્દો કે વાકયો ઉમેરી અર્થ બંધ બેસાડતાં ભાષા તથા કવિતાનું રૂપ બદલાઈ જાય, એ વિચારથી ઘણું કરીને જુજ શબ્દનો ફેરફાર કરતાં જે ગીતો શુદ્ધ થઈ શકયાં, તેજ શુદ્ધ કર્યાં છે.

જનોઇની રીત.

જનોઇને એક બે મહીના અગાઉ કેટલીક સ્ત્રીયો મળી (વરાને સારુ) પાપડ વણે છે. એ પ્રસંગે સાંજીમાંનાં તથા જનોઈ પ્રસંગમાંનાં અમુક ગીત ગાવામાં આવે છે ને એ દીવસથી પગરણનો આરંભ ગણાય છે.

જનોઇને પંદરેક દીવસ રહ્યા કે ગીત ગાઈ (વરાને સારુ) અનાજ વિણવામાં આવે છે. (હાલમાં વિણવાનો ધારો નીકળી ગયો છે. માત્ર ગીત ગવડાવે છે). એ દહાડે સાંજના બે ત્રણ કલાકે ઘરની કે સગાંની એક બે છોકરી કે વહુ સણગારાઈ વિણવાનાં નોતરાં કરી આવે છે. વિણવાનો વખત દિવસના ચાર કલાક પછીનો હોય છે. જો પેહેલુંજ પગરણ હોય ને ઘરનાં કોડીલાં હોય તો, સ્ત્રીયોને બેસવાનો ઓરડો શકિત પ્રમાણે સુશોભિત કરે છે. મહા ફાગણમાં જનોઈ હોય છે ત્યારે એ દેખાવ ઠીક લાગે છે. વસંતઋતુના દીવસ એટલે સ્ત્રીયો ગુલાબીયાં, કેસરિયાં, કસુંબા વગેરે ભાતભાતના સુંદર વસ્ત્રો પેહેરી સણગરાઈ એક પછી એક આવતી નજરે પડે છે ને તેઓના મોંહો ઉપર ઉત્સાહનું તેજ આવી રહેલું હોય છે, જેથી આ પ્રસંગ

તેઓ નિત્ય કરતાં વધારે તેજસ્વી ને સુઘડ દેખાય છે. કેટલીક સ્ત્રીયો આવ્યા પછી જો ઘરનામાંથી કોઇને ગાતાં આવડતું હોય તો પ્રથમ ગાવાનો પ્રારંભ તેજ કરે છે ને બીજાં ઝીલે છે. એક બે ગીત ગવાઈ રહે એટલે ઘરની સ્ત્રી બીજી સ્ત્રીને ગાવાની ભલામણ કરે છે. ગમે તેવી ગાવામાં આવડીયાત ગણાતી હોય તો પણ પ્રથમ તો તે મોઢે મલકાવી એમ જ કહે કે 'મને પૂરું સાંભરતું નથી' પછી ઘરનાં કહે છે કે, 'આપણે ક્યાં પાનાં પુસ્તક લઇને બેઠાંછ, સાંભરે તેટલું ગાઓ' એટલું કહ્યા પછી પેલી ગાય છે. જનોઇ દેવડાવનારા છોકરાનો વ્હીયા થયો હોય છે તો વ્હેવણ જમાઇને સારુ મેવા મીઠાઇનો ખુમચો ભરી એકાદ ચાકર વગેરેને માથે મુકાવી બે ચાર સગી તથા ઓળખીતી સ્ત્રીઓને તેડી ગીત સાંભળવા આવે છે; ને જમાઇને ભાત ચાંલ્લો કરી ફુલનો હાર ઘાલી પેલો ખુમચો હાથમાં આપે છે. પછી પાન સોપારી ને પૈસા વેહેંચાય એટલે સહુ ઉઠે છે. (એને વિણવાનું કહાડવું કેહે-છે). એ દાહાડે પણ સાંજીમાંના ગીતમાંથીજ ગાવામાં આવે છે. ઘણું કરીને નાગર સ્રીઓના સાદ ઝીણા ને લાંબા હોય છે. તેઓની ગાવાની લઢણ સારી. ઘણીજ ધીમી ને સુર ઉંચો તેથી અજાણ્યા માણસને તેઓ શું ગાય છે તે એકાએક સમજવું મુશ્કેલ પડે, તો પણ તેઓના ગાવામાં એક જાતની મધુરતા હોય છે ખરી.

જનોઇને પાંચ સાત દિવસ અગાઉ અમુક દાહાડો ઠરવી સ્હ-વારમાં બારણે અગાટ સાથીયા કરી જોશીને તેડાવે છે ને તેને દેવના દેહેરાસર આગળ પાટલે બેસાડી ભાત ચાંલ્લો કરે છે. પછી જોશી મોગવેલણ, પીઠી, ગણપતી પુજા, રંનાદેવ, માડવાં, જનોઈ વગેરેનું મુહૂર્ત કાગળ ઉપર લખી આપે એટલે તેને સેરેક ઘઉં, નાળીએર ને અડધો રૂપીયો, એટલું એક સુપડામાં લઈ (અખ્યાણું) આપે છે. (એને જોશી બેસાડવો કહેવાય છે). એ દીવસથી તે

જનોઈના દીવસ લગી નિત્ય સાંજ સ્હવાર સાંજી પરભાતિયાં ગવાય છે. એજ દહાડે નવ દશ કલાકે મોગવેસણનું મુહૂર્ત હોય છે. મોગવેસણના નોતરાં પણ થોડીવાર અગાઉ ઘરની એકાદ છોકરી વહુ વગેરે કરી આવે છે. સ્ત્રીયો આવવા માંડે એટલે પાંચ કે સાત સુપડામાં કુંકાના વાંકસાથીયા કરી અક્કેક સુપડામાં સાડાત્રણ ત્રણ મુઠી મગ તથા સુકી હળદ ને સાજીખારના ચચ્ચાર પાંચ પાંચ કડકા નાંખી પાંચ કે સાત સ્ત્રીયો એકેકું સુપડું લઈ પાંચ સાતવાર જોડે ઝાડકે છે; ને ઝાડકતાં ઝાડકતાં તેઓ ૧ લા નબરનું ગીત ગાવા માંડે છે; ને પછી ૨, ૩, ૪ એ નંબરોના ગીત ગાય છે. એ પ્રસંગે એક ચલાણામાં ચીકણું કુંકુ ઘોળી ને વચમાં મુકેલું હોય છે, તેમાંથી સગાં વાહાલાંની સ્ત્રીયો પોતપોતાની બાળક છોકરી તથા વહુને કપાળે પીયળ કરે છે. ઝડકાઈ રહ્યા પછી તે મગ વ-ગેરે એક સુપડામાં એકઠું કરી એક ચુને ઢોળેલી ઘંટીએ તે ભરડે છે. પ્રથમ સુપડાં ઝાલનારી સ્ત્રીયો તથા જનોઇ દેવડાવનારો છોકરો, એઓ તે ઘંટીનો ખિલડો ઝાલી ભરડવાનો પ્રારંભ કરે છે ને પછી ગમે તે એકજ સ્ત્રી ભરડે છે; એ ભરડેલા લોટના ભાખરી જેવા અગીયાર કે એકવીસ પાપડ કરે છે. (એ પાપડ ચાચરીયાં પુજતીવેળા ચકલે મુકવામાં આવે છે.) પછી ગોળ સોપારી વ્હેંચે એટલે સહુ જાય છે. (એને મોગવેસણ ઝાડકવાં કહે છે.) બે ત્રણ જનોઈ તથા લગન એક જ મહીનામાં હોય તો, ઘણું કરીને મોગવેસણનું મુહૂર્ત સહુને ઘેર (એ દહાડે માણસ જમાડવાં પડે છે તેથી ખર્ચમાં બચાવ થાય માટે) એક જ દહાડે લે છે; તેથી એવે પ્રસંગે જેમ વૈષ્ણવની સ્ત્રીયો દર્શન કરવાને આ મંદીરેથી પેલે મંદીરે દોડાદોડ કરે છે, તેમ નાગર સ્ત્રીયો ખોળામાં કે રુમાલમાં સોપારી ને હાથમાં ગોળના પાતરાં ઝાલી આ ઘેરથી પેલે ઘેર દોડાદોડ કરતી નજરે પડે છે.

પીઠીનું મુહૂર્ત એ જ દહાડે અથવા એ પછી પણ હોય છે—તૈયાર કરેલી પીઠી, (દળેલી હળદમાં સુખેડનું અત્તર, મોગરેલ ને ગુલાબજળ વગેરે ભેળી પાણીમાં કાલવી દીલે ચોળાય તેવી કરેલી હોય છે તેને પીઠી કહે છે) વાનો, કપુર કાચલી, ધઉંલા વગેરે સુગંધીના ભુકા—એ પીઠી ચોળતી વેળા તેમાં ભેળે છે) કંકુ, કપાળે ચ્હોડવા જેટલું ભાત, ઈંડીપીડી, (અડાઇયાની રાખની સોપારી જેવડી ચાર ગોળી) દ્રો, મોગરા, ફુલનો હાર ને સવા પાંચસેર ધઉંનો દળ કે બરફી એને લાડકા લાડુ કહે છે) એ સર્વ એક રકાબી કે થાળીમાં ગોઠવેલું છોકરાને મોહોસાળથી આવે છે (એને તણસલું કહે છે). મામી અથવા તે ન હોય તો મોસાળ તરફથી આવેલી, કોઈ સ્ત્રી છોકરાને પાટલે બેસાડી ભાત ચાંલ્લો કરી હાર ઘાલે છે ને બે હાથમાં અક્કેકી ઇંડીપીડી લઇ બે વાર તેના ઉપરથી ઉતારી ફેંકી દે છે; ને માથે દ્રો મોગરા મુકી પેલી થાળી (તણસલું) તેના હાથમાં આપે છે. તણસલું આવ્યું એટલે છોકરાને પીઠી ચોળવામાં આવે છે. પ્રથમ છોકરાની મા પોતાનાં હાથમાં ભીંજવેલું કુંકુ લઈ ચત્તે હાથે છોકરાના પગની પાટલીએ, ધુંટણે, ખભે ને લમણે અરકાડે છે. પછી એ જ રીતે ભાત, તેલ, ને પીઠી એક પછી એક અનુક્રમે લઈ અરકાડે છે ને એ પ્રમાણે મામી ફોઈ વગેરે બીજી ત્રણ સ્ત્રીયોએ કરયા પછી છોકરાની મા તેને આખે શરીરે પીઠી ચોળે છે. (એ ચહડતી પીઠી કહેવાય છે.) એ પ્રસંગે ૫ મા નંબરનું ગીત ગાય છે. એ દીવસથી તે જનોઇના દાહાડા સુધી નિત્ય સ્હવારસાંજ પીઠી ચોળે છે ને છોકરાને વસ્ત્ર પણ પીળાં જ પેહેરાવવામાં આવે છે.

જનોઇને આગલે દહાડે અથવા એક બે દહાડા અગાઉ ઘરનાં તથા સગાં વહાલાં એકઠાં થઈ નોતરે નીકળે છે. એ પ્રસંગે છોકરાની મા સહુથી વધારે સણુગારાય છે—ઘરનાં ઘરેણાં લુગડાં

સારાં ન હોય તો લોકનાં માગીને પણ પેહેરે છે. ચારેક વાગે સહુ એકઠાં થઈ નોતરાંનો કાગળ લઇને નીકળે છે. એ કાગળ ઝાલવા માટે જુવાન છોકરીયો માંહોમાંહી લડે છે; આખરે જેને બરોબર વાંચતાં આવડે તેને તે કાગળ આપવામાં આવે છે. પેલી ફુલાતી ફુલાતી કાગળ લઈ છુટો ને છુટો જ હાથમાં ઝાલી ચાલે છે. પછી કોઈ ન્યાતનાનો મહોલ્લો આવે એટલે ત્યાં સહુ ઉભાં રહે છે ને પેલી કાગળમાં નામ વાંચે છે; એ વેળા તેની આસપાસથી કેટલીએક સ્ત્રીયો ટોળે વળી વાંચવા લાગે છે. કેટલીક વારે બેચાર નામ વંચાય એટલે તેને ઘેર નીચે પ્રમાણે નોતરાં કરે છે."–તમારે ઘેર પાપડનું, માથું ચોળવાનું, સીરાવવાનું ને ગીત ગાવાનું." મામી હોય તે પોતાને ઘેરથી "મોસાળા પુઠે જવાનું" કહે છે.

જનોઇનું મુહૂર્ત ઘણું કરીને સૂર્યોદયથી તે દશેક કલાક લગીમાં હોય છે.–એ દહાડે પ્રથમ જાત કર્મ, નામ કર્મ, અન્ન પ્રાશન વગેરેની ક્રીયા થયા પછી છોકરો, તેની મા, ને બીજા બેચારેક વગર જનોઈ દીધેલા છોકરા, એઓ એકઠા બેસી દહીં ભાત જમે છે. મા દીકરાને એકઠાં જમવાનો એ છેલ્લો પ્રસંગ, તેથી એ વેળા માનું હૈયું ભરાઈ આવે છે. જમ્યા પછી છોકરાના વાળ લેવડાવી ન્હાવડાવે છે. છોકરાને પીઠી ચડતી વેળા જેમ ચાર સ્ત્રીયો કુંકુ ભાત વગેરે અરકાડે છે તેમ પાછું ન્હવડાવવા અગાઉ ચાર સ્ત્રીયો કરે છે પણ ફેર એટલો જ કે તે વેળા પગની પાટલીએથી શરુઆત કરી બધું ચત્તે હાથે અરકાડે છે ને આ વેળા માત્ર પીઠી ને તેલ, એ લમણેથી શરુઆત કરી ઉંધે હાથે અરકાડે છે. (એને ઉતરતી પીઠી કહે છે). ન્હવડાવ્યા પછી જનોઇની ક્રિયા થાય છે. એ પ્રસંગે મળેલી સ્ત્રીયો ૪૮, ૪૯, ૫૦, એ નંબરનાં ગીત ગાય છે. એક પાસથી સ્ત્રીયોનું ગાવું, બીજી પાસથી બ્રાહ્મણોનું ભણવું ને ધુમાડાથી તેઓના મહો લાલ લાલ થઈ ગયલાં, એ સહુ જોતાં આપણને મોટા સમારંભ

જેવું લાગે છે; અને અસલના ઋષિયો તથા ઋષિ પત્નીયોનું કંઇક ભાન થાય છે. જનોઈ દેવાયા પછી છોકરાને મહોસાળથી મહોસાળું આવે છે—એ મોસાળામાં સહુથી આગળ ઢોલી, પછી પુરુષો ને પછી સ્ત્રીયો. એ પ્રમાણે સહુ ચાલતાં આવે છે. એ પ્રસંગે માર્ગમાં સ્ત્રીયો ૫૧, ૫૨, ૫૩ એ નંબરનાં ગીત ગાય છે. મોસાળું આવ્યા પછી છોકરાની મા એક ચુરે ઢાળેલી કાંસાની થાળીમાં ચોખા લઈ કડછીએ વતી ભિક્ષા પીરસે છે, ને એક કથરોટમાં સાતવાનીની સુખડી વગેરે હોય છે તે ચાંલ્લો કરી આપે છે. (એ થાળી ને કથરોટમાંની સુખડી ગોર લઈ જાય છે.) એ પ્રસંગે માએ ઉંચાં ઘરેણાં લુગડાં પેહેરેલાં તથા કપાળે પીયળ કહડાવી તે ઉપર સુનેરી ટીકડી વગેરે ચોંટેલું હોય છે જેથી તેનું મહોં ખુબસુરત દેખાવાને બદલે ઉલટું ચીતરયા વાઘ જેવું વિચિત્ર દીસે છે. માયે ભિક્ષા પીરસ્યા પછી છોકરાની મામી મોસાળાનો ચાંલ્લો કરી ભિક્ષા પીરસે છે.

જનોઈ દેવડાવનારા છોકરાનો વીવા થયો હોય તો એ પ્રસંગે તેને સાસરેથી રીત કરવામાં આવે છે. એ રીત ત્રણ પ્રકારની છે—બહુઆની, નાળીએરની ને ભિક્ષા પીરસવાની; પેહેલી રીતમાં જનોઈ દેવાયા પછી છોકરા વહુને વરઘોડે બેસાડી સ્ત્રી પુરુષો વ્હેવાઇને ઘેર જાય છે (સ્ત્રીયો વરઘોડા પાછળ ગાડીમાં બેશી જાય છે ને પુરુષો સાજનમાં ચાલતા જાય છે.) અહીં બારણેથી સાસુ વહુવરની બગી ઉપર ચહડી કેટલાક રૂપીયા તથા રૂપાના લખોટા, ભમરડા, ગેડી વગેરે જમાઇને ચાંલ્લો કરી આપે છે તેમ જ વ્હેવાઈ વ્હેવણ વગેરેને પણ રીત પ્રમાણે આપી બારણેથીજ વરઘોડો પાછો વાળે છે. બીજી રીતમાં પણ જનોઈ દેવાયા પછી છોકરાવાળા ઉપર પ્રમાણે વરઘોડો કહાડી વ્હેવાઇને ઘેર જાય છે ને સાસુ જમાઇને ચાંદલો કરી કેટલાક રૂપીઆ આપે છે: પછી વ્હેવાઈ વ્હેવણ વગેરેને રીત પ્રમાણે આપી બીજાં સહુને અક્કેકું નાળીએર કે પૈસા આપે છે.

એ રીતમાં છોકરીવાળાને બહુઆથી અડધો ખરચ થાય છે. ત્રીજી રીતમાં જનોઈ પ્રસંગે મા તથા મામી ભિક્ષા પીરસી રહ્યા પછી સાસુ ભિક્ષા પીરસી જમાઇને સુખડીની કથરોટ તથા જુજ રૂપીઆ ચાંદલો કરી આપે છે. એ રીતમાં નાળીએર કરતાં અડધો ખરચ થાય છે.

આઠમે દહાડે રંનાદેવ ઉઠે છે. એ દહાડે સંધ્યાકાળે સગાંવહાલાંની સ્ત્રીયો મળી ૫૪ થી તે ૬૪ સુધીનાં ગીતમાંથી અમુક ગીત (આરતી) ગાય છે; આરતી ગવાઈ રહ્યા પછી ગોર, પૂજાનો સામાન તથા રંનાદેવની ટોપલીયો લે છે ને સ્ત્રીયોમાંથી ચાર જણી અક્કેકી ચાકળી (એ ચાકળીયોમાં પાણી ભરી તે ઉપર રંનાદેવની ટોપલીયો માંડવામાં આવે છે) ઝાલે છે. પછી ઘરમાં કે ખડકીમાં કુવો હોય ત્યાં સહુ રંનાદેવ પધરાવવા જાય છે. જતાં જતાં તેઓ ૬૫ મા નંબરનું ગીત ગાય છે. કુઆ આગળ ઉભાં ઉભાં ગોર, જનોઈ દેવડાવનારા છોકરા પાસે રંનાદેવની પૂજા કરાવે છે; એ વેળા ૬૬ મા નંબરનું ગીત ગાય છે. જે સમે ગોર ટોપલામાંના જુવારા ઉખેડી કુવામાં પધરાવે છે તે સમે ૬૭ મા નંબરનું ગીત ગાય છે. પછી ગોર ચાર ચાકળીમાંનું પાણી એકમાં એકઠું કરે એટલે ઘરની સ્ત્રી અધરણી ન આવેલું હોય તેવી સ્ત્રીના ઉપર તે અચિંતુ રેડી દે છે (એમ કહેવાય છે કે એ પાણી રેડયાથી અધરણી આવે છે) પછી ૬૮ મું ગીત ગાતાં ગાતાં સહુ પાછાં આવે છે. એ દીવસથી જનોઈ સમાપ્ત થાય છે.

લગ્નની રીત.

પાપડ, વિઝુવાનું, મોગનેસણ, નોતરે નીકળવું, રંનાદેવ ઉઠવા વગેરે કેટલીક રીત જનોઈ ને લગ્નની એક જ છે, માટે તે વિષે ફરીથી ન લખતાં માત્ર એ પ્રસંગને લગતી જ રીત લખી છે.

લગ્નને આગલે દહાડે કન્યાને મોસાળથી મોસાળું આવે છે. એ પ્રસંગે ગવાતાં પર મા નંબરના ગીતમાં 'પાઘડી વસાવીરે ભાઈના મોસાળાંને કાજ રે.' તેને બદલે 'ચુંદડી વસાવીરે બેનના મોસાળાને કાજરે' એ પ્રમાણે ફેરફાર કરી ગાય છે. (લગ્નમાં વરને મોસાળું હોતું નથી.)

મોસાળું આવ્યા પછી કન્યાને ઘેરથી વરને લાડુ ખવડાવવા જાય છે. એ પ્રસંગે સઘળી સ્ત્રીયો ઉંચામાં ઉંચાં લુગડાં ઘરેણાં પહેરે છે ને તેમાં સહુ કરતાં વધારે કન્યાની મા શણગરાયલી હોય છે. (લાડુ ખવડાવવા જતી વેળા વરની મા તથા કન્યાની મા કપાળે પીયળ ટપકી કરાવે છે—એ પીયળ તેઓ લગ્ન થતા સૂધી રહેવા દે છે.) એક કાંસાની થાળીમાં સવાપાંચ શેર ઘઉંનો દળ (ઘસોટીયો લાડુ) ભરી તે ઉપર કુંકાનો ચાંદલો કરેલો હોય છે—એ થાળી રુમાલે ઢાંકી ઘરના ચાકર વગેરેના હાથમાં આપે છે; ને એક રકાબીમાં કુંકું, ભાત, દ્રોમોગરા, ઈંડીપીડી, ફુલનો હાર વગેરે મૂકી તે રકાબી કન્યાની મા અથવા બીજી કોઈ સગી સ્ત્રી હાથમાં ઝાલે છે; પછી સહુ ચાલતાં વરને ઘેર જાય છે. અહીં માંડવામાં કે ઘરમાં વરને બાજઠ ઉપર બેસાડી પ્રથમ કન્યાની મા તેને ભાતચાંલ્લો કરી ઈંડીપીડી ઉતારી હાથ ધાલે છે ને પેલી થાળીમાંથી થોડાક લાડુ હાથમાં લઈ ચાર વખત કોળીયા ભરાવે છે. એ પ્રસંગે (વરને અકળાવવા મોટા કોળીયા ભરાવવાનો ધારો હોય છે તેથી) વરની મા વગેરે પાસે ઉભા હોય તે કહે છે કે 'બ્હેવાણ નાના કોળીયા ભરાવજો.' કન્યાની મા લાડુ ખવડાવી રહ્યા પછી કાકી મામી વગરે બીજી ત્રણ સ્ત્રીયો ખવડાવે છે ને છેલ્લીવારે લાડુની થાળી વરના હાથમાં આપી દે છે. પછી વરને ઘેરથી પૈસા વ્હેંચાય છે, ને સહુ જાય છે. એઓ ગયાં એટલે વર તરફનાં તેજ લાડુની થાળી લઈ ઉપર પ્રમાણે ઠાઠથી કન્યાને લાડુ ખવડાવવા જાય છે. ઉપ-

રની રીત પ્રમાણે લાડુ ખવડાવી રહ્યા પછી, પેલી થાળી કન્યાના હાથમાં પાછી આપે છે, પણ કન્યાની મા તે રાખવાની આગ્રહથી ના કહે છે તેથી વરની મા તેમાંથી કન્યાના ખોબલામાં માય તેટલો લાડુ આપે છે.

લગ્નની આગલી રાતે અથવા સાત આઠ કલાક અગઉ વર તરફના પાંચ સાત પુરુષો તથા સ્ત્રીયો કન્યાને જોણું (પલ્લું) ભરી આવે છે. જોણું આવ્યા પછી કન્યાની પીઠી ઉતારી (જનોઇમાં જેમ છોકરાને ન્હવાડતી વેળા ચાર સ્ત્રીયો કરે છે તેમ) કથરોટમાં લાકડાની માચી ઉપર બેસાડી તેને ન્હવડાવે છે. એ પ્રસંગે સ્ત્રીયો ૮૪ મું ગીત ગાય છે. કન્યાને ન્હાયાનું પાણી (જે કથરોટમાં એકઠું થયું હોય તે), થોડું થોડું ચાર કરવડીમાં રેડી તેમાં અક્કેકુ આંબાનું પાંતરું મુકે છે. પછી તે કરવડીયો લઇ કન્યાને ઘેરથી સ્ત્રીયો નાણે (નમણે) જાય છે. (એ પ્રસંગે કન્યાની મા કન્યાના પલ્લામાં આવેલી ઘાટડી ઓડે છે.) વર બાજઠ ઉપર બેસે એટલે કન્યાની મા ભાતચાલ્લો વગેરે કરી એક કરવડીમાંથી આંબાને પાંતરેવતી ચાર વખત પાણીનાં ટીપાં વરને માથે મુકે છે—એ જ પ્રમાણે બે ત્રણ સ્ત્રીયો કરી રહ્યા પછી ચારે કરવડીનું પાણી એકઠું કરી વરના માથા ઉપર રેડી દે છે ને પછી જનોઇ બદલાવે છે; એ વેળા વરવાળાં જુનું જનોઇ પગેથી ઉતારવાનું વરને કહે છે, (એવી મતલબથી કે કન્યા વરના પગ તળે રેહ) ને કન્યાવાળાં માથેથી ઉતરાવવાને આગ્રહ કરે છે; એ તકરારમાં જો વર, નાની ઉમરનો હોય છે તો તે ગાભરો પડી ધારા પ્રમાણે માથેથી જનોઈ ઉતારે છે ને મોટી ઉમરનો હોય છે તો તે, કોઇનું ન સાંભળતાં ઝટ પગેથી જનોઇ ઉતારી આપી બીજું પહેરી દે છે. (એ જનોઈ કન્યાની કેડે બાંધે છે જે પરણ્યા પછી છોડવામાં આવે છે). પછી કન્યાની મા વરને ચાલ્લો કરી

કન્યાનું એક સફેદ વસ્ત્ર (પાનેતર) ને કેટલાક રૂપીયા આપે છે. (એ પાનેતર વર પરણવા જતી વેળા ઘોડીઆને ઠેકાણે પહેરે છે.) વર ગયા પછી તેજ બાજઠ ઉપર કન્યાની મા વગેરે ચાર સ્ત્રીયોને જોડે બેસાડી વરની મા તેઓને ભાત ચાલ્લો, છડીપીડી વગેરે કરી માથે એકેકો સુંથાડીયાનો મોડ મુકી જાય છે ને દુધે વતી તેઓના પગ ધોઇને બાજઠની આસપાસ ફરી કપુરે આરતી ઉતારે છે; પછી નાણે આવેલી બીજી સ્ત્રીયોને એકેકો મોડ ને ખોબલો ખોબલો સોપારી આપે છે એટલે તેઓ જાય છે ને પછીથી વરને પીઠી ઉતારી ન્હવાડવામાં આવે છે. એ પ્રસંગે વર તરફની સ્ત્રીયો ૮૪ મું ગીત ગાય છે. ન્હાયા પછી વર પરણવા જવાના વસ્ત્ર પેહેરી તૈયાર થાય છે, એટલે કન્યાની મા એક તાંબડી (જે ઉપર નાળીએર મુકી રેશમી કકડે મ્હો બાંધેલુ હોય છે તે) ગણપતિ આગળ મુકી વરની માને કહે છે કે 'વરને તેડીને વેહેલા આવજો.' પછી એ જાય છે ને વરની મા વરની આંખ આંજી સેસ ભરે છે. (પરણવા જતી વેળા વરના ખોબલામાં પાન, નાળીએર, રૂપીયો વગેરે મુકવું તેને સેસ ભરવી કહે છે—એ સેસ વર, ગણપતિ આગળ પાછી મુકી દે છે, એ પ્રસંગે ૮૫ મું ગીત ગાય છે. પછી વર, ઘોડે ચહડે છે—એ વેળા કોઈ સુપડામાં મીઠું લઈ તેને લુણ ઉતારે છે, મા દહીં, દુધ, ભાત, કુકુ વગેરે ઠીકરાની કસ્વડીમાં ભરી ઘોડાની આસપાસ ફરી ધારા દે છે, ને બેહેન ઘોડાની લગામ ઝાલી અટકાવે છે; એ વેળા વર કેટલાક રૂપીઆ આપી બેનનું મન મનાવે, ને વરઘોડો ચાલતો થાય છે, વર ઘોડે ચહડતી વેળા ૮૬ મું ગીત ગાવામાં આવે છે. વરઘોડાની પાછળ ગાડીમાં બેસી સહુ સ્ત્રીઓ જાય છે ને મારગમાં તેઓ ૮૭ મું ગીત (ઘોડી) ગાય છે.

કન્યાને બારણે વરઘોડો ઉતર્યા પછી વર તોરણે જઇ ઉભો રહે છે ને સ્ત્રીઓ ગાડીમાંથી ઉતરી ૮૮ મું ગીત ગાતી ગાતી

વરની પુંઠે ઉભી રહે છે. અહીં ઉભાં ઉભાં તેઓ ૮૯ મું ગીત ગાય છે. પછી કન્યાની મા (કન્યાના જ મોડ ઘાટડી પોતાને માથે બાંધી) વરને પોંખવા આવે છે. ઝીણા ઝીણા રંગત લાકડાંના ઝુંસળ, મુસળ, રવૈ તથા રેંટીયાની ત્રાક વગેરે હોય છે તેમાંથી એકકું લઇ સાસુ ચાર વખત જમાઇને નાકે અરકાડી પોતાને નાકે અરકાડે, તેને પોંખવું કહે છે). પોંખી રહ્યા પછી છેલ્લી વારે સાસુ કંકુવાળો હાથ કરી વરનું નાક તાણે છે ને પછી પોતાના માથાની ઘાટડી ઉતારી વરના ગળામાં નાંખીને બે છેડા ઝાલી ખેંચે એટલે વર ચોરી આગળ જઇને બેસે છે. વર પોંખાતી વેળા પાછળ ઉભેલ, સ્ત્રીઓ ૯૦ મું ગીત ગાય છે. પછી લગ્નની ક્રિયા (ચોરીની બહાર જ, થાય છે ને એ વેળા ૯૧ મું ગીત ગાવામાં આવે છે. વરકન્યાના હાથ મળે છે તે પ્રસંગે કન્યાની તરફની બે સ્ત્રીઓ ત્યાં આવી એક હસવાસરખો ટુચકો કરે છે. એકના હાથમાં સોય દોરો ને બીજીના હાથમાં તાળું કુંચી હોય છે, તેઓ વરની પછવાડેથી પોતાના બે હાથ તેના માથા ઉપર ધરી રાખી પ્રસંગની વાટ જોતી ઉભી રહે છે, ને કન્યાનો હાથ વરના હાથમાં મુકાય તેજ સમયે પેલીયોમાંની એક ઘણીજ ચંચળાઇથી વરને માથે જે ફુલની વાડી હોય છે તેમાં સોય દોરે વતી ટાંકો મારી દે છે ને બીજી તેજ પ્રમાણે ઝટ તાળું દઇ દે છે. હાથ મળે એટલે વર તરફની સ્ત્રીયો ૯૨ મું ગીત ગાય છે. એ પછી વરકન્યાને ગણપતિ આગળ ત્રાંબાની ચુને ઢોળેલી કથરોટ ઉંધી વાળી (એ કથરોટ નીચે ઘીનો દીવો મુકેલો હોય છે) તે ઉપર બેસાડે છે. અહીં તલ છાંટી કન્યાનું મ્હોં ઉઘાડવામાં આવે છે, (એની પેહેલા તેના મ્હોં ઉપર સફેદ જીણું વસ્ત્ર ઢાંકેલું હોય છે) તથા વર કન્યા પાસે એક બીજાની કાજળેવતી આંખ અંજાવી આરસી દેખડાવાને છે; એ થઇ રહ્યા પછી કન્યા તરફની સ્ત્રીયો વરકન્યાની આસપાસ ટોળેવળી ઉભી રહે છે ને ઉભાં ઉભાં

તાળી પાડી એક જણ ૯૩ મું ગીત (ન્હાનો સોભ) ગવડાવે છે ને બીજાંઓ ઝીલે છે. ન્હાનો-સોભ ગાઈ રહ્યા પછી તેઓ બેઠાં બેઠાં હાવકી રીતે ૯૪ મું ગીત (મોટો સોભ) ગાય છે. મોટો સોભ ગવાયા પછી એજ ઢાળમાં પ્રથમ કન્યાની તરફથી ને પછી વરતરફથી જોડ્યા બોલ ગવાય છે. એ બોલોમાં ઘણુંકરીને વેવાઈ વેહેવણના વખાણ, વરની મશ્કરી ને વખાણ, કન્યાનાં વખાણ, પોત પોતાની મોહોટાઈ ને ન્યાતમાં કે સગામાં કોઈ સાથે અદાવત હોય તો તેને મેહેણાં, એવી મતલબ હોય છે, મેહેણાંના બોલ આવી રીતના ગાય છે–'હમારે તો કડવું વચન નથી કહેવું, ગાવું છે લોકમાં દેખીએ તેવું. હમે તો સારું નઠારું ના કહીયે, હમે તો નીચકુળની કન્યા ના લઈયે. સેલારી મુકીને સાડી લીધી, નવી વહુને ઘરની ધણીયાણી કીધી. જીયાવરને વ્હરવો નઠારો કહ્યો,–એ હીરાને મુલે હોરયો. હીરો હોય તે વીંટીમાં ઓપે, એ જમાઇ–ને ઘેર શોભે જીયાવર ધારી કન્યા લઈ જાય, દુશમનના મોહોડાં તે કાળાં થાય.' વગેરે વગેરે. કન્યાની તરફના જોડ્યા બોલ ઘણુ કરીને આવી રીતના હોય છે–'બારણા દઈને બેસી રહીએ, કુળવંત જોઇને કન્યા દઈએ. કુળવંત હોય ત્યાં કન્યા દેવાય, તેના જાયાં ઝોળીમાંથી ઝડપાય. બળતી મસાલે કુવામાં ના પડીએ, આંખે પાટા બાંધીને કન્યા ના દઈયે. હમે તો ચોરી છીનાળી ના જાણીએ, વાંકડા ઉપર ઘોડાવાંક ના આણીએ.' વગેરે વગેરે. જોડ્યા બોલ કોઈ ગાય છે ને કોઈ નથી પણ ગાતાં. એ ગવાઇ રહ્યા પછી કન્યાવાળાં (સાંજીમાનું) ૭૯ મું ગીત (રાબડી ગાય છે. પછી વરકન્યા ચોરીમાં જઈ મંગળ ફેરા ફરી, વર પુઠે ઉભો રહી કન્યાના બે હાથનો ખોબલો કરી ઝાલી રહે છે ને ગોર તેઓ પાસે ચાર વખત અગ્નિની પ્રદક્ષણા કરાવી મંત્ર ભણીને ભાત, ઘી વગેરે હોમાવે છે તેને મંગળ ફેરા ફરવા કહે છે.) એક બીજાને ખાંડ ખવડાવે છે. એ

પ્રસંગે વર તરફની સ્ત્રીયો ૯૫ મું ગીત ગાય છે. પછી વહુવર લઇ જવામાં આવે છે ને એ વેળા તેઓ ૯૬ થી ૧૦૧ સુધીનાં ગીત અનુક્રમે ગાય છે. જે સમે વર તરફના ઉમંગમાં આવી ઉપલાં ગીત ગાય છે તે સમે કન્યાની મા વગેરેને હવે આપણી છોકરી પારકી થઇ ને આપણો હક ઉતરયો, એ વીચારથી દલગીરી થાય છે ને વહુવર જતીવેળા તેઓની આંખમાં આંસુ ભરાઇ આવે છે. વરઘોડા પાછળ ગાડીમાં બેસીને જતાં આ વખત સ્ત્રીયો ૧૦૨ જા નંબરનું ગીત (બાર મહીના) ગાય છે. વરઘોડો ઘેર ઉતરે એટલે વરની બેન આગળથી જઈ બારણાં બંધ કરે છે જેથી વરકન્યાને થોડી વાર બારણાં આગળ ઉભા રેહેવું પડે છે.–જારે વર કેટલાક રૂપીયા આપવાની કબુલાત આપે, ત્યારે તે બારણાં ઉઘાડે છે. પછી વરની મા વરકન્યાને પોંખે એટલે તેઓ ઘરમાં જાય છે. એ પ્રસંગે ને ઘરમાં જઇને બેઠાં બેઠાં સ્ત્રીયો ૧૦૩ થી તે ૧૦૬ લગીનાં ગીત અનુક્રમે ગાય છે.

લગનને આઠમે દહાડે વરને ઘેર રંનાદેવ મંડાય છે ને એ દહાડે વરની તરફથી કન્યાનું નવું નામ પાડવામાં આવે છે. પ્રથમ વર કન્યા ગણપતિ આગળ બેસી પૈસાએ વતી એકી બેકી રમે છે; પછી વરની મા વગેરે હોય તે એક નીસાતરાને ચાંદલો કરી રુમાલ હોરાડી કન્યાને હાથમાં આપીને તેની પાસે વરને નીચે પ્રમાણે કહેવરાવે છેઃ–"સાંભળોછ કે? આ નાનાને લગાર ઝાલો, હું રાંધવા નાહુંચ," વર, પેલા નીસાતરાને લે એટલે તેની પાસે કન્યાને નવે નામે બોલાવાવી નીચે પ્રમાણે કહેવડાવે છેઃ–"આ રોય છે" તેને ધવડાવો, મારે બહાર જવું છે વગેરે એ પ્રસંગે જોવા આવેલી સ્ત્રીયો ખુબ હસે છે.

એ પછી અથવા એ પેલાં વરઘોડાનો માંડવ [(ગોરવ) આવે છે; એ દીવસે એક બે કલાકે કન્યા તરફની સ્ત્રીયો વરને

ઘેર પેરામણી પેહેરવાના નોતરાં કરી આવે છે. ત્રણેક કલાકે વર તરફના સ્ત્રી પુરુષો વહુવરને ઘોડાગાડીમાં કે હાથી ઉપર બેસાડી વાજતે ગાજતે પેહેરામણી પેહેરવા જાય છે. અહીં સ્ત્રીયો પાછાં ૯૬ થી તે ૯૮ લગીનાં ગીત ગાય છે. પેરામણી પૂરી થયા પછી વરની બેનને બાજઠ ઉપર બેસાડી વર કન્યા તેના ચાર વખત પ્રદક્ષિણા કરી પગે લાગે છે એટલે બેન તેઓને માથે હાથ મુકી નીચે પ્રમાણે આશિર્વાદ દે છે–“ જીવતાં રેહેજો, ઘરડાં બુઢ્ઢાં થાજો, દીકરા જણજો ને ઘર ભરજો. ” પછી મોટો વરઘોડો કહાડી વહુવર લઇ જવામાં આવે છે. એ પ્રસંગથી તે ઘેર પોંચતા લગી સ્ત્રીયો પાછાં ૯૯ થી તે ૧૦૬ સૂધીનાં ગીત ગાય છે. પછી સોળમે દહાડે રનાદેવ ઉઠે છે એટલે લગ્ન સમાપ્ત થાય છે.

અઘરણીની રીત.

ઘણું કરીને ગર્ભને પાંચમે મહીને રાખડી બાંધવામાં આવે છે. રાખડીના મુહુરતને બે ત્રણ દહાડા અગાઉ ધેણુને હાથેપગે મેંદી ચોપડે છે ને એ દહાડે તે નિત્ય કરતાં વધારે શણગરાઈ સાસરે જાય છે. ચાર ચકલાની ધુળ, હનુમાનની મળી વગેરે એક રેશમી કાળા કકડામાં માદળીયાંને આકારે સીવી તેને રેશમે ગંઠાવે છે; એ ખરી રાખડી, ને બીજી શોભાને સારુ પાંચ કે સાત સુનાના ઝીણા માદળીયાની હોય છે. એ બંને રાખડી નણંદ અઘરણીરાતના જમણા હાથને કાંડે બાંધે છે. એ પ્રસંગે સ્ત્રીયો ૧૦૭ ને ૧૦૮ એ નંબરનાં ગીત ગાય છે.

ગર્ભને સાતમે કે આઠમે મહીને અઘરણી કરવામાં આવે છે. અઘરણીને આગલે દહાડે રાતના ધેણને સાસરે (નરસૈં મેહેતાનું) મોસાળું ગવડાવે છે. એ દહાડે ધેણુને ખુબ શણગાર-

વામાં આવે છે. કોઈ આવડીઆત સ્ત્રી પાસે તેને કપાળે ને બે ગાલે ચિત્ર કહડાવી તે ઉપર સુનેરી ટીકડી તથા લીલી, રાતી ને સફેદ કટોરી ચોહડાવે છે. (એને આંખ ચાંદલો કહડાવો કહે છે.) તેના હાથ પગ, કોટ કાન ને માથું એ અવયવો, સુના, રૂપાં તથા જવાહીરના જુદી જુદી જાતનાં ઘરેણાંથી ઢાંકી નાંખવામાં આવે છે. એથી જોનારને તેનું રૂપ ઘણું જ વિચિત્ર લાગે છે. એ પ્રસંગે ધણુને એકલા કસબનું જ (લપેટાનું) વસ્ત્ર પેહેરાવે છે. આગલા ઓરડામાં મોખરે એક ગાદી તકિયો પાથરી રાખેલાં હોય છે. પછી જ્યારે મોસાળાંનો પ્રારંભ થાય ત્યારે બે સ્ત્રીયો ધણુના બે હાથ ઝાલી તેડી લાવે છે ને ગાદી ઉપર અઠીંગાવીને બેસાડે છે. ઉનાળો હોય તો એક સ્ત્રી તેની પાસે બેસી વીંજણેવતી ધીરે ધીરે વા નાંખ્યા કરે છે. મોસાળું ગવાઈ રહ્યા પછી સહુને પૈસા આપવામાં આવે છે.

અધરણીને દહાડે ધણુને પીહેર ઉપર પ્રમાણે ઠાઠથી મોસાળું ગવડાવે છે. અડધું એક મોસાળું ગવાય એટલામાં ધણુની સાસુ મસાલ તથા સીગરામ કે પાલખી લઈ કેટલીક સ્ત્રીયો સાથે ધણુને તેડવા આવે છે ને ચાંલ્લો કરી વીશ કે બત્રીસ ગજનું સફેદ મલમલનું એક વસ્ત્ર આપે છે. (એ વસ્ત્રને પાટ કહે છે.) પછી પીહેરીયાં ધણુને પાટ પહેરાવવા બીજા ઓરડામાં તેડી જાય છે. એ પાટ આડા અવળા આંટા લઇ ઓરજ રીતે પહેરાવવામાં આવે છે, ને તે પહેરાવતાં જે સ્ત્રીને આવડે છે તે હોંશીયાર–ચતુર ગણાય છે. જે વેળા ધણુ ગાદી ઉપરથી ઉઠે તેજ વેળા કોઈ સગી સ્ત્રી તે ગાદી ઉપાડી નાંખે છે, કારણ કે તે ઉપર કોઈ વાંઝીએણુ સ્ત્રી બેસે તો ધણુને અપસુકન થાય ને તેથી કરી તેને સાંગોપાંગ–નિર્વિઘ્ને પ્રસવ થાય નહીં. કદાપી ગાદી ઉપાડવી રહી જાય ને કોઇ વાંઝીએણુ સ્ત્રી તે ઉપર બેસે (એમ કહેવાય છે કે ધણુની ગાદી ઉપર

બેઠાથી અધરણી આવે છે) તો એક બીજામાં મેહેણાં ઓઠાં ચાલે છે ને ઘરનાં તથા સાસરીયાંના જીવ ખાટા થાય છે. પાટ પહેરાવ્યા પછી મા ઘેણુની પુઠેથી મોડ ઝાલી રહે છે ને સાસુ પોસ ભરે છે. પછી એક સ્ત્રી જમીન ઉપર વસ્ત્ર પાથરતી જાય છે. તે ઉપરથી બંને જણાં ચાલતાં ચાલતાં આવી ગાડીમાં બેસે છે. એ પ્રસંગે તેડવા આવેલી સ્ત્રીયો ૧૧૦ મું ગીત ગાય છે. આગળ ગાડી ને પાછળ સ્ત્રીયો ચાલે છે. મારગમાં તેઓ ૧૧૧ મું ગીત ગાય છે. પાછળથી ઘેણુનાં પીહેરીયાં મોસાળું લઇને ૫૧ મું ગીત ગાતાં જાય છે. એ મોસાળામાં ઢોલી તથા પુરુષો નથી હોતા. સાસરાના બારણા આગળ ઘેણુ ગાડીમાંથી ઉતરે છે. એટલે પાછું ઉપર પ્રમાણે વસ્ત્ર પાથરવામાં આવે છે ને તે ઉપરથી ચાલી ઘેણુ કરમાંતર કરવાની જગોએ જઈ પાટલા ઉપર બેસે છે ને મોડ ઝાલીને મા પાછળ બેસે છે. ગાડીમાંથી ઉતરતી વેળાએ પણ સ્ત્રીયો પાછું ૧૧૦ મું ગીત ગાય છે. પછી કરમાંતરની ક્રિયા કરવામાં આવે છે ને એ વેળા ઘેણુના સાસરીયાં તથા પીહેરીયાં જુદી જુદી બાજુએ બેસી સામસામાં ગીત ગાય છે. ઘણું કરીને ૧૧૨ ને ૧૧૩ એ ગીતો સાસરીયાં જ ગાય છે. બાકીનાં ૧૧૯ લગીનાં ગીત બંને તરફથી ગવાય છે. પીહેરીયાં એ ગીતોમાં "ઘેણુ"ને ઠેકાણે "બેહેન" કહે છે. કરમાંતર થયા પછી ઘેણુની મા મોસાળાનો ચાંલ્લો કરે છે ને સાસરીયાં વગેરેને ધારા પ્રમાણે રીત આપે છે. કેટલીક ન્યાતમાં એ પ્રસંગે સાસરીયાં રીસાઈ વધારે રીત લે છે, પણ નાગરમાં તે ધારો નથી.

અધરણીને આઠમે દહાડે રંનાદેવ ઉઠે છે. એ પ્રસંગ જનોઈ લગન કે અધરણી એઓમાં સરખોજ છે. જેને મહાડ ખુંદાવવા હોય તે એજ દહાડે રંનાદેવ પધરાવવા અગાઉ ખુંદાવે છે. એ રીત નીચે પ્રમાણે છે—એ લાકડાનાં નહાનાં દેહેરાંના આકાર જેવાં પાંજરાં હોય છે, (એને મહાડ કહે છે.) તેમાં રંનાદેવની ટોપલી

મુકીને તે ઉપર રેશમી લુગડાં બાંધે છે. ચારેક વાગે સ્ત્રીયો ખુંદવા એકઠી થાય છે. ઓદીચ બ્રાહ્મણ વગેરેની બે સ્ત્રીયો તે મ્હાડ માથે લે છે ને બે સ્ત્રીયો એમની એમ, એ રીતે ચાર સ્ત્રીયો વચમાં ફરે છે ને બીજી સ્ત્રીયો તેઓની આસપાસ ગરબાના આકારમાં ફરે છે; વચમાં ફરનારી સ્ત્રીયોને મેહેનત વધારે પડે છે; કેમકે એ ગીતોના તાલ પ્રમાણે તેઓને ઉતાવળાં તથા ધીમાં પગલાં ઉપાડી તાળી પાડવી પડે છે. રાત પડે એટલે રંનાદેવ પધરાવવામાં આવે છે. પછી સગાંવાલાં તથા ઘરનાં, એઓ પોતપોતાના ઘરનો તંબોળ વેહેંચે છે. (ખારેક, સોપારી, પતાસાં વગેરે વેહેંચવામાં આવે છે તેને તંબોળ વેહેંચવો કહે છે.) ને પછી સહુ જાય છે.

અઘરણીરાતને અથવા અછત હોય ત્યાં છોકરો આવે ને ઘરના કોડીલાં હોય તો છઠ્ઠીને દહાડે સુવાવડીના ઓરડામાં બે ત્રણ સ્ત્રીયો પાસે જમરાસ તથા હાલરડાં ગવડાવે છે. (એ ભાગ અઘરણીના ગીત પછી આપવામાં આવ્યો છે.)



नागर स्त्रियोमां गवातां गीत

ભાગ ૧ લો

કુરવડીને દિવસે-ગ

[ગણેશ-જોશી એ:

(૧) કુંકુના છડારે દેવ

સોવના પાટ મંડાવીરે
ત્યાંને બેસાડોરે મુજ્ય
સુધલે વંશરે ઊપન્યા,
માધરડારે તમે મુજી
સાણેશ્વર ભડતેશ્વર કંતા
માધરડારે તમે મુજ્યાજી
ઉત્તર દક્ષિણ પૂર્વ, પ
માધરડારે તમે મુજ્યાજી, ૬
ગંગારે જમના ગોદાવરી, તાપ
માધરડારે તમે મુજ્યાજી, દેશો
કાળીય ગવરીરે કાબરી, ધોળીય

ધર્મરક્ષા કર્મરક્ષા પુત્રરક્ષા, આયુસ લખ્યાંરે લેલાટ, ૧૩.
મુળ્યાજી તમારીરે પાઘડી, બાંધી છે રક્ષા ચાર, લાડે૦ ૧૪.
નવી વહુ તમારીરે ઘાટડી, બાંધી છે રક્ષા ચાર, લાડે૦ ૧૫.
જેમરે ગાઇયે તેમ શોભીએ, પસર્યાં પનોતીનાં પેટ,
લાડેકોડેરે મૂળ્યો. ૧૬.

(તેલ.)

ંબાવટી, કેળ બીજોરાંની વાડીરે. ૧.
ચોપાસ રચી પરવાળીરે. ૨.
ઓલી નારરે. ૩.
કરેરે શૃણગારરે. ૪.
ચાંપસો ચીરરે. ૫.
ારીના રાજારે. ૬.
રતે છે આણરે. ૭.
છે આણરે. ૮.
ઘો ગુજરાતરે. ૯.
લૂણ ઉતારરે. ૧૦.
ારણાં લેશરે. ૧૧.
ચીના તેલરે. ૧૨.
ાવે છે તેલરે. ૧૩.
નવેલીનાં તેલરે. ૧૪.
ચ્હડાવે છે તેલરે. ૧૫.
મોગરેલનાં તેલરે. ૧૬.
ચ્હડાવે છે તેલરે. ૧૭.
ાહેરે ચંપેલીનાં તેલરે. ૧૮.

---

† મુળ્યાની માનું નામ. ‡ બાપનું

બનેવી પનોતારે મુજીઆજી, બેન ન્હડાવે છે તેલરે. ૧૯.
નાગફેણુારે અંબોડલા, નવ ગ્રહે રચિયા છે બાપરે. ૨૦.
જાતાં ને રાવ રાણે પૂછીયાં,—તે મુજીઆજીના બાપરે. ૨૧.
નાગફેણુારે અંબોડલા, નવ ગ્રહે ફળી ફૂલી વાડીરે. ૨૨.
જાતાંને રાવ રાણે પૂછીયાં,—તે મુજીઆજીની માડીરે. ૨૩.
નાગફેણુારે અંબોડલા, નવ ગ્રહે રચિયા છે હીરારે. ૨૪.
જાતાંને રાવરાણે પૂછીયાં,—તે મુજીઆજીના વીરારે. ૨૫.

લગ્નમાં પ્રભાતમાં.
ચોસર.

(૩) રગરાતી મદમાતી માળેણુ મારાં વચન સુણો. ૧.
તમને કયા ભાઇ બોલાવેરે માળેણુ બોલ દોની. ૨.
તમને—*બોલાવેરે માળેણુ બોલદોની. ૩.
રુડા ચાંપલીયા ચૂંટીનરે માળેણુ ચોસેર ગુંથો. ૪.
રુડા મોગરડા વેડીનરે માળેણુ ચોસેર ગુંથો. ૫.
રુડા દીવડીયા અજવાળેરે બેસીને ચોસેર ગુંથો. ૬.
રુડા ચાંદાને ચાંદરણેરે, બેસીને ચોસેર ગુંથો. ૭.
ઊંચે જાળી પરવાળીરે મુકીને ચોસેર ગુંથો. ૮.
પેલી પાડાની પડોસેણ ચોસેર જોવાને આવી. ૯.
મારાં ચોસેરને શું જોશોરે ચોસેર રચીયા છે બાપ. ૧૦.
ચોસેર લાવ્યા લઇ આવ્યા લાડેકડાના—બાપ. ૧૧.
મારાં ચોસેરને શું જોશોરે ચોસેર ફુલી ફુલી વાડી. ૧૧.
ચોસેર લાવ્યાં લઇ આવ્યાં લાડેકડાની—માડી. ૧૨.
મારાં ચોસેરને શું જોશોરે ચોસેર કુંકાની ઝેણ. ૧૩.
ચોસેર લાવ્યાં લઇ આવ્યાં લાડેકડાની—બ્હેન. ૧૪.
મારાં ચોસેરને શું જોશોરે ચોસેર રચીયા છે આંબા. ૧૫.
ચોસેર લાવ્યા લઇ આવ્યા લાડેકડાના—મામા. ૧૬.

---

* બાપનું નામ.

મારાં ચોસેરને શું જોશોરે ચોસેર ગ્રથીયા છે આંકા. ૧૭.
ચોસેર લાવ્યા લઇ આવ્યા લાડેકડાના કાકા. ૧૮.
ચોસેર સોઇયેરે એના બાપના વ્હાલાને ચોસેર સોઇયે. ૧૯
ચોસેર સોઇયેરે એના કાકાના કાલાને ચોસેર સોઇયે. ૨૦

(રાતોરાતો.)

(૪) રાતો રાતોરે કુંકાંવરણીનો છોડ સોહેરે રાતોરે મેં તો નરખીયો. ૧.
મારા મુંજ્યાજીરે તમને ચાંલ્લા કરેશ, આજ મારે ઘેર સોહેળો. ૨.
પીળો પીળોરે હળધીનો છોડ, સોહેરે પીળોરે મેં તો ન૦ ૩.
મારા મુંજ્યાજીરે તમને પીઠી ચોળેસ, આજ મારે ઘેર સોહેળો. ૪.
લીલો લીલોરે નાગરવેલનો છોડ, સોહેરે લીલોરે મેં તો ન૦ ૫.
મારા મુંજ્યાજીરે તમને બીડલાં આપેસ, આજ મારે ઘેર સોહેળો. ૬.
કાળો કાળોરે કસ્તુરીનો છોડ, સોહેરે કાળોરે મેં તો ન૦ ૭.
મારા મુંજ્યાજીરે તમારાં નયણાં આંજેસ, આજ મારે ઘેર સોહેળો. ૮.
સોહેળડોરે સીળા માંડવા હેઠ, આજ લાડેકડાએ આણીયો. ૯.

પીઠી ચોળે તે દીવસે.

(૫) પીઠી ચોળોરે પંચકલ્યાણી, પીઠી કીયેરે મુલખથીરે આણી. ૧
પીઠી અમદાવાદ શેહેરથીરે આણી, ફરી સુરતમારે ગવાઇ. ૨.
પીઠી પાવલાનીરે પાસેર, પીઠી અડધાનીરે અછેર. ૩.
પીઠી રુપૈયાનીરે સેર, પીઠી આણી હમારડે ઘેર. ૪.
પીઠી પડીકે બાંધી ઘેર આવે, પીઠી મામો ને મામી લાવે. ૫.
પીઠી રૂપાં વાડકડે ઘોળાય, લાડેડાને અંગે ચોળાય. ૬.
પીઠી કેળવી કીધીરે ધાડી, પીઠી ચોળે લાડેકડાની માડી. ૭.
પીઠી કુંકાં કેરીરે ઝેણ, પીઠી ચોળે લાડેકડાની બ્હેન. ૮.
પીઠી જોવા જસોદાને તેડે, ઉભાં દેવકી આંગણાં હેઠે. ૯.
જોયો નંદનાધડીયેરે નરખી, ગુણ ગા કૃષ્ણાબાઈ હરખી. ૧૦.

(પરભાતિયાં.)

(૬) સૂરજ ઊગ્યારે કેવડીયાની ફણસે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
સુતા જાગોરે વસુદેવના નંદ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
તમ જાગેરે જાગે સહુ દેવ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
લેજો લેજોરે પીતળના લોટા કે વ્હાણેલાં ભલે વાયાંરે.
દાતણ કરજોરે તુળસીને ક્યારે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
મુખ લોજોરે પામરીયોને છેડે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
નામ લેજોરે શ્રી રામનાં નામ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
સૂરજ ઊગ્યારે કેવડીયાની ફણસે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
સુતા જાગોરે—* ના કંથ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
તમ જાગેરે જાગે સહુ ઘેડ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
લેજો લેજોરે અધવાના લોટા કે વ્હાણેલાં ભલે વાયાંરે.
દાતણ કરજોરે ઉકરડાની ટોંચે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
મુખ લોજોરે મસોતાને છેડે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
નામ લેજોરે તમારા બાપનું નામ કે વ્હાણેલાં ભલે વાયાંરે.

(૭) જીરે મેરે કુકડા વાર્યો સવાર વાર્યો મારું વાર્યું નવ કરે:
પરભાત ઉઠી મારે મંદીરે આવે સુતા દેવ જગાડવા.

ઉથલો.

જીરે પેહેલેને વિશ્વનાથરે જાગીયા,
જીરે ગયામાં ગદાધર દેવ, ભલોરે રણછોડરાયનો કુકડો.
જીરે અગણેને કેતારેશ્વર જાગીયા,
જીરે ચોથલે મોળેશ્વર દેવ, ભલોરે રણછોડરાયનો કુકડો.
જીરે ચારોએ જાગીને સું કીધાં,
જીરે રાખ્યા રુડા દ્રવ્યના રંગ, ભલોરે રણછોડરાયનો કુકડો.

* બેનનું નામ.

રાગ પ્રથમનો.

જીરે મેરે કુકડા વાર વાર્યો સવાર, વાર્યો મારું વાર્યું નવ કરે;
પરભાત ઉઠી મારે મંદીરે આવે સુતા વીર જગાડવા.

ઉથલો.

જીરે પેહેલને—રે જાગીયા,
જીરે બીજલે—વીર, ભલોરે રણુછોડરાયનો કુકડો.
જીરે ત્રગણેને—રે જાગીયા;
જીરે ચોથલે—વીર, ભલોરે રણુછોડરાયનો કુકડો.
જીરે ચારોએ જાગીને શું કીધાં,
જીરે રાખ્યા રુડા માંડવાના રંગ, ભલોરે રણુછોડરાયનો કુકડો.

રાગ પ્રથમનો.

જીરે મેરે કુકડા વાર વાર્યો સવાર, વાર્યો મારું વાર્યું નવ કરે;
પરભાત ઉઠી મારે મંદીરે આવે સુતા જમાઈ જગાડવા.

ઉથલો.

જીરે પેહેલને—રે જાગીયા,
જીરે બીજલે—જમાઈ, ભલોરે રણુછોડરાયનો કુકડો.
જીરે ત્રગણેને—રે જાગીયા,
જીરે ચોથલે—જમાઈ, ભલોરે રણુછોડરાયનો કુકડો.
જીરે ચારોએ જાગીને શું કીધાં,
જીરે રાખ્યા રુડા ઉકરડાના રંગ, ભલોરે રણુછોડરાયનો કુ૦

---

(૮) જીરે માણેક ચોકમાં ચાંપલો,
તેની ડાળ નમી નમી જાય, એ ડાળે રામચંદ્ર બેસસે.
જીરે બેઠા બેઠારે એ તો એમ ભણે,
જીરે કોઈ હુંને લંકા દેખાડાવે, તેરે સીતાજીને મેળવે.
જીરે નહીં મારે સગું ને સાથનું,
જીરે નહીં મારે માડીજાયા વીર, તેરે સીતાજીને મેળવે.

તમારે હનુમંત સગારે સાથના,
તમારે લક્ષ્મણ માડીજાયા વીર, તેરે સીતાજીને મેળવે.
જીરે માણેક ચોકમાં ચાંપલો,
તેની ડાળ નમી નમી જાય, તે ડાળે—ભાઈ બેસસે.
જીરે બેઠા બેઠારે એ તો એમ ભણે,
જીરે કોઈ હુંને—*દેખડાવે, તેરે—વહુને મેળવે.
જીરે નહીં મારે સગુંરે સાથનું,
જીરે નહીં મારે માડીજાયા વીર, તેરે—વહુને મેળવે.
તમારે—તે સગા રે સાથના,
તમારે—ભાઈ માડીજાયા વીર, તેરે—વહુને મેળવે.

(૯) ઊડણ ઊડણરે રુડા હંસ, ઊડણ હંસ રળીયામણા.
જઈ બેઠા ચાંપલીયાને છોડ, જેમ દેખું શ્રીયકૃષ્ણ આવતા.
એની સાથે સાબેલાની જોડ, માથે તે નવરંગ મોળીયાં.
એની બ્હેન બલૈયાંરે લેસ, માડી તે કરેરે ઓવારણાં.
ઊડણ ઊડણરે રુડા હંસ, ઊડણ હંસ રળીયામણા.
જઈ બેઠા ચાંપલીયાને છોડ, જેમ દેખું મુજીઆજીરે આવતા.
એની સાથે સાબેલાની જોડ, માથે તે નવરંગ મોળીયાં.
એની બ્હેન બલૈયારે લેસ, માડી તે કરેરે ઓવારણાં.

---

(૧૦) રુડે પરભાતેનેરે પ્હોર, દેવકીયે દાતણ માગીયાં.
માગ્યાં માગ્યાં તે વાર બે ચાર, રુખમણીએ શબદ ન સાંભળ્યા.
રુડાં પાનનાં બીડલાં હાથ, મેડીએથી શ્રીયકૃષ્ણ ઊતર્યા.
મારા વ્હાલા ઓ બળીભદ્ર વીર, ગંગાને તીરેરે ઘર કરો.
ત્યાં તો રાખોની રુખમણી નાર, જેણે આપણી માતાને દુભીયાં.

---

* વહુના પિહેરના મોહોલ્લાનું નામ.

સ્વામી સોરે હમારડો વાંક, શેરે કારણે હમને જુજવાં.
ગોરી તું મારા હૈયાનો હાર, તેં મારી માતાને દુભીયાં.
રેહેજો રેહેજો તે માસ બે માસ, ત્રીજે માસેરે આણું મોકલું.
રુડે પરભાતે ત્રેરે પ્હોર,—*એ દાતણ માગીયાં.
માગ્યાં માગ્યાં તે વાર બે ચાર,—વહુએ શબ્દ ન સાંભળ્યા.
રુડાં પાનનાં બીડલાં હાથ, મેડીએથી—ભાઇરે ઉતર્યા.
મારા વ્હાલા ઓ—વીર, તાપીને તીરેરે ઘર કરો.
ત્યાં તો રાણીઓની—વહુ નાર, જેણે આપણી માતાને દુભીયાં.
સ્વામી સોરે હમારડો વાંક, સેરે કારણે હમને જુજવાં.
ગોરી તું મારા હૈડાંનો હાર, તેં મારી માતાને દુભીયાં.
રહેજો રહેજો તે માસ બે માસ, ત્રીજે માસેરે આણું મોકલું.

---

(૧૧) કોણે મારાં આંગણાં સમારીયાંરે,
કોણે પુરયા મોતીકેરા ચોક, મારાં આંગણા રળીયામણાંરે.
કોણે મારા સામા તોડા ધોળીયારે,
કોણે લખીયા હંસને મોર, મારા તોડા રળીયામણારે.
—† આંગણાં સમારીયાંરે,
—મ્હેને પુરયા મોતી ચોક, મારાં આંગણાં રળીયાંમણાંરે.
—‡ સામા તોડા ધોળીયારે,
—મ્હેને લખીયા હંસ ને મોર, મારા તોડા રળીયાંમણારે.

---

(૧૨) કહોરે હંસલા કયો તમારો દેસ તો, કઇરે તમારી થાપનારે.
કેમ કરી જાશો પરદેશ તો, કેમ કરી જળ ડોળસોરે.
કાશી હમારડો દેશ, વણારસી હમારી થાપનારે.
પાંખડીએ તો જૈયે પરદેશ, ચાંચડીએ જળ ડોળીએરે.

---

* મુજીઆની ઘરડી મા.

† જમાઇનું નામ. ‡ બીજા કોઇ જમાઇનું નામ.

(માળેણ.)

(૧૩) આવો માળેણુ બેસો બેસણેરે,
કહો તમારી વાડીયોનાં મૂલ, માળેણ રાણી એમ ભણેરે.
લાખે બે લાખે મારો મોગરોરે,
અધલાખે ચાંપલીયાનો છોડ, માળેણ રાણી એમ ભણે.
લાખ ખરચીને લોની--* રે,
લાડેકડારે મુજીઆજીને કાજ, માળેણ રાણી એમ ભણેરે.

---

(૧૪) હાંજી ટુંકા ટોડાનીરે માળેણ,
માળેણ આવો હમારડે ઘેર, એરે માળેણ રાજા રામની. ૧.
માળેણ---*મુકાવેરે હોડીયો.
માળેણ હોડીએ બેસી ઘેર આવો, એરે માળેણ રાજા૦ ૨.
માળેણ મો મરડે મચકો કરે,
માળેણ નહીં આવો-† વહુની તોલ, એરે માળેણ રાજા૦ ૩.
માળેણ--‡ પ્હેરાવેરે ચુડલા,
માળેણ ચુડલા પ્હેરી ઘેર આવો, એરે માળેણ રાજા૦ ૪.
માળેણ મો મરડે મચકો કરે,
માળેણ નહીં આવો--§વહુની તોલ, એરે માળેણ રાજા૦ ૫.
માળેણ--|| પ્હેરાવેરે સાળુડા,
માળેણ સાળુ પ્હેરી ઘેર આવો, એરે માળેણ રાજા૦ ૬.
માળેણ મોં મરડે મચકો કરે,
માળેણ નહીં આવો-¶વહુની તોલ, એરે માળેણ રાજા૦ ૭.
માળેણ--$જમાડેરે લાબસી,
માળેણ જમી જુઠી ઘેર જાઓ, એરે માળેણ રાજા૦ ૮.

---

* મુજીઆના બાપનું નામ. † મુજીઆની માનું નામ. ‡ મુજીઆના કાકાનું નામ. § કાકીનું નામ. || મામાનું નામ. ¶ મામીનું નામ. $ મુજીઆનો ભાઇ.

માળેણુ મો મરડે મચકો કરે,
માળેણુ નહીં આવો-*વહુની તોલ, એરે માળેણુ રાજા૦ ૯.
માળેણુ—†ખવાડેરે બીડલાં,
માળેણુ રંગે ચંગે ઘેર જાઓ, એરે માળેણુ રાજા૦ ૧૦.

---

(૧૫) માળેણુડીરે જેસી ચતુરસુજાણુ.
લઇ આવતીરે કાચી કળીયોના હાર.
ગુંથાવતીરે મારા મુજીઆજીને કાજ.
મારા મુજીઆજીરે તમને દાતણુ કરતા દીઠા.
પીતળ લોટારે વહુ નવી વહુને હાથ.
માળેણુડીરે જેસી ચતુરસુજાણુ.
લઈ આવતીરે કાચી કળીયોના હાર.
ગુંથાવતીરે મારા મુજીઆજીને કાજ.
મારા મુજીઆજીરે તમને મરદન કરતા દીઠા.
ચીની પ્યાલારે વહુ નવી વહુને હાથ.
માળેણુડીરે જેસી ચતુરસુજાણુ.
લઈ આવતીરે કાચી કળીયોના હાર.
ગુંથાવતીરે મારા મુજીઆજીને કાજ.
મારા મુજીઆજીરે તમને નાવણુ કરતા દીઠા.
તાંબા કુંડીરે વહુ નવી વહુને હાથ.
માળેણુડીરે જેસી ચતુરસુજાણુ.
લઈ આવતીરે કાચી કળીયોના હાર.
ગુંથાવતીરે મારા મુજીઆજીને કાજ.
મારા મુજીઆજીરે તમને ભોજન કરતા દીઠા.
રાંધી રસોઇયોરે વહુ નવી વહુને હાથ.
માળેણુડીરે જેસી ચતુરસુજાણુ.

---

* ભાભીનું નામ. † બીજા કોઈ સગાનું નામ.

લઇ આવતીરે કાચી કળીયોના હાર.
ગુંથાવતીરે મારા મુજીઆજીને કાજ.
મારા મુજીઆજીરે તમને મુખવાસ કરતા દીઠા.
પાનના બીડલાંરે વહુ નવી વહુને હાથ.

---

(૧૬) લટકાળીરે માળેણ લટકેરે આવે, લટકે લાવેરે ચાંપાં ચોસેરાં. ૧.
લટકાળારે શ્રીયકૃષ્ણ ગામ પધાર્યા, કોણ હેરેરે ચાંપાં ચોસેરાં. ૨.
લટકાળાંરે રુકમણી મૈયર પધાર્યાં, કોણ પ્હેરેરે ચાંપાં ચોસેરાં. ૩.
લટકાળીરે માળેણ લટકેરે આવી, લટકે લાવીરે ચાંપાં ચોસેરાં. ૪.
લટકાળારે શ્રીયકૃષ્ણ ગામથી આવ્યા, તેણે હેર્યારે ચાંપાં ચોસેરાં. ૫.
લટકાળાંરે રુકમણી મૈયરથી આવ્યાં, તેણે પ્હેર્યાંરે ચાંપાં ચોસેરાં. ૬.
લટકાળીરે માળેણ લટકેરે આવે, લટકે લાવેરે ચાંપાં ચોસેરાં. ૭.
લટકાળારે—ભાઈ ગામ પધાર્યા, કોણ હેરેરે ચાંપાં ચોસેરાં. ૮.
લટકાળાંરે—વહુ મૈયર પધારયાં, કોણ પ્હેરેરે ચાંપાં ચોસેરાં. ૯.
લટકાળીરે માળેણ લટકેરે આવી, લટકે લાવીરે ચાંપાં ચોસેરાં. ૧૦.
લટકાળારે-ભાઈ ગામથી આવ્યા, તેણે હેર્યારે ચાંપાં ચોસેરાં. ૧૧.
લટકાળાંરે—વહુ મૈયરથી આવ્યાં, તેણે પ્હેર્યારે ચાંપાં ચોસેરાં. ૧૨.

---

(૧૭) હાલા લીલડા વાંસ વેડાવો, તેની રતન
ટોપલડી ઘડાવો, ટોપલી-*ના હાથમાં આપો.
—ધાંચો થઈ ઘેર આવે, મારી—બ્હેનને મંન ન ભાવે.
સ્વામી કયાં લાગી આવડી વાર, ગોરી તારે મૈયર પગરણ માડ.
પાછલી રાતનાં દળણાં દળાવ્યા, પરોઢિયામાં પાણી ભરાવ્યા.
બ્હાણે વાએ વાસીદાં વળાવ્યાં, ખરે બપોરે બાણધાં ફુંકાવ્યાં.

---

(૧૮) નાનું સરખું બાંદુડુંરે, મોગરે છાંયુંરે,
ગંગાજી વહ્યાંરે મારી ખડકીએરે.

---

* જમાઈનું નામ.

હુંઓ તમને પુછું મારાં દેવકીજી વણુજારાંરે,
તમારોને નાવ રાણીજાયો સુંએ કરેરે. ૧
એના બાપને રાજે રુડાં ઘોડલીયાં ખેલાવેરે,
રાતેને રમેરે રાણીજાયો સોગઠેરે. ૨
નાનું સરખું બાંદુડુંરે આકડે છાયુંરે,
ગંગાજી વચ્ચેરે મેં તો નજરે ન દીઠાંરે. ૩
હુંઓ તમને પુછું મારાં—બ્હેન વણુજારાંરે,
તમારોને નાવ દાસીજાયો સુંએ કરેરે. ૪
એના બાપને રાજે રુડાં ગધેડાં ખેલાવેરે,
રાતેને રમેરે દાસીજાયો કુતરેરે. ૫

(૧૯) રજની બે આનીરે તારો ઊગીયો. ૧
રાત અંધારીરે તારો નરમળો. ૨
તમ મુખ સુનારે મુજ્યાજી દાતણુ વના. ૩
દાતણીયા તેડાવોરે વર—બ્હેનતણા. ૪
માંડવે દાતણુ—* લઈ રહ્યો. ૫
દાતણીયાને આપોરે આટો લુણુ ખીચડી. ૬
ઘીય અપાવોરે ઈજત વધશે આપણી. ૭
દાતણીયો પરવાર્યોરે તે તો તેને ઘેર ગયો. ૮
રજની બે આનીરે તારો ઊગીયો. ૯
રાત અંધારીરે તારો નરમળો. ૧૦
તમ મુખ સુનારે મુજ્યાજી મરદન વના. ૧૧
મરદનીયા તેડાવોરે વર—બ્હેનતણા. ૧૨
માંડવે મરદન—લઈ રહ્યો. ૧૩
મરદનીયાને આપોરે આટો લુણુ ખીચડી. ૧૪

---

* જમાઈનું નામ.

ઘીય અપાવોરે ઈજત વધશે આપણી. ૧૫
મરદનીયો પરવાર્યોરે તે તો તેને ઘેર ગયો. ૧૬
રજની બે આનીરે તારો ઊગીયો. ૧૭
રાત અંધારીરે તારો નરમળો. ૧૮
તમ મુખ સુનારે મુજીયાજી અંઘોળ વના. ૧૯
અંઘોળીયા તેડાવોરે વર—વ્હેનતણા. ૨૦
માંડવે અંઘોળ—લઈ રહ્યો. ૨૧
અંઘોળીયાને આપોરે આટો લુણ ખીચડી. ૨૨
ઘીય અપાવોરે ઈજત વધશે આપણી. ૨૩
અંઘોળીયો પરવાર્યોરે તે તો તેને ઘેર ગયો. ૨૪
રજની બે આનીરે તારો ઊગીયો. ૨૫
રાત અંધારીરે તારો નરમળો. ૨૬
તમ મુખ સુનારે મુજીયાજી ભોજન વના. ૨૭
ભોજનીયા તેડાવોરે વર—વ્હેન તણા. ૨૮
માંડવે ભોજન—લઈ રહ્યો. ૨૯
ભોજનીયાને આપોરે આટો લુણ ખીચડી. ૩૦
ઘીય અપાવોરે ઈજત વધશે આપણી. ૩૧
ભોજનીયો પરવાર્યોરે તે તો તેને ઘેર ગયો. ૩૨
રજની બે આનીરે તારો ઊગીયો. ૩૩
રાત અંધારીરે તારો નરમળો. ૩૪
તમ મુખ સુનારે મુજીઆજી મુખવાસ વના. ૩૫
મુખવાસીયા તેડાવોરે વર—વ્હેનતણા. ૩૬
માંડવે મુખવાસ—લઈ રહ્યો. ૩૭
મુખવાસીયાને આપોરે આટો લુણ ખીચડી. ૩૮
ઘીય અપાવોરે ઈજત વધશે આપણી. ૩૯
મુખવાસીયો પરવાર્યો તે તો તેને ઘેર ગયો. ૪૦

(૨૦) ડુંગર કોરીનેરે ભમરો ધર ચણુંરે.
ડુંગર મા કોરીશ ને ધર મા ચણીશરે,
તારે ને જાવુંરે ભમરા નોતરેરે. ૧
નામ ના જાણું ને ઠામ ના જાણુંરે,
કેસ ઘેર દઊંરે સોહાસેણ નોતરાંરે. ૨
નામ છે—*ને ઠામ છે—†રે,
ધાટડીયાળાં—વ્હેનને નોતરાંરે. ૩
આવસે ગોરાં—વ્હેન ને બેસસે માંડવા માંહ્યરે,
લાડેકડાનાં, નૈયણાં સમારસેરે. ૪
આવસે પેલો—‡ને બેસસે માંડવા બાહારરે;
લાડેકડાની મોજડી સમારસેરે. ૫

---

(૨૧) હાર કાજળ બેહુ વાદ વદેરે.
હાર ભણે રે હું તો સમુદર કાંઠે નીપજુંરે,
કાજળ ભણે રે હું તો દીવાસગેરે. ૧
હાર ભણે રે હું તો થાળીમાં પ્રોવાઊરે,
કાજળ ભણે રે કજરાળીયેરે. ૨
હાર ભણે રે હું તો પેટીમાં સોહાઊં રે,
કાજળ ભણે રે મેસ દાબડી રે. ૩
હાર ભણે રે હું તો રાણીકોટે સોહું રે,
કાજળ ભણે રે મૃગલોચની રે. ૪
વઢતારે વઢતા દીવાન ચોતરે આવ્યા રે,
દીવાને તે ન્યાય ના ચુકવ્યો રે. ૫
વઢતા રે વઢતા કંઈ માંડવા હેઠળ આવ્યા રે,
—એ §ન્યાય ચુકાવીયોરે. ૬

---

* જમાઇનું નામ. † જમાઇના મોશાળનું નામ. ‡ જમાઇનું નામ
§ મુજીઆના બાપનું નામ.

હાર લઈરે મુજ્યાની કોટડીએ સોવડાવ્યોરે,
કાજળે તે નૈયણાં સમારીયાંરે. ૭.

---

(૨૨) અમદાવાદી ઓરસીયો અણાવીયો રે,
ઓરસીયો અણાવો ને ચંદન ઘસાવો રે,
ચંદન લખાવો રે એને માંડવે રે. ૧.
ઓરસીયો લઈ ને માંડવા હેઠળ મુકયો રે,
ઓરસીયાને ચોર ચોરી ગયો રે, ૨.
વાટેરે જાતાં—* મળીયા રે.
ઓરસીયાનો ચોર પેદા થયો રે. ૩.
ઓરડીએરે ઉભાં—બેન બોલ્યાં રે,
એટલો ધુનોરે વીરા માફ કરો રે. ૪.
લો મારી સાડી ને મુકો એને કહાડી રે,
એટલો ધુનોરે વીરા માફ કરો રે. ૫.
લો મારી હાંસડીને મુકો એની પાંસળી રે,
એટલો ધુનોરે વીરા માફ કરો રે. ૬.

---

(૨૩) ઊગતા સુરજની રજ ખરીરે.
એનીરે રજે કઈ શ્રીયકૃષ્ણ ઘડીયા રે,
અતીને ગોરારે અતી રુટડા રે. ૧.
હુંઓ તમને પુછું મારાં દેવકીજી વણજારારે,
તમે કેમ શ્રી કૃષ્ણ જાઇયા રે. ૨.
ઘડીએ બે ઘડીએ ઘડીયાલડાં વાગે રે,
પ્હોરે બે પ્હોરેરે જસ આરતી રે. ૩.
આરતડીરે કરો દેવકીજીની કૂખે રે,
જેની કુખે શ્રીયકૃષ્ણ જાઇયા રે. ૪.

---

* મુજીઆનો ભાઇ.

ઓરડીએરે ઉભાં ને પરસાળે અજવાળાં રે,
કુળને અજવાળ્યાં રે વસુદેવતણાં રે. ૫.
ઉગતા સૂરજની રજ ખરીરે,
એનીરે રજે કંઈ મુળીયાજી ઘડીયા રે,
અતીને ગોરારે અતી ફુટડારે. ૬.
હું ઓ તમને પુછું મારાં—વણજારાં રે,
તમે કેમ મુળીયાજી જાઇયા રે. ૭.
ઘડીએ બે ઘડીએ ઘડીયાળડાં વાગે રે,
પ્હોરે બે પ્હોરેરે જસ આરતી રે. ૮.
આરતડીરે કરો—ની કૂખેરે,
જેની કુખે મુળીયાજી જાઇયારે. ૯.
ઓરડીએરે ઉભાં ને પરસાળે અજવાળાંરે,
કુળને અજવાળ્યારે—તણારે. ૧૦.

---

(૨૪) સાટીનારે કંઈ ચોખા રે કંકુવરણા.
બાંધ્યારે કંઈ—ભાઇને છેડેરે, જાય ગોરાં—બેનને નોતરે.
બેનીરે તમે સુતેલાં કે જાગોરે, તમારે મૈયર પગરણ માંડીયાં.
વીરારે તું તો કોણ રાયનો બેટારે, કઈ મા પનોતીને ઓદર વસ્યો.
બેનીરે હું તો—નો બેટારે,—માડીને ઓદર વસ્યો.
વીરારે હુંને છોરૂડે સંતાપીરે, આંગણે આવ્યોરે વીર ના ઓળખ્યો.
બેનીરે તું તો ગરથલીયાની ઘેલીરે, આંગણે આવ્યોરે વી૰
વીરારે મેં તો ઘોડીએ પારણે દીઠોરે, રથ ઘોડલીએરે વી૰
વીરારે મેં તો આંગલાં ટોપીએ દીઠોરે, પાઘડી પોસાગેરે
વીર ના ઓળખ્યો.
આગળરે મારા—ભાઇના ઘોડારે, પડઘી વાગેરે સુનાતણી.

વચમાંરે ગોરાં—બેનના માફારે, મેધા ઝળકેરે સુનાતણા.
પાછળરે પેલા— *કાંમઠીયોરે, કામઠ વાગેને ખોખા ખડખડે.

(મોતી.)

(૨૫) એક વાદળ જેવડું મોતીરે, તે તો સમુદર કાંઠે નીપજ્યુંરે.
તેને સાત વેપારીયે જોયુંરે, તેને સાત ઝવેરીયે પરખ્યુંરે.
તેને સાત વણજારાએ વણજ્યુંરે, તેને—†એ મુલવીને હોરયુંરે.
તેને સાત ગાડે ઘાલી આણ્યુંરે, તેને ચૌદ બળદીયાયે તાણ્યુંરે.
તેને સાત વીંધારાએ વીંધ્યુંરે, એક સોઇયોને સુતળી અણાવોરે.
પેલા—‡નું નાક વીંધાવોરે, એને નાકે તે વીંટલી ઘલાવોરે.
એને ચામડાનો ચુડો પેહરાવોરે, એને લાકડાનું લોળિયું પેહરાવોરે.
એને—વહુનો ચણીઆ પેહરાવોરે, એને—વહુની કાંચળી પેહરાવોરે.
એને બ્હેનની સાડી પેહરાવોરે, એને—§ને માંડવે નચાવોરે.
ચાલો ચાલો જોવા જઇયે અંતરે, એ તો નાચે છે—બ્હેનના કંથરે.
ચાલો ચાલો જોવા જઇયે સુત્રરે, એ તો નાચેછે—ના પુત્રરે.
ચાલો ચાલો જોવા જઇયે હીરારે, એ તો નાચે છે—ના વીરારે.
ચાલો ચાલો જોવા જઇયે હરખીરે, એ તો નાચે છે—ની ખડકીરે.
એને નાચ્યાની નાસરી અપાવોરે, એને ખુંદયાની ખોટી બદામરે.
એ તો નાચે છે—‖હજામરે, એ તો નાચતાં નાચતાં ચુકયોરે.
એને ખાસડે મારીને મુકોરે.

(કાગડો.)

(૨૬) ઉંચો ચોરોરે ચોગઠો, ત્યાં ઉગ્યો ચંપક છોડકે, કદળી
વનનો પોપટો. ૧

* જમાઇનું નામ. † મુજીઆના બાપે. ‡ જમાઈનું નામ.
§ મુજીઆના બાપનું નામ. ‖ જમાઇનું નામ.

ત્યાં ચ્હડી પોપટરે વાસીયો, જગવ્યા ચારો ને વીર કે, ક૦ ૨
પેહલેને—રે જાગીયા, બીજે—વીર કે કદળી વનનોરે૦ ૩
અગણેને-રે જાગીયા, ચોથલે—વીર કે કદળી વનનોરે૦ ૪
ચારોએ જાગીડીને શું કીધાં, રાખ્યા મારા માંડવાના રંગ
કે કદળી વનનોરે પોપટો. ૫
ઉંચો ચોરોરે ચોગઠો, ત્યાં ઉગ્યો લીમડાનો છોડ કે કનડી
વનનો કાગડો. ૬
ત્યાં ચડી કાગરે વાસીયો, જગવ્યા ચારો જમાઇ કે, ક૦ ૭
સંઢાસમાંથી-રે જાગીયા, ખાળ કુવેથી-જમાઇ કે ક૦ ૮
ઉકરડેથી—રે જાગીયા, ખાડીયેથી—જમાઇ કે, કનડી૦ ૯
ચારોએ જાગીને શું કીધાં, રાખ્યા મારા ઉકરડાના રંગ કે,
કનડી વનનોરે કાગડો. ૧૦
—ના હાથમાંરે ચાંચુઓ, તે બ્હેન—ના કંથ કે, ક૦ ૧૧
—ના હાથમાંરે પાવડો, તે બ્હેન—ના કંથ કે, ક૦ ૧૨
—ના હાથમાંરે ટોપલો, તે બેન—ના કંથ કે, ક૦ ૧૩
—*લીધુંરે સમરપણું, ખાડીએ ન્હાવાને જાય કે, ક૦ ૧૪
કેડે વળગ્યોરે કુતરો, વાંદર વળગ્યો છે પેટ કે, કનડી૦ ૧૫
દાઢીએ વળગ્યોરે દેડકો, મૂછે વળગ્યોછે મચ્છ કે, ક૦ ૧૬
નાકે વળગ્યોરે નોળીયો, કાને વળગ્યોછે કચ્છ કે, ક૦ ૧૭
માથે વળગ્યુંરે માકડું, આઈ માઈ કરતેલો જાય કે, ક૦ ૧૮
—†સાજન જમાડીયું,—‡કુટેછે પેટ કે, કનડી૦ ૧૯
મા કુટીશ મા કુટીશરે બાપડા, તુજને છાંડયું છુંડયું દેસ
કે કનડી વનનોરે કાગડો. ૨૦
—સાજન પેહરાવીયું,—કુટેછે પેટ કે, કનડી૦ ૨૧
મા રોઇસ મા રોઇસરે બાપડા, તુજને લંગોટડી દેસ કે,
કનડી વનનોરે કાગડો. ૨૨

---

* ચોથા જમાઇયે. † મુજીઆના બાપે. ‡ સમરપણાંવાળો જમાઈ.

સાંજીના ગીત. (આંબો).

(૨૭) મારે આંગણે અમુલખ આંબો મોરીયોરે,
મોરચો મોરચો કંઈ લાલ કસુબાને છોડરંગાવોરે રાયાં ચુંદડીરે.

ઉથલો.

એક લોધર કહેરે ચુંદડ બાઈ કોણ તમારી જાતરે;
મારી જાત જુગત ને નામ ચુંદડ ઝાજે હીરે નીપજ્યું.

રાગ પ્રથમનો.

મારો વણનારો ચતુરસજાણ હુંને વણી તે વ્હોળા હીરમારે,
મારોરંગનારો ચતુરસજાણ, હુંને રંગી તે ઝાઝા રંગમારે;
મારો પેરનારો ચતુરસજાણ હુંને પેરે તે બ્રાહ્મણ વાણીયારે.

ઉથલો.

એક ચુંદડ કહેરે લોધર બાઈ કોણ તમારી જાતરે;
મારી જાત જુગત ને નામ લોધર થોડે ઊને નીપજ્યું.

રાગ પ્રથમનો.

મારો વણનારો અબુજ અજાણ હુંને વણી તે થોડાં ઊનમારે,
મારો રંગનારો અબુજ અજાણ હુંને રંગી તે થોડા રંગમારે,
મારો પેરનારો અબુજ અજાણ હુંને પેરે તે કોળી કાછીયારે,
મારે આંગણે ઉગ્યોરે રાયા મોગરોરે.
મારા મોગરાના મુલ તે અમુલ ગુંથાવું તે ચોસેર ચોવડારે

ઉથલો.

ચોસેર પેરી વીર સંચરયા ઉભા તે મંડપ હેઠરે,
ઝરમર ઝરમર મેહ વરસે ભીંજે તે મુજિયાજીના મોળીયાં,
ઝરમર ઝરમર મેહ વરસે ભીંજે તે નવી વહુની ચુંદડી.

રાગ પ્રથમનો.

વીરો આવ્યો વીરો આવ્યો સહોદર વીર, ભલી ભક્તિ કરુંરે વીરાતણીરે.

ઉથલો.

ભક્તિ કીજે ને આસ લીજે વીરાને ભોજન દીજિયે.
ગદિયાં તે ખાજાં ને મોદિક લાડુ પંચધારી લાબસી.
એક કૂર કમોદનો ને પેત મગની બાસેટ ચોસેટ સાવઠાં.
દુધડે મછણ દેવડાવ દાદા ઉપર સુનાની સળી.
બાસેઠ પાનનું એક બીડું ઉપર લવંગ એલાયચી.
કેવડીયોરે કાથો લાવ દાદા સોપારી સેવરધનાં.

(નગારાં).

(૨૮) ડોસીડાને હાટે ઘોડો અટકી ઉભો,
ચુદડી વસાવતાં લાગી વારરે નગારાં વાગે ઝીણાં ઝીણાંરે.
ડોસીડાની બેટી રૂપે આકરીરે,
રંગ રસિયોજી રાખ્યો મ્હોલ માંયરે—નગારાં વાગે૦
મારો નાયક છે જી ગુજરાતનોરે,
મારો કેસરિયો ભીનો ભીનો જાયરે—નગારાં વાગે૦
સુનીડાને હાટે ઘોડો અટકી ઉભો,
ઝાંજરાં વસાવતાં લાગી વારરે—નગારાં વાગે ઝીણાં૦
સુનીડાની બેટી રૂપે આકરીરે,
રંગ રસિયોજી રાખ્યો મ્હોલ માંયરે—નગારાં વાગે૦
મારો નાયક છે જી ગુજરાતનોરે,
મારો કેસરિયો ભીનો ભીનો જાયરે—નગારાં વાગે૦
ગાંધીડાને હાટે ઘોડો અટકી ઉભો,
શ્રીફળાં વસાવતાં લાગી વારરે—નગારાં વાગે ઝીણાં૦
ગાંધીડાની બેટી રૂપે આકરીરે,
રંગ રસિયોજી રાખ્યો મ્હોલ માંયરે—નગારાં વાગે૦

મારો નાયક છે જી ગુજરાતનોરે,
મારો કેસરિયો ભીનો ભીનો જાયરે—નગારાં વાગે૦
માલીડાને હાટે ઘોડો અટકી ઉભો,
ચોસેરાં વસાવતાં લાગી વારરે—નગારાં વાગે ઝીણાં૦
માલીડાની બેટી રૂપે આકરીરે,
રંગ રસિયોજી રાખ્યો મ્હોલ માંઝ્યરે—નગારાં વાગે૦
મારો નાયક છે જી ગુજરાતનોરે,
મારો કેસરિયો ભીનો ભીનો જાયરે—નગારાં વાગે ઝીણાં૦

(વીજણો).

(૨૯) ઉંચી ઉંચી મેડીરે બાઈ, ઘર ચિત્ર્યાં સાર રે બાઈ.
લાખેણો દીવડોરે લટકણથીર બળેરે હાં રે બાઈ.
ત્યાં મ્હડી ઢાળ્યારે બાઈ, ભંમરીયાળા ઢોલ રે બાઈ.
મસરુની તળાઇરે બાઈ, અતલસના અસીસાં રે બાઈ.
જાદરના જલેચારે બાઈ, ગાલે ને ગાલેરે ગાલમસુરીયાં રે
હાં રે બાઈ.
ત્યાં મ્હડી પ્હોડે રે મારો વસુદેવનો નંદ રે બાઈ.
પુનેમ કેરો ચંદરે બાઈ, દીવા કેરી જ્યોત રે બાઈ.
વાઓને ઢોળેરે રુખમણી પાતળાંરે હાં રે બાઈ.
વાઓ ઢોળતાં રે બાઈ નીંદરડી આવી રે બાઈ.
હાથેથીરે વીજણલો દીયેરિયો લઈ ગયો હાં રે બાઈ.
ત્યાં મ્હડી આવ્યાંરે બાઈ, દિલ્લીનો દીવાન રે બાઈ.
કાશીનો કોટવાળરે બાઈ, સુરતનો સુલતાન રે બાઈ.
અમદાવાદી સુબોરે બાઈ, માણેકચોકમાં ઉભો રે બાઈ.
તોએ ના આપ્યોરે દીયેરીયાએ વીજણોરે હાં રે બાઈ.
પાનસોપારીરે મારા દીયેરની બલિહારી રે બાઈ.
સટકસું આપ્યોરે ભાભીને વીજણોરે હાં રે બાઈ.

(ઘોડી.)

(૩૦) ખડ ખાઓ ખડ ખાઓરે ઘોડી પાણીલાં પીઓની.
મધ પીઓ મધ પીઓ રે તે જલદી જાવું છે પરદેશ.
તમારે ને જાવું રે ઘોડી લંકા ધડને છેડે.
લંકા ધડનો રાજારે સુખિયો સુતેલો કે જાગે.
આવ્યા છે—*તે તો ઝાઝાં સુનાં માગે.
ઝાઝાં ને સુનારે—†જી કાહો કાજ કરેસ.
કાહો કાજ કરતાંરે નવી વહુની મુંદ્રીકા ધડેસ.
મુંદ્રીકા ધડતાંરે—બેનની ટીલડી ધડેસ.
ખડ ખાઓ ખડ ખાઓરે ઘોડી પાણીલાં પીઓની.
મધ પીઓ મધ પીઓરે તે જલદી જાવું છે પરદેશ.
તમારે ને જાવું રે ઘોડી હડમચ ધડને છેડે.
હડમચ ધડનો રાજારે સુખિયો સુતેલો કે જાગે.
આવ્યા છે—તે તો ઝાઝા હીરા માગે.
ઝાઝાને હીરારે—જી કાહો કાજ કરેસ.
કાહો કાજ કરંતાંરે નવી વહુની મુંદ્રીકા જડેસ.
મુંદ્રીકા જડંતાંરે—બેનની ટીલડી જડેસ.
ખડ ખાઓ ખડ ખાઓરે ઘોડી પાણીલાં પીઓની.
મધ પીઓ મધ પીઓરે તે જલદી જાવું છે પરદેશ.
તમારે ને જાવું રે ઘોડી સીંધડ ધડને છેડે.
સીંધડ ધડનો રાજા રે સુખિયો સુતેલો કે જાગે.
આવ્યા છે—તે તો ઝાઝાં મોતી માગે.
ઝાઝાં ને મોતી રે—જી કાહો કાજ કરેસ.
કાહો કાજ કરંતાં રે નવી વહુની મુંદ્રીકા પ્રોવેસ.
મુંદ્રીકા પ્રોવંતાંરે—બેનની ટીલડી પ્રોવેસ.

---

* અટક સાથે મુજીઆના બાપનું નામ જેમકે પંડયા, દવે, મેહેતા, ફલાણુ.

† માત્ર અટક જ પંડયા, દવે, મેહેતા.

(૩૧) છોરુ અણાવો ને મેડીયો ચણાવો તો,
બારસાખ બારિયો મુકાવોરે પીયુડાજી, આજ મારે પગરણજી.
ઘઉં રે અણાવો ને ઘઉંરે ધોવડાવો તો,
પકવાનના પેણા મંડાવોરે પીયુડાજી, આજ મારે૦.
સાસુ તેડાવો ને નણંદી તેડાવો તો,
જેઠાણીને તમે તેડવા જાઓરે પીયુડાજી, આજ મારે૦.
સાસુને વેહેલ ને નણદીને ગાડી તો,
જેઠાણીને ભમર પાલખડી પીયુડાજી, આજ મારે૦.
સાસુને સાલ્લો ને નણદીને વાલ્લો તો,
જેઠાણીને દખણીનાં ચીરરે પીયુડાજી, આજ મારે૦.
સાસુ ખાઈ જાસે ને નણદી લઈ જાસે તો,
જેઠાણીનાં કાલે પાછાં વળસેરે પીયુડાજી, આજ મારે૦.

---

(૩૨) ઉંચી ઉંચી મેડી મારાં ઘરરે વીયાતાં, તો પાડોસે
નણદી વસેરે ૧.
વીરાની મેડીએ રુડા કાચ ઢળાવૂં, તો ત્યાંને ઢાળું
ભંમર ઢોલિયારે ૨.
ત્યાં ચડી પ્હોડે મારી માડીનો જાયો, તો વાઓ ઢોળેરે
ભાભી પુટડાં રે. ૩.
વાઓ ઢોળંતાં ભાભી ગોઠડીએ ગોઠ્યાં, તો નણદીને પડોસે
ન રાખીએ રે. ૪.
દીઠું અણદીઠું નણદી સરવસ્ત માગે, તો નીતે ઉઠીને કાંથી
આપીએરે. ૫.
ઘરની ઘણીઆણી તમે એવું સું બોલો, તો બ્હેન વના
બ્હીયા કોણ મ્હાલસેરે. ૬.

સાત સોપારી મારી પડોસણને આપું, તો તે મારે બ્હીયા મ્હાલસેરે. ૭.

ઘરની ધણીયાણી તમે એવું સું બોલો, તો બેન વના ગણેસ કોણ પૂજસેરે. ૮.

ચોખાને લાડુ મારી ગોરાણીને આપું તો તે મારે ગણેસ પૂજશેરે. ૯.

ઘરની વહુઆરુ તમે રાંધો ને સીંધો, તો જમવાને બેસે મારી બેનડીરે. ૧૦.

ઘરની વહુઆરુ તમે પાણીડાં જાઓ, તો બારીએને બેસે મારી બેનડીરે. ૧૧.

ઘરની વહુઆરુ તમે એરા ને ફેરા, તો પકવાનને ઓરડે મારી બેનડીરે. ૧૨.

ખાસડું ખંખેરું ગોરી ધણીએક આવે, તો રુપૈયા ઉછાળું બેની ના મળેરે. ૧૩.

માડીના જાયા તુંને દઉંરે આસીસ, તો સાતેને દીકરે. હીંડજે મલપતારે. ૧૪.

બ્હેવણની જાઇ તુંને દઉંરે આસીસ, તો સાતેને સોયકે આંસુ ઢાળજેરે. ૧૫.

(બનડા.)

(૩૩) બનાજી દીલીને દરવાજે નોબત વાજેજી સવાઇ ડંકા વાજેજી બાંકા બના. ટેક.

બનાજી હાથકી અંગુઠી રંગકી મુઠીજી મ્હેલોમેં માળેણ રુઠીજી બાં૰

બનાજી સીરકા ચીરા દેખન આઇજી, કલગીમેં જાત સવાઇજી બાં૰

બનાજી કાનકા મોતી દેખન આઇજી, લાલીમેં જાત સવાઇજી બાં૰

બનાજી અંગકા નીમા દેખન આઇજી, બંધોમેં જાત સવાઇજી બાં૰

બનાજી પાંઉંકા મોજાં દેખન આઇજી, મેંદીમેં જાત સવાઇજી બાં૦
બનાજી કેડકી કટારી કામણગારીજી, કંઇ એક કામણ કીધાંજી બાં૦

(૩૪) માએરી મેં તો કેશર ઘોળું, કેસર ઘોળીને રંગ બનાદું:
દેખો ઇસરે બને હરીઆલ બને જોબન બ્હાર બનીકી મેં
ચોળી રંગાદું. ૧.
લંકાં ધડ જાઇઓરે બના, તાંસેં સોનાં અણાઇયોરે બના,
બનીકી ઝાલ ઘડાઇયોરે બના, દેખો ઇસરે બને હરીઆલ
બને જોબન બ્હાર બની૦
હડમચ ધડ તમ જાઇયોરે બના, તાંસે હીરા અણાયોરે બના,
બનીકી ઝાલ જડાઇયોરે બના, દેખો ઇસરે બને હરીઆલ
બને જોબન બ્હાર બની૦
સીંધડ ધડ તમ જાઇઓરે બના, તાંસે મોતી અણાઇયોરે બના,
બનીકી ઝાલ પ્રોવાઇઓરે બના, દેખો ઇસરે બને હરી-
આલ બને જોબન બ્હાર બની૦

(૩૫) મરગાનયણીના મ્હોલમાં આવોરે ગુમાનીડા સાને
અબોલા લઇ રહ્યા.
ચંપાવરણીના ચોકમાં આવોરે ગુમાનીડા સાને અબો૦
બનાજી લંકા ધડ બ્હાણુ પુરાવીએ,
બનાજી તાંથકાં સોનાં અણાવીએ,
બનાજી બનડીકી ઝાલ ઘડાવીએ,
સારી બનડીકે કાન સોહાવોરે ગુમાનીડા સાને અબો૦
બનાજી હડમચ ધડ બ્હાણુ પૂરાવીએ,
બનાજી તાંથકા હીરા અણાવીએ,

બનાજી બનડીકે ઝાલ જડાવીએ,
સારી બનડીકે કાન સોહાવોરે ગુમાનીડા સાને અબો૦
બનાજી સીંધડ ધડ વ્હાણુ પુરાવીએ,
બનાજી તાંથકાં મોતી અણાવીએ,
બનાજી બનડીકી ઝાલ પ્રોવાવીએ,
સારી બનડીકે કાન સોહાવોરે ગુમાનીડા સાને અબો૦

(૩૬) હરિ બના કાયકું રીસાય કંગના મુલ લીયોરે વારી.
સીર તેરે જરકસકા ચીરા; કલગીમેં લાલ ગુલાલ, કંગ૦ ૧.
કાન તેરે દરિયાકા મોતી; દો મોતી બીચ લાલ, કંગ૦ ૨.
અંગ તેરે જરકસકાં નીમા; બંધીમેં લાલ ગુલાલ, કંગ૦ ૩.
પાંઉં તેરે સકલાતી મોજાં; મેંદીમેં લાલ ગુલાલ, કંગ૦ ૪.
(૩૭) હારે બના મેરી ગલી મત આવો, મોતી લાલ
બના, છજેકી બેઠક છોડદો.
હારે બના છોડદોરે દીલ ખોલ દો, હારે બના મેરી૦
હારે બના લંકાધડ વ્હાણુ પુરાવીએ,
હારે બના તાંથકા સોના અણાવીએ,
હારે બના બનડીકી ઝાલ ધડાવો, મોતી લાલ બના છજે૦
હારે બના હડમચ ધડ વ્હાણુ પુરાવીએ,
હારે બના તાંથકા હીરા અણાવીએ,
હારે બના બનડીકી ઝાલ જડાવો, મોતી લાલ બના છજે૦
હારે બના સીંધડધડ વ્હાણુ પુરાવીએ,
હારે બના તાંથકાં મોતી અણાવીએ,
હારે બના બનડીકી ઝાલ પ્રોવાઓ, મોતી લાલ બના છજે૦

---

(૩૮) અબ મેં તો જાઉંરે ગગનકી મેડી.
ગગનકી મેડી હવેલી બીચ ઠાડી અબ મેં તો૦

બનાજી તેરા ચીરા લગત મુજ પ્યારે,
કલગીમેં જાઉંરે ગગનકી મેડી. ગગન૦ અબ મેં૦ ૧.
બનાજી તેરા મોતી લગત મુજ પ્યારે,
લાલોમેં જાઉંરે ગગનકી મેડી. ગગન૦ અબ મેં૦ ૨.
બનાજી તેરા નીમા લગત મુજ પ્યારે,
બંધીમેં જાઉંરે ગગનકી મેડી. ગગન૦ અબ મેં૦ ૩.
બનાજી તેરા મોજાં લગત મુજ પ્યારે,
મેંદીમેં જાઉંરે ગગનકી મેડી. ગગન૦ અબ મેં૦ ૫.

---

(૩૯) બનો મેરો સબરે સલુણો;
સબરે સલુણો, મરગ નેણીપર જીવડો કરૂં.
બનો મેરો ચીરાકો રસીયો,
ચીરાકો રસિયો, કલગીમેં બડીરે સુઘડાઈ બના. ૧.
બનો મેરો મોતીકો રસીયો,
મોતીકો રસીયો, લાલોમેં બડીરે સુઘડાઈ બના. ૨.
બનો મેરો નીમાકો રસીયો,
નીમાકો રસીયો, બંધીમેં બડીરે સુઘડાઈ બના. ૩.
બનો મેરો મોજાંકો રસીયો,
મોજાંકો રસીયો મેંદીમેં બડીરે સુઘડાઈ બના. ૪.

(૪૦) હાંરે બના કિને બતાઈ તુને મેરી ગલીયાં.
મેરી ગલીયાંરે ગુલાબી છડીયાં, હાંરે બના કિને૦
હાંરે બના ચીરા તો તેરા લાલ બનીયા,
લાલ બનીયાંરે ગુલાલ બનીયા, હાંરે બના કિને૦ ૧.
હાંરે બના નીમા તો તેરા લાલ બનીયા,
લાલ બનીયાંરે ગુલાલ બનીયા, હાંરે બના કિને૦ ૨.

હાંરે બના મોજાં તો તેરા લાલ બનીયાં,
લાલ બનીયાંરે ગુલાલ બનીયા, હાંરે બના કિશે૦ ૩.

---

(૪૧) ગુલદાવરીકા ફુલ મુજે સ્હેજમાં મંગાઇદો.
સ્હેજમાં મંગાઇદો કુછ મ્હેલભી ચણાઇદો, ગુલદાવરી૦
કલ્લાં તોરે સોઇયે હજારી બનડાજી,
સાંકળાંકી બડી મોજ મુજે સ્હેજમાં મગાઇદો સ્હે૦ ૧.
વીંટી તોરે સોઇયે હજારી બનડાજી,
વેળીયાંકી બડી મોજ મુજે સ્હેજમાં મંગાઇદો સ્હે૦ ૨
પાંચી તોરે સોઇયે હજારી બનડાજી,
બાજુબંધકી બડી મોજ મુજે સ્હેજમાં મંગાઇદો સ્હે૦ ૩.
કંઠી તોરે સોઇયે હજારી બનડાજી,
ગળુબંધકી બડી મોજ મુજે સ્હેજમાં મંગાઇદો સ્હે૦ ૪.
મોતી તોરે સોઇયે હજારી બનડાજી,
લાલોકી બડી મોજ મુજે સ્હેજમાં મંગાઇદો સ્હે૦ ૫.
ચીરા તોરે સોઇયે હજારી બનડાજી,
કલંગીકી બડી મોજ મુજે સ્હેજમાં મંગાઇદો સ્હે૦ ૬.
નીમા તોરે સોઇયે હજારી બનડાજી,
બંધોકી બડી મોજ મુજે સ્હેજમાં મંગાઇદો સ્હે૦ ૭.
મોજાં તોરે સોઇયે હજારી બનડાજી,
મેંદીકી બડી મોજ મુજે સ્હેજમાં મંગાઇદો સ્હે૦ ૮.

---

(૪૨) હાકેમકે છડીદાર મોરચંગ ફેર બજાવેરે—ટેક.
રાનોમે મોર નચાવે, જંગલમેં ધુમ મચાવેરે, હાકેમકે૦
બના તેરા ચીરા ભેજું, બનો મેરો પેર ન જાનેરે;
છબીલો પેર ન જાનેરે, રંગીલો પેર ન જાનેરે, હાકેમકે૦

બના તેરા મોતી ભેજું, બનો મેરે પેર૦ છ૦ ર૦ હાકેમકે૦
બના તેરા નીમા ભેજું, બનો મેરે પેર૦ છ૦ ર૦ હાકેમકે૦
બના તેરા મોજાં ભેજું, બનો મેરે પેર૦ છ૦ ર૦ હાકેમકે૦

---

(૪૩) લંકાઘડ વ્હાણ પુરાઇયો મેરે બનડે.
લ્હાંથકાં સોનાં અણાઇયો મેરે બનડે.
બનડીકી ઝાલ ઘડાઇયો મેરે બનડે.
હારે બના ઝાલકું લવેંગાં લગીયાં.
લવેંગાંબી લગીયાં એલાયચીબી લગીયાં.
હારે બના જાયફળ મોજાં ચખીયાં. ૧.
હડમચઘડ વહાણ પુરાઇયો મેરે બનડે.
લ્હાંથકા હીરા અણાઇયો મેરે બનડે.
બનડીકી ઝાલ જડાઇયો મેરે બનડે.
હારે બના ઝાલકું લવેંગાં લગીયાં, લવેંગા બી૦ હારે બ૦ ૨.
સીંઘડ ઘડ વહાણ પુરાઇયો મેરે બનડે.
લ્હાંથકાં મોતી અણાઇયો મેરે બનડે.
બનડીકી ઝાલ પ્રોવાઇવો મેરે બનડે.
હારે બના ઝાલકું લવેંગાં લગીયાં, લવેંગાં બી૦ હારે બ૦ ૩.

---

(૪૪) કુવામાં જનાવર બોલે, વનમાં બોલે મોર બે.
હાથમાં તો તોતા બોલે, કોયલ બોલે જોર બે.
બનડી તો માગેરે બાવા, પાંઉંકા શણગાર બે.
કહાં લાવજો કાંબી લાવજો, વિછુએ લીધો વાદ બે.
અણવટ લઇ ઘેર વેહલા આવજો, પાંઉંકા શણગાર બે. ૧
બનડીતે માગેરે બાવા, હાથકા શણગાર બે.

કલ્લાં લાવજો સાંકળાં લાવજો, પ્હોંચીએ લીધા વાદ બે.
બાજુબંધ લઇ ઘેર વેહલા આવજો, હાથકો શણગાર બે. ૨
બનડીતો માગેરે બાવા, કોટકો શણગાર બે.
હાર લાવજો હાંસડી લાવજો, ચમકળીએ લીધા વાદ બે.
ગલુબંધ લઇ ઘેર વેહેલા આવજો, કોટકો શણગાર બે. ૩
બનડી તો માગેરે બાવા, કાનકો શણગાર બે.
ઝાલ લાવજો ઝુમણાં લાવજો, કલા ફુલે લીધા વાદ બે.
વીટલા લઈ ઘેર વેહલા આવજો, કાનકો શણગાર બે. ૪
બનડી તો માગેરે બાવા, શીરકો શણગાર બે.
દામણી લાવજો ચાંદલો લાવજો, સીકાંએ લીધા વાદ બે.
જાળસરું લઈ ઘેર વેહેલા આવજો, શીરકો શણગાર બે. ૫

(૪૫) બની ઉમરાવકી જાદીરે, બની સાહેબકી પ્યારીરે.
બનીના હાથમાં લોટારે, બનીના મામલા મોટારે, બની૦
મ્હેલોમેં મ્હાલતી દીઠીરે, હીંડોળે ઝુલતી દીઠીરે,
સૈયર સાથ ખેલતી દીઠીરે, બની ઉ૦ બની સા૦
લંકા દેશ જાઇયેરે, સોના બ્હોત લાઇયેરે,
બનીકી ઝાલ ઘડાઇયેરે, બની ઉ૦ બની સા૦
હડમચ દેશ જાઇયેરે, હીરા બહોત લાઇયેરે,
બનીકી ઝાલ જડાઇયેરે, બની ઉ૦ બની સા૦
સીંધડ દેશ જાઇયેરે, મોતી બહોત લાઇયેરે,
બનીકી ઝાલ પ્રોવાઇયેરે, બની ઉ૦ બની સા૦
સુરત શ્હેર જાઇયેરે, મીઠાઈ બોત લાઇયેરે,
બનીકું ખુબ ખીલાઇયેરે, બની ઉ૦ બની સા૦

(૪૬) દેખોરે મૈયા પ્યારેકી બાતાં, છબીલેકી બાતાં; ૨-
ગીલેકી બાતાં—બનડો બડી ધુમપે આયો. ટેક.
સોનારે લંકા દેશસેં લાયો, લંકા દેશસેં લાયો, બનડો૦
હીરારે હડમચ દેશસેં લાયો, હડમચ દેશસેં લાયો, બનડો૦
મોતીરે સીંધડ દેશસેં લાયો, સીંધડ દેશસેં લાયો, બનડો૦
ઘોડીરે કછી દેશસેં લાયો, કછી દેશસેં લાયો, બનડો૦
બનડારે સુરત શેહેરસેં લાયો, સુરત શેહેરસેં લાયો, બનડો૦

(૪૭) વારી વારીરે તેરા સરસ નગીનો,
નણદીનો વીરો, સાહેબાને જાવા ન દેસું. રાજ.
વારી વારીરે તેરા સીરકા ચીરા,
સીરકા ચીરા, હમ કલગીમેં રેહેસું. રાજ. ૧
વારી વારીરે તેરા ઢળવળાં મોતી,
ઢળવળાં મોતી, હમ લાલોમેં રેહેસું. રાજ. ૨
વારી વારીરે બનો જામા પેહેરે,
નીમા પેહેરે, હમ બંધોમેં રેહેસું. રાજ. ૩
વારી વારીરે તેરા પાંઉકાં મોજાં,
પાંઉકાં મોજાં, હમ મેંદીમેં રેહેસું. રાજ. ૪

જનોઇ દેતી વખત ગાવાનાં ગીત.

(જનોઈ નાનું).

(૪૮) જનોઈ પેરારે નંદના ઘડીયા, જનોઈ કીયારે સુનીડાએ ઘડીયાં.
જનોઈ સાબ સુનાનુરે ઘડીયું, જનોઈ માણેક હીરલે જડીયું.
જનોઈ મુક્તાફળેરે પ્રોયું, જનોઈ માતા જસોદાએ જોયું.
જનોઈ મોસાળાંમાંરે આવે, જનોઈ મામાને મામીરે લાવે.
બ્રહ્મચારી થયો ભગવાન, દંડ સોહ્યે તે જમણીરે ખાંધ.

નાક સાહીને ધરીયાંરે ધ્યાન, આસન વાળ્યાં તે શ્રી ભગવાન.
આસનવાળીને લીધાંરે તાળી, હસવા લાગી તે વ્રજનીરે નારી.
આ તો કૌતીક સરખુંરે લાગે, કાલે દાણુ દધીનુંરે માગે.
સંધ્યા ત્રણે કાળની વાંધી એક, લટ સીખાનીરે બાંધી.
વાગે નોબત નેરે નીસાણ, બકુએ ચડીયા તે શ્રીભગવાન.
જનોઈ જોવા જસોદાને તેડે, ઊભાં દેવકી આંગણાં હેઠે.
જોયો નંદનાધડીયોરે નરખી, ગુણ ગાય કૃષ્ણાબાઈ હરખી.

(જનોઈ મોટું.)

(૪૯) ગંગારે જમના વચ્ચે ખણાવીરે ખાઈ,
ત્યાંને બેશીરે માતા દેવકીરે ન્હાઈ.
ન્હાઈ અંધોળીને પ્હેરયાંરે સુત્ર,
વસુદેવનેરે ઘેર જનમ્યા છે પૂત્ર.
ન્હાઈ અંધોળીને પ્હેરયાંરે ચીર,
વસુદેવનેરે ઘેર જનમ્યા છે વીર.
ન્હાઈ અંધોળીને પ્હેરીરે સાડી,
તોરે તમને ત્રુઠાં છે ગોત્રજ માડી.
ન્હાઈ અંધોળીને પ્હેરીરે ચોળી,
તોરે તમને ત્રુઠાં છે ભરાડીરે ભોળી.
ન્હાઈ અંધોળીને પહેરયાં પિતાંબર,
તોરે તમને ત્રુઠ્યા છે કાશી વિશ્વેશ્વર.
ન્હાઈ અંધોળીને પૂજ્યા છે મરુઆ,
તોરે તમને ત્રુઠ્યો છે ગણપતી ગુરુઓ.
ગંગારે જમના વચ્ચે ઘડાવોરે વ્હાણ,
વ્હાણ ઘડાવ્યું ને ખેતર ખેડાવ્યું.

દુધીયા ખેતરમાંહે વાવ્યોરે કપાસ.
રામેરે વાવ્યો ને લક્ષમણે ખેડયો.
સતીરે સીતાજીયે દુધડે સીંચાવ્યો.
પાંની સમ ઘુંટી સમ ઉગ્યોરે કપાસ.
સોનાં કોદાળીએ ખણ્યોરે કપાસ.
સાત વણજારાએ વણજ્યોરે કપાસ.
સાત વેપારીએ હોર્યોરે કપાસ.
વસુદેવે મુલ દઈ આણ્યોરે—કપાસ.
રૂપાંને તે ગાડે ઘાલી લાવ્યારે કપાસ.
રામેરે રુંપ્યો ને લક્ષમણે પીંજ્યો.
સતીરે સીતાજીએ પુણી વણી આપી.
અમદાવાદ પાટણમાં વસેરે કુંઆરી.
કુંઆરીને માટે વ્હેલ મોકલાવી.
વ્હેલેરે બેસીને કુંઆરીરે આવ્યાં.
આવોરે કુંવારી ને બેસો સાંગા માંચી.
કોકડાં તે વણજોરે તાણીરે ઠાંસી.
સુનાંનોરે રેંટીયો ને રૂપાંની તરાક.
હીરનીરે દોરી ને લાત જડાવ.
કાંત કુંઆરી તું ઝીણલાં સૂત્ર.
જનોઇ પ્હેરે રે મારો વસુદેવનો પુત્ર.
કાંત કુંઆરી તું ઝીણલા તંત.
જનોઈ પ્હેરેરે રાણી રુકમણીનો કંથ.
કાંત કુંઆરી તું ઝીણલો દોરો.
જનોઇ પ્હેરેરે મારો શ્રી કૃષ્ણ ગોરો.
કાંતીરે કંતીને મુંકયારે નેવ.
ત્યાંથીરે હરી ગયા તેતરીસ કોડ દેવ.

આપોરે જનોઇ દેવ મા કરોરે ભેદ.
જનોઈ વનારે મુંજ્યો કેમ ભણે વેદ.
આપોરે જનોઇ દેવ મા કરોરે સાંસો.
જનોઈ વનારે મુજ્યાનો ઉઘાડોરે વાંસો.
આપોરે જનોઈ દેવ મા કરોરે અન્યા.
જનોઇ વનારે મુજ્યાને કોણ આપે કન્યા.
આજ મુજ્યાને આવ્યો ચૂડકરણ કેરો કાળ.
હવે તારા લેવાડીએ સુના છરે વાળ.
વાળ લેવડાવ્યા ને કુંઅર નવડાવ્યા.
કુંકાનો તે સાથીયોરે કીધોરે સાર.
કોટમાં ઘાલ્યો મોગરડાનો હાર.
પીળીને આરચ્યા કીધોરે લેલાટ.
કુંકાનો તે ચાંદલોરે કીધોરે કોડે.
મંત્ર ઉપદેશ વેળા પામરીરે ઓડે.
મંત્ર ઉપદેશ આપે મુજ્યાના બાપ.
બ્રહ્મચારી થયો ભોળો ભીનલે વાન.
ડંડ તે સોઇયેરે જમણીરે ખાંધ.
મોસાળામાં સોઇયેરે તાસનારે જામા.
મોસાળું લઇ આવેરે નાના મોટા મામા.
મોસાળામાં સોઇયેરે સાતવાનીની સુખડી.
મોસાળું લઇ આવેરે મામીરે ફુટડી.
સાકર સેરડી ને મોગનારે લાડુ.
આચારીને માથે રેડ્યા ઘીનારે ગાડુ.
કેડેરે કૃષ્ણાજીન મુંજ કેરી દોરી.
ભીક્ષા પીસેરે માતા દેવકીરે ગોરી.
કેડેરે કૃષ્ણાજીન મુંજ કેરી સુતળી.

ભીક્ષા તે પીરસેરે મામીરે પુતળી.
ભીક્ષા તે કડછીએ પીરસેરે માડી.
ભીક્ષાન્નદેહી કરે બાળો બ્રહ્મચારી.
આજ મારે ઘેર હસ્તીરે ડોલે.
ઘોડારે ઘોડારમાં હણુ હણુ બોલે.
બડુઆ વેળારે કુંએર ચડ્યા વરઘોડે.
બડુએ તે વાગેરે નોબત નીસાન.
બડુએ તે ચડીયારે શ્રી ભગવાન.
આજ મ્હૈયારીનાં લેણુંરે લાગે.
કુંએર ગદિયાણો મ્હૈયારીરે માગે.
માંગોરે મ્હૈયારીને ન કરોરે સાંસો.
પટોળું લઇ તમારો ઢાંકોરે વાંસો.
ખોળારે ભરાવ્યા ને મ્હૈયારી સંતોષ્યાં.
કૃષ્ણબાઈ કહેરે મેં તો એટલાંરે ગોખ્યાં.

સંધ્યા.

(૫૦) ગંગાનું તટ રળીયામણુંરે, ત્યાંને ઉભા તેતરીસ
ક્રોડ દેવ–સંધ્યારે રળીયામણીરે૦ ૧

કાશીમાં સંધ્યા વાંધી વીસ્વેસ્વરેરે, ગયામાં ગદાધર
દેવે–સંધ્યારે૦ ૨

કતારમાં સંધ્યા વાંધી કંતારે સ્વરેરે, સુરતમાં મોળેશ્વરે
દેવે–સંધ્યારે૦ ૩

તાપીનું તટ રળીયામણુંરે, ત્યાંને ઉભા તેતરીસ ક્રોડ
દેવ–સંધ્યારે૦ ૪

સુરતમાં સંધ્યા વાંધી–*રે, તેમ તમે વાંધો બ્રહ્મચારી
સંધ્યારે૦ ૫

* બાપનું નામ.

જપોરે ગાયત્રીના મંત્ર, સંધ્યારે૦ ૬.
અશ્વની કુમારમાં સંધ્યા વાંધી-* રે, તેમ તમે વાંધો
બ્રહ્મચારી, સંધ્યારે૦ ૭.
જપોરે ગાયત્રીના મંત્ર, સંધ્યારે૦ ૮.
દેરાસરે સંધ્યા વાંધી-† રે, તેમ તમે વાંધો બ્રહ્મચારી,
સંધ્યારે૦ ૯.
જપોરે ગાયત્રીના મંત્ર, સંધ્યારે૦ ૧૦.
હરતાં ફરતાં સંધ્યા વાંધી-‡ ભાઇયેરે, તેમ તમે વાંધો
બ્રહ્મચારી, સંધ્યારે૦ ૧૧.
જપોરે ગાયત્રીના મંત્ર, સંધ્યારે૦ ૧૨.

(મોસાળું લઇ જતી વખતે મારગમાં ગાવાનાં ગીત.)

(૫૧) પ્હેલો વધાવોરે મેં સુણ્યો, મેં તો સુણિયોરે મારા
બાપ અવાસ, નવરંગ સોહેળો.
બીજો વધાવોરે મેં સુણ્યો, મેં તો સુણીયોરે મારી માડી
અવાસ, નવ૦
અગણો વધાવોરે મેં સુણ્યો, મેં તો સુણીયોરે મારા વીરડ
અવાસ, નવ૦
ચોથો વધાવોરે મેં સુણ્યો, મેં તો સુણીયોરે મારી બ્હેન
અવાસ, નવ૦
સાથીયો પુરાવું મારા ચોકમાં, વાંકસાથિયોરે મારા
ઘરબહાર, નવ૦
ઉંચી મ્હેડુંરે ઉતાવળી, બ્હેની જુએરે માડી જાયાની
વાટ નવ૦

* કાકાનું નામ. † કોઈ ઘરડાનું નામ. ‡ મુંજીઆના
નાના ભાઈનું નામ-જનોઈ દીધેલો છોકરો.

દીઅરે તે માગી વધામણી, ભાભી આવ્યોરે તમારડોરે
વીર, નવ૦
મેં જાણ્યું દીયેર જુઠા બોલા, સાચા બોલીરે મારી
સાસરવેલ, નવ૦
રણમાં તે ભાલારે ઝળકીયા, અહીં ઝળકીરે મોસાળાંની
છાબ, નવ૦
ઝળક્યા તે વીરા માથે મોળીયાં, હવે ઝળક્યારે મારી ભાભીનાં
ઘાટ, નવ૦
સસરાને કાજે વીરા શું લાવ્યા, બેની લાવ્યોરે પામરીયોની
જોડ, નવ૦
સાસુને કાજે વીરા શું લાવ્યા, બેની લાવ્યોરે દખણીનાં
ચીર, નવ૦
જેઠને કાજે વીરા શું લાવ્યા, બેની લાવ્યોરે પાઘડીઓની
જોડ, નવ૦
દીઅરને કાજે વીરા શું લાવ્યા, બેની લાવ્યોરે સેલાની
જોડ, નવ૦
નણંદને કાજે વીરા શું લાવ્યા, બેની લાવ્યોરે ઘરચોળાંની
જોડ, નવ૦
જેઠાણીને કાજે વીરા શું લાવ્યા, બેની લાવ્યોરે સાડીયોની
જોડ, નવ૦
દેરાણીને કાજે વીરા શું લાવ્યા, બેની લાવ્યોરે સાળુડાની
જોડ, નવરંગ સોહેળો.

(૫૨) નાનું નાનું સું મોતી ને નરમળાં નીરરે.
હુંઆ તમને પુછું મારા માડીજાયા વીરરે.
આવડીને વારરે વીરાં કહાંને વળુંધ્યારે.
ડોસીડાને હાટે ઘોડો અટકીને ઉભોરે.

પાઘડી વસાવીરે ભાઈનાં મોસાળાંને કાજરે.
નાનું નાનું શું મોતી ને નરમળાં નીરરે.
હુંઓ તમને પુછું મારા માડીજાયા વીરરે.
આવડીને વારરે વીરા કહાંને વળુંધ્યારે.
ગાંધીડાને હાથરે ઘોડો અટકીને ઉભોરે.
શ્રીફળ વસાવ્યાંરે ભાઈના મોસાળાને કાજરે.
નાનું નાનું શું મોતી ને નરમળાં નીરરે.
હુંઓ તેમને પુછું મારા માડીજાયા વીરરે.
આવડીને વારરે વીરા કહાંને વળુંધ્યારે.
માળીડાને હાટરે ઘોડો અટકીને ઉભોરે.
ચોસેરાં વસાવ્યા ભાઈનાં મોસાળાંને કાજરે.
નાનું નાનું સું મોતી ને નરમળાં નીરરે.
હુંઓ તમને પુછું મારા માડીજાયા વીરરે.
આવડીને વારરે વીરા કહાંને વળુંધ્યારે.
સુખડીયાને હાટે ઘોડો અટકીને ઉભોરે.
સુખડી વસાવીને ભાઈનાં મોસાળાંને કાજરે.

(૫૩) મોહનજીરે મોકલોરે મોસાળું, માડીજાયા મોકલોરે મોસાળું.
બેનડવીરા મોકલોરે મોસાળું, સહોદર મોકલોરે મોસાળું—ટેક.
મોસાળું તે મલપતું આવે, મેઘાડંબરની પેઠે ગાજે—મો૦
મારો વીરોજી આવ્યોરે સેરી, મેં તો ફુલડાં નાંખ્યાં વેરી—મો૦
મારો વીરોજી આવ્યોરે ખડકી, મારી દુઝણી ભેંસો ભડકી—મો૦
મારી માડીના જાયોરે જેઠી, મોસાળામાં લાવ્યો પેટી—મો૦
મારી માડીના જાયોરે ભાઇ, મારે અવસરે આવ્યો ધાઇ—મો૦

(રન્યાદેવની આરતી).

(૫૪) નાળીએર દીજેરે વીપ્રને, છોરુ અડાંને કાજ રંનાદેવ.
જોસણે જોસીરે વારીયો, એ ઘેર જોસના જોસો રંનાદેવ.
એ ઘેર વાંજીઅડાં વસે, કણુવટ અપવિત્ર હોય રંનાદેવ.
ચલ્લીએ ચલ્લોરે વારીઓ, એ ઘેર માળો ના ઘાલો રંનાદેવ.
એ ઘેર વાંજીઅડાં વસે, ચલ્લાં ચણાર ના પામે રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી સસરા અવાસ રંનાદેવ.
સસરાએ દીધાંરે મેણલાં, અમકુળ વહુવર વાંઝ રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી સાસુની પાસ રંનાદેવ.
સાસુએ દીધાંરે મેણલાં, રસોઈ અપવિત્ર હોય રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી જેઠ અવાસ રંનાદેવ.
જેઠ તે દીધાંરે મેણલાં, દેરાસર અપવિત્ર હોય રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી જેઠાણીની પાસ રંનાદેવ.
જેઠાણીએ દીધાંરે મેણલાં, વઢતાં તે વાંઝ કહેવાશો રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી દીએર અવાસ રંનાદેવ.
દીએરે તે દીધાંરે મેણલાં, ભાભી ભુસેટના કોડ રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી દેરાણીની પાસ રંનાદેવ.
દેરાણીએ દીધાંરે મેણલાં, કાકી થયાનાં છે કોડ રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી નણંદ અવાસ રંનાદેવ.
નણંદે તે દીધાંરે મેણલાં, ભાભી રાખડલીનાં કોડ રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી સ્વામીની પાસ રંનાદેવ.
સ્વામીએ દીધાંરે મેણલાં, ધીંગી તે બાર ના માય રંનાદેવ.
સવા ગજ જોઈયેરે કાપડું, બાર ગજ ચણીયાનો લાક રંનાદેવ.
પાંગતે મુકોરે પાણુકા, સ્હોડમાં રમસે બાંડા સાપ રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી બાપ અવાસ રંનાદેવ.
બાપે ના કહી મારી બેટડી, માડીએ ના કહ્યાં મારાં પેટ રંનાદેવ.

વીરાએ ના કહી મારી બેનડી, ભાભીએ ના દીધાં માન રંનાદેવ.
બેન ના બેઠાંરે ગોઠડી, સૈયરે ના પૂછી બે વાત રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી આંબલીઆને છાંએ રં૦
ફળ્યો ફુલ્યો આંબલીયો સુકાઈ ગયો, કોયલ દેછે સરાપ રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી સરોવરની પાળે રંનાદેવ.
ભર્યાંરે સરોવર સુકાઈ ગયાં, બગલડાં દેછે સરાપ રંનાદેવ.
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી મુળરાજાની પાસ રં૦
મુળરાજાએ આપ્યોરે મુળીયો, રાંદલે આપ્યા રુડા પુત્ર રં૦
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી સરોવરની પાળે રંનાદેવ.
સુકાંરે સરોવર લ્હેરે જાએ, બગલાં દેછે આસીસ રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી આંબલીઆની પાસ રં૦
સુકોરે આંબલીયો લીલો થયો કોયલ દેછે આશીસ રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી બાપ અવાસ રંનાદેવ.
બાપે તે કહી મારી બેટડી, માડીએ કહ્યાં મારાં પેટ રંનાદેવ.
વીરાએ કહી મારી બેનડી, ભાભીએ દીધાં માન રંનાદેવ.
બેન તે બેઠાંરે ગોઠડી, સૈયેર પૂછી બે વાત રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી સ્વામીની પાસ રંનાદેવ.
લો લોરે સ્વામીજી બેટડો, હવે થઈ પાતલી સોટ રંનાદેવ.
પાંગતે મુકોરે દીવડા, સ્હોડમાં રમસે નાના બાળ રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી નણંદ અવાસ રંનાદેવ.
લો લોરે નણંદ ભત્રીજાને, પોતાં રાખડલીનાં કોડ રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી દેરાણીની પાસ રંનાદેવ.
લો લોરે દેરાણી ભત્રીજાને, પોંચ્યાં કાકી થયાનાં કોડ રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી દીયેરની પાસ રંનાદેવ.
લો લોરે દીયેર ભત્રીજાને, પોંચ્યા બુસેટનાં કોડ રંનાદેવ.
હસતી ને રમમતીરે નીસરી, જઈ ઉભી જેઠાણીની પાસ રં૦

લો લોરે જેઠાણી ભત્રીજાને, વઢતાં તે વાંઝ ના કહેસો રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી જેઠની પાસ રંનાદેવ.
લો લોરે જેઠ ભત્રીજાને, દેરાસર પવિત્ર હોય રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી સાસુની પાસ રંનાદેવ.
લો લોરે સાસુજી બેટડો, રસોઈ પવિત્ર હોય રંનાદેવ.
હસતી ને રમતીરે નીસરી, જઈ ઉભી સસરાની પાસ રંનાદેવ.
લો લોરે સસરાજી બેટડો, તમ કુળ વાધ્યો છે વંસ રંનાદેવ.
ચલ્લીએ ચલ્લોરે મોકલ્યો, એ ઘેર માળો તે ઘાલો રંનાદેવ.
એ ઘેર છોરુઅડાં વસે, ચલ્લાં ચણાર તે પામે રંનાદેવ.
જોસણે જોસીરે મોકલ્યો, એ ઘેર જોસ તે જોજો રંનાદેવ.
એ ઘેર છોરુઅડાં વસે, કણુવટ પવિત્ર હોય રંનાદેવ.

(રંનાદેવનાં ગીત).

(૫૫) આંબુડા જાંબુડા હેઠ રંનાદેવ, વાંઝ પોકારે પ્રભુ એકલીરે.
આઘેરી જાઉં તો રાન રંનાદેવ, પાછી ફરું તો પ્રભુ એકલીરે.
સસરાને બારણે ઢોલ ના ધડુક્યા, બાપે વધામણી ના મોકલીરે.
પીળડાં પેરી પાટે ના બેઠાં, લીલડાં પેરી ના જળ ભર્યાંરે.
સાસુ સોવાસણે ખોળા ના ભરિયા, માડી સોવાસણે ના વીસામ્યારે.
બોચલો બાંધી સુવાવડ ના સુતી, અજમો ના ખાધો તીખો તમતમોરે.
સુંઠ પીપેર લઈ મારી સાસુ ના આવ્યાં, માડીએ તે સુવાવડ ના કેળવીરે.
સાંગામાચીએ બેસી પુત્રના ધવડાવ્યા, થાને ના ભીંજી
જાદર કાંચળીરે.
લાંબી પરસાળે પારણાં ના બાંધ્યાં, હાલ કરી ના હીંચોળીયારે.
પાણીડાં જાતાં છેડા ના સાહ્યા, વછ કરી ના વછોડીયારે.
નીસાળે જાતાં રાડા ના લીધા, ગજુએ ના ઘાલી સુંદર સુખડીરે.
આંબુડા જાંબુડા હેઠ રંનાદેવ, વસ્તી પોકારે પ્રભુ બે જણારે.

આઘેરી જાઉં તો વસ્તી રંનાદેવ, પાછી ફરૂં તો પ્રભુ બે જણારે.
સસરાને આંગણે ઢોલ ધડુકયા, બાપે વધામણી મોકલીરે.
પીળડાં પેરી પાટેરે બેઠી, લીલડાં પેરીને જળ ભર્યારે.
સાસુ સોવાસણે ખોળારે ભરીયા, માડી સોવાસણે વીસાર્યારે.
ઓચલો બાંધી સુવાવડ સુતી, અજમો તે ખાધો તીખો તમતમો.
સુંઠ પીપેર લઇને સાસુરે આવ્યાં, માડીએ સુવાવડ કેળવીરે.
સાંગામાચીયે બેસી પુત્ર ધવડાવ્યા, થાને તે ભીંજી જાદર કાંચળીરે.
લાંબી પરસાળે પારણાં બાંધ્યાં, હાલ કરીને હીંચોળીયારે.
પાણીડાં જાતાં છેડલારે સાહ્યા, વઢ કરીને વછોડીયારે.
નીશાળે જાતાં રાડારે લીધા, ગજુએ તે ઘાલી સુંદર સુખડીરે.

(૫૬) વાડીમાં રેલછેલ મોગરો. ટેક.
હુંને આપોરે માતારે કોદાળી.
હું તો મોગરો રોપવા જાઉંરે રંનાદેવ, વાડી૰
હુંને આપોરે માતારે ધડુલો,
હું તો મોગરો સીંચવા જાઉંરે રંનાદેવ, વાડી૰
હુંને આપોરે માતારે ટોપલી,
હું તો મોગરો વેડવા જાઉંરે રંનાદેવ, વાડી૰

(૫૭) રાજા જનરખની બેટી, કસ્યપકુળ વહુરે, સુરાં ધરની,
સાંજ પડે સુખ લહિયે.
સાંજ પડે સુખ લહિએ રાંદેલમાં, બેટો આપો ઘેર જઇયે.
બેટો આપો ઘેર જઇયેરાંદેલ મા, તરણું આપો તો તરીએ.
ઉંચાને મંદીર માળીયાં અવાસે પાર ના લહિએ.
પેટતણા ભોગવતારી નહીં મા, એ દુખ કહોને કહીએ.
એ દુખ કહોને કહિએ રાંદેલમા, બેટો આપો ઘેર જઇએ રા૰

ચરુ કહડાઇયાં ઘેર ઘણાં, તાંબાકુંડીએ પાર ના લહિએ.
પેટતણા ભોગવતારી નહીં મા, એ દુખ કહોને કહીએ—એ
દુખ૦ બેટો૦ રાજા૦
ચીર પટોળાં ઘેર ઘણાં, પામરીએ પાર નાં લહિએ.
પેટતણા ભોગવતારી નહિ મા, એ દુખ કહોને કહીએ—એ
દુખ૦ બેટો૦ રાજા૦
કલ્લાં ને સાકળાં ઘેર ઘણાં, કંઠીએ પાર ના લહિયે,
પેટતણા ભોગવતારી નહીં મા, એ દુખ કહોને કહીએ—એ
દુખ૦ બેટો૦ રાજા૦
હીરા ને મોતી ઘેર ઘણાં, પરવાળે પાર ના લહિયે.
પેટતણા ભોગવતારી નહીં મા, એ દુખ કહોને કહીએ—એ
દુખ૦ બેટો૦ રાજા૦
હાથી ને ઘોડા ઘેર ઘણા, પાલખીએ પાર ના લહિએ.
પેટતણા ભોગવતારી નહીં મા, એ દુખ કહોને કહીએ.
એ દુખ૦ બેટો૦ રાજા૦
ઉંચાંને મંદીર માળીયાં, અવાસે પારજ લહિએ,
પેટતણા ભોગવતારી આપ્યા, મા, એ સુખ સૌને કહીયે,
એ સુખ સહુને કહીએ રાંદલમા, બેટો આપ્યો ઘેર જઇયે.
રાજા જનરખની બેટી કસ્યપકુળ વહુરે, સુરા ધરની સાં૦
ચરુ કહડાઇયાં ઘેર ઘણાં, તાંબા કુડીએ પારજ લહિએ.
પેટતણા ભોગવતારી આપ્યા મા, એ સુખ સહુને કહીએ—
દુખ૦ બેટો૦ રાજા૦
એ સુખ બેટો૦ રાજા૦
ચીર પટોળાં ઘેર ઘણાં, પામરીએ પારજ લહિએ.
પેટતણા ભોગવતારી આપ્યા મા, એ સુખ સહુને કહીયે—
એ સુખ૦ બેટો૦ રાજા૦

કલ્લાં ને સાંકળાં ઘેર ઘણાં, કડીએ પારજ લહિએ.
પેટતણા ભોગવતારી આપ્યા મા, એ સુખ સહુને કહીએ-
એ સુખ૦ બેટા૦ રાજા૦
હીરાને મોતી ઘેર ઘણાં, પરવાળે પારજ લહિયે.
પેટતણા ભોગવતારી આપ્યા મા, એ સુખ સહુને કહીએ-
એ સુખ૦ બેટા૦ રાજા૦
હાથી ને ઘોડા ઘેર ઘણાં, પાલખીએ પારજ લહિએ.
પેટતણા ભોગવતારી આપ્યા મા, એ સુખ સહુને કહીએ-
એ સુખ૦ બેટા૦ રા-૦

---

(૫૮) સુકેડે રચ્યારે કમાડ, સીખંડે ઢાળ્યા ઓરડા રે. ૧
આદિતને જમવાને વાર, રાણી રાંદેલ રાંધે રાધણાં રે. ૨
બાસેટ દિધારે વઘાર, ચોસેટ રાંધ્યાં રાંધણાં રે. ૩
ઉઠો સ્વામીરે ભોજન કરો, હુંરે ઉતાવળી રે. ૪
આદિતને ચ્હડીએલી રીસ, રંદેલ માર્યાં સોટીએ રે. ૫
લીધારે આંગલાં લીધાં ટોપી, રામૈયા લીધાં કેડમાં રે. ૬
દીયેર મનાવાને જાય, ભાભીરે કેસાં રુસણાં રે. ૭
તમવીના સુનારે અવાસ, રામૈયા સુનાં પારણાં રે. ૮
અણતોળ્યાં સુનારે વ્હેંચાય, ભાભીરે ઘર આપણે રે. ૯
અણમુલ્યારે હીરારે વ્હેંચાય, ભાભીરે ઘર આપણે રે. ૧૦
અણવીધ્યાં મોતીરે વ્હેંચાય, ભાભીરે ઘર આપણે રે. ૧૧

---

(૫૯) પાને ફુલે ભરાવી છે છાબ તો, અગર ચંદન ભરચા ઓરડારે. ૧
જગાડોરે વહુ—*વહુના કંથ, રાણી રાંદલને કરે આરતીરે. ૨
આરતી અવસરે હોયરે રંનાદેવ, પેલડા પહોરનીરે. ૩
પાને ફુલે ભરાવી છે છાબ તો, અગર ચંદન ભરચા ઓરડારે. ૪

---

* મુછઆની માનું નામ.

જગાડોરે વહુ—વહુના કંથ, રાણી રાંદેલને કરે આરતીરે. ૫
આરતી અવસરે હોયરે રંનાદેવ, બીજલા પહોરનીરે. ૬
પાનેફુલે ભરાવીછે છાબતો, અગર ચંદન ભરચા ઓરડારે. ૭
જગાડોરે વહુ—વહુના કંથ, રાણી રાંદેલને કરે આરતીરે. ૮
આરતી અવસરે હોયરે રંનાદેવ, તીજલા પહોરનીરે. ૯
પાનેફુલે ભરાવીછે છાબતો, અગર ચંદન ભરચા ઓરડારે. ૧૦
જગાડોરે વહુ—વહુના કંથ, રાણી રાંદેલને કરે આરતીરે. ૧૧
આરતી અવસરે હોયરે રંનાદેવ, ચોથલા પહોરનીરે. ૧૨

(૬૦) ડુંગર ઉપર ઊગીયા વાંસ, એરે વાંસનો વીંજણુલોરે ઘડીયો.
માણેક મોતી ને હીરરેલે જડીઆ, એરે વીંજણુલો આદિતપર ઢળીયો.
હરખ્યારે આદિત પુછેરે વાત, કહો રાણી રાંદેલ કયાં હોંઆ ઘાટ.
—*ભાઇને ઘેર જગીયારે જાગ, વહુરે—†વહુએ ઓરાવ્યા ઘાટ.
ઘાટ હોરાડીને લાગારે પાય, ભલેરે પધારચાં રાણી રાંદેલ માય.
ત્રુઠયારે રાંદેલ દેરે આસીસ, જીવો—ભાઇ ક્રોડ ભવીસ.
ક્રોડ તે ઉપર હોયરે પંચાસ, આસા પુરી એના કુટંબ પરિવાર.

(૬૧) મારેરે આંગણે કુઇરે ખણાવો, ઘુંટણ સમાણાં પાણીરે રંનાદેવ.
ઘાટડીયાળાં નાવારે બેઠાં, આદિતની ઘર નારરે રંનાદેવ.
સોઇ રંગ તોઈ રંગ લાલ કસુંબો, મથુરામાં મોંઘો વેચાયરે રંનાદેવ.
કેળાં કાતળીયાં ને આંબા પાતળીયા, ખડબુચાં છોલાયરે રંનાદેવ.
મારેરે આંગણે કુઇરે ખણાવો, ઘુંટણ સમાણાં પાણીરે રંનાદેવ.
ઘાટડીયાળાં નાવારે બેઠાં,—ભાઇની ઘરનારરે રંનાદેવ.
સોઇ રંગ તોઈ રંગ લાલ કસુંબો, મથુરામાં મોંઘો વેચાયરે રંનાદેવ.
કેળાં કાતળીયાં ને આંબા પાતળીયા, ખડબુચાં છોલાયરે રંનાદેવ.

---

* બાપનું નામ † માનું નામ.

(૬૨) પેલોરે પોઠી, કંકુએ ભરિયો,
જઇ રાણી રાંદેલ આગળ ધરિયો;
માવડીયો ભાંગોની મેણુલારે.
હું વણજારી, દાસ તમારી,
નવ લાખ પોઠી એકલડી હંકારું, માવડી૦
બીજોરે પોઠી, શ્રીફળે ભરીયો,
જઇ રાણી રાંદેલ આગળ ધરીયો, માવડી૦ હુંવ૦ દા૦ ન૦ મા૦
ત્રીજોરે પોઠી, ખારેક ભરીયો,
જઇ રાંણી રાંદેલ આગળ ધરીયો, માવડી૦ હુંવ૦ દા૦ ન૦ મા૦
ચોથોરે પોઠી, શેફળે ભરીયો,
જઇ રાણી રાંદેલ આગળ ધરીયો. માવડી૦ હુંવ૦ દા૦ ન૦ મા૦
વેચી ન જાણું, સાટી ન જાણું,
નવ લાખ પોઠી એકલડી હંકારું, માવડી૦

---

(૬૩) મારી આંગળી ધાસી, રાંદેલ પુજા કરંતેલાંરે. ૧
અંબોડારે લચીયા, રાંદેલ પાય પડંતેલાંરે. ૨
હું તો જાઉંરે કાસી, તાંરે જઇને તપ કરુંરે. ૩
માગું ધણીયના રાજ, અખંડ હેવાતન ધાટડીરે. ૪
મારી આંગળી ધાસી, રાંદેલ પુજા કરંતેલારે. ૫
અંબોડારે લચીયા, રાંદેલ પાય પડંતેલારે. ૬
હું તો જાઉંરે રેવાજી, તારે જઇને તપ કરુંરે. ૭
માગું સસરાનાં રાજ, સાસુના ઘાટ સોહામણાંરે. ૮

---

(૬૪) માટલીએ મગદાળ, પસ ભરી ચોખા ઓરીયારે. ૧
આદિતને જમવાને વાર, રાણી રાંદેલ ચાલ્યાં રુસણેરે. ૨
રુસણે ના જઇયે ઘરની નાર, પ્રીયુરે પ્રીછવીએ પોતાતણારે. ૩
રાંધીએ સાળ ને દાળ, છોરુ જમાડીએ આપણાંરે. ૪

(રંનાદેવ વળાવતાં ગાવાનું ગીત.)

(૬૫) સમીરે સંજાએ નીસરયાં દેવ ક્યાં જઈ વસસો. ૧
વસીસું તે આંબા આંબલી, વસીસું સરોવરની પાળે. ૨
વસીસું તે-*ભાઇને ઓરડે, જે ઘેર મીઠાબોલી નાર. ૩
મીઠડાં બોલે મન હીસે, લળી લળી લાગે છે પાએ. ૪
પાએ લાગીને શું માગીયાં, માગ્યાં ધણીયનાં રાજ. ૫
અખંડ હેવાતન ઘાટડી, માગ્યાં પુત્ર પરિવાર. ૬

(૬૬) રાદેલમાનો સ્હરોરે સોરંભ તો રાંદેલ પુજા કોણે કરીરે. ૧
—† ભાઇનેરે ઘેર—વહુ તો, રાંદેલ પુજા તેણે કરીરે. ૨

(૬૭) રાંદેલ રહો રહોરે, તમને—ભાઇ મનાવે. ૧
રાંદેલ રહો રહોરે,—વહુ પાયે લાગે. ૨
રાંદેલ રહો રહોરે, તમને ચીરના ચંદરવા. ૩
રાંદેલ રહો રહોરે, તમને જાદરના જલેચા. ૪
રાંદેલ રહો રહોરે, તમને પાછાઇનાં પાથરણાં. ૫
રાંદેલ રહો રહોરે, તમને મોતીનાં અખ્યાણાં. ૬

(૬૮) એમ ના જાણસો દેવ, પુજીને પાછાં વળ્યાંરે. ૧
પુજી તેવી પુરો મનની આસ, હરખે દેયે વધામણારે. ૨
—ભાઇની પહોતી છે આસ–વહુના પહોતા મનોરડારે. ૩

* મુજઆના બાપનું નામ. † બાપનું નામ.

ભાગ ૨ જો-લગનનાં ગીત.

સાંજીનાં ગીત-(સદા પારવતી.)

કડવું ૧ લું.

(૬૯) સદા ને પારવતીરે, તપને આરાધુરે, પ્રીત બાંધીરે ઉમયા મહેશ્વરસુરે.
જનમ્યારે જનમ્યારે, હરવર રૂડારે, સહાયને કરોરે, સદા સહુતણીરે.
બ્રહ્માના બેટારે, નારદ ઋષિ કહિએરે, જાયરે પારવતીને જોવાનેરે.
હીમાચળ પરવત, વેગલે પોહોતારે, જઇને રહ્યા રે મંદિર હેમનેરે.
આનંદ આચમન, નામીયાં નીરરે, દુધડે ચરણ પખાળીયારે.
કહોરે નારદ ઋષિ કુશળની વાતરે, કીયેને કારણે રે તમે અવિયારે.
હીમાચળને ઘેરરે, કુંઆરી સણીયે, કન્યા કારણેરે હમે આવિયારે.
ફાળટયાંરે ફોફળ, પીળ્યાં જનોઇરે, ધરસું કન્યાએરે હરવર વરયોરે.
કુંકુંના છડારે, મોતીના ચોકરે, સેવના પાટ મંડાવીયેરે.
ઇચ્છાપોર નગરીથી, ઇશ્વર આવેરે, જાન લાવેરે જદુનાથનીરે.
તેતરીસકોડ દેવરે, જાદવ આવેરે, ગોવિંદ ગરુડ પલાણીયારે.
પાંચોરે પાંડવ, અર્જુન આવેરે, ઇંદ્રનાં વાહન ઉતાવળારે.
બ્રહ્મરે લોકથી, બ્રહ્માઓ આવેરે, ફોજ લાવેરે હનુમાનનીરે.
કાળારે ડેરેલા, સુનલા બગલા, ધવળરે ઘોરી ભલા ગોધલારે.
હંસલા હીરલા, માણેક માંજરા, પાણી પંથારે ગંગાજળારે.

કડવું ૨ જું.

વીપ્ર માગે વધામણીરે, વર આવીયારે. ૧
જાનની સામા જાઓ, શંભુ પધારીયારે. ૨
જાન રહી વડ હેઠ, શંકર આવીયારે. ૩
આપો ઉતારા ઠામ, શંભુ પધારીયારે. ૪

ખીડલે બાસેટ પાન, શંકર આવીયારે. ૫
પાલખીનો નહીં પાર, શંભુ પધારીયારે. ૬
વેહેલ તે સંખ્યા અપાર, શંકર આવીયારે. ૭
ગોધલે ઘુઘરમાળ, શંભુ પધારીયારે. ૮
સાંઢણીયે શ્રીમાળ, શંકર આવીયારે. ૯
હાથીડા સાત સ્હેસ્ત્ર, શંભુ પધારીયારે. ૧૦
ઘોડલા સ્હેસ્ત્ર અડાર, શંકર આવીયારે. ૧૧
કુચી સહિત ભંડાર, શંભુ પધારીયારે. ૧૨
હંસા ગામની નાર, શંકર આવીયારે. ૧૩
પાણી ગંગાજળ નીર, શંભુ પધારીયારે. ૧૪

કડવું ૩ જું.

ગંગારે જમનારે, સરસ્વતી રેવારે, નીરમળ નીર અણાવીયારે. ૧
દૂધ દહીં ઘીયરે, મધ ખાંડપંચામૃત, નમણું જાએરે ઉમયા મહેશ્વરનુંરે. ૨
મેડીએ બેઠારે, મેનકા પુછેરે, કીયોને વરરે મારી ગોરનોરે. ૩
હસીને બોલ્યારે, બ્રહ્મા ત્રણનેત્રરે, શંકર સ્વામીરે ગોધલે ચઢ્યારે. ૪
રુંઢમાળ કોટેરે, ખુંપ માથેરે જટા, સીંગીનો નાદ સોહામણોરે. ૫
તુંબા ઘંટ કેડેરે, સોહ્યે ભસ્મ અંગેરે, ધારી જોયોરે વર ગોરનોરે. ૬
એટલેને મેનકા ધરણસું ઢળીયારે, અંગેને અચેતરે મેના ત્યાં હવારે. ૭
મારીરે ગોરને, જળમાં બોળુંરે, કળમાં ચાંપુરે, લાવોની કટારી મારી કેડે ધરુંરે. ૮
એટલેને પારવતીરે, સૈયર પાઠવીયારે, જઇને કહોરે રુદ્રરૂપ ધરોરે. ૯
પારવતીનાં વચન તે, શિવે સાંભળીયારે, તેજે ત્રિભોવન મોહી રહ્યારે. ૧૦

સોળ શણગારે મેના, મલપતાં આવેરે, મસ્તકે મોડ
મોતીએ ભર્યોરે. ૧૧
પાંખ્યારે હરખીરે, હરવર રુડારે, નાક સાહી વર નરખીયારે. ૧૨
ગળે ઘાલ્યા ધાટરે, બેસણ માંડ્યા પાટરે, આણી બેસાડ્યા
વર માહેરેરે. ૧૩
આડે ધરીયા અંત્રાપટ, રેવા સુત્રમાળરે, રતન દીવેરે અજવાળીયોરે. ૧૪
પેહેલું ને મંગળ, હરવર વરતેરે, પસને ભરાવેરે વીરો મન હસેરે. ૧૫
બીજું ને મંગળ ઉમીયાજી વરતેરે, પસને ભરાવેરે વીરો મન હસેરે. ૧૬
ત્રગણુંને મંગળ, લક્ષ્મીજી વરતેરે, પસને ભરાવેરે વીરો મન હસેરે. ૧૭
ચોથુંને મંગળ, જોડી રહ્યાં હાથરે, વર પામ્યારે કાશી વિશ્વનાથરે. ૧૮
ધન ધન એ સખી, હરવર રુડારે, નયણાં રુડાંરે મારી ગોરનારે. ૧૯
ધન ધન એ સખી, લક્ષ્મી વર રુડારે, અર્ધાંગે રુડાંરે મારાં જાનકીરે. ૨૦
ધન ધન એ સખી,આજનો દીનરે, પારવતીનો મોડ મોતીએ ભર્યોરે. ૨૧

કડવું ૪ થુ.

નાનાવિધ નીપજે પકવાન, ઉતારો હરીની જાન.
જ્યાં હોયરે અતી ઘણાં બહુ, હરને જોવા મળ્યા જન સહુ.
સુનીડાના ઘાટ ને ડોસીડાના પાટ, વાણીડાના વંક ને ડોસીડાના ડક.
માળીડાના વરગને ફુલડે રચીયાં સ્વરગ, તંબોળીનાં પાનને વન
વન વેહ્યાં ગામ.
રાજા આવ્યા વેશ ને આપ્યા ચારે દેશ, રાજા ભણે રામને
આપ્યાં ચારે ગામ.
રાજા મન અંતને આપ્યા નવખંડ, ઈંદ્રાણીશું ઈંદ્રને રોહીણીશું ચંદ્ર.
કૃષ્ણજીશું કમળા ને ઓખા અનીરુધ જમણાં, પારવતીશું ઈશ ને
લક્ષ્મીને જુગદીશ.

કડવું ૫ મું.

ટાટલીએ કુંકાં ધોળાય જોરે સોહે રંગ.
માંડવે હાથા દેવાય જોરે સોહે રંગ.
મંડપ રુડોરે રાજા હેમનો જોરે સોહે રંગ.
સભા રુડી શંકર દેવની જોરે સોહે રંગ.
પારવતી પીયળ તે કરે જોરે સોહે રંગ.
ઇશ્વિર ચોખલા હોડે જોરે સોહે રંગ.
બાપજી કરોની પ્હેરામણી જોરે સોહે રંગ.
સંપજ સારી હોય જોરે સોહે રંગ.
શ્રીકૃષ્ણને પીતાંબર પેહેરાવીએ જોરે સોહે રંગ.
લક્ષ્મીજીને સોળે શણગાર જોરે સોહે રંગ.
બ્રહ્માને ભગવાં પેહેરાવીએ જોરે સોહે રંગ.
બ્રહ્માણીને ભગવાં સાર જોરે સોહે રંગ.
જાદવકુળને સણીયાં પેહેરાવીએ જોરે સોહે રંગ.
જાદવકુળને સણીયાં સાર જોરે સોહે રંગ.
અરજુન બાણ કટાર જોરે સોહે રંગ.
મૃગચર્મ ધજા ઇશ્વરને જોરે સોહે રંગ.
પારવતીને સોળે શણગાર જોરે સોહે રંગ.
પારવતીને આછે કૌંસ પ્રાંત જોરે સોહે રંગ.
વંસવધારણ હોય જોરે સોહે રંગ.
પારવતીને આપો દીવડો જોરે સોહે રંગ.
કુળ અજવાળાં હોય જોરે સોહે રંગ.
પારવતી તે ચાલ્યાં સાસરે જોરે સોહે રંગ.
બાપ તે દો આશીસ જોરે સોહે રંગ.
અક્ષય અજરામર બાપજી જોરે સોહે રંગ.
માડીના અવીચળ ઘાટ જોરે સોહે રંગ.

ઘણું જીવો મોરા વીર જોરે સોહે રંગ.
ભાભીના અવીચળ ઘાટ જોરે સોહે રંગ.

(શંકર વર.)

(૭૦) આજ મારે ઘેર સોહેળોરે, શંકર આવ્યા બાર,
ઉમયાએ તપ માંડીયો, વરું શિવશંકર ભરથાર,
શંકર વર સજ કરો.
ઉમયા ઉભાં તપ કરેરે, જોવા આવ્યા ઇશ,
મહા વનમાં તપ માંડીયાં, તેને વહી ગયા જુગરે પચીસ. શં૦
મેં તમને વર આપીયોરે, ઉમયા જાઓની ઘેર,
મેનાને મંદીર વસો, મારે કરવી છે કંઇએક પેર. શં૦
ઉમયા ઉડીને આવીયારે, માને લાગાં પાય,
મેના મા મેં વર વરચો, જેને ચૌદ ભુવન મુખમાંહ્ય. શં૦
મેના મુખથી બોલીયારે, સાંભળ ગવરી વાત,
ભીખારીને શું વરાં, એની કોઈ નથી જાણતું જાત. શં૦
ઘરડો જોઇ લાજ્યાં નહીરે, બોલ્યાં મુખથી વાણ,
બીજા વર હું નહીં વરું, શિવશંકર પાખે જાણ. શં૦
વૃદ્ધ વૃષભે ચડી આવીયોરે, જોગી સરખું રૂપ,
એ વરને તું શું વરાં, બીજા છેરે ભુતળમાં ભુપ. શં૦
વાઘાંબર શિવ હોડણેરે, મસ્તકે બ્રહ્મ કપાળ,
નાગ હાર હારાવળી શિવ, કંઠે સોહ્યે રૂંઢમાળ. શં૦
જટાજુટ ભસ્મે ભરયોરે, અંગે વીટ્યા નાગ,
મેના મનમાં લાજીયાં, એને નથીરે દીધાનો લાગ. શં૦
મેના મુરછાંગત હવાંરે, પડીયાં ધરણી હેઠ,
ઉમયાએ મંન વિમાસીયું, મારે કરવી તે કંઈ એક પેર. શં૦
ઉમયા કહે સુણો નાથજીરે, મેના થઈ છે મૂઢ,
તુજને કો જાણે નહીં, તારું આદ અંતર તે ગુઢ. શં૦

ઉમયા કહે સુણો નાથજીરે, કરોની રૂપ પ્રકાશ;
પુરમાં જોવા સહુ મળ્યાં, તારી થાયરે જગતમાં હાંસ. શં૦
વચને રૂપ પ્રકાસીયુંરે, સુરજ કોટી પ્રકાશ;
સોળકળા શશી જગમગે, ગંગ મસ્તકે લીધો વાસ. શં૦
શંકર નામે સાંભળ્યો રે, વસે તે વાસ કૈલાસ;
કાને કુંડલ ઝળહળે, ઉર કૌસ્તુભ મણિનો હાર. શં૦
મેં તુંને જાણ્યો સદારે, ઓળખીયો એણીવાર;
વચને વિશ્વંભર થયા, જોઈ હસવાને લાગી નાર. શં૦
શંકર સજ થઈ આવીયારે, ઊભા તોરણબાર;
મેના મનમાં હરખીયાં, હવે છે રે દીધાનો લાગ. શં૦
પાંખી લીધા પદમનીરે, પીડી નાંખી ચાર;
નાક સાહી વર નરખીયારે, જીરે બેસણ સુનાનાં પાટ. શં૦
કન્યાએ કાંકણ પેહેરીયાંરે, પડી પાનેતરે ગાંઠ;
અંતર પટ આડે ધરયા જીરે, હોઇરે તંબોળે છાંટ. શં૦
ઉમયા શંકર પરણીયાંરે, પોતાં મનનાં કોડ;
કૃષ્ણાબાઇ ચરણે નમે, મળી સરખેને સરખી જોડ. શં૦

(જંગ.)

(૭૧) જીરે સરરે સત ને ગણુરે પત, હમને ત્રુઠાં અતિરે રંગ,
જંગને ગાઇયેરે ઉમયા ઇશ્વરનેરે. ૧
જીરે સૈયર મોહે પારવતીએ પૂછ્યાં જીરે,
હરીવર કઇરે પેરે પામીયારે. ૨

ઉથલો.

પામવા પરપંચ માડયા, અનેક છાંડયાં અંનરે;
ભોવન ત્રણે ભોગવે ને જોગવે સાવેત્રરે. ૧

ગીત ગાઇયે ને ધ્યાન ધરીએ, આરતી ઓવારણે,
ભરતાર ભોળો વરત પાળો, પુજો તુળસી પાંદડે.
અનેક પેર વિમાસતાં, લાધા તે ચતુર સજંનરે,
સરસત ગણપત એમ ભણે, જે હમને ત્રુઠા જંગરે.

રાગ પ્રથમનો.

જીરે હીમાચળને ઘેર, કુંવારી સણીએ,
હરવરે હનરેમંતને મોકલ્યા રે.
જીરે આસન બેસણે આદર અતિરે બહુ,
સાજન સહુરે સાવેત્ર કીધારે.

ઉથલો.

સાવેત્ર કીજે ને આસ લીજે કરતી તે વીર વિચારરે,
તમે એ આવતા જાણીને તેડતી વિપ્ર બે ચારરે.
લગન માડી ભ્રાંત છાડી, આજ કરૂ અવસ્યમેવરે,
સૌભાગવંતી સુંદરી શામળા શ્રી મહાદેવરે.
અંજળી તે અક્ષર જે લખે એ વરપાસે વિદ્યા ઘણી,
નરનારી સોધી વળ્યાં તો હિમાચળ ઘેર કુંઅરી.

રાગ પ્રથમનો.

જીરે આણંદ્યા ઇશ્વિર પ્રાથવ્યા પ્રઘરે મંન,
ભાવન સાહીને રે તેડાં મોકલો રે.
જીરે ગોર ને ગોરાણી શ્રીયરે કૃષ્ણ ને રુખરેમણી,
ઇંદ્ર ઇંદ્રાણી રે તેડીને આવજો રે.

ઉથલો.

ઇંદ્ર આવ્યા ને મંન ભાવ્યા સૂરી નરનો સાથ રે,
પાતાળપતી પલંગ પોઢયા, જાનઇયા જદુનાથરે.

મેગળ મહાલે તોરણ હાલે, રથ જોતરયા સેં સાતરે,
તેતરીસ ક્રોડ દેવ છત્ર ધારે, પાળા સંખ્યાપારરે.
સાતસેં તે સબદાં વાગીયાં, કમકમ્યા ઢોલ નિશાનરે,
જાદવી સૈયર એમ ભણે જે, સખિયો લૂણ ઉતારરે.

રાગ પ્રથમનો.

હોદ્દરિ હર ભ્રાંત જીરે, નફેરીના નાદ જીરે,પાદરે પહોંતારે
હીમાચળતણેરે.
નવરંગી નીશાણ વાજીત્ર વાગે જીરે, શિવને જોવારે સહુકો
સાંચરયાંરે.

ઉથલો.

સાંચરયા તે સુરા ને વક્ષ પૂરા, ભામનીના ભૂપરે,
અસવાર ઓથે કંઈ ન સૂજે, દીઠું રુદ્ર રૂપરે.
વર ખાંધ સારી જટા ધારી, ભસ્મ ભરીયું અંગરે.
એને સ્હેસ્ત્ર ફેણા ફુંફવે, ગળે તે દે વીરંભરે.
સાતસેં તે સબદાં વાગીયાં, કમકમ્યા ઢોલ નિસાનરે,
જાદવી સૈયર એમ ભણે જે હરખે દારે વધામણાં.

રાગ પ્રથમનો.

જીરે ગણેશ ગવરી શામળા શંકર, દેવ તમે રૂપ
પ્રગટ કરોરે.
જીરે માત પિતાને મંન ભ્રાંતડી ભાંગોજીરે, મંન મન
માનવીરે કેરાં રીજવોરે.

ઉથલો.

માનવીનાં મંન મોહિયે, અતિ સોહયે અંગરે,
લેલાટ જટા નથી ખોટા, વે વિમાસી જોયરે.

ઘેર રત્ન રંભા એટડી, વર સમુદ્ર બોળ્યું બાળરે,
સોવણુ દીજે એમને કહો, કીજીયે કઈ પેરરે.
મા બાપ બોલે કુબેર તોલે, કંઇએ ન એવો કંથરે,
ઉંડું વિમાસો પડ્યો સાંસો, કેમ વળસે ચંતરે.
કંસાર તાટે કોઈ ન પ્રીસે, એટલું પ્રત્યક્ષરે,
અંતરીક્ષ સ્વામી તોરણે આવ્યા, બ્રહ્મા આચરે વેદરે.

રાગ પ્રથમનો.

ચહડીયારે મ્હાવર તોરણે આવ્યા જીરે, શંકર તોરણે
આવીયારે. ૧.

ઉથલો.

શંકર તોરણે આવીયા, સાસુ તે લો શણગારરે,
એવા વંદને કેમ નંદીયે, બાઈ માહરાં ઘરબારરે.
એવા પુરુષને કેમ પાંમીએ, એના પીળીયે કેમ પાગરે,
એને આરતી કે પેર કીજિયે, તેજે ન લહિયે પારરે.
વર થયા તે દસ પંદરતણા, મ્હા રૂપ કરપુરગૌરરે,
સાસુ તે મન સંતોષ પામ્યાં, માંડવે રાખ્યો રંગરે.
ભજે ભોળીને ચક્રવદની, ભામનીના ભૂપરે,
આકાસ ને પાતાળ પગલું, સુરજ મંડળ રૂપરે.

(કાગળ.)

(૭૨) વીદ્રુપાદેસ કુંદનપુર નગરી, રાજારે ભીમકને ઘેર કુંઅરી,
પાંચ પુત્ર એક બ્હેન તો, એનાં ટાળ્યાં દાળીદ્રસુરે.
પોતેજી લક્ષ્મીતણો અવતાર, જનમજનમ એને હરી ભરથાર,
પરવરયાં પૃથ્વિમાં ટાળ્યાં દુખ તો, સુખ આપ્યાં સહુ જીવનેરે.
ભીમક મન ચંતા બહુ થાય, રુખમણી કુંઅરીના રચુંરે વ્હીવાય,
ન આવે નીદ્રા ન લાગેરે ભૂખ,

રાત દીવસ સાલે ઘણું દુખતો, કન્યા કુંઆરી બારણેરે.
વરરે જોઉં રુડા નંદકુમાર, બળીભદ્ર બેલ ને દેવકી માત,
જોયા રાણા રાઓ તો, મંન મ્હોયાં શ્રી કૃષ્ણ શુરે.
રુખમૈયે એવી વાત જ જાણી, શું જુઓ તાતજી સારંગપાણી,
એ ભરવાડો ગાયનો ગોવાળો તો, પાળ્યો દેવ જસોમતીરે.
હું તમને શી દઉંરેજી સીખ, જદુપતી ઘેરઘેર માંગતો ભીખ,
ખાતો માખણ પીતો દહીંયતો, મહીરે ઘેર ઘેર ચોરતોરે.
ઘેલારે તાત ન જાણોરે વાત, માસીને મારી એવા વીખ્યાત,
નાથ્યો નાગ દવ પીધો તો, લીધો ગોવરધન કર ધરીરે.
ન જાણે વિદ્યા નહીં અસ્ત્ર શસ્ત્ર, ગોપીકેરાં હરીયાંજી વસ્ત્ર,
વાતો વાંસળી રેહેતો વંન તો, મંન હર્યાં સોળ સુંદરીરે.
એનારે ગુણને હું શું રે વખાણું, ગોપીરે ઘેર ઘેર હીંડતો,
છાનું નાચ્યો વૃંદાવંન તો, છંદ એના હું શા કહુંરે.
મેળવ્યું સાજન પુછીજી વાત, મંડપ રચીયોજી મોટેરો તર્ત,
હૈયડે અતિ આનંદ તો, મન બુદ્ધ હૈયે મ્હાલતોરે.
રુખમણીએ એવી વાતજ જાણી, કબુદ્ધ બાંધો ન મારારે પાણી,
કેમ કહીએ ગોવાળ તે, પાલક એ પૃથવીતણોરે.
તેડાવ્યો વીપ્રને કીધીજી વાત, સાંભળોજી તમે મારારે ભ્રાત,
લઈ આવોની નાથ તો, હાથ જોડીને હું નમુંરે.
રત્ન માણેક ભંડારજ આપ્યા, દાળીદ્રકેરાં મૂળ જ કાપ્યાં,
આપ્યો લેખ લો દેવ તો, તતખેવ જાજો દ્વારામતીરે.
સ્વસ્ત શ્રી દ્વારીકાપુરી ગામ, વસુદેવનંદ ને શ્રી કૃષ્ણ નામ,
શરણાધાર ભુપાળ તો, લાઝ હમારાં પાળજોરે.
શરણાંગતને લહયેજી હાથ, જનમ જનમ સ્વામી હું તમસાથ,
સાત જનમ સ્વામી નાર તમારી તો, આઠમે હરી કેમ વીસર્યારે.

મચ્છ કાચ્છ વરાહ અવતાર, નરસિંહ વામન ત્રીકમસાર,
લીલાએ ભરીયા દેવ તો, ધાર્યાની દ્વારીકાં પતીરે.
ઘટ ઘટ મધ્યે છો રેજી એક, માયા રૂપ ધર્યાંરે અનેક,
હુંરે દીન તમારે શરણુ તો, મીન રહે કેમ જળ વીનારે.
ક્ષીર સાગર મથીયો જેણીવાર, પ્રગટ થઈ હું તેણીરે વાર,
સાહ્યો હાથ દીનાનાથ તો, દેવ ને દૈત્ય જોતા રહ્યારે.
લગન દીવસ ત્રણ છેરેજી અંત્ર, તે માટે મારું ના રેહેજી મંન,
આવ્યો શીશુપાળ પાપ તો, થાપ દઈને વરી જાશેરે.
જો નહીં આવો કૃષ્ણ ભુપાળ, પ્રાણ તજિશ હું તો તેણેરે કાળ,
છું અબળા નીરાધાર તો, બ્હાર કરો કરુણાનિધારે.
અંબીકાનો જહાં છેરેજી ઠામ, આવીને રેહેજો સુંદર શ્યામ,
ઝાલો હાથ દીનાનાથ તો, હરીરે હેલાંમાં હરી જજોરે.
બ્રાહ્મણ જઈ દ્વારામતી પ્હોંચ્યો, કાગળ લઈ શ્રીકૃષ્ણને આપ્યો,
વાંચ્યો કાગળ દેવ તો, તતખેવ ઉઠી બેઠા થયારે.
ગરુડાસન બેઠારે ગોપાળ, વીદ્રુપા દેશ આવ્યા તતકાળ,
કુંદનપુરી ગામ તો, ઠામ વાડીમાં ઉતર્યારે.
વીપ્રેરે જઈ વધામણી માગી, રુખમણી ઉઠીને પાએરે લાગી,
આપ્યો હાર તેણીવાર તો, માતાનાં મન હરખીયાંરે.
અંબીકા પૂજવા ચાલ્યાંરે બાળી, સાથે સૈયર છેરે રસાળી,
લીધાં ગંધ સુગંધ તો, મનરંગ હૈયે મ્હાલતીરે.
ધુપ દીપ નૈવેદ કસ્તુરી, અંબીકા પુજે ભાએગની પુરી,
આપ્યા અરધ અપાર તો, સાહ્ય કરો દેવી કુળતણારે.
અંબીકા પુજીને લાગાંરે પાય, જુએ છે શ્રી કૃષ્ણની વાટ,
સાહ્યો હાથ દીનાનાથ તો, હરીરે હેલામાં હરી ગયારે.
રણમાંરે બુંબારવ બહુ થાએ, રુખમયો ઉઠીને પુંઠે પળાએ,
છેદ્યાં દાઢી મુછ તો, શીશતણા સાંસા પડ્યા રે.

બળીભદ્ર મુકાવે છે રે આવી, સાંભળોજી તમે સારંગપાણી,
મુકો દેવ એને તતખેવ તો, એરે સગો થયો આપણોરે.
અનેક રાણા રાઓને જીત્યા, સન્ય સહિત નીજ ગામેરે પ્હોંતા,
દ્વારીકામાં ઉતરીયા તો, પરણ્યા શ્રીકૃષ્ણને રુખમણીરે.

(રુખમણી હરણ.)

(૭૩) સુખદેવજી કહેરે વીહીવાયરે, તમે સાંભળો પરીક્ષત રાયરે,
હવે રુખમણીને શું થાય કે, વ્રેહે થઈ વ્યાકુળી રે.
ત્યાં તો સખીયો મળી સહુ સંગરે, રુખમણીયે માંડ્યો પરપંચરે,
વરું તો વસુદેવનો નંદ, નીકર મારી દેહે તજું રે.
રુખમણીએ તેડાવ્યા વીપ્રરે, સ્વામી જાઓની દ્વારીકાં શીઘ્રરે,
મારું કારજ કરીને સીદ્ધકે, વ્હેલા પધારજો રે.
સીદ્ધ થઇને તે લાગાં પાયરે, પછી વીપ્ર કીધારે વીદાય રે,
વાટે સુકન સારા થાય, હરીભટ હરખીયા રે.
રુખમૈયાને થઇ ત્યાં જાણરે, બોલ્યો મુખેથી મીથ્યા વાણ રે,
રુખમણીને પરણાવું પ્રમાણ કે, હું શીશુપાળને રે.
મેં તો ભાંજી સરોવર પાળરે, મેં તો તોડી આંબલીયા ડાળ રે,
મેં તો ધાવતાં વછોડયાં બાળ રે,
કોઇને કુડાં વ્હડાવ્યાં કે આળ, આડે આવીયાં રે.
મેં તો પાડી સહીએરોમાં હોડરે, પારવતી કરું કર જોડ રે,
રખે પુજતાં પડી હુંને ખોડ, અંબાજી રુઠડાં રે.
મારાં પુરવજનમનાં પાપરે, મારા અવળા તે બંધવ બાપ રે,
મારી માતા સેં ના કરું ત્યાગ, હવે હું શું કરું રે.
રુખમણી ઉંચું ચડી ચડી જોયરે, રામકૃષ્ણ કરી કરી રોય રે,
ક્ષણ સુખ શરીરે ન હોય કે, વીનતા વલવલે રે.

એટલે આવ્યાં જનુની માતરે, પુત્રી કયાં ગયો સૈયરસાથ રે,
મૂને માડીને કહોની વાત, રુઓ કાં રુખમણી રે.
પીઠી પેઠી જી આંખ મોઝારરે, થઈ વ્યાકુળી હું નીરધાર રે,
તેણે આંસું પડ્યાં રે અપાર કે, મા હુંને ખરખરે રે.
મારું ફરકે તે ડાબું લોચંનરે, ફુલે હરખથકી મુજ મંન રે,
વામાંગે થાય સુકન, હરી હરી ઓચરે રે.
હરી હવડાં આવોની આજરે, પ્રભુ પ્રગટ થાઓની મહારાજ રે,
નહીં તો પ્રાણ તજીસ નીરધાર, ત્રીકમ તુજ કારણે રે.
રુખમણીએ કીધો વીચારરે, તેડાવું તે વીપ્રની નાર રે,
તેને પુછું સમાચાર, હરીભટ કયાં હશે રે.
એવે આવ્યાં તે વીપ્રની નારરે, બાઇ સાંભળો રાજકુમાર રે,
તેને ગયે થયા દીન ચાર, હું એ જોઉં વાટડી રે.
રુખમણી ઉંચું ચ્હડી જોય જાળીરે, હજી સે ના આવ્યા
વનમાળી રે,
દીઠી ચાર દીશા અજવાળી, દીવાળી કયાં હશે રે.
એટલે વીપ્ર તે દીઠા દુરરે, હદે આવ્યાં તે સાહેર પુર રે,
ધસી આવી ઊરાઊર, કે વીપ્રને પુછીયું રે.
એટલે વીપ્ર તે બોલ્યો વાણરે, શ્રી કૃષ્ણ આવ્યા નીરવાણ રે,
સાથે સન્ય સહુ શુભ, જાન વાડીમાં ઉતરયાં રે.
એક હાર હુતોરે અમુલરે, માણેક મોતી જડયાં જડાજુડ રે,
તેનું ત્રૈલોકયમાં નહીં મુલ, તે વીપ્રને આપીયો રે.
રુખમણી અંબીકા પુજવા જાયરે, સહુ માનુની મંગળ ગાય રે,
ત્યાં તો કૃષ્ણ હરણ ગુણ ગાયકે, રુખમણી પરણીયાં રે.

અનંતની આરતી.

(૭૪) સોવણ ચોરી સ્તંભ રચીયા, વર વર્યો જુગદીશ,
રાણી રુખમણીનો વર કૃષ્ણજી, હરીની જાન જોજન દશ
વીશ, અનંતને આરતી.

કર જાઈ સેવંત્રી ને મોગરો, સાહેળો ગુંથી લાવ,
સાહેળોરે હરીને તપે સુંદર, કૌસ્તુભ મણીનો હાર,
બેહુ મકરકુંડળ કાન લળકે, હરીને મોતીડાં તપેરે લેલાટ. અ૦
સોવણુ બાજઠ રત્ન જડીયો, ઉપેર હીરા સાર,
એક કનકકેરાં પાવડાં, શ્રીયકૃષ્ણજી ન્હાણેલાં ન્હાય. અ૦
તેલ કંચોળાં ને આમળાંરે, ઉષ્ણોદક અતીસાર,
મરદન કરાવે સહુ સુંદરી, જીરે માનુની મંગળ ગાય. અ૦
નાહીધોઇ વર ઉઠીયા, અંગુછે લોહ્યાં દીલ,
લીલાં પીતાંબર પ્હેરણે, પીળાં ટીલાં કીધાં જુગદીશ. અ૦
કેસરી તે વાઘા પ્હેરણે, શોભતી જોડ કભાય,
એક કંમરે બાંધાની પામરી, શ્રીયકૃષ્ણજી પરણવા જાય. અ૦
બાવનારે ચંદન અગર કેસર, પાણ કુંકમરોળ,
ત્યાં તો વર વધાવે માતા દેવકી, એની જાનમાં લક્ષ્મીનારાણ. અ૦
સાટી તે ચોખા ને જુંસરું, બતરીસ ભમરીનો મોડ,
શ્રીરંગ સાસુ પોંખણે, જીરે તોરણે રહ્યા રણછોડ. અ૦
જુંસળ મુસળ કષ્ટલી, ભલી ભાતની રવાઇ,
સાંપડે સાંપડ ઉતરે રખે ચાંપીને મુક્તા પાગ. અ૦
એક સાત રચુંરે સુનાંતણું, રૂપલા કેરી થાળ,
એક રત્ન કંચનમય દીવડો, તે તો આપે છે ભીમક નાર. અ૦
નાક સાહી વર નરખીયા, ગળે આરંભ્યા ઘાટ,
બળીભદ્ર સાત પધારીયા, વીઠલ વૈકુંઠ નાથ,
આણી બેસાડ્યા વર માહેરે, જીરે બેસણ સુનાના પાટ. અ૦
આલેશારે વાંસ અણાવીયા, લીલડાં કળસ ચિત્રાય,
એક ચાર વેદી રચી ચોરી, ત્યાં નાગજકેરા પાસ. અ૦
ત્યાં તો પંચસબદ વેણા મૃદંગ વાગે, છાજે રાજદ્વાર,
જળ છાંટણાં સીખર આગળ, ગાઓની મંગળ ચાર,
પીળાં પીતાંબર આડે પડદા, ત્યાં નરખે છે રુખમણી નાર. અ૦

પીળાં પીતાંબર લો જનોઇ, સોઇયે શામ શરીર,
ભીમક કન્યાદાન દેતાંતો અંજળી ગંગાનાં નીર. અ૦
કેરાં તે કાંકણુ મુંદ્રીકા, આભ્રણુ ધરીયાં અંગ,
એક લાડઘેલડિ રાણી રુખમણી,તે તો બેઠાં છે હરી અરધાંગ. અ૦
આડે તે અંતરપટ ધરચા, પાનેત્ર પડલી ગાંઠ,
કન્યાએ કાંકણ પહેરીયાં, જીરે હોઇરિ તંબોળે છાંટ. અ૦
વર નીસાએ પગ દેવડાવીયા, વરત્યાં તે મંગળ ચાર,
વર મધુરી વાણી ઓચરે, ત્યાં તો નીપજેરે કંસાર. અ૦
કાથા ચંદન કેરી કુલડી, પચીયો તે સાર કંસાર,
એક રામ જમાડે સીતાને, સીતા જમાડે રઘુરામ,
બેહુ અન્યોઅન્ય જમાડીયાં, જીરે વાળ્યાં ઓઢીના કોડ. અ૦
એક કર ખસ્યો ને લોક હસ્યો, વર રહ્યો વદન વીકાસ,
એનાં મુખમાં ત્રણ જુગ વસે, જીરે આકાશનેરે પાતાળ. અ૦
ભીમકરાયને માંડવે, જમે તે જાદવ રાય,
એને ભોજન પ્રીસોની ભાવતાં, એની જાનને અતીઘણાં માન. અ૦
ખાજાં તે લાડુ ને ઘૃત ઘેબર, ભોજન ભક્ષ હરાડ,
એને સેવ પ્રીસોરે ઉતાવળી, ખોભલે ખાંડ કંસાર,
એના દુધમાં સાકેર ભેળો, તે તો આરોગે હરજીની જાન. અ૦
કેરી તે કેળાં ને રાયણ મીઠી, ખડબુચાં ને દ્રાખ,
એવા લીલા મેવારે ભાત ભાતના,તે તો આરોગે હરજીની જાન. અ૦
એક કુર કમોદનો ને પેત મગની, નાના વિધના શાક,
એક ઘી તે આણોની ગવરીના, તે તો આરોગે હરજીની જાન. અ૦
જમી તે જુઠીને ઊઠીયા, બીડલે બાસેટ પાન,
એક કપુરેવાસી કાતળી, તે તો આરોગે હરજીની જાન. અ૦
હવે પહેરામણીના પાટ માંડ્યા, આપ્યા તે દેશ વીદેશ,
આપ્યા સો ઘોડા ને સો હાથી યા, આપ્યા તેજી અનેરે તોખાર. અ૦

આપ્યા રથ સુરભી ને પાલખી, કુચી સહિત ભંડાર,
રાજા ભીમક કરેરે પહેરાંમણી, આપ્યા દાસી અને ઘણા દાસ. અ૦
જળહળે તે જામા ને પાઘડી, પટકે તે કસબી કોર,
એને મોહનમાળા ને સાંકળી,એને આયુધ અતી ઘણાં જોડ. અ૦
સણીયા તે સાડી ને સાવટાં, વળી નાના વિધના ઘાટ,
એક શુરમ આણાની નતનવી, તે તો પહેરાવે હરજીની જાન. અ૦
વરવા ચરુ ત્રાંબાં તે કુંડી, રુખમણી સોળ શણગાર,
ત્રીભોવન ઘણી સંતોખીયા, ફરી ભીમક કરેરે જુહાર. અ૦
હાથા તે તોરણ બારણે, કેસર તે કુંકમરોળ,
આરતી કરુંરે મારા અનંતજીને ચંમરે ઢોળું ઢોળ,
કર જોડીને રુખમૈયો કહે, મારાં ભવતણાં બંધન ખોલ. અ૦
આરતી કરોરે કામની કરજોડ, શામળા હરીને આરતી,
મોહન કરોરે મંદીર અજવાળાં, રાધાવરને આરતી. અ૦

(રુખમણી વિવાહ.)

(૭૫) સરસત સામને વીનવું ગણપત ચરણે હું નમું,
સુધબુધ હમને દીજીએ રામ નામ શું રંગે રમું.
એક વીદ્રુપા નગરીનો ભીમક રાજા તેની કન્યા રુખમણી,
કોઇ વારુવર જોઈ દીજીએ ચંતા તે મનમાં અતી ઘણી.
એનાં લગન લીધારે ઉતાવળાં શિશુપાળને તેડાં ગયાં,
જરાસન્ધ જનરખ તેડીને જાને તે વેહેલા આવજો.
એનાં વાજીંત્ર વાગે નાના વિધતણા રુખમૈયો ચાલી સામો ગયો,
દળ દેખીને શિશુપાળનું રુખમૈયો મનમાં હરખીયો.
એને ઉતારારે ભલે આપીયા સેવા તે કીધી અતી ઘણી.
શિશુપાલ આવ્યો જાણિને રુખમણીને મન ચંતા ઘણી.

રુખમણી તે કહે છે તાતને શિશુપાળ વર હું નહિ વરું,
જાદવવંશી છે કૃષ્ણજી તેઓ તણી બાંહે હું ધરું.
રુખમણીએ કાગળ લખી કરી આપ્યો તે બ્રાહ્મણ હાથરે,
સ્વામી વેગે પધારો તમે દ્વારીકા જઈ જાણ કરો જદુનાથનેરે.
સરોવર પાણી પી કરી સુતો તે વાડી માંહેરે,
જાગ્યોને પ્હોતો દ્વારીકાં વીપ્ર મન પામ્યો હુલાસરે.

ઉથલો.

વીપ્ર વાડીમાં જઈ સુતો, જાગ્યો એટલે દ્વારીકાં પોતો,
કહોજી બ્રાહ્મણ ક્યાંનારે આવ્યા, કાગળીયાં તે ક્યાંનારે લાવ્યા.
વીદ્રુપાથી બ્રાહ્મણ આવ્યા, કાગળીયા તે ત્યાંનારે લાવ્યા,
પ્હેલાં બ્રાહ્મણને આવકાર દીજે, પછી કાગળ હાથમાં લીજે.
પ્હેલાં બ્રાહ્મણને ભોજન દીજે, પછી કાગળ વાંચીરે લીજે,
પ્હેલાં બ્રાહ્મણને મુખવાસ દીજે, પછી વાત વીચારીરે લીજે.
કાગળ લખીયો ભીમકનીરે કન્યા, રુખમૈયો કરેછેરે અન્યા,
કાગળ લખીયો તમારીરે નારી, વાંચી જુઓની દેવમોરારી,
સ્વામી જનમની છઉંરે તમારી, રખે મુકોજી મુજને વીસારી.
શીશુપાળ આવ્યો લઈ જાશે, સ્વામી લજા તે તમનેરે થાશે.
શીશુપાળ આવ્યો લઈ જાશે, દેશે દેશમાં વારતા થાશે,
ગોવીંદ ગરુડે બેસીનેરે આવો, સાથે સન્ય જાદવનુંરે લાવો.
રુખમણી ઉંચું ચ્હડી ચ્હડી જોય, રામ કૃષ્ણ કરી કરી રોય,
એટલે આવ્યા જનુનીરે માત, પુત્રી કાં રુઓ કહોનીરે વાત.
પીઠી પેઠી તે આંખ મોઝાર, તેણે આંસુ પડ્યાંરે અપાર,
સૈયર ઉંચા ચહડોરે અટારી, જઈ જુઓ શ્રી કૃષ્ણને ન્યાળી.
જોતાં કૃષ્ણતણો રથ આવ્યો, એવે વીપ્ર વધામણી લાવ્યો,
ત્યાં તો વીપ્રે વધામણી માગી, ઉઠી રુખમણી પાએરે લાગી.

હૈડાંનારે હાર ઉતારે, રુખમણી વીપ્રનેરે પેરાવે.
વસ્ત્ર ખીરોદકરે અણાવે, રુખમણી સૈયરનેરે પેહરાવે.
તરીયા તોરણ બાર બંધાવો, નાના વિધના પુજાપા મંગાવો.
જળ નીર ભરાવોરે ઝારી, રુખમણી અંબીકા પુજવા ચાલી.
રુખમણી અંબીકા પુજેરે બાળી, ત્યાં તો વેદ ભણેરે શ્રીમાળી.
પુજી અરચીને પાવલે લાગે, હઇયડામાં હરી વર માગે.
પુજી અરચીને પાએરે પડીયાં, શ્રી કૃષ્ણે બાંહોડેરે ધરીયાં.
ત્યાંતો રથે બેસાડ્યાંરે રાણી, રુખમૈયાને બાંધ્યોરે તાણી.
રુખમૈયાના ત્યાં કર બાંધે, રાણી રુખમણી મનમાંરે લાજે.
સ્વામી તમેરે બનેવી એ સાળો, રુખમૈયાને પાછોરે વાળો.
રુખમૈયોજી પાએરે લાગો, રઘુનાથે હોરાડયોરે વાઘો.
જે કોઈ રુખમણી બહીવારે ગાએ, વીમાને બેસીને વૈકુંઠ જાએ.

(પેરામણી).

(૭૬) નગર વિદ્રુપામાં પહોતીજી જાન,
રુખમૈયે દીધાં બહુ માન,
આપ્યા ઉતારા ને ફોફળ પાન;
હેત ઘણેરાં હરીને દેખાડ્યાં તો, પ્રીતે કીધી પેરામણીરે.
સાવટું સાડીને સણીયા વીશેશ, ઘરચોળાં રંગ્યાં બહુ રંગ;
ચીર પટોળાંની નતનવી જાત તો, ભાત ભલી દરીઆઈતણીરે.
સાળુ સિબાબરને સકલાત, કહેતાં વાર ના લહિયેજી પાર;
પામરી થોડી ને થુરમા ઠીક તો, જળહળે જામા કનકનારે.
હરીને વીશેષ કડાં તે કભાએ, વેદને વીટી જડયા નંગમાંહે;
મોહનમાળાનું મુલ અમુલતો, નવસેરો હાર હીરે જડયોરે.
મહીસી ઉંટ અજારે અનંત, આહીર સોત આપ્યાં જસવંત;
આપ્યા ગામે ગામ વિદેશ તો, પેર કીધી પ્રભુને ઘણીરે.
મોર મનોહર હંસ કોદંડ, ખેળા હરણ આપ્યારે માતંગ;
સુખ સાહેર પાંજરડે શુક તો, રુખમણીનાં મન રીઝવ્યાં રે.

ઘોડા સહીત આપ્યારે ઘોડાર, કુંચી સહીત આપ્યા ભંડાર;
આપ્યાં દાસી દાસ તો, પ્રીતે કીધી પેરામણી રે.
ઢોલ તળાઇને છપરખાટ, કનક સોગટડાં ને કંચન પાટ;
તબક દાબલડા ને કાચ કચોળ તો, નવીરે સુકેડના પાટલારે.
ચંદ્રને અરપે કો સુત્રનો તંત, હું પ્રભુ રંક ને તુંરે અનંત;
હું અપજશિયો ને તું જસવંત, મેં અપરાધ કીધા બહુ
વાર તો સેવક જાણીને સાંખજો રે.

(વાજીત્ર.)

(૭૭) આજ મારૂં વાજીત્ર કરે ઝમકાર,
તો જેમરે વાગે ને સાજન મળે રે. ૧
વાગતું વાગતું પોળમાં પેઠું,
તો ઘરરે પુછે *—તણારે. ૨
ઉંચલા અવાસ ને નીચલા દરવાજા,
તો મોતી જડ્યાં તોરણ બારણે રે. ૩
ચોકમાં ચાંપો પરસાળે નાગરવેલ,
તો ગોરીએ દીવા અજવાળીયા રે. ૪
સાત દીકરડા તું જાણ મોરી ગોરી,
તો જેમ દ્રવ્ય ખરચું ને રવ ચડે રે. ૫
એક દીકરડી તું જાણ મોરી ગોરી,
તો સાજન જમાડું ઘર આપણે રે. ૬
બાપે માહેરડાંમાં આપીરે એટી,
તો માડીએ આપી કોટડી રે. ૭
સાતરચું બેનને સાસરે આપો,
તો ભેંસ દોવા ભલી તાંબડી રે. ૮
ચીરના ચંદરવા જાદરના જલેચા,
તો મછલી બંદરના ચારસા રે. ૯

---

* કન્યાના બાપનું નામ.

બરાનપોરી થાળી વીજાપુરી ઝારી,
તો નવારે નગરના વાડકા રે. ૧૦
તાંબાના તકીયા પીતળના આખળીયા,
તો નવીરે સુકેડનાં પાટલા રે. ૧૧
એટલું લઇ બેન સાસરે જાજો,
તો લાજ વધારજો આપણી રે. ૧૨

(હાર.)

(૭૮) સરસત સામને વીનવુંરે, ગણપત લાગુંરે પાય.
દ્વારામતીનો રાણો રાજીયોરે, ચૌદ ભુવનનોરે રાય.

ઉથલો.

દ્વારામતીનો રાજા કહીએ ચૌદ ભુવનનો સ્વામી,
શીશુપાળ જેણે જુધે જીત્યો ભીમકકુંઅરી આણી.
દ્વારાનું દળ નાઠું જાય રુખમૈયો પુઠે ધાએ,
રથ સરીસો તાણી બાંધ્યો રુખમણી લાગાં પાએ.
કાલો ઘેલો બંધુ મોરો સ્વામી સાળો તોરો,
દયા કરો તમે દેવ દામોદર એ સેવકને છોડો.
રુખમણી વચને હરી સંતોખ્યા ગોવિંદ છોડ્યા બંધ,
કાર કેરા અંમર ઢળિયા કુંઅર નાના કંથ.
કપુરવાસી કાતળી ચંદરાવળી વેંહેચે પાન,
મૂળ મહારાજે ચોરી બાંધી ત્યાં પરણ્યા ભગવાન.

રાગ પ્રથમનો.

આલેરા વાંસ અણાવીયારે, લીલડા કળશ ચિત્રાય,
ચોરીએ બાંધીની ચોકઠારે, નાગજ કેરારે પાશ.
ચોરી ચિત્રાવો ચાંપાનેરનીરે, બ્રહ્માએ રચ્યોરે કસાર,
રુખમણી પરણીને ઉઠીયારે, દાસી પેહરાવ્યારે ચીર.
ખોળે બેસાડ્યાં રાણી રુખમણીરે, હરખ્યા તે શ્રી વસુદેવ.

ઉથલો.

ખોળે બેઠી ભણે શલોકા ગોવીંદની પટરાણી,
ખોળેથી જો ઉતરું સસરા હાર આપો આણી.

રાગ પ્રથમનો.

વચન સુણ્યાં વહુ ગોરીનાંરે, તેડાવ્યા ઝવેરી બે ચાર.

ઉથલો.

ઝવેરીના ચાર બેટા એમ બોલ્યા વસુદેવ,
વહુ ગોરીનો હાર પ્રોતાં વાર ન લાગે તતખેવ.
થાળ ભરી મોતીની મુકી પોસ ભરી પરવાળી,
બાસેટ ખાતાં ચોસેટ જાળી વચ્ચે મુક્યા પરવાળી.
લાલ લીલો ને પીળો જહાં જોડ સઘળી સારી.
સહુ સણગાર સલુણો દીસે હાર વના નવ સોહીએ,
કાને કુંડળ ઝાલ ઝબુંક કંઠ હાર જોઇએ.

રાગ પ્રથમનો.

ડાબાં તે કંઠનાં ઝુમણાંરે, જમણો મોતીનોરે હાર.
શ્રીયકૃષ્ણ પોઢ્યા રુડી સેજડીરે, રુખમણી ઢોળેરે વાય.
વાયો ઢોળંતા આવી નીંદ્રડીરે, ઓસીસે મુકયોરે હાર.
હાર હરયો દામોદરેરે, રુખમણી નીંદ્રારે ભેર.

ઉથલો.

સૂર ઉગે ને સુતી જાગે ઓસીસે નવ દેખે,
રાણી રુખમણીએ નાવ જગાડ્યા વાત સઘળી પુછે.
હવડાં હાર હાં હુતો તેડાવો જાણ્યા જોશી,
સ્વરગ મરગ પાતાળમાંથી હાર આપો શોધી.
સંમ કરાવું સગરા કરાવું દેવ ઉતરાવું ફુલ,
જેણે મારો હાર હરયો તેને આપૂં બમણાં મૂલ.
ત્હાડાં હુનાં શું કરોરે હાર નથી મેં લીધો,
રુખમણી કેહરે કંથજી તમે નીશ્ચે હાર લીધો.

રાગ પ્રથનો.

ચાંદા તારેરે ચાંદરણે, આ શી રાત અજવાળી,
હરણ હીંડે છે રે મલપતું, કૃષ્ણ લેછેરે તાળી.
લાવોની અગની પોસે ભરું, રાણી રુખમણી રીઝે,
લાવો કટારી કેડે ધરું, રાણી રુખમણી રીઝે,
લાવોની વીખ ધોળી પીયું, રાણી રુખમણી રીઝે.
ભસ્યારે સમુદ્રને ડોળીયો, ત્યારે શું થયાં તમને,
ગોવરધનનેરે તોળીયો, ત્યારે શું થયાં તમને,
દાવાનળને રે પી ગયા, ત્યારે શું થયાં તમને,
માસીતણારે પ્રાણ સોસીયા, ત્યારે શું થયાં તમને,
કાળીરે નાગને નાથીયો, ત્યારે શું થયાં તમને,
મામા કંસને મારીયો, ત્યરે શું થયાં તમને.

ઉથલો.

ધનધનરે ભીમકની બેટી હરીકને હાર મનાવ્યો,
ધનધનરે વસુદેવ સસરા વહુને હાર પેરાવ્યો.

(રાબડી.)

(૭૯) રુખરેમણી કૃષ્ણજી સાથે, બોલે છે મર્મજીરે,
ક્યાંને કરમરે હમ પરણ્યા પછીરે. ૧.
જીરે પેહરતા ધાબળી, હોડતા કામળી, વાંસતણી વાંસળડી રે વાતા,
મહીયારીનાં મહીઅરે ચોરીને ખાતારે જીરે. ૨.
જીરે જુઆરની રાબડી, પ્રીસતાં માવડી તેવારે, તમે ચા-
રતા ગાવડીરે. ૩.
જીરે ચાનીરે રુડાં ચલાણાંરે નોતાં, ઉપેર ચલાણીરે નોતી,
તેવારે તમે મરદન કરતા કોડીએરે. ૪.
જીરે ચરુરે નોતા, કડાઈયારે નોતા, ઉપેર તાંબા કુંડીરે નોતી,
તેવારે તમે અંઘોળ કરતા અંઘોળીએરે. ૫.

જીરે ચોરરે નોતાં, પટોળાંરે નોતાં, ઉપેર પીતાંબર નોતાં,
તેવારે તમે પેહરતા ધાબળીરે. ૬.
જીરે થાળીરે નોતી, કંચોળાંરે નોતાં, ઉપેર વાડકડાંરે નોતાં,
તેવારે તમે ભોજન કરતા બાજમાંરે. ૭.
જીરે શાળરે નોતી, ને દાળરે નોતી, ઉપેર કેહડાઇયે દુધરે નોતાં,
તેવારે તમે ભોજન કરતા રાબડીરે. ૮.
જીરે ઝારીરે નોતી, કમંડળ નોતાં, ઉપેર કળસીયારે નોતાં,
તેવારે તમે પાણીરે પીતા કરવડેરે. ૯.
જીરે પાનરે નોતાં, સોપારીરે નોતાં, ઉપેર લવેંગ એલાયચીરે નોતાં,
તેવારે તમે મુખવાસ કરતા પાંદડેરે. ૧૦.
જીરે બાજઠ નોતા, સોગઠડાંરે નોતા, પરવાળીના પાસારે નોતાં,
તેવારે તમે રમત રમતા કાંકરેરે. ૧૧.
જીરે ઢોલરે નોતા, તળાઇરે નોતી, ઉપેર અસીસાંરે નોતાં,
તેવારે તમે પ્હોડતા સાથરેરે. ૧૨.
જીરે જાળીરે નોતી, જરુખારે નોતા, ઉપેર અગાસીરે નોતી,
તેવારે તમે બેસતા ઓટલેરે. ૧૩.

કડવું ૨ જું.

અ બાર પાછળ દેવકી, સાંભળે વહુની વાતરે;
હું જીવતાં તું કશું બોલે, પછે કેવી વાતરે. ૧
કાલ કાગળ લખી કરી, મોકલું વીદ્રુપા મોઝારરે,
તેડાવું તારા તાતને તુજ મોકલું મૈયેરરે. ૨
બરો તે બારે ગામનો, હેઠો ન મુકે સ્વાસરે,
લિલ્લજ વેડા આદરયા, અંકોશ નહીં લગારરે. ૩
કીડી ઉપર શું કટક કરો, તરણાં ઉપેર શો ભારરે,
એમ કહીને રુખમણી પાએ લાગાં, સુણો મોરી માયરે. ૪

કેડે ન્હડાવ્યા રાણી રુખમણી, મુકયાં તે મંદીર માંહેરે,
તારા ધણી સરસાં રાજ કરજે, જીવો વરસના ક્રોડરે. ૫

કડવું ૩ જું.

જીરે સુંણોરે આઇ ને સુંણોરે બાઈ, નીંદ્રાવશ હમે હુતાં જીરે,
કઠણ વચનરે વહુએ શાં કહ્યાંરે. ૧
જીરે જેવારે મારે કાનુડે, રણમાં રાવણ રોળ્યો જીરે,
ગોવરધનને તોળ્યો જીરે, તેવારે તમે વહુઅર કયાં હુતાંરે. ૨
જીરે જેવારે મારે કાનુડે, અઘાસુરને માર્યો જીરે,
બગાસુર રણજાર્યો જીરે, તેવારે તમે વહુઅર કયાં હુતાંરે. ૩
જીરે જેવારે મારે કાનુડે, મામા કંસને માર્યો જીરે,
માસી પુતનાને ધાવ્યો જીરે, તેવારે તમે વહુઅર કયાં હુતાંરે. ૪
જીરે જેવારે મારે કાનુડે, દાવાનળને પીધો જીરે,
વસ્ત્ર ગોપીનાં લીધાં જીરે, તે વારે તમે વહુઅર કયાં હુતાંરે. ૫
જીરે જેવારે મારે કાનુડે, પીળી પલવટવાળી જીરે,
જમનામાં નાથ્યો કાળી જીરે, તેવારે તમે વહુઅર કયાં હુતાંરે. ૬

કડવું ૪ થું.

રાજા તે રાણોરે દેશનો, શશુપાળ છે સારોરે. ૧
વાડવ નાર સે મોકલ્યો, કાગળ તેજ કુડોરે. ૨
વાયક સાંભળી કૃષ્ણનાં, મૂરછા મૃગાનયણી રે. ૩
વાળા તે કેરેરે વીંજણે, કૃષ્ણ ઢોળેછે વાય રે. ૪
બેઠાં કીધાંરે રાણી રુખમણી, કૃષ્ણ ચાંપે છે પાય રે. ૫
હમે તે વારુ વર વર્યા, કુળ કુટંબ ઉવેખી રે. ૬
હમે તે ગાયના ગોવાળીયા, તમે રાજ કુમારી રે. ૭
હમે મરદન કરતા કોડીએ, તમારે ચીની ચલાણાં રે. ૮
હમે અંઘોળ કરતા અંઘોળીયે, તમારે ચરુ કહડાઇયારે. ૯

હમે તે પેહેરતા ધાબળી, તમારે ચાર પટોળાં રે. ૧૦
હમે ભોજન કરતા રાબડી, તમારે શાળ ને દાળ રે. ૧૧
હમે ભોજન કરતા બાજમાં, તમારે થાળી વાડકલાં રે. ૧૨
હમે પાણી પીતા કરવડે, તમારે ઝારી કળસીયા રે. ૧૩
હમે મુખવાસ કરતા પાંદડે, તમારે પાન સોપારી રે. ૧૪
હમે રમત રમતાં કાંકરે, તમારે બાજઠ સોગઠડાં રે. ૧૫
હમે તે પોહોડતા સાથરે, તમારે ઢોલ તળાઈ રે. ૧૬
હમે તે બેસતા ઓટલે, તમારે જાળી જરુખા રે. ૧૭

કડવું ૫ મું.

આ દેવકી વદેરે સુણ રુખમણી,
તેં કાનુડો વશ કીધો મારી બાઇ રે.
આ દશ મસવાડા મેં ઉદર ધરીયો,
વહુએરે ઉલાળીને લીધો મારી બાઇ રે.
આ અંત્રીક્ષથી ઓધવજીરે બોલ્યા,
ન્હાનપણ વહુઆરુને મ્હોએ ચહડાવ્યાં.
હવે તમે ખીજી મા જાશો મારી બાઇ રે.
આ આકાશમાંથી વીજળીરે બોલ્યાં,
ભોળોરે ભાઇ મારો, તે વસ કીધો,
નચિંતે ઉલાળીને લીધો મારી બાઇ રે.
આ વણ બોલાવ્યાં નણદી તમે સાને બોલો,
તમે તમારે ઘેર પધારો મારી બાઇ રે.

(વરઘોડો જતો હોય ત્યારે—રામજીનો વરઘોડો.)

(૮૦) માતાજી શું વાત કરે છે સીતા કે,
માડી હુંને લાડ લડાવે પીતા કે,
માડી શણગાર ઘડાવો શોભીતા કે,
આજને આનંદરે પણવાનો દહાડલોજી. આજને આનંદરે. ૧

માડી હુંને પણવું તો ઘણું ગમે કે,
માડી હુંને પરણાવોની તંમે કે,
માડી મારું મન રામજીસું રંમેકે, આજને આનંદરે. ૨
માડી હુંને કુંઆરી કુંઆરી સહુ કહે છે કે,
માડી મારી સૈયરો તે મ્હેણાં દેછે કે,
માડી મારી લોક અસારત થાશે કે, આજને આનંદરે ૩
માડી મારો સસરો તે દશરથ કહાવે કે,
માડી કૌશલ્યા સાસુ લડાવે કે,
માડી એવાં લાડ ઘણેરાં ભાવે કે, આજને આનંદરે. ૪
માડી મારે અંગે તે સોહયે પીઠી કે,
માડી રખે દુષ્ટની નજરે હું દીઠી કે,
માડી પણવાની વાત ઘણી મીઠી કે, આજને આનંદરે. ૫
માડી મારે હાથે તે રાતો ચુડો કે,
માડી દશરથ નંદન વર રુડો કે,
માડી એને નહીં રે ભજે તે ભુંડો કે, આજને આનંદરે. ૬
માડી શણગારી ઘરેણાં પેરાવો કે,
માડી મારે સેંથે તે સીંદુર પુરાવો કે,
માડી પાનેતર જાદર અણાવો કે, આજને આનંદરે. ૭
માડી મારી આંખ આંજો અણીયાળી કે,
માડી હુંને લળકતી ઘાલો વાળી કે,
માડી હુંને ટીલડી ચોડો ઘણી સારી કે, આજને આનંદરે. ૮
સખી જોની ઉતાવળ મંડાઈ કે,
સખી જોની લોક આવ્યા સહુ ધાઈ કે,
સખી રામજી સહુના સુખદાઈ કે,
આજને વરઘોડેરે રામજીને નરખીયેજો. ૯

સખી મારાં લગ્ન આજ તો લીધાં કે,
સખી જોની મોટા સામાન કીધાં કે,
સખી નોતરાં ઠામો ઠામ દીધાં કે, આજને વરઘોડેરે. ૧૦
સખી મંડપમાં માહેરું રચાવો કે,
સખી ત્યાં તો સુનાની ચોરી બંધાવો કે,
સખી ત્યાં તો પ્રાણજીવન પધરાવો કે, આજને વરઘોડેરે. ૧૧
સખી નોબત ગગડે દરવાજે કે,
સખી બોલ્યાં સંભળાય નહીં અવાજે કે,
સખી એવાં નીત નીત મંગળ છાજે કે, આજને વરઘોડેરે. ૧૨
સખી રામજીને અંગે સોઇયે વાગા કે,
સખી જોતાં રામજી તે મોહડા લાગા કે,
સખી એનાં ચરણ કમળ ચીત લાગાં કે, આજને વરઘોડેરે. ૧૩
સખી રામજીને સીર સોઇયે ખુંપ કે,
સખી એનું જોવા સરખું રૂપ કે,
સખી એવા કોઈ એક ત્રીભોવન ભૂપ કે, આજને વરઘોડેરે. ૧૪
સખી રામજીના કરમાં શ્રીફળ કે,
સખી રામજીને શીર થાય મોરછલ્ল કે,
સખી એને ટબકું કીધું ગલ્લ કે, આજને વરઘોડેરે. ૧૫
સખી રામજી ને શીર છત્તર ફરે કે,
સખી રામજીનાં મુખ બીડલે ભરે કે,
સખી વરઘોડે વ્હાલા રામ વરે કે, આજને વરઘોડેરે. ૧૬
સખી સાબેલા તે સોઇયે ઘોડે કે,
સખી તલંગી વાંકે અંબોડે કે,
સખી હાથી હીંડે જોડા જોડે કે, આજને વરઘોડેરે. ૧૭
સખી દેશે દેશના રાજા છોગાળા કે,
સખી હીંડે રામજીની આગળ પાળા કે,
સખી તેના જોવા સરખા ચાળા કે, આજને વરઘોડેરે. ૧૮

સખી સાજન હીડે સહુ લ્હેકે કે,
સખી કેસર છાંટ્યાં તે બહુ બ્હેકે કે,
સખી લોક જોવા મળ્યા થોકે થોકે કે, આજને વરઘોડેરે. ૧૯
સખી વરઘોડાનાં શાં કરું વખાણ કે,
સખી દીસે અગણીત નોબત નીશાણ કે,
સખી સરણાઈ નફેરીનાં તાન કે, આજને વરઘોડેરે. ૨૦
સખી મોડ સોહ્યે તે કૌશલ્યા માથે કે,
સખી પીયળ કહાડી તે ચોખા સાથે કે,
સખી નામણ દીવો ઝાલ્યો હાથે કે, આજને વરઘોડેરે. ૨૧
સખી દશરથનાં પોહોતાં કોડ કે,
સખી ભલી મળી સીતા રામજીની જોડ કે,
સખી એણે ખરચ્યા કોટી કરોડ કે, આજને વરઘોડેરે. ૨૨
સખી દશરથની ધંન કમાઈ કે,
સખી મળ્યા સરખેને સરખા વ્હેવાઈ કે,
સખી એની કીર્તી જુગમાં ગવાઇ કે, આજને વરઘોડેરે. ૨૩
સખી પોંખી લીધાં તે દશરથ રાણી કે,
સખી નીજ જનમ સફળ થયો જાણી કે,
સખી એની પરીબ્રહ્મે કે લીલા વખાણી કે, આજને વરઘોડેરે. ૨૪

(સીતાવેલ.)

(૮૧) ઇશ્વરથી ઉતપત હવારે બાઈ સુધબુધ નાથને દેવ,
ઉમયાને અંગેથકી ઉપના તે વરણવું આદ ગણેશ.
જનકતનયા કુંઅરીરે વર વાંછ્યો શ્રી રઘુરાય,
ત્ર્યંબક બાંધ્યા તોડવા કંકોતરીરે લખાય.

ઉથલો.

રાય ત્ર્યંબક તોડવા બાંધ્યારે, સુરા ઘેર સુરાતન વાધ્યાંરે,
પાતાળના પંડીત તેડારે, નવ ખંડના નરપતી મેળ્યારે.

મહા ઈશ્વિરે ઈંદ્ર જગાડ્યારે, હંસ માન સરોવર આવ્યારે,
ઋષી સાથે તેરામ પધારયારે, પાએ લાગી પ્રણામજ કીધારે,
રાજા જનકે તે આદર દીધારે.

રાગ પ્રથમનો.

સીતાએ સ્વરૂપ આળેખીયુંરે બાઈ વિનતા કરેરે વખાણ,
કાંકણ ચૂડી ને મુંદ્રિકા સીતા પ્હેરે ચોળી ને ચીર.
નવ ખંડ નરપતી નરખતાં રે બાઈ આવ્યાં મંડપ હેઠ,
નેપુર ઘુઘરા રણઝણે જાણે ગાય ગાંધ્રવ નેટ.

ઉથલો.

સીતા હંસા તે ગમની હરણીરે, સીતા પાની તે કુંકમવરણીરે
સીતા નળા તે કેળના થંભરે, સીતા ઝાંગ તે કેળના ગરભરે
સીતા કેડ તે સીંહસમાનરે, સીતા પેટ પરસુદીની પીડરે.
સીતા ડુંટી કમળનું ફુલરે, સીતા હૈયડલે હરજીનું ધ્યાનરે.
સીતા ખભા તે દેવ ગણેશરે, સીતા હાથ તે ચાંપલા છોડરે.
સીતા પાંચા તે દહીંયના ફોડરે, સીતા હથેલી ગુલાબનું ફુલરે.
સીતા આંગળી મોગની સીંગરે, સીતા હડપચી ફોફળફાડરે.
સીતા હોઠ પરવાળાની રેખરે.
સીતા દાંત દાડેમકળી લાગીરે, રામ કહેતાં પરવાળી ભાગીરે.
સીતા જીભડી અમરતવાણરે, સીતા બોલથી ચતુર સુજાણરે.
સીતા નાસીકા તેલની ધારરે, સીતા આંખ તે આંબલા ફાડરે.
સીતા લલવટ આંગળ ચારરે, સીતા ભમર ગોફણલા તે ભાળેરે.
સીતા કાન તે ચૈત્ર હીંડોળારે, સીતા સેંથી તે મોતીની સ્હેરરે.
સીતા વેણી રચી સેસ નાગેરે, સીતા વાંસો તે ચોરસ ચોકરે.
સીતા વરરે વીધાત્રા વખાણેરે, છત્રપતી મળ્યા સભા માંહેરે.
કાને કુંડળ લલિત માદળીયાંરે, જાણે કામધેનુ સાંકળીયાંરે.
બહુ મુલી ઘુઘરવંત ઘોડારે, હાંજી ભમતા ફરે રથ ઘોડારે.

અજ ઇશ શરણુ જેને આવેરે, તે તો કંમરે ચિર વીટલાવેરે.
રામ તાણી કરીને બંધાવેરે, ગોર સુંદરી બોલ સુણાવેરે.
બળીયા બહુ બાથે આવેરે, તોએ ત્ર્યંબક તસુએ ન હાલેરે.
હઠ મુકોની રાવણ રાણારે, ગત ભાંગીને હાથ ચંપાણારે.
મોટા ગયારે સભામાં હારીરે, ત્યાંતો જાનકી રહીરે કુંઆરીરે.

રાગ પ્રથમનો.

વ્રથા તો ભાંગી ગઇરે હવે થંભ ઊપેર ભાર,
પૂર્વ જનમની પ્રીતડી તમે સેના સંભારો નાથ.

ઉથલો.

આપણી પુરવની પ્રીત સંભારોરે,
અનો મહીમા મંડપમાં વધારોરે.
બેઠા થાઓની બળવંત બળિયારે,
તમને જોવા ભોવન ચૌદ મળીયારે.
ગુરુ કહો તો હું ત્રંબક ભાંજુરે, લઘુ વેશે હું કહેતાં લાજુરે.
સહુ દેખતાં સતખંડ કીધારે, રામે જિત્યાના જસ લીધારે.
રામ હાથે તેંતાળી લેવાયરે, સીતા માથેતે મોડ બંધાયરે.

રાગ પ્રથમનો.

મોડ બંધાવે હરખીરે બાઇ વરવા ત્રીલોકનો નાથ,
સીતાએ મન વાંછીયો તે પામીયાં શુભ નાથ.

ઉથલો.

વીશ્વામીત્ર તે ચોરી બંધાવેરે, કડવા મીત્ર તે વેદ ભણાવેરે.
ગાયેત્રી સાવેત્રી વધાવેરે, વરને પોંખીને માંહે પધરાવેરે.
સીતા હીંડે તે સજન સાહેલીરે, સીતા મંગળ વરતે પેહલીરે.
બીજે મંગળે હવા અતી સ્નેહરે, સીતા આગણુંને મંગળ વરતેરે.
કાંકણ ચુડી તે હાથે ખળકરે, સીતા ચોથુંને મંગળ વરતેરે,
સીતા ગયારે પરાયે ગોત્રરે.

રાગ પ્રથમનો.

સીતાનો હાથેવાળો મેળીયોરે બાઇ, સાથ સારંગપાણ,
સહુ રાય રાણા દેખતાં દીધાં તે કન્યાદાન.

ઉથલો.

કન્યાદાન દીધાં દેવ રાયેરે, કન્યાદાન લિધાં રઘુરાયેરે.
તેતો જુગ સઘળેરે ગવાએરે, વાત વૈકુંઠ લગી વખાણાએરે.

(સીતાજીનો સોહેળો.)

(૮૨) ત્ર્યંબક તોડે બાંધીયા, કંકોતરીરે લખાય,
રાજા જનકરાય જંગ માંડીયો, ચોપાસ વધામણી જાય,
સીતાજીનો સોહેળો.
મંડપ રચીયો મોકળો, સોવણ સ્તંભ વિશાળ,
જાળી જરુખા ને ગોખબારી, ત્યાં જડિયો છે લાલ પરવાળ. સીતા૦
પરી રચીરે ફરતી પુતળી, ત્યાં કનક ખુરસી ને પાટ,
મંડપ છાયો મોગરે, બહુ જાચવા મળીયા ભાટ. સીતા૦
ત્યાં દેવ દાનવ જક્ષ કિંનર, રાજકુળ છતરીસ,
ચો દીશાએ આવરી, જીરે જાન જોજન દશવીસ. સીતા૦
ઘોંઘાટ માતો માંડવો, ભેટે ભલેરા રાય,
છાજતારે આસન છત્રચંમર, રાજા જનકને હરખ ન માય. સીતા૦
મગમગેરે માતી માલણી, ચોસેર ચાંપાં ચાર,
ગંધ્રપ બોલે છાગતાં, ત્યાં તો થૈ નાટારંગ થાય. સીતા૦
મોઘરેલ તેલ ને ચુવાચંદન, અરગજા ને અબીલ,
કેસર ગુલાબનાં છાંટણાં, સંતોખ્યાજી બાવનવીર. સીતા૦
સાંતિક સારી ને ગોખબારી, કાંકણ પહેર્યાં હાથ,
પીઠી કરે સહુ પદમની, ગુજરી સહુ ગોરી ગાય. સીતા૦
ચોપાસ ભાળે જાનકી, મારો કંઠ શ્રી રઘુરાય,
નહી અવર રાણા રાય ભાળ્યા, આભૂષણ અંગ સોહાય. સીતા૦

સીતા તો મન સોચના કરે, મારું કમળ કોમળ ઇશ,
રાજા જનક પણ પાખી રહ્યા, બીજાસે ના કીધાં પણ ઇશ. સીતા૦
ત્ર્યંબક ધનુષને સજ કર્યું, કોઇ વીર વરસે શીર,
ધિક ધિક પડો મુજ તાતને, મારો મુરખ તાત અભીર. સીતા૦
દશવદન રીસ ચ્હડી ઘણી, ધસીને ઘાલ્યો હાથ,
ભુજ ચંપાણા નવ નીસરે, બળવંત ભરાયો શ્વાસ. સીતા૦
તાળી લીએ સહુ તારુણી, સુરલોક જોવાને જાય,
લંકેશ્વરનાં વદન લાજે, ત્યાં તો હસે સકળ સુરીરાય. સીતા૦
મહીપતીરે ઉઠ્યા મુછ મરડી, ધીર વીર સુજાણ,
નહીં સર તળે ત્ર્યંબક તોડે, હારીને તજીયાં માન. સીતા૦
ઋષિ સભામાં રઘુવીર લક્ષમણ, સાથ બંધવ જોડ,
વશિષ્ઠ આજ્ઞા દો મુજને, આ ત્ર્યંબક ભાંજવા કોડ. સીતા૦
ઋષિ કેહેરે બાળક બોલ મા, શું થયો બુદ્ધિ અજાણ,
હારીયારે સુરીનર સુભટ સહુ, હવે ખોઇશ બ્રાહ્મણનાં માન. સીતા૦
મુખ હસે ને કર સંપુટ કરે, દો આગન્યા મુજ ઇશ,
તમ પ્રતાપે વરૂ સીતાને, જો સરજ્યું હશે જુગદીશ. સીતા૦
એણીપેર કહી હરખે ધસી, આવ્યા જ્યમ અસાડી મેહ,
ત્ર્યંબક ધનુષને સજ કરું, એવું એક રહ્યું ચિત્ત તેહ. સીતા૦
ક્યાં કામ કોટીક પાંડવોરે, ચંદ્ર છો રઘુરામ,
મુરખપણે એમાં કરી, કસ્તુરી કદમને ઠામ. સીતા૦
ક્યાં મેરુ આગળ માણસ, ક્યાં હસ્તી આગળ બાળ,
ક્યાં કેળ સાથે બાથ ભરવી, એ કઠણ કંટાળાની જાળ. સીતા૦
સીતા તે મન સોચના કરે, બાઈ શો કરુંરે ઉપાય,
રઘુનાથ પાખી હું નહીં વરું, મારા પ્રાણ તજીસ પ્રભાત. સીતા૦
સીતા તે મન સોચના કરે, બાઈ શો કરુંરે વિચાર,
રઘુનાથ પાખી હું નહીં વરું, મારે કંઠે લગાડીશ પાશ. સીતા૦

છોટી કછોટીને શીશ છોટી, કમળ કોમળ વાન,
કેસરીરે લંક લટકતા, રઘુનાથજી બીનલે વાન. સીતા૦
તું ભવોભવ ભરતાર વર, ભૂધર કરજો સહાય,
હવે લગ્ન વેળા સજ થઈ, ક્ષણ એક ન લાગે વાર. સીતા૦

કડવું ૨ જું.

સીતા કેહ સૈયરરે, મહીયર માહેરું,
આ જોની શું થાશેરે, કારજ એ રહ્યું.
મુજનો પ્રાણ લેરે, કો નરસું કહેશે,
સુરીનર દેવતા રે, સહુ કોઇયે હસે.
અપજશ જનકને રે, જોતાં છે ઘણો,
મોરે શીર લાગશે રે, ભવનું મ્હેણલું.
કોણ ત્ર્યંબક ભાંજસેરે, તાત હસ્યું થાશે,
જો રામ રીસાવસેરે, તો ભવ કયમ જાશે.
મેના કહે માવડીરે, તપ તેં સું કર્યો,
આ કીયા કાળનોરે, બાઈ તેં વરરે વર્યો.
કાલો ને કુબડો રે, કુટુંબ દયામણો,
અંગે વસ્ત્ર વિના રે, દિસે લજામણો.
ઝોળી ને ટોપી રે, રાખ ચોળી ઘણી,
એ સખી માહરી રે, ઉમયાનારે ધણી.
ઉમયાને દુઃખમાં રે, સૈયર શી મણા,
અક્ષર લખજો રે, સ્વામી નરમળાં.
પ્રભુજી તું સાંખજેરે, અવગુણ અમરે ભણી,
ભવોભવ ભૂધરા રે, સીતા તમરે તણી.

કડવું ૩ જું.

તમતણીરે સીત ને પ્રીત પુરણ, ભક્તિ કારણ કેશવા,
અવતાર વારોવાર દશ લીધ, દુઃખ સઘળાં ટાળવા.

તેં મથ્યોરે દધિ મહામચ્છ રૂપે, શંખ ભેદ્યો નરહરી;
પ્રભુ વેર વાળી શોક ટાળી, જન્મ વિદ્યા વિસતરી.
કસ્યપ રૂપ કઠોર કષ્ટે, મેરુસુ સાગર મથ્યો;
તું વસ્યોરે કમળા રત્ન સાથે, તે સમો હવડાં નથી.
વિકુટ રૂપ વરાહ વીઠલ, ધર્યું ધરણી તોળવા;
પાતાળ ખોળી ધરા તોળી, દેવ દુ;ખ નિવારવા.
હીરણ્યકસ્યપ હણ્યો હેરી, સ્તંભ ભેદ્યો નરહરી;
પ્રહલાદ થાપી રાજ આપી, દાસ હું કયમ વીસરી.
તું જમદગ્નિકુળ અવતરયો, ક્ષત્રી તે વશે ખપકરી;
બહુ ભાર ટાળી અંત આણી, તાત વાણી ઊર ધરી.
લઘુ વિપ્ર બાળક અવતર્યા, જઇ જગ્નમાં બળી જાચવા;
ઉષ્ણ કિરણ અવની દીપત, રસાતાળ જઈ ચાંપવા.
પરશુરામ, પરશોત્તમા, પ્રેમા તે નંદ પરશુધરા;
મુજ લાજ કાજ કરોની કિંચિત, માત્ર ધનુષને ભાંજવા.
એ સીતગીતને પ્રીત પામું, નૈણે જોતાં સુખ કરે;
એમ ભણે બ્રહ્માનંદ રામ, ગાતાં તે દુખ સહુ વિસરે.

કડવું. ૪ થું.

એક મંન જાણ્યું સીતાનું, પછી ધનુષ ધરીયું સીસ;
લીલા કરી લટકાવીયું, કીધા કડકલા વીસ પચ્ચીસ,
સીતાજીનો સોહેળો.

દુંદુભિરે વાગ્યાં દેવનાં, ફુલડે વરસ્યા મેહ;
વરમાળ ઘાલે જાનકી, ત્યાં તો પુરણ પ્રગટ્યા સ્નેહ. સીતા૦
ઘુંઘટ ખોલે ને નૈયણાં ચોળે, મુખ જોય શ્રી રઘુરામ;
કુંડળ લળકે ને મુગટ ચળકે, ત્યાં કોટી કંદ્રપ એક ઠામ. સીતા૦
નાક સાહી રામ નરખીયા, ગળે આરંભ્યા ઘાટ;
આણી બેસાડયા વર માહેરે, જીરે બેસણ સુનાના પાટ. સીતા૦

આલેશરારે વાંસ અણાવીયા, લીલડા કળસ ચિત્રાય;
એક ચાર વેદી રચી ચોરી, ત્યાં નાગ જ કેરા પાશ. સીતા૦
મંગળ વરતે માનુની, વરત્યાં તે મંગળ ચાર;
લાજારે હોમ ત્યાં અવનવા, જીરે પચીયો છે સાર કસાર. સીતા૦
એક સીતા જમાડે રામને, સરસી જમાડે સીત;
બેહુ અન્યોઅન્ય જમાડીયાં, જીરે વાળ્યાં ઓછીનાં કોડ. સીતા૦
ત્યાં જનકનારી કરે ઝારી, સીસ કંચન મોડ;
આચમન લેવડાવે રામને, જીરે પોતાં છે મનડાનાં કોડ. સીતા૦
સહીયર હસે શ્રીરામને, સરસી હસાવે સીત;
એમ અન્યોઅન્ય હસીને વદે, સહુ માનુની દો આસીસ. સીતા૦
પૂજા કરી વિધિયે કરી, ગોત્રજને નામ્યાં સીસ;
અભિવંદન દેવે કીધાં, જીરે રથે ચહડયા જુગદીસ. સીતા૦
માફા મનોહર જોતર્યા, હણહણતા બે સાંડ;
ધસમસ માતાને રંગ રાતા, જીરે હસ્તી સ્હેસ્ત્ર અરાડ. સીતા૦
ત્યાં તો ફોટી કંચનપાલખી, ચોપાસ મોતીની ઝુલ;
ઘોડા તે જોજન પાખરા, ત્યાં સાંડતણું નહીં મુલ. સીતા૦
દશરથતણું રે દળ સંચર્યું, દીસે તે જેવો સૂર;
પાર ન પામું જાનનો, ત્યાં તો ઊલટયો સાગર પૂર. સીતા૦
જળહળેરે ભાલા તરવાર પરસુ, કવચ કુંડળ કર્ણ;
અયોધ્યા નગરીમાં જાન આવી, જોવા મળી અરાડો વર્ણ. સીતા૦
તરીયા તે તોરણ વાવર્યાં, ઢબલ ઢોલ નિશાણ;
જાન આવી ઊતર્યા, જીરે વરતી રામની આણ. સીતા૦
એ સીતગીતને પ્રીત પુરણ, ગાઓ માનુની મન;
એણીપેર તે હરખે વદે, બ્રહ્માનંદ રઘુકુળ ધામ, શ્રી
રામનું નામ. સીતા૦

રાતનાં ગાવાનાં ગીત. (ઘોડી.)

(૮૩) લીલી ઘોડીરે લીલો ચાબખો, ઘોડી ઘણુ ગાજે;
લીલડાં જડીત્ર પલાણ, બ્હેવણુ મારી છંદે નાચે.
છંદે છુંદાવ્યાંરે છુંદણાં, ઘોડી ઘણુ ગાજે:
હોંસે રંગાવ્યા કાળા દાંત, બ્હેવણુ મારી છંદે નાચે.
ઘોડી ચ્હડી જ્યાવર સંચર્યા, ઘોડી ઘણુ ગાજે;
મોહી રહ્યા ચારો દેવ, બ્હેવણુ મોરી છંદે નાચે.
પેહલેને વિશ્વનાથરે મોહી રહ્યા, ઘોડી ઘણુ ગાજે;
ગયામાં ગદાધર દેવ, બ્હેવણુ મારી છંદે નાચે.
અગણે ને કંતારનાથ મોહી રહ્યા, ઘોડી ઘણુ ગાજે,
ચોથલે મ્હોળેશ્વર દેવ, બ્હેવણુ મારી છંદે નાચે.
ચારોએ મોહીને શું કીધાં, ઘોડી ઘણુ ગાજે;
રાખ્યા મારા દ્રવ્યના રંગ, બ્હેવણુ મારી છંદે નાચે.

વરને કે કન્યાને પરણવા પહેલાં સ્નાન કરાવતાં ગા૦ ગી૦

(૮૪) અંઘોળડી ગંગાના નીરરે, લાડકડો અંઘોળ કરેરે. ૧
અંઘોળડી માડીને હાથરે, લાડકડો અંઘોળ કરેરે. ૨
અંઘોળડી તાપીનાં નીરરે, લાડકડો અંઘોળ કરેરે. ૩
અંઘોળડી બ્હેનને હાથરે, લાડકડો અંઘોળ કરેરે. ૪

વર ગણપતિપૂજન કરે, તે વેળા ગાવાનું ગીત.

(૮૫) વાન સોભાગીરે જ્યાવર તો, વાનલો કયાં હવોરે. ૧
કોણે તારાં નયણાં સમારચાં તો, કોણે તારી સેસ ભરીરે. ૨
આદિતે નયણાં સમારયાં, તો રંનાદેવે સેસ ભરીરે. ૩
લે લાડકડા સુનયાની મૂઠ, રુપયા તારે ભામણેરે. ૪
ભામણિયાં તો લેછે માને બાપ તો, બ્હેન કરે ઓવારણાંરે. ૫

ઘોડે ચડતી વખતે ગાવાનું ગીત.

(૮૬) કુંઅર હેલ દઇ ઘોડે ચ્હડીયા, તારા વેરીને ધાસકા પડીયા
કુંઅર દહીંયનાં ગોરસ ખાટાં, ત્હારા વેરીનાં હૈયડલાં ફાટાં.
કુંઅર દહીંયનાં ગોરસ મીઠાં, ત્હારાં વ્હાલાંએ અચરત દીઠાં.
કુંઅર ખુંપેછે અસરો ને મસરો, જોવા આવ્યાં તે
સાસુ ને સસરો.
કુંઅર ખુંપેતે જડીઆરે ખાપ, સાજનમાં સોહ્યે જીયા-
વરના બાપ.
કુંઅર ખુંપેતે જડીયારે હીરા, સાજનમાં સોહ્યે જીયા-
વરના વીરારે.
કુંઅર ઘોડે છે ફુલની પાખર, તારં સભા સોભીતુંરે સાજન.
કુંઅર ઘોડે છે ફુલની વાડી, કરવડી ઝાલે જીયાવરની માડી.
કુંઅર ઘોડા પાછળ કામધેન, રથે બેસે જીયાવરની બ્હેન.

વરઘોડામાં ચાલતા ગાવનું ગીત.

(૮૭) જગજીવનને ગાઇયેરે, નંદતણા જે કહાન;
અવની ઉપેર પ્રગટીયા, હરીએ દૈત્યનાં ઉતારયાં માન,
શ્રી કૃષ્ણ ઘોડે ચડ્યા.
ઘોડી ગુર્જર દેશની રે, કનકતણારે આસંન;
પાઓલીએ પીરા જડ્યા, પ્રભુ પગ દોની ધરીને મન. શ્રી કૃષ્ણ.
મણીયારે માણેક જડ્યારે, તળવે ત્રીકમ જોડ;
નાળ બંધીરે અતી નીરખતાં, હુંને એ વર જોયાનાં કોડ. શ્રી કૃષ્ણ.
તેલ કંચોળાં ને આમળાંરે, ઉષ્ણોદક અતિસાર;
મરદન કરાવે સહુ સુંદરી, જીરે નાહ્યા તે શ્રી ભગવાન. શ્રી કૃષ્ણ.
આવો નવડાનું નાથજીરે, વાઘા વીઠલ જેહ;
કસ્તુરી કેસરવડે, છાંટયાં, પહેરોની પ્રભુજી પેર. શ્રી કૃષ્ણ

નાહી ધોઇ વર ઉઠીયારે, અંગુછે લોહ્યાં દીલ;
લીલાં પીતાંબર પેહેરણે, પીળાં ટીલાં કીધાં જુગદીશ. શ્રી કૃષ્ણ.
કંદોરે માણેક જડયાંરે, સુંને ગાંઠી સેર;
પાગેતે સોહ્યે લંગર પોલરી, હરીની ઘુઘરી વાગે ધમધમ. શ્રી કૃષ્ણ.
હાથે તે સોહ્યે કલ્લાં વાંકડાંરે, વેડ ને વીંટી જડાવ;
નાધડીયાને સોહ્યે નવધરાં, હરીનાં સાંકળાં રત્ન જડાવ. શ્રી કૃષ્ણ.
બાંહે બાજુબંધ બેરખા રે, માદળીયાં રે જડાવ;
કોટે તે સોહ્યે દશ સાંકળી, દુગદુગીમાં ઝળકે લાલ. શ્રી કૃષ્ણ.
મસ્તકે મુગટ સોહામણો રે, મકરા કુંડળ કાન;
ટીલાં કીધાં કેસરતણાં, હરીને મુખરે બ્હોળા તંબોળ. શ્રી કૃષ્ણ.
અક્ષત કર શ્રીફળ આલ્યાં રે, માડીએ બાંધ્યા મોડ;
પ્રભુજીને પીળીયાં ઓવારણે, વરની ભાભીએ ભરી મોતી સેર. શ્રીકૃષ્ણ.
બેન કરે ઓવારણાં રે, માતાએ ભરી સેસ;
વડીઆઇ માતાએ નરખીયાં, બેન સોભદ્રા તે ભામણાં લેસ. શ્રીકૃષ્ણ.
ઓધવ અનંત સણગારીયા રે, ખુંપે જડયોરે પ્રલ્હાદ;
દેવકીએ નૈયણાં સમારીયાં, જીરે હરીમન હવારે ઓલ્લાસ. શ્રીકૃષ્ણ.
અશ્વ ગંગાજળ આણીયાં રે, સાબ સુનાનું પલાણ;
પાછળ ઝુલ હીરે જડી જીરે, મોતી સોહ્યે આમળાં પ્રમાણ. શ્રી કૃષ્ણ.
નાગરવેલ આણી અવનવી રે, અધરે બોળી રંગ;
હેલ દઈ ઘોડે ચ્હડયા સુખી, સુરીજન હવારે આનંદ. શ્રી કૃષ્ણ.
દુઃખી દુરીજન પડ્યા મન ભંગ, શ્રી કૃષ્ણ ઘોડે ચ્હડયા;
સુરી નર મુની વર સાજના રે, જાદવ ચાલે જોડ.
છત્રપતી મળ્યા દેવતા મળી, સરખે ને સરખી જોડ. શ્રી કૃષ્ણ.
લાલ રેશમના વાવટાં રે, નવરંગી રે નીશાણ;
પીળી પતાકા ઝળહળે, ધજાએ તે ગરુડની સાન. શ્રી કૃષ્ણ.

પાલખી ભલી સણગારીએ રે, ઓઢે જડયા રે માણેક;
જાદરણીમાં સોઇયે વર બેનમાં, સાબેલામાં સોભીતા ભાણેજ. શ્રી કૃષ્ણ.
વેહલે વારુ સુંદરી રે, માર્યે મોહન નાર;
પાલખીએ વર બ્હેન મા, તે તો ગાન કરે રે અપાર. શ્રી કૃષ્ણ.
ઘોડા તારી કલગીએ રે, ચુની ઝળકે અપાર;
ત્યાંને બેસે શ્રીયકૃષ્ણ ફુટડા, એના તેજ તણો નહીંપાર. શ્રી કૃષ્ણ.
ચંદ્ર સુરજ દીવી કરે રે, છત્ર ધરે રે મહાદેવ;
ઈંદ્ર ઉપર ચંમર કરે ત્હાં તો, મળ્યારે તેત્રીસ ક્રોડ દેવ. શ્રી કૃષ્ણ.
હાથીડા સણગારીયા રે, ઘોડે ઘુઘર માળ;
રાજ મોહનરથ જોતરયા, જીરે વરઘોડે ચ્હડ્યારે ગોપાળ. શ્રી કૃષ્ણ.
કેસરે છાંટયાં છાંટણારે, ગુલાબે છાંટી વાટ;
સાજન સહુ સગે મળ્યું, ગુણ ગાએ તે કાળીદાસ. શ્રી કૃષ્ણ.
ઝીણીરે વેહેલ ઝીણા બળદીયારે, ન્હાનાં વહુવરની જોડ;
આજ મારા જીઆવર પરણીયા જીરે, પ્હોતાં છે મનડાંનાં કોડ. શ્રી કૃષ્ણ.
સાંડીયા કોટે સાંકળીરે, બળદીયા કોટે ચંદ;
આજ મારા જીઆવર પરણીયા જીરે, અંબામાએ રાખ્યો રંગ. શ્રી કૃષ્ણ.

વરને પોંખતી વેળા ગાવાનું ગીત.

(૮૮) સેરી સેરી ઘુઘરડા વાગેછે, કોઇ ઉમરાવ જાદો આવે છે.
કોઇ જાણ કરો પીછાન કરો, પેલા નવલા વેહેવાઇને જાણ કરો.
પેલા કોડીલા વેહેવાઇને જાણ કરો.
તારી સેરી છે સુગાળીરે, તારી ઘરધણીયાંણી કાળીરે.
મારી જાનમાં આવ્યા મોટારે, વેહેવણ જળ ભરી લાવો લોટારે.
વહેવણ લેજેરે કુંકાવટી, તારે બારણે આવ્યો નાણાવટી.
વેહેવણ લેજેરે સોપારી, તારે બારણે આવ્યો વેપારી.
વેહેવણ લેજેરે સુપડલું, તારા ભવનું તે ભાંગું દુખડલું.
તારા ચુલા પછાડી ગારોરે, તારે દીકરી જણ્યાનો વારોરે.

તારા ચુલા પાછળ ઇંટરે, તારે દીકરી જણ્યાની રીતરે.
તું તો દીકરી જણી જણી થાકીરે, આંબા કેરીની પેઠે પાકીરે.

તોરણપર વર ઉભો હોય તે વેળા ગાવાનું ગીત.

(૮૯) તોરણે ટચકીરે ટાટલી, માંડવે આવડો સો સ્હેર.
કેરે આવ્યોરે રાણો રાજીઓ, કેરે આવ્યોરે સુલતાન.
નદીરે આવ્યોરે રાણો રાજીયો, નદીરે આવ્યોરે સુલતાન.
બેટો આવ્યોરે—તણો, તે અવસરે આવડો સો સ્હેર.
જાયો આવ્યોરે-વહુ તણો, તે અવસરે આવડો સો સ્હેર.
વીરો આવ્યોરે-બ્હેનતણો, તે અવસરે આવડો સો સ્હેર.
વ્હાલો આવ્યોરે-તણો, તે અવસરે આવડો સો સ્હેર.
કાલો આવ્યોરે—તણો, તે અવસરે આવડો સો સ્હેર.
કન્યાયે બાપ જગાડીયો, તે અવસરે આવડો સો સ્હેર.

માહિરામાં વર બેઠા પછી ચોરીમાં જે રીત થાય તે વેળા ગાવાનું ગીત.

(૯૦) મ્હાવર તોરણે આવ્યારે. ૧ સાળાએ સલોકા બોલાવ્યારે. ૨
સસરાએ પૂજ કરી પધરાવ્યારે. ૩ નવી વેહવણ લો સણગારરે. ૪
પ્હેરણ પીળડા પાટરે. ૫ હોડણ નવરંગી ઘાટરે. ૬
છાંટે છે કન્યાનો ભાઇરે. ૭ પાંખવાની કરોની સજાઇરે. ૮
વેહવણ ધોજે તારા હાથરે. ૯ તાણજે મારા જીયાવરનું નાકરે. ૧૦
રખે મારા મોતીનું પાણી જાયરે. ૧૧ રખે મારો હીરલો ઝાંખો થાયરે. ૧૨
રખે મારું મોગરડું કરમાયરે. ૧૩ ઝુસળ મુસળ ને રવાઇરે. ૧૪
સાસુએ પાંખ્યા છે જમાઇરે. ૧૫ સરીયો સાંપડ ને ત્રાકરે. ૧૬
હરખીને તાંણ્યાં છે નાકરે. ૧૭ હરખીને નાખી છે પીંડીરે. ૧૮
નવી વેહેવણ હરખે હરખે હીંડીરે. ૧૯ હરખીને ઉતાર્યાં સાંપડરે. ૨૦

ચરણ જીવો નવી વહુનાં ઢાંકણુરે. ૨૧ ગળે ધાટ ધાલીને તારયારે. ૨૨
મંડપ માહેરડામાં આણ્યારે. ૨૩ જીયાવર અરડ મરડ કરી પેઠારે. ૨૪
જઇને સાસુની સ્હોડમાં બેઠારે. ૨૫ વ્હેવણ તારૂં મોટું પુન્યરે. ૨૬
તું તો જમાઇ પામી રતંનરે, ૨૭ તડકે બેસીને તપ કીધાંરે. ૨૮
તાપીમાં અધજળ વચ્ચે ન્હાઇરે. ૨૯ તે પુન્યે રુડા જમાઇ પામીરે. ૩૦
માહેરડામાં શ્રી મહાદેવરે. ૩૧ કન્યા આણી છે તતખેવરે. ૩૨

✓ ચોરીમાં વર બેઠા પછી ગાવાનું ગીત.

(૯૧) મોહન સરખુંને માહેરડુંરે, તમને બેઠું સકળતણું સાસરડુંરે.
મંડવ હેઠ રચ્યું માહેરડુંરે, ત્યાંને બેઠું વરવહુઅર લાડકડુંરે.
વર દેખી હરખ્યું સાસરડુંરે, વરવહુ સરખે ને સરખ જોડરે.
બેહુ મળ્યાં એકોને અંગે નહીં ખોડરે, વર કાળોને કન્યા ગોરીરે.
તોરે એના મુખ લુહોની ચોળીરે, હવે એને વદને તે કાંચળી લેવડાવોરે.
તોરે મારી રુખમણી તે વશ થાયરે. સહીયર કાંચળડી મુખ લ્હોયરે,
ઉભા નરનારાયણ જોયરે.
હવે એની કાયા ટોપલે ઢંકાશેરે, તોરે મારી રુખમણીને વશ થાશેરે.
દીપક ચાર મુકયા અજવાળીરે, માહેરાંમાં બેઠા દેવમોરારીરે.
વર ગોરો તે કન્યા કાળીરે, હરીએ હસી લીધી હાથ તાળીરે.
વાળી પાનતણી કર બીડીરે, બેહુ મળ્યાં અન્યોઅન્ય લઇ ભીડીરે,
હવે એની ટોપલે ઢાંકોની કાયારે, જેમ સ્હડે રુખમણી ઉપર માયારે.
જોરે મારી રુખમણીને વશ થાયરે, તોરે એના મહીપતી લક્ષણ જાયરે.
મુકો પ્રભુ ધાભળડી ને ધોળીરે. હવે તમે પરણ્યાછો રુખમણી ગોરીરે.
મુકો પ્રભુ ખાંધેથી કાંમળી કાળીરે, હવે તમે પરણ્યા છો ભીમક બાળીરે.
મુકો પ્રભુ વનચરકેરો વેશરે, ભીમકરાએ આપ્યા ખીરોદક બેશરે.
મુકો પ્રભુ આહીરડાંનો સાથરે, હવે થયા ભીમક રાયના જમાત્ર રે.
ધન મા ચારસો દેવમોરારી રે, હાંરે તમે ધાવીને પુતનામારી રે.

ઉખળ બાંધ્યા માખણને કાજરે, કન્યા ચોર કહેતાં આવે લાજરે.
નંદઘેર માખણકાજે રોયરે, ત્યાંને મારાં રુખમણી ઉભાં જોયરે.
નંદઘેર આહીરડામાં જોતોરે, ઘેરઘેર માખણ ખાધાંની વાતોરે.
માખણ ચોર્યાનું આચરણરે, તોરે તમે કીધું રુખમણીનું હર્ણરે.
રાવણ મારીને સીતા લીધીરે, અયોધ્યા નગરી તે પાવન કીધીરે.
કીધાં દૈત્ય સંગાતે જુદ્ધરે, ભાણેજ મરાવ્યો અભીમંનરે.
માર્યો નરકાસુર કીધી કરણીરે, લાવ્યા સોળસહસ્રને પરણીરે.
ગોપી લીલા વૃંદાવંનરે, ગોકુળ રાસ રમ્યા ગોવીંદરે.
કીધી સુધનવાને સાથરે, હાથી ઉગાર્યો વનમાંહેરે.
પાંડવ કપટે મોકલ્યા વંનરે, સોભદ્રાને બળે પરણાવ્યા અરજુનરે.
વેડ વીટી તે કર આંગળીયેરે, રુખમણી હાથ ગ્રહ્યો સાંમળીયેરે.
કાંકણ ખળકે ને ચુડી ચળકેરે, શ્રી કૃષ્ણને જોઇ જોઇ રુખમણી હરખેરે.
અંગે વસ્ત્ર પ્હેર્યાં નીધાનરે, રુખમણી પુઠે સુંદર સ્યામરે.

વરકન્યાનો હાથેવાળો મળે તે વેળા ગાવાનું ગીત.

(૯૨) ઢોલા ઢમકયારે વરવહુના હાથ મળ્યા.
જેમ ઇશ્વર ને પારવતીના હાથ મળ્યા,
તેમ જીયાવર ને નવી વહુના હાથ મળ્યા.
પારવતીની સૈયો સાથ મળ્યા;
સો૦ જેમ-ભાઇને વહુના હાથ મળ્યા,
તેમ જીયાવરને નવી વહુના હાથ મળ્યા.

માંડવામાં બેઠા બેઠા વરકન્યા તરફથી સ્ત્રીઓ ગાય છે.

(૯૩) જેમ આજ ગણપત વરાઇયે, તેમ સોભ સારો ગાઇયે.
તેમ સોભ સારો ગાઇયે, જેમ આજ ગણપત વરાઇયે.
સોભાગ સોભલાડીને આંગળી, જાને તે આવી પાંગળી.
જાને૦ તેમ સોભલાડીને આં૦

સોભાગ સોભલાડીને પાટલી, તોરણે આવી તાટલી. તોરણે૦
તેમ સોભ લાડીને પા૦
સોભાગ સોભલાડીને ધૂટી, સોપારી આપ્યાં મૂકી. સોપારી૦
તેમ સોભલાડીને ધૂં૦
સોભાગ સોભલાડીને નળે, જેમ એ વર આવ્યો કળે. જેમ
એ૦ તેમ સોભલાડીને ન૦
સોભાગ સોભલાડીને ધુંટણે, જેમ ઘઉં ભરયા છે દુંઢણે. જેમ
ઘઉં૦ તેમ સોભલાડીને ધું૦
સોભાગ સોભલ્લાડીને ઝાંગે, જેમ એ વર આવ્યો આંગે.
જેમ એ૦ તેમ સોભલાડીને ઝા૦
સોભાગ સોભલાડીને કેડે, જેમ વરને કન્યા તેડે. જેમ વર૦
તેમ સોભલાડીને કે૦
સોભાગ સોભલાડીને દુંટી, જેમ સુના લઇયે ચુંટી. જેમ
સુ૦ તેમ સોભલાડીને દું૦
સોભાગ સોભલાડીને પેટે, જેમ બગલાં બેઠાં બેટે. જેમ
બ૦ તેમ સોભલાડીને પે૦
સોભાગ સોભલાડીને હૈયે, જેમ વ્હેલ જોડી બે પૈયે. જેમ
વ્હે૦ તેમ સોભલાડીને હૈયે૦
સોભાગ સોભલ્લાડીને હાથ, જેમ લાંબા ટુંકી જાત. જેમ
લાંબા૦ તેમ સોભલાડીને મ૦
સોભાગ સોભલાડીને ખભે, માણેક મોતી મભે. માણેક૦
તેમ સોભલાડીને ખ૦
સોભાગ સોભલાડીને કહાંણી, જેમ દહીએ ભરી બે દહાણી.
જેમ દ૦ તેમ સોભલાડીને કહા૦
સોભાગ સોભલાડીને કાંકણુ, માથે અંબાજી ઢાંકણ. માથે૦
તેમ સોભલાડીને કાં૦

સોભાગ સોભલાડીને ચુડી, જેમ વરથી કન્યા રુડી. જેમ
વર૦ તેમ સોભલાડીને ચુ૦
સોભાગ સોભલાડીને પ્હાંચે, જેમ સાસુ વહુને ટાંચે. જેમ
સા૦ તેમ સોભલાડીને પ્હાં૦
સોભાગ સોભલાડીને ગળે, જેમ એ વર આવ્યો બળે. જેમ
એ૦ તેમ સોભલાડીને ગ૦
સોભાગ સોભલાડીને કોટ, જેમ કંથ સરીસી ગોઠ. જેમ
કં૦ તેમ સોભલાડીને કો૦
સોભાગ સોભલાડીને હરફ્ટી, ઘી ખાંડ ને ઘી સરબડી. ઘી૦
તેમ સોભલાડીને હર૦
સોભાગ સોભલાડીને હોઠ, જેમ નાગરસી ગોઠ. જેમ ના૦
તેમ સોભલાડીને હો૦
સોભાગ સોભલાડીને દાંતે, જેમ એ વર આવ્યો ખાંતે.
જેમ એ૦ તેમ સોભલાડીને દાં૦
સોભાગ સોભલાડીને જીભડી, જેમ રાનમાં વાવી ચીભડી.
જેમ રા૦ તેમ સોભલાડીને જી૦
સોભાગ સોભલાડીને નાકે, જેમ સુડા બેઠા સાખે. જેમ
સુ૦ તેમ સોભલાડીને ના૦
સોભાગ સોભલાડીને આંખડી, જેમ ફુલતણી બે પાંખડી.
જેમ ફુ૦ તેમ સોભલાડીને આં૦
સોભાગ સોભલાડીને લલવટ, તરભાણું ભરચું તળવટ. તરભા૦
તેમ સોભલાડીને લલ૦
સોભાગ સોભલાડીને ભંમરે, જેમ વરને કન્યા ગંમે. જેમ૦
તેમ સોભલાડીને ભં૦
સોભાગ સોભલાડીને કાન, હીંડોળા બાંધ્યા રાન. હીંડો૦ તેમ
સોભલાડીને કા૦

સોભાગ સોભલાડીને વાળ, જેમ વાંનર હીંડે ડાળ. જેમ
વાં૦ તેમ સોભલાડીને વા૦
સોભાગ સોભલાડીને સેંથી, જેમ ધુપેલ દઇયે પેંથી. જેમ
ધુ૦ તેમ સોભાલાડીને સેં૦
સોભાગ સોભલાડીને ચોટલે, વેવાઈ બેઠા ઓટલે. વે૦
તેમ સોભલાડીને ચો૦
સોભાગ સોભલાડીને વાંસે, જેમ ઘરડો ડોસો હાંસે. જેમ
ઘ૦ તેમ સોભલાડીને વાં૦
આ એ સોહાસેણ બેસી, શીયાળે શીતળ જેસી. શી૦ આ૦
આ એ સોહાસેણ બેસી, હુંનાળે વાવળ જેસી. હું૦ આ૦
આ એ સોહાસેણ બેસી, ચોમાસે નીગળ જેસી. ચો૦ આ૦
આ એ સોહાસેણ બેસી, બતરીસાં બીડાં જેસી. બ૦ આ૦

(સોભમોટો).

(૯૪) શ્રી ગુરુ ગણપતીનાં નામ લીજે—બેહેનના વીહાનાં
કારજ કીજે.
વીહાના કારજ સિદ્ધ જાણી, ગણપતી બેસાડ્યા પાટ માડી.
ચોપાસ ભીત ઢોળાવો, સીંદુરના ગણપતી લખાવો.
ગણપની લખ્યાછેરે સળીયે,—બેહેન પૂજે મનની રળીયે.
ગણપતી લખ્યા સીંદુર ને ગુંદર, ગણેશને વાહન ઉંદર.
આપણા ગોરને તેડાવો, તેની પાસે પ્રતિષ્ઠા કરાવો.
આપણી મહીયારી તેડાવો, તેની પાસે ગણેશ પુજાવો.
મહેશ તે ગણપતી નામ ભણાવો, બીયના દીવડા અજવાળો.
ડાબે હાથે ફરસી ને જમણે ત્રિશૂળ, ઉજવળ દંત ને લાંબી સુંડ.
ગણેશને ચ્હડાવોરે કુંકું,—બ્હેનનું હેવાતન ઘણું ઉંડું.
ગણેશને ચ્હડાવોરે પાતરી, અખોવન—બ્હેનની ઘાટડી.

ગણેશને ચ્હડાવોરે દ્રોઇ, પૂજશે—બ્હેનની ફોઇ.
ગણેશને ચ્હડાવો કરેણાં,—બ્હેન પહેરે નવાં ઘરેણાં.
ધૂપદીપ નવીએદ ને કસ્તુરી, ગણપતી પૂજે ભાએગની પુરી.
અબીલ ગુલાલ ને સીંદુર, ગણપતી વીઘ્નને કરજો દુર.
ચોખા ફોફળ ને રે ફુલ, ગણપતી પૂજે ઉગતે સુર.
ગણેશને પૂજા રુડી રીતે થાય, ચ્હડાવોની જાસુસનાં ફુલ ને જાય.
બેઠા લાભને રે લક્ષ, ગણેશને મોદીક મુક્યા ભક્ષ.
લક્ષ લાભ જોડી રહ્યા બે હાથ, સુધ બુધ ચંમર કરે ચોપાસ.
સુધ બુધ નાકે છેરે મોતી,—બ્હેન પીહેરની પનોતી.
ગણેશ પૂજીને પાએ લાગે, વળી વ્હેલા—ભાઇને કાજે.
ગણેશ પૂજીને પેહેરો તાસ, પેહેરાવશે—બ્હેનના બાપ.
ગણેશ પૂજીને પહેરો સાડી, પેહેરાવશે—બ્હેનની માડી.
લાભ તો પેટીમાં મુકાએ, લક્ષ તો પગરણે ખરચાએ.
પીઠી આઠ દહાડા લગી ચ્હડે, રુવાપોરી આસરવાદ ઓચરે.
—બ્હેનને પીઠી ચ્હડી ઘણી સારી, દેખીને માડીની આંખ
થાય ટાહાડી.
ચોકમાં સાથીયા પૂરાવો, ત્યાં રુડા બાજઠ મંડાવો.
તે ઉપર—બ્હેનને બેસાડો, સુરીપાઠ સંભળાવો.
સુરીપાઠી આવ્યા છે રે ચાર, તે તો ભણે આસરવાદ.
આસરવાદ એવા એક દેજો, રાંદેલના જેટલું હેવાતન હોજો.
જેટલું આઇસ સૂરજને, તેટલું જીયાવરને હોજો.
જેટલું હેવાતન રાંદેલને, તેટલું—બ્હેનને હોજો.
બ્હેન—સુરીપાઠ સાંભળી ઉઠયાં, માડીએ મીઠાં ઉતારીને નાંખ્યાં.
બ્હેનના—મામા આવે, ઘણાં સારાં મોસાળાં લઇ આવે.
મોસાળામાં થર પાનેતર લાવે.
મોસાળું લઇ નેડી મામીરે ઉભી, માડીએ છાબ વધાવીને લીધી.

છાબ વધામણરે તાસ, આપસે—બ્હેનના બાપ.
ઉદયે આદિત જોશી આવે, મંડપ મોગરડે વધાવે.
જોશી મોસાળે આવ્યા, નારદ આવ્યા છે રે જાણે.
વેહેવાઇ જાણેરે આવ્યા, જાણાંમાં રૂપાનાં લંગર લાવ્યા.
પ્હેલાં લંગરનો ચાંલ્લો કરજો, મસ્તકે મોડ ને ઘાટડી ધરજો.
વેહેવાઇ જાણું ભરીને જાય,—બ્હેન પીળીયાં પ્હેરીને ન્હાય.
તાંબાંની કાથરોટ ઢોળાવો, સાંગામાચી મંડાવો.
તે ઉપર—બ્હેનને બેસાડો, ગાંગાંનાણાં કરાવો.
માનુની ચાર મળી છે ટોળે, ગાંગાંનાણાં કીધાં છે કોડે.
કોરાં પાનેતર પેરાવો,—બ્હેનને ગોર પૂજવા બેસાડો.
આંજીને પીયળ કહડાવો, મોતીડાં તપેરે લલાટ.
ગોરને ચહડાવોરે ચુવો, ગોર માતા અમીભરી દ્રષ્ટે જુઓ.
—વહુ નાણેરે જાઓ, જીયાવરને કહીયે જે તૈયાર થાઓ.
આવડાં થાંથા નારે થઇયે, હમારડે માંડવે આવી રહીયે.
આવડાં થાંથાં નારે થવાએ, હમારે તો લગન ઘડી વહી જાએ.
કોરી કરવડીરે અણાવો, જમણાને જનોઇ પેહેરાવો.
જનોઇ પેહેરીને વાંધી સંધ્યા, કુળવંત જોઇને દીધી કન્યા.
પીળી પાઘ ને વાઘો લાલ, સીર સોહઇયે તોરો ને ફુલ ગુલાલ.
વાંકી ભ્રગુટી ચપળ ચક્ષ સાર, જાણ્યું જે ખંજન પડીયાં જાળ.
મહાવર ઘોડલેરે ચ્હડીયા, મસ્તકે ખુંપ અનુપમ ધરિયા.
એને ખુંપે જડિયા ખાપ, સાજનમાં સોહઇયે જીયાવરના બાપ.
એને ઘોડે ફુલની પાખર, એનું તો સભા શોભીતું સાજન
એને ઘોડે ફુલની વાડી, કરવડી ઝાલે જીયાવરની માડી.
એના ઘોડા પાછળ કામધેન, રથે બેસે જીયાવરની બ્હેન.
જીયાવરનો ચ્હડ્યોછે વરઘોડો,—બ્હેનનો વાંકો વાળ્યો અંબોડો.
અંબોડે ફુલની ભરી છે જાળી,—બેહેને ગોર પૂજી ઘણી સારી.

માહાવર વાટડીએરે આવ્યા, વાટે મે વાસીદાં વળાવ્યાં.
માહાવર સેરીએરે આવ્યા, સેરીએ સેત્રંજા ટળાવ્યા.
માહાવર તોરણેરે આવ્યા, સાળાએ સલોકા ભણાવ્યા.
છાંટે છે કન્યાનોરે ભાઇ, પોંખવાની કરોની સજાઇ.
સરીયો સાંપડ ને રે ત્રાક, હરખીને તાણ્યાં છેરે નાક.
જાુંસળ મુસળ ને રવાઇ, સાસુએ પોંખ્યા છે જમાઇ.
ગળે ઘાટ ઘાલીનેરે તાણ્યા, મંડપ માહેરડામાં આણ્યા.
જ્યાવરના પખાળોની પાય, જ્યાવર પધારો માહેરામાંય.
માહેરામાં શ્રી મહાદેવ, કન્યા આણી છે તતખેવ.
સાબ સુનાનીરે વીટી, હીરલા જડિયા છે રે સાત.
દાન દે અંતારે—બેનના બાપ, સોહે પાણી તે જમણે હાથ.
દાન લે અંતારે જ્યાવર, સોહે પાણી તે જમણે હાથ.
અંબીકા બોલે છેરે વાણી, મુકયાં છે મયાદતનાં પાણી.
જોશી બોલે છે સાવધાન, દેવતા દેછે કન્યા દાન.
કોણે આવ્યાં વર ને વહુ, સાજન જોવા મળ્યું છે સહુ.
તલ છાંટીને મોહો ઉઘડાવો, વરવહુને અન્યો અન્ય દેખડાવો.
આંખ આંજે છે બેહુ જણ, જોય છે કાચ ને દરપણ.
કોળું ખુંદવા મળી બહુ નારી, મોહન કર ચાંપે સહુ નારી.
આજ હમારા માડવા માંહ્ય, વાન શોભા ઘણેરી થાય.
માંડવે આપોની ગાય ને ભેંસ, વહેવાઇને ઓરાડો કસબી ખેસ.
ઢોલ તળાઇ ને છપરખાટ, ઓરાડો ઘુઘરીઆળા ઘાટ.
ઉમયાશંકર માત ને તાત, ઉત્તમ નાગરીરે ન્યાત.
કૃષ્ણ બાઇનું જીવ્યું ધન, વરવહુ દેખઇતાં રતંન.
રાતી બાણીરે—બેહેન, તમને તે રાજ ઘણેરાં હોજો.
પીળી બાણીરે—બેહેન, પીયુ સાથે પ્રીત ઘણીરી હોજો.
લીલી બાણીરે—બેહેન, લીલા તે લક્ષ્મીવરની હોજો.
ધોળી બાણીરે—બેહેન, તમને તે ધંન ઘણેરાં હોજો.

✓ (કન્યાની તરફના જોડયા બોલ.)

—બ્હેન અંબાની પૂજા કરે, હૈયામાં ફુટડા વરને ધરે.
અત્તરે ભરાવોરે સીસી,—તો માણસ ઘણું વીસી.
હમે તો કુંકુંને કન્યા આપી,હમે તો—ને ખોળે થાપી.
—બ્હેન રાંકનેરે રતંન, રતનના કરજો જતંન.
—બ્હેનને ભાવે ઘણેરી બરફી—એ ઝોળીમાંથી ઝડપી.
—નીત્યે તાપી નાહે, સૂરજ પૂજ્યા તાપી માંહે.
એ ઢેફાંની ધૂળ કીધી, ત્યારે હમે લાડકી કન્યા દીધી.
છોરો નાથ્યોરે નાથ્યો, બેવડ સુતળીએ નાથ્યો.
—બેહેન ફુટડીએ નાથ્યો.
આગે આણ નાથ્યો સાંઢ ફરતો, ચૌટામાં સેરડીના બાણ ચરતો.
ત્યાં તુને—ભાઇયે દીઠો, ત્યાં તેણે ચોર કરીને બાંધ્યો.
મા બાંધોરે ભાઈ, હું છઉં—નો જમાઈ.
ત્યાંથી નાઠોરે જાય—ગવરીના ઘરમાં ભરાય.
—ગવરી મારવાને ધાઇ, મા મારો મા મારોરે બાઇ.
હું છઉં—નોરે જમાઇ, બેવડે સપકણે આવ્યો ધાઈ.
કરતો ચાઉનેરે માઉં, કકડો ખાજું આપો તો ખાઉં.
નીકર ઘરનો ઉંદર થાઊં—બેહેનના લુગડાં કરડી ખાઉં.

✓ (વરની તરફના જોડયા બોલ)

હાટકેશ્વરે કીધીછેરેસ્હાય, જ્યાવર પરણ્યા તે નાહાનપણમાંહે.
લોકો તો કુથાલી ઘણી કીધી, હમે તો ધારેલી કન્યા લીધી.
કુળવંત સાચારે સુજંન,—એ પાળ્યું પોતાનું વચન.
માળી વેચેછેરે ફુલ.—નું ત્રૈલોકમાં નહીં મુલ.
—ના કરવાં તે કોઇથી ના થાય,જ્યાવર ફુટડી કન્યા લઇ જાય.
જ્યાવરને ખુંપેછે મોતીની જુલ, એ પારખ્યો હીરો અમુલ.

હીરો પારખી આપ્યું રતન,—તો રતનનું કરશે જતંન.
શોભતી વરવહુનીરે જોડ, વહેવાઇએ પુરયાં હમારાં કોડ.
ધનધન દહાડો હમારે આજ, હરખ્યો છે સઘળોને સમાજ.

ફેરા ફરતી વખતે.

(૯૫) પ્હેલુંને મંગળ વરતીયુંરે, હજુએ છે બાપની બેટી તો,
સજન સાહેલડીરે.
બીજુંને મંગળ વરતીયુંરે, હજુએ છે માડીનું પેટ તો, સ૦
અગણું ને મંગળ વરતીયુંરે, હજુએ છે વીરાની બેહેન તો, સ૦
ચોથું ને મંગળ વરતીયુંરે, આવીરે હમારડે ગોત્ર તો, સ૦
કાથાચંદનકેરી કુલડીરે, પચાયો છે સાર કસાર તો, સ૦
જીયાવર કસાર નહીં જમેરે, તેડો એના—સસરા તો
આવીને વીનવેરે.
જીયાવર કસાર નહીં જમેરે, માગેછે સાંકળીની જોડ તો
આપીને રીઝવેરે.
નવીવહુ કસાર નહીં જમેરે, તેડો એના—સસરા તો વાહીને રીઝવેરે.
નવીવહુ કસાર નહીં જમેરે,માગે છે સાંકળાંની જોડ તો
આપીને રીઝવેરે.

---

(૯૬) દાબડે કુંકાં તું ધોળ વોળરે, તુંને આછીને પીયળ કહડાવું.
તારા બાપનું ઝુપડું તું મુક મુકરે, તુંને સસરાના અવાસ દેખાડું.
તારી માડીની સ્હોડ તું મુક મુકરે તુંને, સાસુની સ્હોડ દેખાડું.
તારી બેહેનની રમત તું મુક મુકરે તુંને, નણંદની રમત દેખાડું.
તારી કાકીના તસકા તું મુક મુકરે તુંને, કાકીસાસુનાં લાડ દેખાડું.
તારા સેલારીના ચણીયા તું મુક મુકરે તુંને,કીનખાબના ચણીયા પેહેરાવું.
તારી માડીની ભાખરી તું મુક મુકરે તુંને, સાસુનાં ખાજાં દેખાડું.

(ચાંદો.)

(૯૭) ચાંદોરે પટ દઇ ઉગીયો, ઉગ્યો ઉગ્યો માજમ રાતરે.
ચાંદાએ કીધુંરે ચાંદરણું, ઓરડા ને પરસાળરે.
મેં તુંને ચાંદલા વારીયો, સુરત નગરીમાં ઉગરે.
સુરતમાં જીયાવર ચાંદલો, તુજ ઉગે કેસ અજવાળુંરે.
મોશાળ પક્ષમાં ઉછર્યા, બાપનો વાધ્યો છે વંશરે.
નવી વહુ તારેરે ચાંદલે, કરકરીયાળાં બહુ ફુલરે.
સસરો પટોળીરે સાટવે, લાખ ટકાનું છે મુલરે.
લાખ ટકારે આપ્યા રોકડા, લાખેણીયો ઘેર દીવોરે.
લાખેણા જાયારે જીયાવર, વરસ કરોડેક જીવોરે.
ઓરડીએ સુનાંની સાંકળ, ડબુસે મોતીનું તાળુંરે.
આજ મારા જીયાવર પરણ્યા ને, ચોપાસ થયું અજવાળુંરે.
દરીયામાં નાગર નાંખ્યાં ને, પાળવે પજ્યારે સેવાળરે.
વેહેવાઇ સાચારે નીવડ્યા, ભલાઈ તણો નહીં પારરે.

(ફુલડાં.)

(૯૮) ભોર ભયો ને કુકડ લવ્યો, તપ્યોરે ભરાડીનો સુરરે.
ઉઠો વ્હેવાઇ વિદાય કરો, જાનને થાએ અસુરરે.
નાગરી ન્યાત છે દોહેલી, માગી ના આપે છાસરે.
એરે કોડીલારે બ્હેવાઇયે, ઘણે માગે આપી છે લાછરે.
નાગરી ન્યાત છે દોહેલી. માગ્યો ના પ્રીસે કુરરે.
આજ મારા જીયાવર પરણીયા, ઉગમ તેને સુરરે.
ઉગતા નેરે વધામણાં, આદીત વારે દેવાએરે.
એવાં ધન આપ્યાં રે—બ્હેવણે, જીભડીએ ના કહેવાએરે.
કંદોરેથી નથી છુટયા ને, ચોટલે બકુઆ ઉઠ્યારે.
ઝોળીમાંથી ઝડપાયા ને, પારણાંમાંહેથી પરણ્યારે.
સાદારે બ્રાહ્મણ કહીએને, સાદી પછેડલી હોડરે.

નાગરી ન્યાત શોધી વળી, નહીં મારા જીયાવરની તોલેરે.
દાબડા ભર્યારે ઘરેણાંના, વહુરે શોભીતો સણગારરે.
કંઠના ગોદડ સસરો ને, ખીટલીયો ભરથારરે.
દુંટી ઉતરતાંરે ઝુંપણાં, ગળે બેસંતા બે નાગરે.
એમ ના જાણશો નવી વહુ, તમરે સામળો ભરથારરે.
કાશીમાં વીશ્વનાથ સામળા, સામળો પ્રાગનો દેવરે.
સામળી શ્રી કૃષ્ણની મુરતી, સામળો તુજ ભરથારરે.
અમદાવાદ પાટણ ઢુંકડું, સાળવી જગાડ્યા છે સાતરે.
એરે કોડીલારે બ્હેવાઇયે, પટોળે પડાવી છે ભાતરે.
લીલીરે આંગીરે રજભરી, તડકલે કળી કરમાયરે.
નીસર હેલીરે બ્હેલડી, માણેક ઉભલું બારરે.
માણેક કહીયેરે જીયાવર, માણેક તે-ના પુત્રરે.
માણેક આપ્યાંરે બ્હેવણે નવારે, મંડાવ્યાં ઘરસુત્રરે.
માણેક જાયાંરે-વહુએ, હમેરે લડાવીને ગાયાંરે.
બ્હેવણે જાઇરે બેટડી, હમારી તે કુળવહુ કહેવાઇરે.
આશુંરે વહુઅર ફુટડું, જાણેરે ગુલાબનું ફુલરે.
એરે કોડીલારે વહેવાઇયે, જમાઇ જોયારે અમુલરે.
આ શુંરે મોતીરે નરમળું, ઢળવળું કહાડીને લીધુંરે.
માણેક મોતીરે મુકીને, હીરલો પરખીને લીધોરે.
નાણાવટી પારખે રૂપૈયા, વેહેવાઇયે પારખ્યા જમાઇરે.
ચાંપલા છોડેરે એસો ને, બાંહે આસીસડે હાથરે.
નચીંત સુઓરે નાવડીયા વર, સર્યાંરે આપણનાં કાજરે.

---

(૯૯) હમે ખાંડ ચારોળીના મેવારે, હમે આવ્યા તે વહુવર લેવારે.
હમને ખાંડ ચારોળી ઘણાં ભાવેરે, હમારે ઘણે માગે કન્યા આવેરે.
હમે આવ્યાં તે માડી ને માસીરે, તમે રહેશો તે મોહડાં વકાસીરે.

હમે આવ્યાં તે મ્હેન ને ફોઇરે, તમે રહેશો તે ટગમગ જોઇરે.
હમે વહુવર લઇ ઘેર જાશુંરે, પેલી—નું મ્હો બહીલું થાશું

વહુવર વિદાય કરતી વેળાએ ગાવાનું ગીત.

(૧૦૦) ઝીણીરે વ્હેલે ગાદી ઢળાવો, નવલા વ્હેવાઇ.
હમને ઘેર વળાવો,—વહુવરને વળાવોરે મારા કોડીલા વ્હેવાઇ.
ચલાણાંમાં ચાર મોતી, બે આપો બે રાખોરે મ્હારા નવલા વ્હેવાઇ
વ્હેવાઇને ઘેર ચાર હાથી, બે આપો બે રાખોરે મ્હારા કોડીલા વ્હેવાઇ.
સાજન સઘળું ખોટીરે થાએ, સાબેલાનાં મુખ કરમાએ,
જાદરણીના પગ તળવાએ, વહુવરને વળાવોરે મારા નવલા વ્હેવાઈ.
આપ્યું ને મુકયું સરવસ્ત પ્હોતું, હમને તમારી કન્યારે પ્હોતી,
વહુવરને વળાવોરે મારા કોડીલા વેહેવાઈ.

---

(૧૦૧) વ્હેવાઈનારે માંડવા હેઠ, કંઈ ચાંદા સરીસું ચાંદરણુંરે.
તમે જુઓરે સાજન લોક, લાડકડારે જીયાવરે શું કીધાંરે.
પેલા વારુનું માણેકડું, પેલા વારુને ઘેર આણીયું રે.
રાતડીયેરે જાગીને કંઈ, માણેકડું ઘેર આણીયું રે.

(બાર મહિના.)

(૧૦૨) સરસત સામને વીનવું, ગણપત લાગવું પાયરે;
સકુખેરે તમે અવતરયા, સગરણે માડીના જાયોરે.
સઠામેરે પરણાવીને, હમેરે લડાવીને ગાયાંરે;
મેં તુંને વેહેવાઇ વારીયો, જેઠનાં લગન ના લેશરે.
નહીં મળે ખોળ કપાસીયા, નહીં મળે ચાર ને પાણીરે;
—આવતા જાણીને,—વેહેવાઇયે વાવ ખણાવીરે.
વાવ ખણાવી કેમ જાણીયે, પરવે ભરાવ્યાં છે પાણીરે;
પાણી ભરાવ્યાં કેમ જાણીયે, ડગેડગે સાળ રોપાવીરે.

સાળ રોપાવી કેમ જાણીએ, ભુખ્યાંને ભોજન કરાવ્યાંરે;
ભુખ્યાને ભોજન કરાવ્યાં ને, તરસ્યાંની તરસ છીપાવીરે.
નહીં ત્રસ છીપેરે દુધડે, નહી ત્રસ છીપસે પાણીરે;
હમ ત્રસ છીપેરે નવી વહુ, તેઓ બહુ સજનાએ આણીરે.
આસાડેરે ઢળ ઢોલીયા, સુતીરે સુત્રાવડ માંહેરે;
માડી મનોરડા ચીતવે, બેઠીછે ઓરડા માંહેરે.
પુત્રજી તુજ પરણાવીને, થઇશ વરની માડીરે;
ચોક વચે બાજઠે બેસીને, દુધડે ધોવડાવીસ પાગરે.
દુધડે ધોવડાવીશ પાગને, કમખે ધોવડાવીસ હાથરે;
પેહેલાં ધોયેરે વર માડીના, બીજલે વરની બેહેનરે.
ત્રગણાં ધોયેરે વર માસીના, ચોથલે વરની મામીરે;
પાંચમા ધોયેરે વર ફોઇના, માગેરે મૈયારાંની સાડીરે.
સાડી પહેરોરે તમે મૈયારી, ઘેર આવે પગરણ દાહાડીરે;
નવારે ઘર બંધાવીને, માંહેરે ચીત્રાવ્યા છે હંસરે.
આજ મારા જીયાવર પરણ્યા ને, વાધ્યો છે બાપનો વંશરે;
નવારે ઘર બંધાવીને, માંહેરે ચીત્રાવ્યા છે મોરરે.
આજ વહુવર ભલે આવીયાં, હવે શું ચોરી જાશે ચોરરે;
નવારે ઘર બંધાવીને, પાણીયારે મુકી છે કસલીરે.
એરે કોડીલારે વેહેવાઇયે, રૂપૈયે ભરાવી છે પસલીરે.

વર પરણીને ઘેર આવે તે વેળા ગાવાનું ગીત.

(૧૦૩) કંઇ ધન ધન દહાડોરે આજનો;
કંઇ જીયાવર પરણીને આવ્યારે. ધન ધન૦ ૧
કંઇ જરાસંધને જીતીને;
રાણી રુખમણી પરણીને લાવ્યારે. ધન ધન૦ ૨

કંઇ ઉંચાં કરોરે દેવ આંગણાં;
કંઇ નીચલી કરો પરસાળરે. ધન ધન૦ ૩

---

(૧૦૪) વહુ આવી વહુ બારણે આવી, મારું ને તારું કરતી રે આવી;
વહુરે વહુ તું તો કુળ વહુરે.
વહુ આવી વહુના હાથમાં લોટા, હોણ આવી પોર જણસેરે બેટા. વ૦
વહુ આવી વહુના હાથમાં ઝારી, હોણ આવી પોર પુત્રની માડી. વ૦
—વહુ આવી વહુ વાંકેરે કુલેઃ—વહુ જમસે જુદેરે ચુલે. વ૦
હમારા કુળ દેવે ન દીઠાં, તેં કેમ દીઠાં લાડકીરે.
હમારે ઘેર ત્રણજ પાણી, ખારાં મીઠાં ને મળકટાંરે.
મળકટડે ઘેર જીયાવરરે જાયા, વહુઅર લઇ ઘેર આવીયારે.

---

(૧૦૫) પુંછડલું કયાં વળગ્યુંરે, મારા કુંએર કોડીલા;
વાટેરે જાતાં વડી બ્હેવણ મળીયાં;
તેણે પુંછડલું વળગાડયું રે. મારા કું૦
એરે પુંછડલાંને ચાક જોઇશે, ચમરી જોઇશે;
ગોફણલો ને દોરીરે. મારાકું૦
એરે પુંછડલાંને આરસી જોઇશે, દાબડી જોઇશે;
કાંસકી વના કેમ ચાલેરે. મારા કું૦
જીયાવર કોડીલા ચાક વસાવસે, ચમરી વસાવસે;
ગોફણલા ને દોરીરે. મારા કું૦

---

(૧૦૬) આજને ચાંદો ને સૂરજ રવે ઉગ્યા બે હાં. ૧.
આજને ઓવાઇના જીયાવર પરણીયા બે હાં. ૨.
આજને માડીને હૈયડે હરખ ઘણો બે હાં. ૩.
આજને વડીઆઇને હૈયડે હીમ ટળ્યાં બે હાં. ૪.

ભાગ ૩ જો—અઘરણીનાં ગીત.

રાખડી બાંધતીવેળા ગાવાનાં.

(રાખડી)

(૧૦૭) લંકાંઘટ વ્હાણ પુરાવીએ, ત્યાંથી સુનારે અણાવો;
સુનાં અણાવોરે સોય ભલે, ઘેણની રાખડી ઘડાવો.
હડમચઘડ વ્હાણ પુરાવીએ, ત્યાંથી હીરારે અણાવો;
હીરા અણાવોરે સોય ભલે, ઘેણની રાખડી જડાવો.
સીંઘડઘડ વ્હાણ પુરાવીએ, ત્યાંથી મોતીરે અણાવો;
મોતી અણાવોરે સોય ભલે, ઘેણની રાખડી પ્રોવડાવો.
પાટણ ઘડ વ્હાણ પુરાવીએ, ત્યાંથી પટુઆ તેડાવો;
પટુઆ તેડાવોરે સો૧ ભલે, ઘેણની રાખડી ગંઠાવો.
રાખડી ગંઠાવોરે સોય ભલે, ઘેણને હાથે સોવડાવો.

(દસ્તાના)

(૧૦૮) હરિ પીયુડાલંકાઘડ વ્હાણ પુરાવોકે;
હરિ પીયુડા ત્યાં થકાં સુનાં અણાવોકે.
હરિ પીયુડા તેના હુંને દસ્તાના ઘડાવોકે;
હરિ ગોરી કહોના દીઠાને રઢ લાગીકે.
હરિ પીયુડા–ભાઇની ગોરીને દસ્તાનાકે;
હરિ પીયુડા તેના દીઠાંને રઢ લાગીકે.
હરિ પીયુડા હડમચઘડ વ્હાણ પુરાવોકે;
હરિ પીયુડા તાંથકા હીરા અણાવોકે.
હરિ પીયુડા તેના હુંને દસ્તાના જડાવોકે;
હરિ ગોરી કહોના દીઠાં ને રઢ લાગીકે.

હાંરે પીયુડા—ની ગોરીને દસ્તાનાકે;
હાંરે પીયુડા તેના દીઠા ને રઢ લાગી કે.
હાંરે પીયુડા સીંધડધડ વાણ પુરાવોકે;
હાંરે પીયુડા તાંથકી મોતી અણાવોકે.
હાંરે પીયુડા તેના હુંને દસ્તાના પ્રોવડાવોકે;
હાંરે ગોરી કોના દીઠાં ને રઢ લાગીકે.
હાંરે પીયુડા—ની ગોરીને દસ્તાનાકે;
હાંરે પીયુડા તેના દીઠાં ને રઢ લાગીકે.

મોસાળું.

કડવું ૧ લું.

શ્રીગુરુ ગણપતી શારદા, સમરો સુખે દેવ સર્વદા;
આ મનમોદાકર મામેરું, મેહેતાતણું કહેવાયરે.

ઢાળ.

મામેરું મેહેતાતણું, પદબંધ કરવાની આશરે;
આ નરસૈં મેહેતો ભક્ત બ્રાહ્મણ, જુનાગઢમાં વાસરે.
ભાભીયે એક વચન કહ્યું, મેહેતાને લાગી ઝાળરે;
પરીત્યાગ કીધો ઘરતણો, મેહેતા ચાલ્યા વન મોઝારરે.
વનવિષે એક દેહેરું દીઠું, અપૂજ શિવનું લિંગરે;
આ મેહેતે તેની પૂજા કીધી, અંતરમાં ઉમંગરે.
અપવાસ સાત મેહેતે કીધા, તવરિઝયા શિવ મહાદેવરે;
આ કમળની પેઠે લિંગ પ્રકાસ્યું, પ્રગટ્યા પ્રભુ તતખેવરે.
કરપુર ગૌર સ્વરૂપ ઉમયા, ધર્યાં ડાબી પાસરે;
ઝીઝી જટા મધ્યે જાહ્નવી, લેલાટ ચંદ્ર પ્રકાશરે.
છે રુંઢમાળા સર્પાભૂષણ, રાજે વાઘાંબર ચર્મરે;
વાજે ડાક ડમરુ સમે શિંગી, મેહેતે દિઠા શિવ પરિબ્રહ્મરે.

મેહેતા ઊઠી પાયે લાગ્યા, ત્યારે મસ્તકે મુકયો હાથરે;
માગ માગ વર કીરપાળ છું, એમ બોલ્યા ઊમયાનાથરે.
મેહેતા કહે મહાદેવજી, હું માગું છું સ્વામીનરે;
આ તમારું દર્શન પામ્યો, પામું વિષ્ણુનું દર્શનરે.
ધન્ય ધન્ય સાધુ શિવ કહે, તુને મુક્તિની છે આશરે;
આ અખંડ વ્રજમાં તેડી ગયા, જ્યાં હરિ રમે છે રાસરે.

વલણ.

રાસ લીલા અખંડ ક્રીડા, શું વખાણે કવીયરે;
નરસૈંયો કૃતાર્થ થયો, તે કૃપા શ્રીહરીની હવીયરે.

કડવું ૨ જું.

અદભુત લીલા ને રાસ વિરાજેજી, ગોપિકા ગાય ને વાજાં વાજેજી;
દર્શન દીધાં તે શ્રીમહારાજેજી, મહા સુખ આપ્યાં તે શિવ પરિબ્રહ્મજી.

ઢાળ.

મહારાજ શિવ મહાદેવજીએ, ગ્રહ્યો મેહેતાજીનો હાથરે;
આ સદાશિવને દેખીને, સામા આવ્યા વૈકુંઠનાથરે.
હરી હર હસીને મળ્યા, ગોપી નમ્યાં શિવને પાયરે;
આ નરસૈંયો નમ્યો નાથને, તવ બોલ્યા જાદવરાયરે.
કહો સદાશિવ આ કોણ છે, જેને દેખાડ્યો આ ઠામરે;
મહાદેવ કહે એ દાસ મારો, વિપ્ર નરસિંહ નામરે.
એને ભક્તિ છે પ્રભુ તમારી, કીર્તન કરી ગુણ ગાયરે;
આ કૃપા કરો તમે કૃષ્ણજી, એમ બોલ્યા શંકર રાયરે.
ત્યારે મસ્તક ઉપર હાથ મુકી, બોલ્યા શ્રી ગોપાળરે;
આ સંકટ વેળા સંભારજે, હું ધાઇ આવીશ તતકાળરે.
ઘણી કીર્તન ભક્તિ કરજે મારી, તરીશ તું સંસારરે;
આ દીઠી તેવી લીલા ગાજે, કેવળ રસ શણગારરે.

રાસ મંડળતણી રચના, દેખાડી દેવમોરારરે;
આ નરસિંહ મેહેતા પ્રત્યે બોલ્યા, સ્વામિ શ્રી ત્રિપુરારરે.
રખે લોકાચારનો ભે ગણુંરે, મસ્તક સાટે ભક્તિરે;
આ રાધા કૃષ્ણનો વિહાર ગાજે, જોઇ તેવી જુક્તિરે.
એમ કહી અંતરધાન પામ્યા, સદાશિવ ભગવાનરે;
એક મુરત માત્રમાં મેહેતાજી આવ્યા, જુનાગઢ મોજારરે.
થઈ નરસૈંયાની નિર્મળ વાણી, કવિ શક્તિ ભક્તિ અપારરે;
આ રાધા કૃષ્ણસું રંગ લાગો, તૃણવત ગણ્યો સંસારરે.
તાળ વાતા ને ગીત ગાતા, પધારયા પુરમાંયરે;
આ નરસૈં મેહેતા જઈ નમ્યા, નિજ ભાભીકેરે પાયરે.
ભાભી તું ગોરાણી મેં પ્રમાણી, હુંને કહ્યું વજ્ર વચંનરે;
આ હરિહર મુજને મળ્યા તે, ભાભી તારું પુન્યરે.

ઉથલો.

પુન્ય તારું માત મારી, મુને મળ્યા શ્રી પરિબ્રહ્મરે;
છે સાધવી સ્ત્રી મેહેતા તણી, તેણે માંડ્યો ગૃહસ્થા ધર્મરે.

કડવું ૩ જું.

મેહેતે માંડ્યોરે ગૃહસ્થા ધર્મ, પતિવ્રતારે પત્ની છે પર્મ;
દામોદરની સેવા કરે, છાપા તિલક ને માળા ધરે.
સાધુ વેરાગીને વૈષ્ણવ જન, શંખ તાળ વાજે બહુ ચંગ;
ચોક મધ્યે તુળસીનાં વંન, અહરનિશ થાયે ત્યાં હરિકીર્તન.
નહિ ખેતીરે નહિ વણજ વેપાર, હરિ કથામાં મેહેતો તદાકાર;
જે આવે તે વૈષ્ણવ જમે, ને હરિગુણ ગાઇને દિન નિરગમે.
વિશ્વંભર પુરું પાડેરે અંન, વિશ્વાસ ઘણોરે મેહેતાને મંન;
બે સંતાન આપ્યાં શ્રીગોપાળ, એકજ બાળકી ને એકજ બાળ.
સામળદાસ કુંવરનું નામ, તે પરણાવ્યોરે મોટે ઠામ;
કુંવરબાઈ નામે દીકરી, પરણાવીરે રુડો વ્હીવા કરી.

મરણ પામ્યારે પત્ની ને પુત્ર, મેહેતાનું ભાગ્યું ઘરસૂત્ર;
પતિવ્રતારે વહુ વિધવા થઈ, સુરસેના પછે એકલી રહી.
સ્ત્રી પુત્ર મરતે રોયારે લોક, મેહેતાને તલમાત્ર નહિં શોક;
ભલું થયુંરે ભાગો જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.
કુંવરબાઈ જારે મોટી થઈ, આણું આવ્યું ત્યારે સાસરે ગઈ;
સસરો શ્રીરંગ મેહેતો નામ, મોટાં ઘર કહાવે ને ભાગ્યવાન.
સાસરિયાને ઘણું ધન અભિમાન, વાંકી દૃષ્ટે કરેરે સાન;
નણંદ જેઠાણી વાંકુ ભણે, કુંવરબાઇને દુર્બળ ગણે.
આવોરે વૈષ્ણવની દીકરી, સાસરવેલ સહુ પાવન કરી;
કરે ચેષ્ટા સાસુ ગર્વે ભરી, કુંવરબાઈ નવ બોલે ફરી.
છે લઘુવેષ નાનો ભરતાર, તે નવ પ્રીછે કંઈ વિવેક વિચાર;
કુંવરબાઇને આવ્યું સીમંત, સાધર વાત ન પુછે કંથ.
રૂપ દેખીરે કંઈ વહુ વરતણું, સાસરીયાં મન હરખે ઘણું;
કહે મેહેતો છે હરીનો દાસ, મોસાળાંની શી કરવી આશ.
વહુનોરે ઓરિયો વીતે ખરો, તો મોસાળુંરે કંઈ ઘેરથી કરો;
છે દુર્બળની પુત્રી રાંકડી, આચાર કરી બાંધો રાખડી.
ન કહાવ્યું પીયર ન કોઇને કહ્યું, પંચમાસીરે એળે ગયું;
રહ્યા સીમંતના થોડા દિન્ન, થઈ ચિંતા કુંવરબાઇને મન.
ઓશિઆળીરે દીસે દયામણી, વહુઅર આવી સાસુભણી;
બોલીરે અબળા નામી શીશ, રખે બાઇજી કરતાં રીસ.
આપણો ગોર પંડ્યો ખોખલો, જુનાગઢ સુધી મોકલો;
મોકલો લખાવીને કંકોતરી, સાસુ બોલ્યાં ગર્વે ભરી.
વહુઅરરે તુંને ઘેલું લાગું, મા મોઈ એટલે મહિયર ભાગું;
તાળ વજાડીને ગાતો ફરે, નાચી ખુંદીને ઉદર ભરે.
દારિદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોસાળું ક્યાંથી કરે;
જે સગાંથી અરથ નવસરે, તેને શું જાયે નોતરે.

મેહેતાને વ્હાલુંરે હરીનું નામ, જોવા મળશે આખું ગામ;
તમને પિતા મળવાનું હેત, અમારે નાતમાં થઇયે ફજેત.
સસરો તમારો લાજેરે બાઈ, શે અરથે આવે વેવાઈ;
કુંવરબાઈ તવ આંસુ ભરી, સાસુ પ્રત્યે બોલી ફરી.
બાઇજીરે બોલતાં શું ફગો, દુર્બળ પણ પોતાનો સગો;
ઠાલોરે આવશે ને જાશે ફરી, તો એ મસે મળીશું પિતા દીકરી.
સાસુને મન કરુણા થઈ, એકાંતે સ્વામીને જઈ વારતા કહી;
રહ્યા સીમંતના થોડા દહાડા, કુંવરવહુએ માંડ્યા રાડા.
લખી મોકલોરે વેવાઇને પત્ર, જેમ તેમ આવ્યા જોઇયે અત્ર;
શ્રીરંગ મેહેતો પરમ દયાળ, કાગળ એક લખ્યો તતકાળ.
સ્વસ્તશ્રી જુનાગઢ ગામ, હરીજન વૈષ્ણવનો વિશ્રામ;
નાગરી નાતતણા શણગાર, સાધુશિરોમણી પરમ ઉદાર.
ભક્તનાયક વૈષ્ણવના ધણી, સદા કૃપા હોય કેશવતણી;
સર્વોપમા જોગ કરુણાધામ, મેહેતા શ્રી પાંચ નરસૈં નામ.
આં છે સરવે કુશળખેમ, તમે પત્ર લખજો આણી પ્રેમ;
એક વધામણીનો સમાચાર, અમારા ભાગ્યતણો નહિ પાર.
કુંવરવહુને આવ્યું શ્રીમંત, અમઉપેર ત્રુઠા ભગવંત;
છે માધશુદ સપ્તમિ ને રવિવાર, અમે મુહૂર્ત્ત લીધું નિરધાર.
તે દાહાડા ઉપેર આવજો, સગાં મિત્ર સાથે લાવજો;
ન ધરશોરે મન સંકા, તમે આવે પામશું લાખ ટંકા.
ઊજળો સગો આવે બારણે, તો સુનાંનો મેરુ કીજે વારણે;
જો મેહેતા નહિ આવો તમે, તો ખરાખરી દુભાઇશું અમે.
આપ્યોરે પત્ર ગોરના કર માંહ્ય, પંડ્યો ખોખલો કીધોરે વિદાય;
કુંવરબાઇએ તેડ્યા ઋષિરાય, એકાંતે બેસાડીને લાગી પાય.
બે દહાડારે તમો પરોણા રહેજો, મેહેતાને સમજાવીને કહેજો;
સંપત હોય તો આવજો, ને મોસાળું સારું લાવજો.

કંઇ નામ થાય આ પૃથ્વી તળે, તો સાસરિયાંનું મેણું ટળે;
જો આ અવસર સુનો જાશે, તો ભવનું મેણું મારે થાશે.
બોલ બાણ નણદિ મારશે, શત્રુનું કામ દીયર સારશે;
રખે નાગરી નાતમાં કૌતિક થાય, તમારે માથે છે વૈકુંઠરાય.
પંડયો ખોખલે કીધોરે વિદાય, શીઘ્ર પોહોતો જુનાગઢમાંય.

કડવું ૪ થું.

ખોખલે પંડયે પત્રજ આપ્યું, મેહેતાજીને હાથજી;
વધામણી કાગળમાં વાંચી, સમરયા તે વૈકુંઠનાથજી.
મામેરું પુત્રીને કરવું, ઘરમાં નથી એક દામજી;
ત્રીકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્યતણું છે કામજી.
ભોજન કરાવી દક્ષણા આપી, મેહેતાજી લાગ્યા પાયજી;
મોસાળું લઇ અમેરે આવીશું, પંડયો કીધોરે વિદાયજી.
નરસૈંય મહેતે ઘેર તેડાવ્યા, સગા તે સાધુ સંતજી;
મોસાળું લઇ આપણે જાવું છે, કુંવરબાઇનું સીમંતજી.
જૂની વેહેલ ને ધુંસરિ વાંકી, સાંગી તે સાલમાં ભાગીજી;
કોના તળાવા ને કોની પિંજણિયો, બળદ આણ્યા એ માગીજી.
મેહેતાજી મામેરે ચાલ્યા, સમરયા તે શ્રી જુગદીશજી;
ત્રણ સખી સંધાતે લીધી, વેરાગી દશ વીશજી.
દાબડી ત્રાંબાની સંપુટ, તેમાં તે બાળ મુકુંદજી;
કંઠે હાર કરી સોવડાવ્યા, શ્રી દામોદર નંદનંદજી.
વેહેલની પુંઠે કોથળો બાંધ્યો, માંહે ભરયાં વાજિત્રજી;
ગાંસડી એક ગોપીચંદનની, છે, તુળસી કાષ્ટ પવિત્રજી.
મોસાળાંની સામગ્રીમાં, તિલક ને તુળસી માળજી;
નરસૈંયાને નિર્ભય છે જે, ભોગવશે ગોપાળજી.
બળહીણા બળદિયા શું હીંડે, ઠેલે તે વૈષ્ણવ સાથજી;
શોર પાડે ને ઢાળ ચઢાવે, જે જે વૈકુંઠ નાથજી.

એક બળદ ગળિયો થઇ બેઠો, આખલો તાણી જાયજી;
પડયાને પુંછ ગ્રહીને ઉઠાડે, કૌતિક કોટીક થાયજી.
સાલે સાલ જુજવાં દીસે, રથ તણાં બહુ વક્રજી;
સાંગીના બહુ શોરજ ઉઠે, ચુંચું બોલે બેઉ ચક્રજી.
ચડે બેસે ને વળિ ઉતરે, લે રામ કૃષ્ણનું નામજી;
મધ્યાને મેહતા જઇ પોંચ્યા, જોવા મળ્યું ઉના ગામજી.
શું જાણે વૈષ્ણવનો મારગ, વિષયી પુરના લોકજી;
ક્રોડ પોંચશે કુંવરવહુનાં, મામેરું છે રોકજી.
રોક મામેરું મેહેતાજી લાવ્યા, વૈષ્ણવની વિખ્યાતજી;
અક્કેકી માળા આપશે તો, પેહરશે નાગરી નાતજી.

કડવું ૫ મું.

શ્રીરંગ મેહેતા આવ્યારે ધાઇ, ભાવે ભેટ્યા બેહુ વેવાઇ;
મળ્યા જમાઇ જમાઇનો ભ્રાત, મળ્યો સહુ નાગરનો સાથ.
કપટેરે ભેટીને આઘા ખસે, સામગ્રી જોઇ જોઇને હસે;
ઉતરવા ઘર આપ્યું એક, મચ્છર જોવા જીવ અનેક.
ખાડા ખબોચીયા વસમો ઠામ, ઉપર નળિયાનું નહિ નામ;
કોહીરે છાજ ને જુની વળી, ભિત દિસેરે જાણે બેવડ વળી.
વેવાઇ ગયારે ઉતારો કરી, છે રસણીરે ઘણી નાતનાગરી;
કુંવરવહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઇએ પાપ.
મેહેતાને જોવા હરખે ભરી, ઘેરઘેરથીરે ચાલી સુંદરી;
મન વિનારે મેહેતાને નમે, સારું થયું જે આવ્યા તમે.
માંહોમાંહે એમ કહે નાગરી, મેહેતો દીઠે દીઠા હરી;
જુઓરે સાથ કેવો કુટડો, પરમેશ્વર બાઇ એને ઢુંકડો.
કુંવર વહુનું ભાગું દુઃખ, એમ કહીને મરડે મુખ;
બળદ જુઓરે મેહેતાજી તણા, બગાઇ શબ્દ કરે છે ઘણા.

મંડપમાં વજાડશે ચંગ, નાગરી નાતમાં રહેશે રંગ;
જુઓ ગાંસડી લટકે, તાળ જોડાંરે બાંધ્યાં પટકે.
આ જુઓ તુળસિકાષ્ઠનો ભારો, હવે મામેરાનો શો ઉધારો;
છાબમાં તુળસી પત્ર મુકશે, ઉભો રહિને શંખ ફુંકશે.
વેરાગીરે સહુ પૂઠે ગાશે, એટલે મોસાળું પુરૂં થાશે;
નાગરીઓરે એમ કૌતિક કરે. ટોળ કરીને પાછી ફરે.
કુંવરબાઇયે જાણી વાત, મોસાળું લઈ આવ્યા તાત;
ઉતાવળીરે મળવાને ધસી, નણદી બોલ્યાં મરમે હસી.
આ શું પિતાપુત્રીને હેત, હમેરે નાતમાં થઇયે ફજેત;
લજાવ્યુંરે સાત પેડીનું નામ, સાથે વેરાગીનું શું હતું કામ.
શું ચાલ્યાં મળવા એકલાં, એ બાપથીરે નબાપાં ભલાં;
મર્મ વચંન એવાં સાંભળી, કુંવરબાઈ બોલી પાછી વળી.
નણદીરે મચ્છર શો આવડો, પાજળથીરે બાઈ શું બડબડો;
સુખી પિતા હોય પુત્રીતણો, તે દીકરીને લાભજ ઘણો.
જેનો પિતા લખેસ્વરી કહાવે, તે મારે કંઈ અરથ ન આવે;
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું રે સુંનાનો મેર.
તમારે મન માને તે કહો, જેવો તેવો તાત મારો જીવતો રહો;
મર્મ વચન નણદીને કહી, ને પિતા પાસે પુત્રી ગઈ.
દુર થકી દીઠી દીકરી, મેહેતાએ સમરયા શ્રીહરી;
અન્યો અન્ય બેહુ આંસુ ભરી, ભાવે ભેટયાં પિતા દીકરી.
મેહેતે મસ્તક મુકયો હાથ, પાસે બેસાડીને પુછી વાત;
કહો કુંવરબાઈ કુશળ ખેમ, સાસરિયાં કાંઇ રાખે પ્રેમ.
રુડો દિવસ આવ્યો દીકરી, તો મોસાળું કરશે શ્રીહરી;
કુંવરબાઈ બોલી વીનતી, સામગ્રી કંઈ દીસતી નથી.
કયમ કરી નાતમાં રેહેશે લાજ, ધન વિના આવ્યા શે કાજ;
નિરમાલ નિરધનનો અવતાર, નિરધનનું જીવ્યું ધિકાર

નિરધનને સહુ ઘેલો ગણે, કોઈ નવ ગખે ઉભો આંગણે;
લોક બોલાવે દુર્બળ કહી, એથી માઠું બીજું નહીં.
પિતા કંઇ ન કર્યો ઉદ્યમ, આ અવસર સચવાશે કેમ;
નથી લાવ્યારે તાત નાડાછડી, નહિરે મોડ કુંકાની પડી.
નહિ માટલી નહિ ચોળી ઘાટ, એમ સું આવ્યા બારેવાટ;
કેમ કરી લજ્જા રહેશે તાત, હું સેં ન મોઇ મુજ મરતે માત.
ગોળ વિના મોળો કંસાર, મા વિના સુનો સસાર;
જે દીકરીની મા ગઈ મરી, બાપની સગાઇ સાથે ઉતરી.
જેવું આથમતા રવિનું તેજ, મા વિના તેવું બાપનું હેત;
સુરભી મરતાં જેવું વચ્છ, જળવિના જેમ તલપે મચ્છ.
ટોળાં વિછૂટી જેમ મૃગલી, મા વિના પુત્રી એકલી;
લવણ વિના જેમ ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજંન.
કીકી વિના જેવું લોચંન, મા વિના તેવું બાપનું મંન;
ઘડો ભાંજે ને રઝળે ઠીકરી, મા વિના તેવી દીકરી.
સું કરવા આવ્યા આ ઠામ, સાથે વેરાગીનું સું હુતું કામ;
શંખ તાળ માળા ને ચંગ, એ મોસાળું કરવાના ઢંગ.
પિતાજી જાઓ પાછા ફરી, એમ કહિને રોઇ દીકરી;
મેહેતે મસ્તક મુકયો હાથ, મોસાળું કરશે વૈકુંઠનાથ.
પેહરામણી જોઇયે જેટલી, આસામી લખી લાવો તેટલી;
લખજોરે સાસરિયાં સમસ્ત, વિસરશો મા એક વસ્ત.
એવાં વચન પિતાનાં સુણી, વહુઅર આવી સાસુ ભણી;
મારે પિતાએ મોકલી હું, લખાવો કાગળ જોઇયે શું.
મુખ મરડીને બોલ્યાં સાસુ, કાગળ શું ચિતરાવો ફાંસુ;
ઉભો રહિને શંખ ફુંકશે, છાબમાં તુળસીપત્ર મુકશે.
વેરાગી સહુ પુઠે ગાસે, એટલે મોસાળું પુરું થાશે;

કડવું ૬ ઠું.

વડસાસુ ઘણું ભારે માણસ, બોલ્યાં તે મર્મ વચંન વહુજી;
વડી વહુઅર તમે કાંઈ નવ જાણો, મેહેતાજી વૈષ્ણવ જંન વહુજી.
જેને સ્નેહ શામળીયા સાથે, તેને તે શાની ખોટ વહુજી;
પેરામણી મનગમતી માગો, કરોની નાગરી ગોઠ વહુજી.
કાગળ લઈ કુંવરબાઇને આપ્યો, લખો લખાવું જેમ વહુજી;
રુડા વેવાઈ આંગણે આવે, તો કોડ ન પોહોંચે કેમ વહુજી.
લખો પાંચશેર કુંકાં જોઇશે, શ્રીફળ લખો સેંસાત વહુજી;
વીશ મણ વાંકડિયાં સોપારી, મળશે તે મોટી નાત વહુજી.
પાંચ વસ્ત્રના પચવિસ વાધા, ચાર ચોકડી તાસ વહુજી;
લખો પછેડી પંદર કુડી, પટોળી પંચાસ વહુજી.
સોહેક મુગટા ને સોયેક સણિયાં, ચીર લખો ચાળીશ વહુજી;
ધોતિયાં બ્રાહ્મણને જોઇશે, લખોની કુડી ત્રીશ વહુજી.
જરકસીની સાડી રેસમી, લખો તે કુંડી બાર વહુજી;
સાદી સાડીઓ લખો ત્રણસેં, છાયલ લખો સેંચાર વહુજી.
ઘરસાડી લખો દશ વિશ કુંડી, સોળ કુંડી લખો ઘાટ વહુજી;
છીંટ મોરવી ટુંકડી સોયેક, નવ કુંડી લખો નાટ વહુજી.
મસરુ ગજીયાણી દરિયાઈ, લખો થાન પચાસ વહુજી;
હજાર બારસેં લખો કાપડાં, લોક કરે બહુ આશ વહુજી.
સોળસ લખો સેલાં સાળુ, તેલ પાનનો શો આંક વહુજી;
એ આસરા પડતું અમેરે લખાવ્યું, બાપ તમારો રાંક વહુજી.
તમને સોળસણગાર પેરાવે, બાપ લડાવે લાડ વહુજી;
ઘટે જમાઇને સુનાંની સાંકળી, તેમાં તે અમને શો પાડ વહુજી.
સહસ્ત્ર મહોર સુનાની રોકડી, કહેતાં પામું ક્ષોભ વહુજી;
અમે ઘરડાં થઈ પત્ર લખાવ્યું, ના ઘટે ઝાઝો લોભ વહુજી.

એ લખ્યાથી અદકું કરો તો, તમારા ઘરની લાજ વહુજી;
મુખ મરડીને નણદી બોલ્યાં, સિદ્ધ થયાં સહુ કાજ માજી.
વળી લખાવો બે પહાણુ જ મોટા, મેહેતાથી અપાય માજી;
ડોસી કહે શું શોર કરો છો, લખવામાં શું જાય બેની.;

કડવું ૭ મું.

ડોસીયે ડાટ વાળ્યો રે, વડસાસુ વેરણ થઈ મારી; ટેક.
હરખ હઈયાનો ટાળ્યો રે, ડોસીયે૦

થોડાંરે બોલી ને મીઠાં વચની, હીંડે હરિગુણ ગાતીરે;
પરમારથી થઈ પત્ર લખાવ્યું, મનમાં મોટી કાતીરે. ડોસીયે૦
કાગળ લઇ કુંવરબાઈ ચાલ્યાં, પિતાજીની પાસેરે;
વડસાસુએ વિપરીત લખાવ્યું, હવે મારા તાત શું થાશેરે. ડોસીયે૦
લખેશ્વરીથી ના પડે પૂરું, એટલું લખાવ્યું રે;
સાધુ પિતાને દુઃખ દેવા મારું, સીમંત શાને આવ્યું રે. ડોસીયે૦
સહસ્ર મહોર સુનાની રોકડી, વસ્ત્રતણું નહિ લેખું રે;
પિતાજી તમારી પાસે, કોડી એક ન દેખું રે. ડોસીયે૦
પિતાજી તમે ઘેર પધારો, અહિં રહ્યે ઇજત જાશે રે;
રાત દિવસ મારે મેણું થાશે, તો એ દુખ કેમ સેવાસે રે. ડોસીયે૦
મેહેતાજી કહે પુત્રી મારી, તમે રાહ વિશ્વાસ રે;
ડોસીયે સારું કીધુંરે, સારું સાધન કરવા દીધું રે. ડોસીયે૦
સારું કીધુંરે, સામળિયો અવસર નહિ ભૂલે, તું કાં આંસુડાં ઢાળેરે;
દામોદર નથી દોહીલો, તે તો કરજ કોડ ન કાડે રે. ડોસીયે૦
સારું કીધુંરે કુંવરબાઈ તમે ઘેર પધારો, આપણું શું જાશેરે;
જો મામેરું હરી નહી કરે તો, વ્હાલાને ઉપહાસ થાશે રે. ડોસીયે૦
પંચાળીનાં પટકુળ પુર્યાં, નવસેં ને નવાણું રે;
તે રીતે મામેરું કરશે, તું થાવા દેની વહાણું રે. ડોસીયે૦

વિશ્વાસ રુદેમાં રાખો પુત્રી, છો વૈષ્ણવની બાળ રે;
આપણું પ્રતિપાલણ કરશે, ત્રિભોવન ધણી ગોપાળરે. ડોસીયે૦
હઇયે હેત દિકરીને આવ્યું, સુણી તાતની વાણી રે;
કુંવરબાઈ પછી મંદિર પધાર્યાં, વિશ્વાસ રુદેમાં આણી રે. ડોસીયે૦

કડવું ૮ મું.

વૈષ્ણવની ચેષ્ટા થાય, કૌતિક કળજુગનાં;
વાંકાબોલી નાત નાગરી, સહેજે બોલે અન્યાય રે. કૌતિક૦
ભોજન કરવા મેહેતાજી ઉઠ્યા, સાથે બહુ વેરાગી રે;
ટોળે મળી સહુ નાત નાગરી, જોઈ જોઈ હસવા લાગી રે. કૌતિક૦
ઉભાં તિલક તુળસીના માળા, છાપાં અંગ બિરાજે રે;
વેવાઇનાં કંઈ રૂપ જોતાં, કંદર્પ સરખા લાજે રે. કૌતિક૦
મલાર ગાશે નહાતી વેળા, વરસશે વરસાત રે;
ભોજન વેળા થાળ ગાશે, જમશે જાદવ નાથ રે. કૌતિક૦
નાહી કરી નાગર સહુ બેઠા, જેને જેસું મળતું રે;
મેહેતાજીને નાવાને કંઈ, જળ મુક્યું ખળ ખળતું રે. કૌતિક૦
કઢા ઉકાળી તેલની જેમ, સુધનવાને તળવા રે;
તેમ વેવાઇયે જળ ઉકાળ્યું, મેહેતાજીને છળવા રે. કૌતિક૦
ઉષ્ણોદક હુનું દેખીને મેહેતે, માગ્યું ટાઢું પાણી રે;
મર્મ વચન મુખ મરડીને બોલી, કુંવરીની જેઠાણી રે. કૌતિક૦
માગ્યા મેહ વરસે મેહેતાજી, તો અમ પાસે શું માગો રે;
બાજઠે બેઠાં તાળ મગાવી, બોલ રુદેમાં વાગ્યો રે. કૌતિક૦
સમરણ કીધું સામળીયાનું, અલાપ્યો રાગ મલાર રે;
નાગર લોક સહુ જોવા આવ્યા, બોલે વ્યંગ ઉચાર રે. કૌતિક૦

કડવું ૯ મું.

મેહેતાજી બેઠા બાજઠે, સમર્યા તે શ્રી ગોપાળરે;
આ મલાર ગાયો ન્હાતી વેળા, હાથે વજાડી તાળરે.

ઉપહાસ થાય તારા દાસને, સામળિયા કરજે સહાયરે;
આ ઉષ્ણોદક ઉકાળિયું, નાંખ્યું શ્રીફળ ફાટી જાયરે.
જેમ કઢા ઉકાળી તેલની, કોપ્યો તે હંસધ્વજ રાયરે;
આ તારી કૃપાથી તેલ ટાઢું થયું, કીધી સુધન્વાને સ્હાયરે.
તેં હુંડી સ્વીકારી શામળા, આપ્યા રૂપૈયા સેંસાતરે;
આ તે વિશ્વાસ મુજને ઘણો, વ્હાલા મોકલની વરસાતરે.
જો સમણુ નહિ આપો સામળા, મામેરું કરશો કેમરે;
એવી સ્તુતિ મેહેતાની સાંભળી, ઘન પ્રેર્યો શ્રીપરિબ્રહ્મરે.
પળ માત્રમાં અભ્ર ઘટા થઇ, દિન થયો અંધકારરે;
ઘણું ગાજે ને ઘણું ગડગડે, થાય વીજતણા ચમકારરે.
કોરણ ઉડે બહુ કાંકરા, મેઘ વરસ્યો મુશળધારરે;
આ વેવાઇનાં ઘરમાં જળ ઘસ્યાં, પકવાન તણાયાં જાયરે.
નાગર સહુ પાયે પડે, સ્વામી ક્ષમા કરો અપરાધરે;
અમે અજ્ઞાની ઓળખ્યા નહીં, તમે સાધુ શિરોમણિ સાધરે.
શ્રીરંગ મેહેતો સ્તુતિ કરે, વેવાણ માગે માનરે;
વરસાદ વીસરજન થયો, મેહેતાએ કીધું સ્નાનરે.
ઠગ નાગર કહે માવઠું ગળ્યું, એમ વરસેછે બહુ વારરે;
આ પ્રત્યક્ષ દીઠે પ્રતીત ન આવે, જુઓ કળજુગનો મહિમાયરે
ભોજન કરવા મેહેતાજી બેઠા, કરમાં ગ્રહીને તાળરે;
સાથે ટોળું વૈષ્ણવ વેરાગીનું, ગાવા લાગે થાળરે.

કડવું ૧૦ મું.

મેહેતેરે ગાઇ પરસાદની થાળી, પછી આરોગ્યા શ્રીવનમાળી;
પ્રભુએ પ્રસાદ લીધો પ્રીતે, હવે શું થાશેરે રજની વીતે.
વીતીરે રજની કીર્તન કરતાં, થયો પ્રાતસ કાળરે;
આ કુંવરબાઇ કહે તાતને, કરો મોસાળાની ચાલરે.

મેહેતો કહે સુણ પુત્રી મારી, સગાંને તેડાં કરો;
આ વિશ્વાસ આણી મંડપમાંહિ, હાલી છાબ આણી ધરો.
કુંવરબાઇ કહે તાતજી, હુંને કેમ આવે વિશ્વાસરે;
આ હાલી છાબ હું કેમ ધરું, થાય લોકમાં ઉપહાસરે.
મેહેતાજી કહે પુત્રી મારી, છો વૈષ્ણવની દીકરી;
તારેને મારે ચિંતા સાની, મોસાળું કરશે શ્રીહરી.
એવાં વચન સુણિ તાતનાં, સાસુ કને આવી વહુ;
મારો પિતા મોસાળું કરે છે, બાઇ સગાં મિત્ર તેડા સહુ.
ખોખલે પંડયે તેડાં કીધાં, મળ્યું આખું ગામરે;
આ વેવાઇયો એણીપેર વદે, મેહેતો મુકી જાશે મામરે.
મંડપમાં મેહેતાજી આવ્યા, હાથમાં ગ્રહીને તાળરે;
આ નાગર સહુ ઉભા થઈ, કરે મેહેતાને જેગોપાળરે.
મગાવી એક છાબ હાલી, મંડપમાં આણી ધરી;
આ મેહેતાજીએ શંખ પૂર્યો, વિનતી શ્રી હરિની કરી.

કડવું ૧૧ મું.

મેહેતાજી વજાડેરે શંખ, સમસ્યા વનમાળી;
લાગી હસવા ચારો વર્ણ, માંહોમાંહી દે તાળી.
મોસાળું કરવાના ઢંગ, વેવાઇયે માંડયા;
કંઇ નાગરના વેહેવાર, તે સરવે છાંડયા.
જુઓ છાપાં તિલક ને તાળ, તુળસીની માળા;
નરસૈંયો કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા.
જોવા મળી નાગરી નાત, બહુ ટોળે ટોળાં;
મુખ મરડી કરતા વાત, આપશે ઘરચોળાં.
બહુ નાની મોટી નાર, મંડપમાં મળી;
કરે વાંકી છાની વાત, સાકરપેં ગળી.

મેહેતાને કરે જે શ્રીકૃષ્ણ, હસિ પરું જોતી;
છે અધર લળકતાં સાર, વેસરનાં મોતી.
કોઇએ સજ્યા સોળ સણગાર, ચરણા ને ચોળી;
કોઇ જોબનમાતી નાર, કરે બહુ ઠીઠોળી.
કોઇને કાને ત્રોટિ જડાવ, ગળસ્થળ ચળકે છે;
કોઇને જડાવ ચુડલો હાથ, કાંકણ ખળકે છે.
કોઇ ઓઢે ચીર, સણગટ વાળે છે;
કોઇ અણિયાળે લોચંન, કટાક્ષે ભાળે છે.
કોઇ છૂટે અંબોડે નાર, વેણી લાંબી છે;
કોઇને ઝાંઝર ઝમકે પાય, કલ્લાં કાંબી છે.
કોઇએ કેસર તિલક, વિશાળ કીધાં છે;
કોઇએ રમવા સરખાં બાળ, કેડે લીધાં છે.
કોઇ જોવા હાલી છાબ, અબળા ઉઠે છે;
કોઇ વહુઆરુ આગળ, નણદી પુઠે છે.
કોઇ શિખવી બોલાવે બાળ, વારી રાખે છે;
કોઇ વાંકા બોલી નાર, વાંકું ભાખે છે.
બાઇ કુંવર વહુનો બાપ, કરશે મામેરું;
હું તો પેરીશ પટોળી સાર, સાડી નહિ પહેરું.
વૈષ્ણવને શેની ખોટ, કંઠે માળા છે;
એને વેહેવારીયા દશવીસ, ટોપીવાળા છે.
બાઇ કુંવર વહુ ધન્ય ધન્ય, પિયર પનોતી છે;
એને બાપે વગાડયો શંખ, સાધર પોતી છે.
એમ વાંકા વેણ વિપરીત, બોલે સહુ ઉપહાશે;
મુકો છાબમાં ભારે પહાણ, વાયે ઉડી જાશે.
મુકયો દિકરીયે નિઃશ્વાસ, આવી પિતા પાસે;
મેહેતાએ કીધી સાન, બાઇ રહે વિશ્વાસે.

કડવું ૧૨ મું.

ઢાલીરે છાબમાં કાગળ ધરી, નરસૈં મેહતે સમર્યા હરી;
વેરાગીરે સહુ પુઠે ગાય, નાગરને મન કૌતિક થાય.
વાંકા વચન બોલે વેદિયા, મેહેતારે માધવસું ભેદિયા;
જુઓરે છાબને મુકો શોર, એ દિસે કમખાની કોર.
તે બોલ અંતર નવ ધરે, મેહેતો સ્તુતિ માધવની કરે;
જય દામોદર બાળમુકુંદ, નરક નિવારણ નંદનાનંદ.
વિશ્વેશ્વર વૃંદાવનચંદ, દેવકી નંદન આનંદકંદ;
ગોપિનાથ ગોવિંદ ગોપાળ, છો દીનબંધુ દીન દયાળ.
હું સેવકની લેજો સંભાળ, મોસાળાંની કરજો ચાલ;
વદન કીર્તન હાથે તાળ, નાત નાગરી બોલે આળ.
છે દોહીલો ઘણો લોકાચાર, લજ્જા રાખજો આણીવાર;
મારો શેઠ તું નંદકુમાર, શું કરશે પાપી સંસાર.
તમે પ્રતિપાળ પોતાના દાસ, તે માટે મુજને વિશ્વાસ;
અંબરીષનો નીવાર્યો ત્રાસ, તમે ભોગવ્યારે પ્રભુ ગર્ભવાસ.
પ્રથમ લીધો મચ્છ અવતાર, શંખાસુર કીધો સંહાર;
કમઠરૂપ ધરયું મોરાર, ચૌદ રત્ન કાઢ્યાં સમુદ્ર બહાર.
માર્યો હિરણ્યાક્ષ મહાપાપી, ધરણી સ્થીર કરી સ્થાપી;
અજામેળ નામે મહાપાપી, પુત્રને નામે પદવી આપી.
પ્રલ્હાદનીરે પ્રભુ વારે ધસ્યા, લક્ષ્મીવર લાકડમાં વસ્યા;
ધ્રુવનો જન્મમર્ણભય હર્યો, અવિચળ પોતા સરખો કર્યો.
પોપટ ભણાવતી ગુણકા તરી, વિમાને બેસી ગઈ વૈકુંઠપુરી;
તમે ઉચ્છિષ્ટ આરોગ્યા બદરી, તો પરમગતિ પામી શબરી.
લગાર ચરણ નમાવ્યુ શીશ, વિભીષણ કીધો લંકાધીશ;
કુટંબ સહિત તારયો માછી, તે નવ પામ્યો પીડા પાછી.

છો દોહીલી વેળાના સાથી, તમેં ગ્રાહથી મુકાવ્યો હાથી;
બટુક વેષ થયા વામન, જાતું રાખ્યું ઈંદ્રાસન.
પ્રભુ પંચાળિનું દુખ જાણ્યું, પુરયાં પટકુળ નવસેં નવાણું;
કૌરવથી જીતાડયો પાર્થ, કુરુક્ષેત્રમાં હાંકયો રથ.
રુકમાંગદ તાર્‍યો સંસાર, હરિશ્ચંદ્રની કીધી વાર;
શંખ પૂજતો રાજકુમાર, ચંદ્રહાસ રાખ્યો ત્રણવાર.
સુધન્વાને બળતો રાખ્યો, જે પિતાયે કડામાં નાખ્યો;
વેહેરતાં નવ રોયો રજ, પરમ મુગતી પામ્યો મુરધ્વજ.
ખાંડવ વન ખગ લીધાં રાખી, ગજઘંટા તે ઉપર નાંખી;
વિદુરની આરોગ્યા ભાજી, તેની પ્રીતે થયા તમે રાજી.
સુદામાના લીધા તાંદુલ, આપ્યું દાન અંતરિક્ષ અમૂલ;
મદ મઘવાના મનનો હર્યો, લીલાયે ગોવર્ધન ધર્યો.
દાવાનળ પીધા વનમાંય, બળતાં ઉગાર્યાં ગોપી ને ગાય;
કુબજાની લીધી અરચા, તમે લોકતણી સહી ચરચા.
અનાથ બંધુ દીનદયાળ, હું સેવકની લેજો સંભાળ;
તમે છો દામોદર દક્ષ, હું સરખા સેવક છે લક્ષ.
મારે એક તમારી પક્ષ, પરમેશ્વર થાજો પ્રત્યક્ષ;
મારે માથે ઉગ્યાં દુઃખનાં ઝાડ, તમે હુંને લડાવ્યા લાડ.
છે ધનવંત નાગરની નાત, દુર્બળમાં એક મારી જાત;
જો ભુખે દમાય તેત્રિશ ક્રોડ, તો કલ્પવૃક્ષને લાગે ખોડ.
જો શોભા વૈષ્ણવની ગઈ, તો કળા તમારી ઝાંખી થઈ;
હુંને સગાં થઇ વલગ્યાં જમ, તો તુને નિદ્રા આવે કયમ.
સગાં સહુ બેસાડ્યાં આણી, પુત્રિના કરમાં પિગાણી;
છે કુંકાં-વહોણી કુંકાવટી, કુંવરીને થાયે ચટપટી.
મધ્યાન્હ ઉપેર થઈ બે ઘટી, વેહેલા થારે વેળા વટી;
છે કુંવરબાઈ તારે આસરે, હું દુર્બળથી કાંઈ નવ સરે.

શું સુતો વૃંદાવન માંય, શું રાધાજી ચાંપે પાય;
લલિતા વિશાખા ચંદ્રાવળી, નૌતમ નાર કો તુજને મળી.
લંપટને વ્હાલી સુંદરી, તે માટે ભક્ત ગયો વીસરી;
જાગ જાગરે જાદવપતી, સાંભળ સેવકની વિનતી.
કબીરને તમે કરુણા કરી, સમરે દર્શન દીધું હરી;
ભક્ત એક દામોદરજી, તેનું પય પીધું હરજી.
ત્રિલોચનનું મહાદુઃખ હરયું, સેવક થઇને પાણી ભર્યું;
સેના માટે નાપિક થયા, વતું કરવા વીઠલ ગયા.
હું તમને નવ સંભારતો, લાવતો ઘાસ મહિષી ચારતો;
ને જાણતો ધોળાપર કાળો, હુંને ભાભીએ કીધો ગોવાળો.
સદાશિવે હુંને કીધો દાસ, દેખાડ્યો હુંને અખંડ રાસ.
જોયા તારા વિવિધ વિલાસ, તેવો મેં કીધો અભ્યાસ;
નાગરી નાત કરે ઉપહાસ, છે મુજને તારો વિશ્વાસ.
જેને બોલાવીએ પોતાનો કહી, તેને ત્રીકમ તજીયે નહી;
ખિચડો જમાડવા આવ્યા અવિનાશ, હું માટે કીધો પંચગ્રાસ.
મધરાતે હુંને તરસ્યો જાણી, ઝારી ભરીને પાયું પાણી;
હુંને સાચો કીધો કોડીવાળ, હુંડી સીકારી શ્રી ગોપાળ.
તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સુનેએ ભરો;
જો નહિ આવો સુંદરશામ, તો છે નાગર સાથે કામ.

કડવું ૧૩ મું.

ભક્ત નરસૈંયો દોહિલો જાણીરે, ઉઠી ધાયા તે પુરુષ પુરાણીરે;
થયા શેઠ તે સારંગપાણીરે, સાથે લક્ષ્મી થયાં શેઠાણીરે.
નંદ સુનંદ ગરુડ છે સાથેરે, વસ્ત્ર ગાંસડા તેને માથેરે;
રથે બેઠા તે શ્રીગોપાળરે, ઘોરીને ધમકતે ઘુઘરમાળરે.
લોકે ઓળખ્યા નહિ જુગદીશરે, સાથે વાણોતર દશ વીશરે;
સહુ જોઇને વિસ્મય થાયરે, પ્રભુ આવ્યા તે મંડપ માંયરે.

છડીદાર તે વાટ મુકાવેરે, નાગરી નાત જોવાને આવેરે;
આ વેહેવારીયો કોણ આવ્યોરે, સાથે ગાંસડા સેના લાવ્યોરે.
કોઈ ન જાણે ત્રિભોવન ભુપરે, વીઠલે લીધું વણિકનું રૂપરે;
પ્રભુ રથેથી ઉતરિયારે, હરિ સભામાં સાંચરિયારે.
ખટદર્શને ખોળ્યો ન લાધેરે, જેને ઉમયાપતી આરાધેરે;
ન જડે જ્ઞાન ધ્યાન બહુ જોગેરે, હરિ હીંડે તે પાળે પાગેરે.
ચૌદલોકતણો મહારાજરે, મેહેતા માટે થયા બેજાજરે;
શોભે વાગો તે કેસર છાંટેરે, બાંધી પાઘડી અવળે આંટેરે.
કાને કુંડળ હીરે જડિયાંરે, નેત્રપત્ર તે શ્રવણે અડિયાંરે;
એક લેખણ કાને ખોસીરે, ધર્યું નામ દામોદર દોસીરે.
ઝીણા જામા ને પટકા ભારેરે, હરિ હળવે સભામાં સધારેરે;
સાદી પીછોડી ઓઢી નાથેરે, બહુ છેડા ગ્રહ્યા છે હાથેરે.
વેડ વીટી તે કર આંગળીયેરે, સાદાં મોજાં પેહેરયાં સામળીયેરે;
ઘણા વાણોતર છે સાથેરે, કોણે ઝોળો ગ્રહ્યો છે હાથેરે.
સેવક સેવામાં છે સજરે, ઓધવજીના હાથમાં ગજરે;
પ્રભુ પુંઠે તે કમલા રાણીરે, સભા મોહી જોઈ શેઠાણીરે.
ઉતર્યાં નાગરીનાં અભિમાનરે, જાણે ઉગ્યા તે કોટિક ભાણરે;
ભલું ભાળ ભમર રુડી રાજેરે, રત્નજડિત્ર રાખડી છાજેરે.
વિશાળ લોચન ચંચળ ચાલેરે, કે શું ખંજન પડિયાં જાળેરે;
છે અધર બિંબ પરવાળીરે, મસ્તક ઉપર વેણ વિશાળીરે.
બાજુબંધ ગળુબંધ માળરે, નવસેરા હાર ઝાકઝમાળરે;
કટી ધમકે ક્ષુદ્ર ઘંટાળીરે, નાકે શોભતી વેસર વાળીરે.
ઝમકે ઝાંઝર ઉજ્વળ પાગેરે, અણવટ વિછુવા તે બહુ વાગેરે;
જડાવ ચુડલો કર ખળકાવેરે, માયા મેહેતી રૂપે આવેરે.
પેહેરી પંચરંગી પટોળીરે, જુએ નૈણાં તે ધોળી ધોળીરે;
મોહી સભા અંબાને નરખીરે, દેવી દીસે તે વાણિયેણ સરખીરે.

લલિતા વિશાખા એ ખવાસીરે, છે ભુક્તિ મુક્તિ ચારે દાસીરે;
આવ્યાં સજોડ દેવાધિદેવરે, મેહેતે હરિ ઓળખ્યા તતખેવરે.
ભલે આવ્યા શેઠ શામળિયારે, મેહેતાજીને માધવ મળિયારે;
મળતાં બોલ્યા તે સુંદરશામરે, મારૂં પ્રગટ ન લેશો નામરે.
રખે વાત અમારી ચર્ચોરે, તમારે જે જોઇયે તે ખર્ચોરે;
પુરો કુંવરબાઇનાં કોડરે, એમ કહીને બેઠા રણછોડરે.
પછે સભા સહુ સાંભળતાંરે, હરિ વચન બોલ્યા એમ વળતારે;
જાઓ શેઠાણી દુઃખ કાપોરે, કુંવરબાઇને રુદિયાસું ચાંપોરે.
એવું કહેતામાં કમળા હીંડયાંરે, કુંવરબાઇને રુદિયાસું ભીડ્યાંરે;
મારી મોડી ન ભરશો આંસુરે, કયાં છે તેડો તમારી સાસુરે.
મળી નાગરિયો સેં બેચારરે, જોઇ રૂપ મેલ્યો અહંકારરે;
વેવાણ કમળાને પુછેરે, મેહેતા સાથે તે સગપણ શું છેરે.
કોકીલા સરખી વાણીરે, ત્યારે હસીને બોલ્યાં શેઠાણીરે;
વેવાણ તમે નવ જાણિયારે, મેહેતા બ્રાહ્મણ ને અમે વાણિયારે.
વેપાર કાપડનો કીજેરે, ધન મેહેતાજીનાં લીજેરે;
વેપાર કાપડનો ઘેર કોઠીરે, ઓથ નરસૈયાની મોટીરે.
અમે આવ્યાં મોસાળું કરવારે, હાલી છાબ સુનૈયે ભરવારે;
મેહેતાજીએ વસ્ત્ર મંગાવ્યાંરે, અમે લખ્યા પ્રમાણે લાવ્યાંરે.
એમ કહીને બેઠાં શેઠાણીરે, સહુ નાગરી સાંસે ભરાણીરે;
તેડયા શ્રીરંગ મેહેતા વેવાઇરે, ભાવે ભેટયા તે શ્રીજદુરાઇરે.
ત્યારે વિસ્મે થયા સહુ નાગરરે, છાબ ભરી તે કરુણા સાગરરે;
મેહેતાને કહે વનમાળીરે કરો પેરામણી સંભાળીરે.

કડવું ૧૪ મું.

મેહેતે તેડાવી દીકરી, આ જુઓરે છાબ સુનૈયે ભરી;
પેહેરાવો સહુ નાત નાગરી, આવો સમય નહિ આવે ફરી.

કુંકાવટી કરમાંહે ધરી, સાસુ પાસે વહુ સાંચરી;
હાસ કરી ગરવે ઓચરી, બાઇજી વસ્ત્ર આપો વ્હેંચી કરી.
વૈષ્ણવ કહીને દેતાં ગાળ, એ મોસાળું શું કરશે કપાળ;
જુઓ કમાઇ ડોસા દુર્બળતણી, જીવે છે ગુણ હરીના ભણી.
જો લખ્યાથી આશા હોય ઘણી, તો માગી લેજો બાઇ પેહરામણી;
સાંભળી કુંવર વહુની વાણી, તેડ્યાં સાસુએ ગોર ગોરાણી.
પુજ્યા પાગ કરમાં પિંગાણી, આઠ વસ્ત્ર પેરાવ્યાં આણી;
પછે નાગરની ભિડ ઘણી ભાળી, પીછોડીની પલવટ વાળી.
ત્રાબ પાસે બેઠા વનમાળી, છોડે ગાંઠ આપે વસ્ત્ર ટાળી;
મેહેતાજી કહે લો દીકરી, આ સસરાને આપો પામરી.
ઘડી જરકસી વાઘાની કરી, હેમ સાંકળી ઉપર ધરી;
તે વરના મુખ આગળ ધરો, નીચું જોઇને પાછાં ફરો.
પેહેરામણી મનગમતી કરો, રખે ડગલું પાછું ભરો;
સજોડે તેડ્યાં જેઠ જેઠાણી, આઠ વસ્ત્ર ત્યાં આપ્યાં આણી.
પ્રીતે પુજ્યા દિયર દેરાણી, ખુસટિયો તવ બોલ્યો વાણી;
જ્યાં નરસૈંયો ત્યાં નવનીધ, દીયરિયો બેઠો હઠ કીધ.
પાંચ મહોર સુનાની લીધી, પછિ પેહેરામણી ચાલતી કીધી;
નણદીયે પેહેરામણી અટકાવી, કુંવરબાઇ પિતા કને આવી.
બે તોલાની રાખડી લાવી, દશ તોલા સુનું આપી સમજાવી;
આપ્યા સાસુને સોળે સણગાર, પેહેરાવી કીધો નમસ્કાર.
તવ કોપ્યાં વડસાસુ અપાર, સર્વ કુટંબને કીધો તિરસ્કાર.

કડવું ૧૫ મું.

વડીરે વેવણ રિસાવ્યાં જાણી, લક્ષ્મીજી પાસે આવ્યાંજી;
ભારે ખિરોદક ખાંધે મુકી, ડોસી તે તરત મનાવ્યાંજી.
જે જે કાર થયો મંડપમાં, ગીત ગાયે સહુ રામાજી;
મોસાળું તે મેહેતાજીનું, બીજાં તે સર્વે ભામાજી.

પોતે પોતાનાં સગાં તેડાવ્યાં, જેની જ્યાં સગવડજી;
મનવાંછિત પેહેરામણી દેખી, માંડી તે તેડાતેડજી.
ઘેરઘેર વાત કરે સહુ નાગર, મેહેતો કરે મામેરુંજી;
વિચાર કરતી અબળા ધાએ, મનગમતી સાડી પેહરુંજી.
ચાર વરણ સહુ ચરણે ચાલી, આવી મંડપમાંયજી;
પલવટવાળી શ્રીવનમાળી, તતક્ષણ આવ્યાં ત્યાંયજી.
મેહેતાજી ઉભા તાળ વજાડે, ગાય વેરાગી ગીતજી;
શિખવે સાસુ કુંવરવહુને, પેહેરામણીની રીતજી.
શ્રી રંગજી ને શામળ મેહેતો, પામ્યા ધોળાં શેલાંજી;
હેમજી ખેમજી મેહેતાજીને, દશેક ખાંધે મેલ્યાંજી.
કભાયકોને પામરી પટકા, નામ ન જાયે ગણિયાંજી;
કોને મુગટા કોને પીતાંબર, કોને સેલાં સણિયાંજી.
મગીયાં દોરિયા આસાવળી, કોને સેલાં પટ્ટુ શાલજી;
ગુચ્છ પેચ પાઘડીયો તોરા, દીસે ઝાક ઝમાળજી.
પાયજામા નીમા ને જામા, પીછોડી બાળાબંધજી;
વસ્ત્ર તણો વરસાદ જ વરસ્યો, જ્યાં ડોસી કરુણાસિંધુજી.
સુરમા ડગલા કોને કોરા, વેડ વીંટીયે છાપજી;
દુગદુગી માળા ને માદળિયાં, આપ્યાં તે મોતી અમાપજી.
કોને કંદોરા ને કોને દોરા, કોને સાંકળી શોહેજી;
કનક કડાં ને કોને પ્હોંચી, દેખીને મન મોહેજી.
પેહેરામણી પુરુષોને પોહોંચી, તેડ્યો અબળા સાથજી;
પીયળ કાઢીને ખાંધે મુક્યાં, પટકુળ નાના ભાતજી.
ગંગાવહુને ગજિયાણી સાડી, સુંદરવહુને સાળુજી;
ગોરે અંગે સબળું શોભે, માંહે કાપડું કાળુંજી.
છબિલી વહુને છાયલ ભારે, ભાત તે રાતી ધોળીજી;
કોડવહુને કલઘેર આપી, પ્રેમવહુને પટોળીજી.

રામકુંવરને કૃષ્ણકુંવરને, આપ્યા તે ભારે ઘાટજી;
છેલવહુને છીંટ જ આપી, નહાની વહુને નાટજી.
પાનવહુને પીતાંબર પહેરાવ્યાં, તાકે બચી બાઇજી;
રૂપકુંવરને રાતો સાળુ, દેવકુંવર દરિયાઇજી.
સામ કુંવરને સુનેરી સાળુ, સખરવહુ ઘરચોળુજી;
લક્ષ્મી વહુને લાછા વહુને, લાલ વહુને પટોળુંજી.
જશમાદે જશોદા જીવી, જમુના જાનકી વહુજી;
ચોરણા ચોળી ને ઘરસાડી, પેહરીને ઉભાં સહુજી.
માનબાઇને વેલ વહુને, રંભાવતીને રયાંજી;
જુના કાઢીને નવા પેહરાવ્યાં, હેઠાં મુકી મુકી દીયાંજી.
છાબની પાસે છબીલો બેઠો, જે જોઇએ તે આપેજી;
મસરુ ગજિયાં ને ગજિયાણી, ગજ ભરીને કાપેજી.
પાટ પીતાંબર અતલસ અંબર, ચોળેરાં ને ચારજી;
શોભે સુંદર ભાત નવરંગી, પુતળિયો ને કોરજી.
સાડી જરકસીની ઓઢણી, ચળકે સુંદર જોરજી;
કેસર છાંટયા ધોળા સાળુ, ફરતી કસબી કોરજી.
ચંદ્રકળા ને મોરવી શોભે, દરિયાઇમાં દોરજી;
અતલસ પાંચપટા આભૂષણ, સુનાં રૂપાંની મહોરજી.
કોને અકોટી ને કોને ટોટી, ગળુબંધ બહુ મુલજી;
કોને ભમરી કોને સેંથો, તરસતિયાં શીશ ફુલજી.
કોઇ મેહેતા પાસે માળા માગે, ઉભી રહી કરજોડેજી;
કેટલીએક પોતાનાં બાળક, મેહેતા આગળ ઓડેજી.

કડવું ૧૬ મું.

કોડ પોતા કુંવરવહુનાં, ભાગ્યું ભવનું મેણુંજી;
મનવાંછિત પહેરામણી પામ્યાં, જેને જેવું લેણુંજી.

નાગરી નાત કુટંબ પડોશી, ચાકર કોળી માળીજી;
પહેરામણી સહુકાને પોંચી, વાચા પ્રભુએ પાળીજી.
સોળે સણગાર કુંવરબાઇને, આપી દીધું માનજી;
કનક પહાણુ બે છાબમાં મુકયા, હરિ થયા અંતરધાનજી.
સભા સહુકો વિસ્મય પામી, અલૌકિક શેઠ શેઠાણીજી;
મેહેતાને સહુ પાયે લાગે, ભક્તિ સાચી જાણીજી.
કુંવરબાઇની નણદી આવી, બડબતી મુખ મોડેજી;
પેહેરામણી કોઇને નવ પહોતી, વેવાઇને અવખોડેજી.
પેહેરામણી પરનાતી પામ્યાં, ઘરનાં માણસ ગયા ભુલીજી;
એક કટકો કાપડું નવ પામી, પુત્રી મારી ફુલફૂલીજી.
મને આપ્યું તે લો ભાભી પાછું, રાખડી બંધામણજી;
નામ મેહેતો પણ ન હોય નાગર, દીસે દુર્બળ બ્રાહ્મણજી.
કુંવરબાઈ પિતા કને આવી, તાત હવે શું થાશેજી;
આટલું ખરચતે મેણું રહ્યું તે, હવે કેમ જીવાશેજી.
વીસરી દીકરી નણદી કેરી, નાનીબાઈ તેનું નામજી;
૭ મહિનાની છોકરડી, એક કાપડાનું કામજી.
મેહેતાજી કહે પુત્રી મારી, સમરો શ્રી ગોપાળજી;
એક તાંતણો મુજથી ન પામો, બેઠો વજાડું તાળજી.
ફરી ધ્યાન ધરયું માધવનું, ત્રીકમ રાખજો ટેકજી;
પચરંગી ત્યાં કાપડું સુંદર, આકાશથી પડયું એકજી.
નણદી સંતોકી કુંવરબાઈની, મેહેતાજી માગે વિદાયજી;
સહસ્ર મહોર બે પહાણુ સુનાંના, મુકયા તે છાબમાંયજી.
નાગર લોક સહુ પાય લાગે, પ્રજા કરે વખાણુજી;
નાગરી નાત મોટો નરસૈં, માથે સારંગપાણુજી.
ધન્ય મેહેતાજી તમ સમોવડ, આ કળજુમાં ન હોયજી;
નાગરી નાતનો મહિમા રાખ્યો, ઉજળું કીધું સહુ કોયજી.

અમને તો વિશ્વાસ જ નોતો, મેહેતો કરે મામેરુજી;
સર્વની લજ્જા પ્રભુએ રાખી, મેણું ટળ્યું ભવકેરુજી.
પછે મેહેતાજી વિદાય માગે, બોલે બેહુકર જોડીજી;
કુંવરબાઇને ઘેર વળાવો, વેહેલ આણી છે જોડીજી.
પછે કુંવરબાઈ વેહેલે બેસી, જૂનેગઢ તે જાયજી;
સહુકો વળાવી પાછાં વળિયાં, ધન્ય ધન્ય વૈકુંઠરાયજી.
વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામજી;
ચાતુર્વંશી જ્ઞાતી બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામજી.
સંવત સત્તર ઓગણ્યાળો, આસો સુદ નવમી રવીવારજી;
પૂરણ ગ્રંથ થયો તે દિવસે, યથા બુદ્ધિ વિસ્તારજી.
પ્રીત કરી જે ગાય સાંભળે, દારિદ્ર તેનું જાયજી;
એવું જાણી ભક્તિ કરે, તેને સન્મુખ વૈકુંઠરાયજી.

---

(૧૧૦) ઘેણ સેરડીએ સાંચરીયાં, જોવા મળીયા લોકરે;
ઘેણ જેહડિયાં—ટેક.

ઘેણ તો બોલાવ્યાં બોલે નહીં, ઘેણનું નસકોરું નમે નહીં;
ઘેણ તમારે પેહેરણે, લાવું દખણી ચીરરે. ઘેણ જે૦
ઘેણ તમારા સાસરીયાં, દીસે બાવન વીરરે. ઘેણ જે૦
ઘેણનો મોડ મોતીએ ભર્યો, ઘેણનો અંબોડો ફુલે ભર્યો;
ઘેણ તમારે પેહેરણે, લાવું આછા સાળુરે. ઘેણ જે૦
ઘેણ તમારાં પીહેરીયાં, દીસે સઘળાં વારુરે. ઘેણ જે૦
ઘેણની રાખડીએ લટકો ઘણો, ઘેણની ચુંદડીએ ચટકો ઘણો;
ઘેણ તમારે બેસણે, લાવું સાંગા માચીરે. ઘેણ જે૦
ઘેણ તમારા પીહરીયાં, દીસે સઘળાં ધાંચીરે. ઘેણ જે૦
ઘેણનો હાર હીરે જડયો, ઘેણની ટીલડીયે મીનો ભરયો;
ઘેણ તમારે સાળુડે, ભરાવું કસબી બુટ્ટારે. ઘેણ જે૦
ઘેણ તમારાં પીહેરીયાં, દીસે સઘળાં જુઠ્ઠારે. ઘેણ જે૦

(૧૧૧) પેરોરે લાડેકડી ઘેણુ કાંચળીરે, તમ ઇશ્વિરને પારવતીએ. મોકલીરે.
સીવણુ સીવણુ ઘુઘરીરે, ઘેણુ હૈયડલે હસતીરે પુતળીરે.
લંકાધડ વ્હાણ પુરાવીએરે, ત્યાંથકાં સુનાંરે અણાવીએરે.
લંકાધડના રાહો રાણે પુછીયારે, એઓ સુનાં કેસ ઘેર જોઇસેરે.
હમ ઘેર ભીભીય લાડકાંરે, તે તો ટોટડી ઘડતાં રઢ લઇ રહ્યારે.
ટોટડી ઘડતાં ને રજ ખરીરે, તે તો લાડેકડારે—બેહેનની ટીલી જડીરે.
હડમચઘડ વ્હાણ પુરાવીએરે, ત્યાંથકા હીરારે અણાવીએરે.
હડમચઘડના રાહો રાણે પુછીયારે, એઓ હીરા કેસ ઘેર જોઇસેરે.
હમ ઘેર ભાભીય લાડકારે, તે તો ટોટડી જડતાં રઢ લઇ રહ્યારે.
ટોટડી જડતાં ને રજ ખરીરે, તો લાડેકડારે—બેહેનની ટીલી જડીરે.
સીંધડઘડ વ્હાણ પુરાવીએરે, ત્હાંથકાં મોતીરે અણાવીએરે.
સીંધડઘડના રાહો રાણે પુછીયારે, એઓ મોતી કેસ ઘેર જોઇસેરે.
હમ ઘેર ભાભીય લાડકાંરે, તે તો ટોટડી પ્રોવતાં રઢ લઇ રહ્યારે.
ટોટડી પ્રોવતાંને રજ ખરીરે, તે તો લાડેકડારે—બેહેનની ટીલી પ્રોઇરે.

---

(૧૧૨) ફાગણ મહીને વસંતના દહાડા, ઘરમાં વહુઆરુએ માંડ્યા છે રાડા.
ઘેણ કહેતીરે હું તો કંઇયે ના જાણું, ચાલતાં ગાડાનું પૈડુંરે તાણું.
ઘેણ કહેતીરે હું તો કાચા ચણા ચાવું, ટચલી આંગળી ઉપર નાવલો નચાવું.
ઘેણ કહેતીરે હુંને વાનીરે અરજો, વાનીરે અરજે કરાવ્યા રે ખરચો.
ઘેણ કહેતીરે હુંને વાનારે ગોળા, વાનેરે ગોળે ભરાવ્યારે ખોળા.
વાસીદાં વાળંતાં વહુઅર દીસોછો રુડારે, પગ્યાં આખડ્યાં છેડે બાંધ્યા એ લક્ષણ ભુંડારે.
ગાય દોહતાં વહુઅર દીસોછો રાણીરે, વાડકે વાડકે દુધ પીયો માંહે રેડો પાણીરે.

રાંધતાં રાંધતાં વહુઅર દીસોછો રુડાંરે, ખરાં મોળાં ચાખા જુઓ એ લક્ષણ ભુંડાંરે·
તમારીરે સાસુએ શી શી સાધર પૂરીરે, હુનાં હુનાં ખાજાં ઉતરતી જલેબીરે.
તેરે ખાઈ ઘેણુ ઓરડે સુતાં, રાતના ચાર પહોર ઘસઘસ ઉંઘ્યાં.
સાસુના જાયા ઉંઘો છોકે જાગો, પાનનાં બીડલાં તે વાળી વાળી આપો.
તમારીરે માડીએ શી શી સાધર પુરીરે, બાર વરસનો બાવટો ને તેર વરસનું તેલરે.
કુંવાડીયાની ભાજીને એરંડીએ વધારી, તેરે ખાઇ ઘણુ પરસાળે સુતાં.
રાતના ચાર પોહોર અધી અધી છુટયાં, માડીના જાયા સુના છો કે જાગો.
અધવાના લોટા તે ભરી ભરી આપો, ઘર પછવાડે ખોદાવો રે ખાડી.
તેરે ઉસેડે એની—રે માડી.

(મોડ)

(૧૧૩) લંકારે ઘડથકાં સુંનાંરે અણાવો, વેગલે મોડ ઘડાવો.
હડમચઘડથકા હિરારે અણાવો, વેગલે મોડ જડાવો.
સિંઘડઘડથકાં મોતીરે અણાવો, વેગલે મોડ પ્રોવડાવો.
પાટણુ દેશથી પટુઆ તેડાવો, વેગલે મોડ ગંઠાવો.
ક્યાં બેસી ઘડીયો ને ક્યાં બેસી જડીયો, ક્યાં બેસી મોડ પોરવીયો.
આગલે બારણે ઘડીયો ને પાછલે બારણે જડીયો,પરશાળે મોડ પોરવીયો.
કોણેરે ઘડીયો ને કોણેરે જડીયો, કોણે તે મોડ પોરવીયો.
—એ ઘડીયો ને—એ જડીયો,—એ મોડ પોરવીયો.
એરે સોનીડાને પીરસોરે બાટ, મોડ લાવ્યોરે રુડે ઘાટ.

એરે સોનીડાને પીરસોરે દુધકુર, મોડ લાવ્યોરે ઉગતે સુર.
એરે મોડલે કંઈ બતરીસ ભમરી, મોડ લાવ્યો જેમ ચમરી.
મેડીએ બેઠાં સુણોરે સારંગ ઘેણુ, મોડ મારી મોડાતી સોઇએ.
મોડ પેહેરી ઘેણુ ગોત્રજે બેઠાં, ગોત્રજને મન ગોઠ્યાં.
મોડ પેહેરી ઘેણુ ઓરડે ઉભાં, સ્વામીને મન ગોઠ્યાં.
મોડ પેહેરી ઘેણુ બારીએ ઉભાં, નણંદને મન ગોઠ્યાં.
મોડ પેહેરી ઘેણુ પરસાળે ઉભાં, સાસુને મન ગોઠ્યાં.
મોડ પેહેરી ઘેણુ ઓટલે ઉભાં, પાડોસીને મન ગોઠ્યાં.
મોડ પેહેરી ઘેણુ આવે ને જાએ, કાકીસાસુ રળીયાત થાએ.
કાકી સાસુ રળીઆત થાયરે સારંગ ઘેણુ, મોડ મારી મેડાતીને સોઇએ.

---

(૧૧૪) હાથમાં કાંસકડી ને ખસવટે નાડાં, માથું ગુંથાવા ઘેણુ ચાલ્યાં.
ઘેણુનુંરે માથું કોઇ ગુંથી ના જાણે, ગુંથાવી ના જાણે, ગુંથે મારા
—ભાઇની નારી.
—ભાઇની નારીને—વહુ—ઠકરાણી, તેણે મારી ઘેણુ સણગારી.
પાટણ દેશનાં પટીયાંરે પાડ્યાં, નાડાં ઘાલ્યાંરે નડીયાદી.
સુરત શહેરની ટીલડીરે ચ્હોડી, આંખ આંજીરે અણીયાળી.

---

(૧૧૫) કોરીને કરજાળી કોઇયે કોરા કાજળ પાડ્યા રે.
કોણ રાધા વેધાળીએ વચ્ચે વાંધા ઘાલ્યા રે.
—રાધા વેધાળીએ વચ્ચે વાંધાં ઘાલ્યા રે.
લવેંગકેરી લાકડીએ કંઈ મોડાતી મરાયાંરે.
ફૂલકેરી પાંખડીએ કંઈ મોડાતી મરાયાં રે.

(૧૧૬) ઓસીસે મગદળના લાડુ કોણ બિલાડી ખાયરે.
ઓસીસે મગદળના લાડુ—બિલાડી ખાયરે.
એટલે આવ્યાં ઘેણનાં સાસુ ધોકો લઇને ધાયાંરે.
કુતરા વરાંસે એની કેડ કુટી ભાંજીરે.

બીલાડી વરાંસે એનો વાંસો બેવડ વાળ્યોરે.
ચેણ વરાંસે એને ચણીયારામાં ચાંપીરે.

(કોથળી)

(૧૧૭) લીલડા ગજની કોથળી એનીરે, ઘેણનારે સાસુએ હરખે સીવાડીરે.
ઘેણનારે સસરાએ ઘુઘરી મુકાવીરે, ઘેણનારે સ્વામીયે રૂપૈયે ભરાવીરે.
ઓસીસે મુકી ઘેણ પાંગતે જુએરે, કોથળી ના જ દેતો ડુસકે રૂએરે.
કોથળી કોથળી શું કરો ગોરારે, કોથળી જાશે તારે મોસાળાંની પેરરે.
અહીંથી ને કોથળી-ફૂળીએ જાશેરે ત્યારે મોસાળાંની ત્રેવડ થાશેરે.
કોથળી માંહે હુ તો કકડોક સાબુરે, કોથળી લઇ ગયો-બાબુરે.
કોથળી માંહે હુતી એક બદામ રે, કોથળી લઇ ગયો-હજામ રે.
કોથળી માંહે હુતો એક સવાયો રે, કોથળી લઇ ગયો-ભવાયો રે.

ચાંદો.

(૧૧૮) દક્ષણ દેશથી ચાંદો રે આવ્યો, તો સુરતમાં ગવાયો રે.
ચાંદલીયાના ઝાકમ ઝોળા, તો લોની મોડાતિ મુખ રોળા રે.
ચાંદો લોની રાજાની રાણી, તો ચાંદો લો ઠકરાણી રે.
જારલે જીયાવર જાયા, તો એની માડીએ માગ્યા જાગ રે.
ભમર પાલખડી પોરાડ્યા, તો ખીરોદક હોરાવ્યાં રે.
પાણી સાથે દુધડે નવડાવ્યા, તો ચોખા સાથે મોતીડે વધાવ્યા રે.
ગોત્રજ સુંનાનાં ઘડાવ્યાં, તો મૈયારીએ પાડ્યાં નામ રે.

જોસીને જનોઇ પેહેરાવ્યાં, તો ચોખંડ વધાર્યાં નામ રે.
ઓલે ખુણે કાચ ઢળાવ્યા, તો પેલે ખુણે હીરા રે.
તે તણા ઘર પુછી જાજો, તે—ને—બે વીરા રે.
દક્ષણ દેશથી ચાંદો રે આવ્યો, તો સુરતમાં ગવાયો રે.
ચાંદલીયાના ઝાકમ ઝોળા, તો લોરે મોડાતી મુખરેળા રે.
ચાંદો લોની રાજાની રાણી, તો ચાંદો લો ઠકરાણી રે.
જારલે મોડાતી જાયાં તો, એની માડીએ માગ્યા જાગ રે.
કટીસી ખાટલીએ પોરાગ્યાં, તો મસોતાં હોરાગ્યાં રે.
પાણી સાથે મુતરે નવડાવ્યાં, તો ચોખા સાથે ઇયળે વધાવ્યાં રે.
ગોત્રજ કાદવનાં ઘડાવ્યાં, તો મૈયારીએ વાહાગ્યાં નાક રે.
જોશીનાં જનોઇ તોડાવ્યાં, તો ચોખંડમાં બોળ્યાં નામ રે.
ઓલેને ખુણે કાદરા, તો પેલેને ખુણે બંટી રે.
તે તણા ઘર પૂછી જાજો, તો—ને—બે બેઠા ઘંટી રે.
એક કહે જે જાડું ને એક કહે જે ઝીણું, તો વચમાં પડીયું થૂલું રે.
પાછું ફરી તમે જુઓ રે મોડાતી, તમારી માની આંખમાં પડીયું ફૂલું રે.

(૧૧૯) છાયલામાં છાયલું ને રુપૈયામાં પાયલું, તો ખીરોદક ચીર વટીયાં રે.
ઘેણુનોરે સસરો વેહવારીયો, ઘેર પડે ટંકસાળ રે.
સુંનૈયા હોરચા ને રુપૈયા હોરચા, તો અસફીનો આવ્યો ઘેર લાભ રે.
તેરે લાભ તમે ખરચો રે, દીકરા કરાં કાજ રે.
છાયલામાં છાયલું ને રુપૈયામાં પાયલું, તો ખીરોદક ચીર વટીયાં રે.
ઘેણુનો રે બાપ દેવાળીયો, તો ઘેર પડે હડતાળ રે.

પાડારે મુંડે ને ભેંસ રે મુંડે, તો નીમાળાનો આવ્યો ઘેર લાભ રે.
એરે લાભ તમે ખરચ્યો રે વેહવાઇ, દીકરી કેરાં કાજ રે.

મહુડનાં ગીત.

(૧૨૦) પેહેલે ઝુમખડે મોતી રે, નામ સુરજ રંનાદેવ જઇ ઉભી
ડોસીડા હાટરે, નામ૦
લાવી લાવી ચુંદડી બે ચાર રે, નામ૦ તે રાણી રાંદેલ કાજ રે, નામ૦
રાંદેલ સાચાં દેવરે, નામ૦ પુરે મારાં મનડાંનાં કોડરે, નામ૦
બીજે ઝુમખડે મોતીરે, નામ૦
જઈ ઉભી સુનીડા હાટરે, નામ૦ લાવી લાવી ઝાંજરાં બેચારરે, નામ૦
તે રાણી રાંદેલ કાજરે, નામ૦ રાંદેલ સાચાં દેવરે, નામ૦
પૂરે મારાં મનડાનાં કોડરે, નામ૦ તીજે ઝુમખડે મોતીરે, નામ૦
જઈ ઉભી ગાંધીડા હાટરે, નામ૦ લાવી લાવી શ્રીફળાં બે ચારરે, નામ૦
તે રાણી રાંદેલ કાજરે, નામ૦ રાંદેલ સાચાં દેવરે, નામ૦
પુરે મારાં મનડાંનાં કોડરે, નામ૦ ચોથે ઝુમખડે મોતીરે, નામ૦
જઈ ઉભી માળીડા હાટરે, નામ૦ લાવી લાવી ચોસેરાં બે ચારરે, નામ૦
તે રાણી રાંદેલ કાજરે, નામ૦ રાંદેલ સાચાં દેવરે, નામ૦
પુરે મારાં મનડાંનાં કોડરે, નામ૦

(૧૨૧) નરસૈયોરે એક મેહેતો હુતો,
કે મેહેતે માંડ્યા રંગના રોળ, દરવાજા રંગાવ્યા સોળ.
કહો–ભાઇ તમારી ઘરનાર રંભા કેમ આવેરે.
એને મોટી કેડ, રંભા૦, ભાઇ ભાંગે કેડ, રંભા૦,
એને મોટા સાળો કે, રંભા૦, સાસુજી મારે પાયો કે, રંભા૦,

(૧૨૨) ખતરીવાડાની ખતરેણુ લાલ હંબોડારે.
ખતરેણુ આવી બેઠી ગોખ લા० તે તો મોડાતીની સોક લા०
—ભાઈ છાંના પેંડા લાવે કે લા० પેલી ખતરેણને ખવડાવે કે લા०
મોડાતી બારીએ બેસી રુએ કે લા० એની સાસુ આંસુ લુહે કે લા०
વહુઅર આવડી સી છે પેર લા० ખતરેણ કાલે જાસે ઘેર લા०
આપણે કરીસું લીલા લેહેર લાલ હંબોડારે.

(૧૨૩) આ રાણા આ રાયમલ હીંદવાણી, આ રાણા—ભાઇ હીં०
તમે કાળીને શું મોહ્યા લાલ હીં० એ કાળી કાંમણ ગારી લાલ હીં०
એના ચોટલામાં ચોર લાલ હીં० એના અંબોડામાં મોર લાલ હીં०
એનાં માદળીયામાં ચીટ્ટી લાલ હીં० એને કામણ કરતાં દીઠી લાલ હીં०
એના સડકામાં સાપ લાલ હીં० તે તો—વહુનો બાપ લાલ હીં०

(૧૨૪) હાંહાંરે કે ચોરા છોબનના,
હાંહાંરે કે બેઠક મોટાની હાંહાંરે, કયા ભાઇ બેઠાછે, હાંહાંરે—ભાઈ બેઠાછે.
હાંહાંરે મોડાતી પાન આપે, હાંહાંરે કે પાન આપતાં વાર લાગી.
હાંહાંરે કે સોટીયો સાત મારી, હાંહાંરે કે ટપલા તણ માર્યા.
હાંહાંરે કે ઢીકા નવ મારયા, હાંહાંરે કે સાયબા સામાટે.
હાંહાંરે કે વાંક નથી હમારો, હાંહાંરે કે વાંક છે નણદીનો.
હાંહાંરે કે તેણે મને મરાવી.

---

(૧૨૫) નવે નગરથી વાંદરોરે આવ્યો,—ભાઇનું ઘર પુછતોરે આવ્યો.
મોડાતીએ દીધાં માનરે વાંદરા, નહવડાવી ધોવડાવીને પાટલે બેસાડયો.
આંખજ આંજીને ટીલડોરે તાણ્યો, એટલે આવ્યા—ભાઇરે.
ફટ્ટ ગધેડી વાંદરો સું ઘાલ્યો, હું વરણાગીયો વાંદરો સું ઘાલ્યો.
હું રૂપાળો વાંદરો સું ઘાલ્યો, હું છોગાળો વાંદરો સું ઘાલ્યો.

(૧૨૬) કાકરીયા ઉપરરે કે નોબત વાગેછે, કેસરીયે વાઘેરે–ભાઇ પરણે છે.
પેલી કાળી ઉપરરે કે ગોરી આવે છે, સાસુના જાયારે કે સોયક શિદ લાવ્યા.
નણદીના વીરારે કે સોયક શિદ લાવ્યા.
કાકરીયા ઉપરરે કે નોબત વાગે છે, કેસરીયે વાઘેરે–ભાઇ પરણે છે.
પેલી નીચી ઉપરરે કે ઊંચી આવેછે, સાસુના જાયારે કે સોયક શિદ લાવ્યા.
નણદીના વીરારે કે સોયક શિદ લાવ્યા.

(૧૨૭) માળવડેથી જોગી આવ્યો હાથ કમળની દાંડીરે, હરિહાં.
આવી ઉભો વડની છાયા બેઠા આસન વાળીરે, હરિહાં.
જમું તો મોદીકના લાડુ નીકર રહું ભુખ્યોરે, હરિહાં.
પીયું તો ગંગાજળ પાણી નીકર રહું તરસ્યોરે, હરિહાં.
બેસું તો તલંગી ઘોડે નીકર હીંડું પાળોરે, હરિહાં.
પરણું તો–ભાઇની ગોરી નીકર રહું કુંવારોરે, હરિહાં.
–ભાઇની ગોરી હજી કુંવારી હજી કુંવારી વર માગે બચારીરે. હરિહાં.
માણેક ચોકમાં માંહેરું બાંધ્યુ તરફળીયામાં ચોરીરે, હરિહાં.
ડાકેણુ સાકેણુ ગીત ગાસે, ભુત વળાવા જાશેરે, હરિહાં.
ભુતને તો આણાં આવ્યાં પરેત પરણી જાશેરે, હરિહાં.

(૧૨૮) બગલું ઓ આવે ઓ જાયરે, બગલું ફેગટ ફેરા ખાયરે.
બગલું મોડાતીને લઈ જાયરે, પાછળ–ભાઇ દોડ્યા જાયરે.
ઓ મારી ગોરીને લઇ જાયરે, ઓ મારું લવંગ લુટાઇ જાયરે.
ઓ મારાં મોતીનું મુલ જાયરે, ઓ મારું પલ્લું ઝાંખું થાયરે.

(૧૨૯) કાચલીમાં કંકોડી ને વાડકીમાં પાણી, ન્હાનો વર નવડાવા
બેઠી સમડી લઇ ગઇ તાણી.
લાલ કેમ કરીએ, મારે કરમે કજોડું લાલ કેમ•
મારે જુગમાં વગોણું લાલ કેમ૦ મારે સૈયરોમાં મેણું લાલ કેમ૦
ટોપલામાં ઘાલી હું તો કાકાબળીયા ગઇતી, કાકેબળીએ
પુછ્યું તારો સો સગો લાગે લાલ કેમ૦
બાઇજીનો બેટડો ને નણદીનો વીરો, ન્હાનો છે પણ કંથ લાલ કેમ૦
રોટલા ઘડું તારે ચાનકીરે માગે, ધબ્બ લઇને ઢીકા
મારૂ હૈયાડામાં દાઝે લાલ કેમ૦
પાણીડાં જાઉં તારે છેડે વળગ્યે આવે, ધબ્બ લઇને
ઢીકા મારૂ હૈયડામાં સાલે લાલ કેમ૦
હાથ પાગ દોરડી ને પેટ મોટું ગોળી, ઉકરડે જઇ હગવા
બેસે સમડી પાડે ઢોળી લાલ કેમ૦

(૧૩૦) મારો સસરો પાટણ ગયો તો, પાટણનાં બી લાવ્યોરે,
હેલી તુમડીનો રણકો વાગ્યો.
મારા દીએરે તુમડી વાવી, વાવ્યાના ગુણ ગાઉંરે હેલી તુમ૦
મારા જેઠે તુમડી મોરી, મોરવ્યાના ગુણ ગાઉંરે હેલી તુમ૦
મારી સાસુએ તુમડી વધારી, વધાર્યાના ગુણ ગાઉંરે હેલી તુમ૦
મારો સસરો જંબા બેઠો, વ્હેલી વ્હેલી પાટલા માંડુંરે હેલી તુમ૦
મારો સ્વામી જંબા બેઠા, વ્હેલી વ્હેલી લોટા ભરૂંરે હેલી તુમ૦
મારાં છોકરાં જંબા બેઠાં, વ્હેલી વ્હેલી કોળીયા ભરાવુંરે હેલી તુમ૦
સોકનાં છોકરાં જંબા બેઠાં, ધાઇને ઢીકા મેલુંરે હેલી તુમ૦
મારી સોક જંબા બેઠી, વ્હેલી વ્હેલી હાંલ્લાં ફોડુંરે હેલી તુમ૦

(૧૩૧) કંઈ સમીસાંજે ચોર પડ્યા, પરોઢીયે ખતર પાડ્યાંરે
લટકણ વાણીયા.
કંઈ—ભાઇ તમે ઉંઘોછો કે જાગોછો, તમારી ગોરીને લઈ
ગયા ચોરરે લટક૦
એને લઇ ગયારે લઈ જાવાદો, એને આઘેરાં વળાવોરે લટક૦
મેંતો—એનને સોંપ્યા તા, એણે જાળવી ના જાણ્યાંરે લટક૦

(૧૩૨) લાલજી કારતક મહીને રથ જાદવરાય જોતર્યારે હો લાલ
વ્હેલા આવજો હોજી.
લાલજી માગસર મહીને માધવ મથુરા જઇ રહ્યા રે હો લાલ વ્હેલા૦
લાલજી પોસ મહીને પ્રીતે પોપટ જળહળ્યા રે હો લાલ વ્હેલા૦
લાલજી મહા મહીનામાં મારાં હૈયામાં હોંસ ઘણી રે હો લાલ વ્હેલા૦
લાલજી ફાગણ મહીનો ફુલગુલાલે ઘેરીયો રે હો લાલ વ્હેલા૦
લાલજી ચૈતર મહીને ચંત ચતુરભુજ જઇ રહ્યા રે હો લાલ વ્હેલા૦
લાલજી વૈશાખે તો વાએ વાવલીઆ વહી ગયા રે હો લાલ વ્હેલા૦
લાલજી જેઠ મહીને જળ જમના હમે જીલતાં રે હો લાલ વ્હેલા૦
લાલજી અખાડે અબળાની આશા પૂરજો રે હો લાલ વ્હેલા૦
લાલજી સાવણ મહીને સરવર નદીયે નીર ઘણાં રે હો લાલ વ્હેલા૦
લાલજી ભાદરવો તો ભરીપુરીને ગાજીયો રે હો લાલ વ્હેલા૦
લાલજી આસો મહીને નવદુરગાનાં નોરતાં રે હો લાલ વ્હેલા૦

(૧૩૩) ધનડા ઊંચીને મેડીરે મ્હારા બાપની રે હો રાજ
ધનડા સાયબા હોજી.
ધનડા નીચું ને ઝુંપડું રે પેલી સોયેકનું રે હોરાજ ધનડા૦
ધનડા મેડીએથી હુંઓ પડી ને જાણે ફુલ ગરયું ને જાણે
પાંખડી ગરીરે હો રાજ ધનડા૦

ધનડા ઝુંપડેથી સૌયેક પડી ને જાણે સલ્યા પડા ને જાણે
ધજા ઢળી ને જાણે મઝા પડીરે હો રાજ ધનડા૦

(૧૩૪) ભમર ભોળીના સાયબોરે સાયબોરે સુબેદાર.
કાળી ભાંયના કોદરા રે બાખડી ભેંસનાં દુધ,
સાયબો સીરામણ સીરાવે તો નદીએ આવ્યાં પુર.
—ભાઇની ગોરી ગોરીરે તે ધણીનાં રાજ;
પેટે પરસુદી ઉતરે પકવાનનાં સરસે કાજ.
—ભાઇની ગોરી કાળીરે તે ધણીનાં રાજ;
વાંસે અડદ ઉતરે પાપડનાં સરસે કાજ.
—ભાઇની ગોરી નીચીરે તે ધણીના રાજ;
સાલ્લે વાસીદાં વાળસે સાવરણીનાં સરસે કાજ.
—ભાઇની ગોરી ઊંચીરે તે ધણીનાં રાજ;
પડતા મોભને ઝીલસે સુથારનાં સરસે કાજ.

(૧૩૫) વાદીડોને આવ્યોરે અમદાવાદથીરે.
વાદીડાના હાથમાં સુનાંનાં સાકળાંરે.
તેનો મને ચુડલો ઘડાવરે, ચુડલે વાદીડો લખાવરે.
વાદી મારી સેરીનો સરદારરે, વાદી મારી પેહેડીનો પરધાનરે.
વાદી મારા હૈયાકેરો હારરે, વાદીડોને આવ્યોરે મુંબઇ સ્હેરથીરે.
વાદીડાના હાથમાં રંગત લાકડીરે, તેનો મને રેંટુડો ઘડાવરે.
રેંટીયે વાદીડો લખાવરે, વાદી મારી સેરીનો સરદારરે.
વાદી મારી પેડીનો પરધાનરે, વાદી મારા હૈયાકેરો હારરે.

(૧૩૬) આ વારોરે જસોદારે માડી, નાઘડીયો નર હોયરે અનાડી.
ગોપીરે ઘેર ઘેર માખણ ચોરે, ધાવતાંને કંઇ વચ્છ વછોડે.

આ મહી નાખે છે ઢોળી દાણ માગેરે, મારો વ્હાલોજી દાણ માગેરે.
કાળો કૃષ્ણજી દાણ માગેરે, ભોળો ભુધરજી દાણ૦
છોગાળોજી દાણ૦ મોરલીવાળોજી દાણ૦ આ વારોરે જસોદારે માડી.
નાધડીઓ નર હોયરે અનાડી, પાતળીયો પરપંચેરે આવે,
મારગડો રોકી અટકાવે, આ મહી નાખે છે ઢોળી૦
મારો વ્હા૦ કાળો કૃષ્ણ૦ ભોળોભુ૦ છોગા૦ મોરલી૦

---

(૧૩૭) ચલ્લ ગાગેર ચલ્લ ગાગેર જમનારે જઇયે.
જમનાજી રળીયામણારે ગાગેર ધ્રુમે.
પાણીડાં જાઉં તો મને કાંકરારે ખુંચે.
સાયબા કાચ ઢળાવરે ગાગેર૦.
રોટલા ધડું તો મારા હાથડારે દુખે;
સાયબા સાહેલી લાવરે ગાગેર૦,
સાહેલી આવે તો મારે સરખો ભાગ માગે;
ઘરમાંથી સુપડું ને સોક ભાગ માગે.
રેવા નથી ઝુપડું ને સોક ભાગ માગે;
બેસવા નથી ઓટલો ને સોક ભાગ માગે.
ખાવા નથી રોટલો ને સોક ભાગ માગે,
સાયબા બીજી લાવરે ગાગેર ધ્રુમે.

(૧૩૮) હું તો સીંગોડાં તળાવ પાણી ગઇતી રે;
મને સીંગોડાંની મંચ્છા થઇતી રે.
અલ્યા એક સીંગોડું ખાવા દેજે રે;
મારા હાથનાં બાજુબંધ છોડી લેજે રે.
મારે બાજુબંધે લીલી પીળી લીટી રે;
પેલી સુકલાણીને મારી ખીટી રે.

પેલી સુકલાણી તે પાણી ભરવા ગઇતી રે;
પેલો સુકલીયો તે ઘોડાં પાવા ગયોતો રે.
પેલી સુકલાણીનાં કહ્યાં કાંબી ખળકયાં રે;
પેલા સુકલીયાના ઘોડાં ભડકયાં રે.
સુકલ સુકલાણીને સે મસે મારી રે;
મારી હુતી ને મેં મારી, કૂર કાચો ને મેં મારી.
મોગ મોળા ને મેં મારી, દાળ દાઝી ને
મેં મારી
પાપડ બાળ્યો ને મેં મારી.

(૧૩૯) દહીંના દડીયા, ગોરસીયા.
મધ સાકરીયા, ગોરસીયા, સોનાનું પારણું, ગો૦
હીરની દોરી, ગો૦—ભાઇ પ્હોડે, ગો૦
મોડાતી હીંચોળે, ગો૦ છાના મારા બાપા, ગો૦
કાલે જીજી આવસે, ગો૦ ઘીને પાપા લાવસે, ગો૦

(૧૪૦) મેંદી મેંદી સું કરોને મેંદી મોટાં ઝાડ,
એક ડાળું હલાવીએ તો ડાળાં હાલે ચાર સહીયર મેંદી લેસારે.
મારી સાસુએ એમ કહ્યાં જે વાસીદાં વાળી મહેલ,
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે કચરા વેરી મહેલ, સહીયર મેંદી૦
મારી સાસુએ એમ કહ્યાં જે પાણી ભરી મહેલ,
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે બેડાં ફોડી મહેલ, સહીયર૦
મારી સાસુએ એમ કહ્યાં જે રાંધણા રાંધી મહેલ,
મે ભોળીએ એમ સાંભળ્યાં જે ચુહુલો છાંટી મહેલ, સહીયર૦
મારી સાસુએ એમ કહ્યાં જે રોટલા ઘડી મહેલ,
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે કહલેડાં ફોડી મહેલ, સહીયર૦

(૧૪૧) હરિ ગાગેર ભરીયાં, જીરે નીર ભરીયાં, જમના
મોહી રહ્યાંરે.
સસરા વીના સાસરી જીરે, સાસુ વના સાં લાડરે.
ગાગેરડી, હરિગા૦ જીરે૦ જમના૦
જેઠવના સા ઘુમટા જીરે, જેઠાણી વના સા વાદરે;
ગાગેરડી. હરિ ગાગેર૦ જીરે૦ જમના૦
દીયર વના શી હોળી ખેલવી જીરે, દેરાણી વના સી હોડરે.
ગાગેરડી. હરિ૦ જીરે૦ જમના૦
નણદોઈ વના સી વાતડી જીરે, નણદ વના સી રાદરે;
ગાગેરડી. હરિ૦ જીરે૦ જમના૦
પુરુષને વ્હાલી પાઘડી જીરે, પાઘડીને વહાલાં પાનરે.
ગાગેરડી. હરિ૦ જીરે૦ જમના૦
અસ્ત્રીને વહાલી કાંચળી જીરે, કાંચળીને વહાલો હારરે.
ગાગેરડી. હરિ૦ જીરે૦ જમના૦
ગાયને તે બ્હાલું વાછરુ જીરે, વાછરુને વહાલી ગાયરે.
ગાગેરડી. હરિ૦ જીરે૦ જમના૦

ભાગ ૪ થો–જનમરાસ, હાલરડાં, ગરબા.

(જનમ રાસ)

(૧૪૨) હરી અવતાર સુણોરે સભાવ, હરી અવતાર સુણે ફળ હોય.
પુત્ર કળત્ર ધન બહુ રિધ હોય, જનમ જનમતણાં મોડેરે પાપ.
માઘમાસેરે છઠ સાતેમ આવી.
દેમહે ચોથુંને નાહાણુંરે ન્હાઇ, કંસની માડી વધાવાને આવી.
થાળ ભરી સગ મોતીડાં લાવી, ઉપેર શ્રીફળ બીજોરડાં લાવી.
વટો બેસાડ્યારે દેમહેરે–તેરે કંસાસુર રાક્ષસ દેખે જે ઘેર એરે સકુળની નાર.
કુળને ઓધાર્યાં વસુદેવતણાં રે.

સંક્રાંત સાતેમ ને સોમવાર—દેમહે મોહિનીનો અવતાર.
દેમહે સુતાંને સાણુંરે દેખે, પ્રથમ ઊડીરે વસુદેવને સાંપે સાંભળોરે.
વસુદેવ વાત અકળીત, આપણેરે ઉદર વસિયારે વીઠલ.
રૂપ નારાયણુ ચતુરભુજ દીઠા, સાંમળીયોરે હરી શંકર દીઠા.
શંખ ચક્ર ગદા લટકતારે, જેવા કોટીક સૂરજ દીઠારે.
ઉભીરે દેમહે ઝંખે ઝંખાઇ, એરે સાણું કંઇ આળ પંપાળ.
એરે સાણું જો કંસાસુર જાણે, તોરે આપણુલાં ગોત્રક્ષે આણે.
કંસનેરે ઘેર હવારે અસોજી, કંસનેરે ઘેર નાદ વસેજી.
કંસનેરે ઘેર આંબલે બ્યાસી, કંસનેરે ઘેર સીકારે તુટાં.
કંસનેરે ઘેર ગોરસ ફુટાં, કંસનેરે ઘેર ભાંગાંરે ભાણાં.
કંસનેરે ઘેર પડ્યાંરે ભંગાણુ, કંસનેરે ઘેર ધારણુ ધસીયાં.
કંસનેરે ઘેર મોભરે ખસીયા, તોરણુ સ્તંભ મરડાઈ ગયારે.
ચળીયુંરે કંસનું બેસણુંરે, દુધડાં પીને ધરણુ ઢળ્યોરે.
ઉંધારે થઇનેરે સેજેરે સુતો, કંસેરે મનરખ જોશી તેડાવ્યા.
જોજોરે જોસને કહેજોરે સાર, ચાર ખાંડીરે તલ જવ મંગાવો.
ઘીના ઘડા સવતારે નોધાવો, ગોત્રજ માડીની પૂજા કરાવો.
નવેરે ગ્રહનાં દાન અપાવો, વળતીરે કંસની કળત્ર બોલી.
દેમહેરે તુંને કેટલો માસ, રત્ન કમળકેરાં દોહેલાંરે.
રાયનાં વીઘ્નને વાળજોરે, પાંચમો માસ મારે આદરેરે.
કહે તુંને સાધર આંબા આંબલીએ, કહે તુંને સાધર ફણસ ચાંપલીએ.
કહે તુંને સાધર જમરુખ જાંબુ, કહે તુંને સાધર અંજીર અંનાસ.
કહે તુંને સાધર કમરખ કેળાં, કહે તુંને સાધર કુમઠ કાકડીએ.
કહે તુંને સાધર ખાંડ પાપડીએ, કહે તુંને સાધર નીકા કાચરીએ.
કહે તુંને સાધર પેંડા ને પતાસાં, કહે તુંને સાધર ચણા ને ચારોળી.
કહે તુંને સાધર ખસખસ ભેળી, કહે તુંને સાધર રાયણુ નીકોલી.

કહે તુંને સાધર ખરસુઆં છોલી, કહે તુંને સાધર દાડેમ સીળાં.
કહે તુંને સાધર નારંગાં પીળાં, કહે તુંને સાધર વ્હાણુ વાઇ મેવા.
કહે તુંને સાધર પોચાં પપાઊં, કહે તુંને સાધર દુધ કહડાઇયે.
કહે તુંને સાધર સાથરા દહીં, કહે તુંને સાધર બાખડાં દુધ.
કહે તુંને સાધર આછીરે પોળી, કહે તુંને સાધર ઘીમારે બોળી.
કહે તુંને સાધર આંબરસ ઘોળી, કહે તુંને સાધર સાદી સુવાળી.
કહે તુંને સાધર શ્રીખંડ ગાળી, કહે તુંને સાધર સાકર ભેળી.
કહે તુંને સાધર સીરો ને પુરી, કહે તુંને સાધર કસાર કચોરી.
કહે તુંને સાધર કાચીરે કેરી, કહે તુંને સાધર સુરણ રતાળુ.
કહે તુંને સાધર હુનીરે ધાણી, કહે તુંને સાધર વાસ્યાંરે પાણી.
નહીં હુંને સાધર આંબા આંબલીએ, નહીં હુંને સાધર ફણસ ચાંપલીએ.
નહીં હુંને સાધર જમરુખ જાંબુ, નહીં હુંને સાધર અંજીર અંનાસ.
નહીં હુંને સાધર કમરખ કેળાં, નહીં હુંને સાધર કમઠકાકડીએ.
નહીં હુંને સાધર ખાંડ પાપડીએ, નહીં હુંને સાધર નીકા કાચરીએ.
નહીં હુંને સાધર પેંડા ને પતાસાં, નહીં હુંને સાધર ચણા ને ચારોળી.
નહીં હુંને સાધર ખસખસ ભેળી, નહીં હુંને સાધર રાયણ નીકાલી.
નહીં હુંને સાધર ખરસુઆં છોલી, નહીં હુંને સાધર દાડેમ સીળાં.
નહીં હુંને સાધર નારંગા પીળાં, નહીં હુંને સાધર વ્હાણવાઈ મેવા.
નહીં હુંને સાધર પોચાં પપાઉં, નહીં હુંને સાધર દુધ કહડાઇયે.
નહીં હુંને સાધર સાથરાં દહીં, નહીં હુંને સાધર બાખડાં દુધ.
નહીં હુંને સાધર આછીરે પોળી, નહીં હુંને સાધર ઘી બોળી મારે.
નહીં હુંને સાધર આંબરસ ઘોળી, નહીં હુંને સાધર સાદી સુંવાળી.
નહીં હુંને સાધર શ્રીખંડ ગાળી, નહીં હુંને સાધર સાકર ભેળી.
નહીં હુંને સાધર સીરો ને પુરી, નહીં હુંને સાધર કસાર કચોરી.
નહીં હુંને સાધર કાચીરે કેરી, નહીં હુંને સાધર સુરણ રતાળુ.
નહીં હુંને સાધર હુંનીરે ધાણી, નહીં હુંને સાધર વાસ્યાં રે પાણી.

એક સાથર હુંને સડકલી સાલે, મારેરે મંદીરે બાળના મ્હાલે.
મારારે મનમાં એવુંરે આવે, જાણું જે જુજવા મલ્લ અખાડે;
મલ્લ અખાડોરે ત્યાં રચ્યોરે, ચારેરે પાસે રોપાવ્યારે સ્તંભ, કંસકેશીરે ચાણુર મળ્યારે.
મારારે ભુજબળ જુજવે અંગ, મારારે મનમાં એવારે શોળા;
જાણું જે કંસાસુરના શેડુંરે ડોળા, મારારે મનમાં એવીરે રળીયો.
જાણું જે કંસાસુરને મરડુંરે ગળીયો, મારારે મનમાં એવીરે વાત;
જાણું જે કંસાસુરની ઘાલુંરે ઘાત, મારારે મનમાં ગોકુળ જાઉં.
ગોકુળ જાઉંને રવાઈ ઘુંમાવું, મુસકેરે મારે ને માખણ ખાઉં;
માખણ ખાઉંને મહી પીયુંરે, મહીરે માખણ મહીયારી તણાંરે.
મારે રે આંગણે એ રે બળેઠ, પાંચસેં પાડાઓને રે પલાણો;
નગદ ભલીરે વસુદેવ અણાવો, આજ બેનડ હું તો હરખલીરે.
બેનડ ડનીયલ બેઠાં રે વાતે, સાંભળો રે બેનડ એટલી વાત;
જાયુંરે લઈને વીયાયુંરે આપો, બ્હેનના જાયાને રક્ષા કરી રાખો.
જાયું ન આપે કોઈ પેટનું રે, એ રે જાયાને રે એહવુંરે;
પ્હેલારે ગર્ભ મારે એળેરે ગયો, તેરે શોકને મેં તો હૈયડે ન લવ્યો.
બીજોને ગર્ભ મારે હૈયડલે સાલે, મારેરે આંગણે બાળક ના મ્હાલે;
ત્રીજેને ગર્ભે વસુદેવ વખુટા, બ્રહ્માના ગોત્રજ નારદ આવ્યા.
ચોથેને ગર્ભે હું તો સુનીરે થઈ, હૈયડલું ઢાંકી જાણું વણ જાઈ;
પાંચમેને ગર્ભે હું તો થઈરે નીરાસ, મનમાં રડુંરે સુંનો ગર્ભવાસ.
છઠ્ઠેને ગર્ભે હું તો ગોકુળ આવી, બ્રહ્મારે વિષ્ણુ મહેશ્વરે વાહી;
સાતમેને ગભ હું તો મથુરાંમાં રહી, હાંહાંરે દાનવે વાત ઉચારી.
આઠમો ગર્ભ કયાં ગાળશુંરે, થુથુરે આઠમો ગર્ભ કયાં ગાળે;
આઠમો ગર્ભ કંસાસુર મારે, અષ્ટમી રોહીણીને બુધવાર.
પુત્ર જાયોરે શો લાખેણોરે, ઓરા આવોરે વસુદેવ ભરથાર;
વીનતડીરે હમારી વિચારો, એક દીવસ હું તો ગોકુળ ગઈ.

વાચારે દીધીને લીધીરે સહી, જાયુંરે લઇને વીઆયુંરે આપું;
બ્હેનના જાયાને રક્ષા કરી રાખું, સાંભળી વસુદેવ બોલીયા વાણ.
તમેરે કહ્યું તે મારેરે પ્રમાણ.
પેહેલેરે પાવલે પુન્ય રક્ષાજો, અંગુષ્ટેરે રાખે આદ રક્ષાજો;
તળવેરે ત્રીકમ દેવ રક્ષાજો, નળે નરોતમ દેવ રક્ષાજો.
જાંગે જનાર્દન દેવ રક્ષાજો, કેડે કૃષ્ણાર્જુન દેવ રક્ષાજો;
પેટે પંચાયતન દેવ રક્ષાજો, દુંટી દામોદર દેવ રક્ષાજો.
હૈયડલે હરીહર દેવ રક્ષાજો, ગળે ગદાધર દેવ રક્ષાજો;
હાથડે હરજી દેવ રક્ષાજો, નખે નારાયણ દેવ રક્ષાજો.
આંગળે અરજુન દેવ રક્ષાજો, પાંચે પરસોત્તમ દેવ રક્ષાજો;
કાંણીએ કેશવ દેવ રક્ષાજો, ખભે ક્ષીરસાગર દેવ રક્ષાજો.
ગળે ગદાધર દેવ રક્ષાજો, હરપડી હનુમંત દેવ રક્ષાજો;
હોઠ હરીહર દેવ રક્ષાજો, દાંતે દયાકર દેવ રક્ષાજો.
જીભડી જદુકુળ દેવ રક્ષાજો, નાકે તે નરસિંહ દેવ રક્ષાજો;
કાને કોદંડધર દેવ રક્ષાજો, આંખે તે અમર દેવ રક્ષાજો.
ભંમરે ભુધર દેવ રક્ષાજો, માથે મધુસૂદન દેવ રક્ષાજો;
બ્રહ્માંડે ભોળાનાથ દેવ રક્ષાજો, પૂઠે પંચાયણ દેવ રક્ષાજો.
તળે ને ઉપર દીધીરે રક્ષાજો;
એટલી રક્ષા દઇ રાખજોરે, બાળો બળોતીયાંમાંરે વીટાજ્યો.
લઇ વસુદેવના હાથમાં સોંપ્યો, હળવેરે હળવે ચાલજોરે;
ન પડે કંસાસુરને જાણ એરે, લોહ ગડાગડ ગડિયાં કમાડ.
ભાંગીરે ભોગળ લોહનીરે, લોહ જડાજડ જડિયાં કમાડ;
કાળોરે મેઘ અંધારીરે રાત, માથેરે ગરુઓ જે જગતનો નાથ.
શેષનાગેરે શિર છત્ર ધરયુંરે, જમનાનું પાણીમાં પડીયુંરે;
બિંબ ઉઠયારે વસુદેવ ખેપારે ખેપ, દીધી પ્રદક્ષણા સાત સંકેત.
ચક્ષુએ દીઠી દમાર્દમારે.

કેહ તું રે દાનવી કે પશુ હાણ કે તું રે બાળક લેવાને આવી;
કેહ તું રે કહાનનું આયુશ લાવી, નહીં હું રે દાનવી નહીં પશુ હાણ.
નહીં હું રે બાળક લેવાને આવી, હું તો રે કહાનનું આયુશ લાવી;
હું છઉં જંમના વડી નદીરે.
હરીરે પોરાવ્યા આંબલીયાની ડાળ, વસુદેવ જુએ છે પાણીનો માર્ગ;
એટલે જંમના થઇ રે બે ભાગ, ઉઠો જસોમતી લોરે ત્રિભંગી.
દીવડીયા અજવાળો સુરંગી, ગોખે તે ઘીયના દીવા મુકાવો;
તોરણ બાંધાની જાદવમાળ, પાંગતે લખજોરે મંગળ રાચ.
છઠી લખોરે સુર મોહીરહેરે, ઇચ્છિવી આણવી સ્હેજ વીઆઈ;
શામળો લાખેણો વીજળી જાઈ, પુત્રને મુકાને બાળકી સાહી.
લોહ ગડાગડ ગડીયાં કમાડ, લોહ જડાજડ જડીયાં કમાડ;
ભીડીરે ભોગળ લોહનીરે.
બાળી રે બુમજ પાડતી આવી, બાળી રે કળહળ કરતી રે આવી;
એટલે કંસના પારધી જાગ્યા, ઉઠો કંસાસુર ખેપારે ખેપ.
ચાલો ખડગ લઈ બ્હેન વીઆઈ, બેહેનની બાળીમો ઝાલ્યોરે પાગ;
વીરારે પાલવ પાથરું ખોળા, વીરારે એક ભાણેજી રેહેવા દીજે.
વીરારે ઘડપણે પાળવા કાજે, હાથેથી છુટી ગઈ વીજળીરે;
મને સાને મારેરે બાપડારે, તારોરે વેરી ગોકુળમારે.
એરે ગાએને જે. સાંભળે રાસ, તેનોરે હોજો વૈકુંઠરે વાસ;
તેની નારાયણ પૂરેરે આશ.

(હાલરડાં).

(૧૪૩) જોજોરે ભાયગ હમારા, અવતરીયા તે રઘુપતિ રાયરે;
કુળ તારવાને મારે કૃષ્ણ ઘેર જનમ્યા, તો એ સર્વ સરીયાં કાજરે.
કરો ઓચ્છવ હમઘેર મરદંગ ઢોલ, અણાવો આજ, પંચ શબ્દ વજડાવોરે.
બ્રાહ્મણ વેદીયા જાણ કરાવો આજ, દુધડે ઉંબર ધોવડાવોરે.

કુંકુંના છડા દેવાડો આજ, મોતીના ચોક પુરાવોરે;
તરીયા તોરણ બાર બંધાવો સહુ, માનુની મંગળ ગાઓરે.
કરો ઓચ્છવ હમઘેર મરદંગ ઢોલ અણાવો આજ, પંચ શબ્દ વજડાવોરે;
સ્વામી તેં ત્રણ કુળ પાવન કીધાં, અવતરીયા તે બન્યો ભાવોરે.
વામન રૂપે હરી અવતરીયા, તહીયે છળ્યો બળી રાહોરે;
સુંદર વદન કપોળા અવતરીયા, ને બ્રાહ્મણ ભાળ્યોરે.
કરો ઓચ્છવ હમઘેર મરદંગ ઢોલ અણાવો આજ, પંચ શબ્દ વજડાવોરે;
આપણે રે ઘેર થકી બારણે ન જઈયે પ્રભુ, પાથરું તુંને ખોળારે.
મુખ જેવું પુનેમ ચંદા આજ, દેવકીને મન આનંદારે, આજ જસોદાને મન
આનંદારે;
કરો ઓચ્છવ હમઘેર મરદંગ ઢોલ અણાવો આજ, પંચ શબ્દ વજડાવોરે.

---

(૧૪૪) હરી હાલોરે કહાના હાલોરે નંદનો લાલોરે
વિશ્વનો વ્હાલોરે તે પોઢ્યો પારણે. હરી હાલો૦
એને પારણે જડીયા ખાપરે, નંદજી બાપ ઝુલાવે પારણું. હરી હાલો૦
એને પારણે જડીયા હીરારે, બળીભદ્ર વીરા ઝુલાવે પારણું. હરી હાલો૦
એને પારણે હીરની દોરીરે, સોભદ્રા ગોરી ઝુલાવે પારણું. હરી હાલો૦
એને પારણે ઝાઝાં મોતીરે, બ્રીજની ગોપી ઝુલાવે પારણું. હરી હાલો૦
હાલરું ગાઉં ને હરી માસ નવ સુએરે, સુખે ન પોઢેરે,
ગોવાળો કહાનજી. હરી હાલો૦

(૧૪૫) નાધડીયા તુજને ઝોળી, બાળુડા તુજને ઝોળી. ટેક.
વધામણીની વિગત ઘણી, આણોરે ભાત ને પીંગાણી. ના૦
આણોની ખારેક ને કોપરાં, તેડોરે નાધડીયાં છોકરાં. ના૦
ચીર પટોળાંની વાળોરે ઘડી, તેડોરે નાધડીયાંની ટોળી. ના૦
ઝોળીમાં સુવાડેરે મૈયારી, નાળીએર મૂકીને લે માડી. ના૦
મહીયારીને આપો દામ, કુંવેરનું શ્રી કૃષ્ણ જ નામ. ના૦

(૧૪૬) આંગલડાં પહેરેરે હરી, આંગલડે ફરતી ઘુઘરી. ટેક.
આંગલડે મોતીના બખીયા, ચંદ્ર સૂરજ આંગલડે લખીયા. આંગલ૦
આંગલડે છે ફરતીરે તોઈ, આંગલડું લઈ આવ્યારે ફોઈ. આંગલ૦
આંગલડે છે નવીરે નવાઈ, આંગલડું લાવ્યાં વડીઆઈ. આંગલ૦
આંગલડે છે ગેવા સુત્ર, આંગલડાં પેરેરે પુત્ર. આંગલ૦

---

(૧૪૭) થાંગનાં માંગનાં થૈરે થૈ, નાધડીયા નરહરી તુને થૈરે થૈ;
પાતળીયા પુરષોતમ તુને થૈરે થૈ, બાળુડા બળીભદ્ર તુને થૈરે થૈ. ટેક.
જો જમણા એ રોહોરે સાહી, તો હું ચાલવાને શીખું મારી આઈ. થાંગનાં૦
જો આંગલડી આપો મુજ હાથ, તો હું ચાલવા શીખું મોરી માત. થાંગનાં૦
ડગમગતો ડગલાં કેમ ભરૂ, ને અલંગ તલંગ ચાલંતો બીહું. થાંગનાં૦
ઘુટણીએ ઘુટણીએ હરી ચાલ્યા જાય, કચરો ખુંદે ને માટી ખાય. થાંગનાં૦
જદીયે પહોચ્યારે પ્રાગવડને પાન, તદીએ તમે ના ન્હીનારે ભગવાન. થાંગનાં૦
જ્યારે પહોચ્યારે હરી મારી પાસ, ત્યારે છુટીરે હું તો ભવના પાસ. થાંગનાં૦

(ગરબા.)

(૧૪૮) માનો નગરકોટમાં વાસજો, જવાળામુખીરે અંબા જાગતીજો ટેક.

માને બ્રહ્માએ સેવી માને વીષ્ણુએ જો;
સદાશિવે સેવી અંબામાત જો. જવાળામુખીરે૦ ૧
માનાં કુંડળતણો મહીમા ઘણો જો;
બ્રહ્મા વાણી વખાણે વેદ જો. જવાળામુખીરે૦ ૨
માને સુનાંનું છત્ર શિર છાજતું જો;
માને ઘંટે ચોરયાસી નાદ જો. જવાળામુખીરે૦ ૩
માએ શુંભ નિશુંભ બે મારીયા જો;
માએ કીધું તે પ્રાહુણ કામ જો. જવાળામુખીરે૦ ૪
મા અહો અહો અંબા ભણે જો;
અંબા રમે તે રંગભેર રાસ જો. જવાળામુખીરે૦ ૫

મા ચોસઠ જોગણી ટોળે મળી જો;
ગઈ જવાળાતણે દરબાર જો. જવાળામુખીરે૦ ૬
માને નૈવેદ મુક્યાં તે નાના ભાતના જો;
માને મદ્યના પ્યાલા હાથ જો. જવાળામુખીરે૦ ૭
મા અદો અદો અંબા ભણે જો;
મા જગ્ત કરે આનંદ જો. જવાળામુખીરે૦ ૮
મા આદ્ય અંત તું ઇશ્વિરી જો;
સદા પ્રાગ તમારો દાસ જો. જવાળામુખીરે૦ ૯

(૧૪૯)હાંરે મા શ્રીગુરુ ગણપતી સારદા, હાંરે ચરણે નમાવું શીશરે,
હુનાઈ માતારે અવિચળ છે.
હાંરે કીપા કરજો જુગદીશરે, હુનાઈ માતારે અવિચળ છે.
હાંરે મા રામચંદ્રજીના જન્મમાં, હાંરે મળ્યા ઋષિ સહસ્ત્ર દેવરે. હુ૦
હાંરે તેણે ઉષ્ણોદક માગીયાં સ્નાનરે, હાંરે પ્રગટયાં તતખેવરે. હુ૦
હાંરે માની જવાળા તે ગગને ગાજી રહી, હાંરે ફોડ્યાં સાત પાતાળરે. હુ૦
હાંરે પ્રવાહ ચાલ્યો તે માનોરે લ્હેકતો, હાંરે મેરુ ઝાંખે નિરધારરે. હુ૦
હાંરે માને અબીલ ગુલાલનાં છાંટણા, હાંરે સીંધુરે વરસ્યા છે મેઘરે. હુ૦
હાંરે માને શીરે ચુંનડીના ચંદરવા, હાંરે પેરણ દખણીના ચીરરે. હુ૦
હાંરે માને પાંચ પટાનોરે ઘાઘરો, હાંરે સાળુડે કસબી છે કોરરે. હુ૦
હાંરે માનેલીલા તે ગજની કાંચળી, હાંરે માને ગજમોતીનો હારરે. હુ૦
હાંરે માએ ચૈતર માસ પ્રકાશીયો, હાંરે આવ્યા અતીતના ઝુંડરે. હુ૦
હાંરે તેને જટા વિભૂતિ બીરાજતી, હાંરે મહાપુરુષ પાવંનરે. હુ૦
હાંરે માનો ગરબો ગાએ ને જે કોઇ સાંભળે, હાંરે તેનો વૈકુંઠ વાસરે. હુ૦
હાંરે તે તો ચાર પદારથ પામશે, હાંરે તેની પૂરો મન આશરે. હુ૦

(૧૫૦) હાલરુ ગવડાવોરે ભવાનીમા; પારણીયાં બંધાવોરે, અંબાજીમા.
હાલરુનાં ઘણાં કોડરે, ભવાનીમા; પારણીયાં બંધાવો જોડાજોડરે, અં૦ ટેક.
પહેલેને પાન પરાસ્યાંરે, ભ૦ બીજે તે શ્રીફળ ફાડરે, અં૦
ત્રીજે તે દહીંય પરાસ્યાંરે, ભ૦ ચોથે કહડાઇયાં દુધરે, અં૦
પાંચમે પરવાળાં પરાસ્યાંરે, ભ૦ છઠ્ઠેને અખોડ બદામરે, અં૦
સાતમેને સેવંત્રા પરાસ્યાંરે, ભ૦ આઠમેને દહાડેમ દ્રાખરે, અં૦
નવમેને નારંગાં પરાસ્યાંરે, ભ૦ દશમેને જનમ્યા કહાનરે, અં૦
જેવાં કોડ દેવકીનાં પુર્યાંરે, ભ૦ તેવાં કોડ—ના પૂરોરે, અં૦
લીપ્યા ને ગુંપ્યા મારા ઓરડા, ભ૦ પગલાંનાં પાડનાર આપોરે, અં૦
બારયા ને બુરયા મારા ઓરડા, ભ૦ કચરાના પાડનાર આપોરે, અં૦
પાગડીવાળા પુત્ર અમને આપોરે, ભ૦ નાના વહુવારુનાં કોડરે, અં૦
ઘાટડીયાળી બેટી હમને આપોરે, ભ૦ છોગાળો જમાઇ ઘેર આવેરે, અં૦

(માછીડાના હારીયાં.)

(૧૫૧) ક્યારે મળસે કહાન, જોષીડા જોષ જુઓની. ટેક
સાત સોપારી ને પાનનું બીડું, જાઉંરે જોષીડાને ધામ. જોષી૦ ૧
દુખે તોરે હમે દુબળાં રે, જાણે પાકું પાન. જોષી૦ ૨
દુખડું તોરે ડુંગર થઈ બેઠું, સુખડું સ્વરગ સમાન. જોષી૦ ૩

---

(૧૫૨) માછીડારે હોડી હલકાર, મન છે મળવાનું. ટેક
તારીરે હોડીએ હીરલા જડાવું, ફરતી મુકાવું ઘુઘરમાળ; મન છે૦ ૧
સુંનાંબી દઉંગી ને રૂપાં બી દઉંગી, દઉંગી, ગલનકો હાર; મન છે૦ ૨
આણી તીરે ગંગા ને પેલી તીરે જમના, બીચમે ખડોરે નંદલાલ; મન છે૦ ૩
મન કરું મછુવો ને તન કરું તછુઓ, જીવ મુકુંરે રખેવાળ; મન છે૦ ૪
શાંતિદાસનારે સ્વામી રસીક શીરોમણી, કૃષ્ણજી ઉતારે
પેલે પાર. મન છે૦ ૫

(મટુકી.)

(૧૫૩) મુકો મનમોહન મટુકીરે, મારું મહી ઝલકાય;
ભીંજે મારી નવરંગ ચુંદડી, હાંરે કહાના લાગું તારે પાય. મુકો૦ ૧
કહાનજી ચરાવે ગાવડીરે, ઉભો જમનાને તીર;
ગોપી સહુ ટોળે મળી, હાંરે વચ્ચે હળધર વીર. મુકો૦ ૨
પાલવ મુકોની પાતળારે, ઘડી અળગા રે રહો;
દાણ મસે નવ દુભીએ, હાંરે બીજું હમનેરે કહો. મુકો૦ ૩
તું છાં ગાયનો ગોવાળીયોરે, હું છઉં વ્રજનીરે નાર;
વળગાઝુમી મા કરો, હાંરે તુટે નવસેરો હાર. મુકો૦ ૪
હમ ઘેર સાસુજી ખીજસેરે, નણદી દેશે હુંને ગાળ:
પરણ્યો પંથ નિહાળશે, હાંરે જુઠાં મુકે હુંને આળ. મુકો૦ ૫
નરસૈંમે'તાની વીનતીરે, સુણો ચતુરસજાણ,
ગોરસ જોએ તો માગજો, હાંરે સોંપ્યા તનમન પ્રાણ. મુકો૦ ૬

(૧૫૪) પેલા નંદજીના કુંએરે ઘેલાં કીધાં જો;
વહાલે લીધા હમારા પ્રાણજો, નંદજીના કુંએરે ઘેલાં કીધાં જો. ટેક.
વહાલો ગોકુળ મુકીને મથુરાં ગયો જો;
વહાલે કુબજાસું બાંધી પ્રીતજો. નંદજી૦ ૧
વહાલા ગોકુળની સેરી સોહામણી જો;
ત્યાં તો નીતનીત નવલા રંગ જો. નંદજી૦ ૨
વહાલે રાસ રમાડીને તેડીયા જો;
વહાલે તેડીને તરછોડ્યાં જો. નંદજી૦ ૩
મહેતા નરસઈયાંનો સ્વામી ભલો મળ્યો જો;
વહાલે ફરી ન રમાડ્યાં રાસજો. નંદજી૦ ૪

(૧૫૫) જમના કાંઠેડે ઉભો તે સુંદર સામળો જો:
મીઠી મોરલીમાં મધુરીવેણુ વજાડતો જો. જમના૦ ટેક.
ગોપી જમનાજી ન્હાવાને નીસર્યાં જો;
ન્હાવા નીસરયાંને અંગના આભરણ વીસરયાં જો. જમના૦ ૧
ગોપી આકુળ વ્યાકુળ થઇ ઉતાવળી જો;
મારાં અગના આભરણ કહોની સખી કયાં હસે જો. જમના૦ ૨
વહાલે વનમાં વજાડી ઝીણી વાંસળી જો;
વાગી વાંસળી ને કોરી મારી પાંસળી જો. જમના૦ ૩
મેહેતા નરસૈંયાના સ્વામીને વીનવું જો;
મહારી ચુંદડી આપે તો પાએ પડું જો. જમના૦ ૪

(ઉંઢણીનાં હારિયાં.)

(૧૫૬) ઉંઢણી ઓળવીરે, ઉંઢણી ઓળવી રેતમાં;
ભામની ભોળવી રે, ભામની ભોળવી ભેદમાં.
રામા રીઝવીરે, રામા રીઝવી રંગમાં;
કાથો ને ચુંનોરે, કાથોને ચુનો એનાં પાનમાં.
સમજીને તેડજેરે, સમજીને આવું તારી સાંનમાં;
વેગળો રહેરે વરણાગીયા. ટેક
ઉંઢણી લઈ ને કૃષ્ણ વૃંદાવંન ગયાતા;
હારે હું તો શોધી વળી તે નવ ખંડમાં જીરે. વેગળો૦ ૧
હારે અલ્યા મહીની મટુકી મારી ફુટસે;
હારે મારી મોતનકેરી લટ તુટસે જીરે. વેગળો૦ ૨
હારે અલ્યા મોહન તારારે ફંદમાં;
હારે મારી દામણી તુટી તે તારા છંદમાં જીરે. વેગળો૦ ૩
હારે મારે લાખ ટકાનું ચીર પહેરણે;
હારે અલ્યા ખેંચ મા ખેંચ મા ફાટસે જીરે. વેગળો૦ ૪

હાંરે અલ્યા લાલ છડીરે તારા હાથમાં;
હાંરે હુને રોકી તે જમનાના ઘાટમાં જીરે. વેગળો૦ ૫
હાંરે સવા લાખનો હાર મારી કોટમાં;
હાંરે અલ્યા તાણુ મા તાણુ મા તુટસે જીરે. વેગળો૦ ૬
હાંરે અલ્યા દાસ રાજેના સ્વામી રાંકડા;
હાંરે હું તો મોહી રહી મુછના આંકડા જીરે. વેગળો૦ ૭

---

(૧૫૭) આજની ઘડીરે રળીયામણી;
હાંરે મ્હારા વ્હાલાજી આવ્યાની વધામણીજીરે. આ૦ ટેક.
હાંરે સોહાસેણ પુરોની સાથીયા;
હાંરે ઘેર મલપતા આવે હરી હાથીયા જીરે. આજની૦ ૧
હાંરે સખી આલેરા વાંસ અણાવીએ;
હાંરે મારા વ્હલાજીને મંડપ રચાવીએ જીરે. આજની૦ ૨
હાંરે સોહાસેણ ચાર તેડાવીએ;
હાંરે મ્હારા વ્હાલાજીને મોતીડે વધાવીએ જીરે. આ૦ ૩
હાંરે સોહાસેણ મળજો જે ઘડી;
હાંરે મ્હારા પ્રભુજી પધારે તે ઘડી જીરે. આજની૦ ૪
હાંરે અલ્યા દાસ રાજેના સ્વામી ફાંકડા;
હાંરે હું તો મોહી રહી મુછના આંકડા જીરે. આજની૦ ૫

---

(૧૫૮) આવોની લાલ વરણાગીયા;
હાંરે ઘેર આવોની શ્યામ સવાદીયા જીરે. આવોની૦ ટેક.
હાંરે કહાના આવો તો શીખવું ચાતુરી;
હાંરે આપણ રમીએ તે રંગભર રાતડી જીરે. આવોની૦ ૧
હાંરે ચાલો જઇયે જમનાજીના ઘાટમાં;
હાંરે પેલા દુરીજન લોક દેખે વાટમાંજીરે. આવોની૦ ૨

હાંરે રૂડા દાસ રાજેના સ્વામી વાંકડા;
હાંરે હુંતો મોહી રહી મુછના આંકડા જીરે. આવોની૦ ૩

(૧૫૯) આજને આવ્યારે હરી દાવમાં;
હાંરે ભોળા ભાવમાંરે ભોળા ભાવમાં તે ભુધરને ભેટીએ
જીરે, આજને. ટેક.
દાવ પડે ત્યારે લાજ ઘટેરે;
હાંરે ત્યારે સુપડે સરવ સાંભેટીએ જીરે. આ૦ ૧
ફુલડાંની સેહેજ વહાલા મેંરે સમારી;
હાંરે ત્યારે સાથરે તે શીદને આળોટીએ જીરે. આ૦ ૨
મહારારે મનમાં એવું આવે છે;
હાંરે એવા વહાલમાં તે લાલને લપેટીએ જીરે. આ૦ ૩
દાસ રાજેના સ્વામી તમેરે મળ્યાછો:
હાંરે ત્યારે દોહીલા તે દીન શીદ ગાળીએ જીરે. આ૦ ૪

(ચરણે ચેટકનાં હારિયાં)

(૧૬૦) તારે ચરણે ચેટકછેરે, મેં તો અક્ષત જોયારે ઉતારીને,
તેમાં પણ આવ્યું તેરે, તારે ચરણે.
જે જોઇયે તે માગી લેરે, તું તો છાનો ફરાં છાં શેરે. તા૦ ટેક.
મેં તો ગરજુ થઇ ઘણા ગુણીજન જોયા, જોયા જોશીએ ગ્રેહ;
જ્યાં પુછું ત્યાં ન પડે નબળો, સહુકોઇ સારો કહેરે. તા૦
અલ્યા લાલચ હોય લીધાતણી તો, મુજ પાસે માગી લે;
લીલજ થાઇશ છેડલો સાહીશ, ટાળીશ સઘળા ભેરે. તા૦
અલ્યા કામણ ટુંમણ તુજમાં ભરીયાં, તેમાં નહીં સંદેહ;
કહેરે કહાન તુંને કોણે ભણાવ્યો, કીયો ગુરુ તારો છેરે, તા૦
અલ્યા વ્હેરવાડ તો તુજને ઘણી વહાલી, વાટે જાતો લે;
એવું કરજે જે ફરી ના ઉભળે, ના પીડે તારી દેહેરે. તા૦

હરી ભક્તવત્સલ રાખો રુદીયામાં, ભક્ત ભજન ભજે;
નાથભવાન શોધી વળી સઘળે, દીઠા તેનો તેરે. તા૦

(૧૬૧) આહીરડા ઓરો આવરે, એક વાત કહુંરે તારા કાનમાં;
રસ ભરીયાં નેન નચાવરે, હું તો સમજીને આવું તારી સાનમાં,
મારા તનના તાપ સામવરે, આવો સોરે ભર્યો અભીમાનમાં. ટેક.
અલ્યા ગીરધર તેં હુંને ઘેલી કીધી, તોય ન વસીયો વાંક;
ચતુરા તારી વાંસલડીએ, વાળ્યો આડો આંકરે. એક૦
અલ્યા વસીકરણ તારી વાંસળડીમાં, મુખડું મોહન વેલ;
વેણાની વ્યાપીકતા ઝાઝી, છેલવમાનો છેલરે. એક૦
મારી વાત કહું તે સાંભળીને તું, થાઇશ ચતુરસુજાણ;
મારું વારયું જો માનીશ તો, તુજને આવશે સાનરે. એક૦
મેં તો જે દહાડાનો નીરખ્યો તુજને, સ્વપને ન ધરીયો શોક;
તન મન મારું તુજને સોંપ્યું, લવે દુરીજન લોકરે. એક૦
પ્રાણજીવન પ્રભુ પાતળીયા, પૂરો હમારાં કોડ;
નાથ ભવાન સનેહ રસ વાધ્યો, મળીયા નંદકિશોરરે. એક૦

(૧૬૨) કંઇ શી ખાંપણ છે મુજમાંરે, હરી હમસાથે નથી બોલતા;
કંઇ કામણ ટુંમણ તુજમાંરે, તારે હૈયડું શે નથી ખોલતા.
અલ્યા અવગુણ મારો રહ્યો એક ખુણે, કરરે તારી ભલાઇ;
તુજ કારણરે વહાલા મારા, દેશો દેશ ગવાઇરે. હરી હમ૦
અલ્યા એકના બે તો હું નવ સમજું, તારે ગન્યાને ઘેલી;
જ્યાં જ્યાં વાત કરે લોક તારી, કાન ધરું સહુ પેહલીરે. હરી હમ૦
હરી વાત કરવાને વલખાં મારું, આવી રહી છે ઓઠ;
જો હરજી એકાંતે મળો તો, કરુ મનગમતી ગોઠરે. હરી હમ૦
હરી સહુનો ન્યાય તો તમેરે ચુકાવો, મારે કહેનો સાથ;
નાથ ભવાન સનેહરસ વાધ્યો, છુટતાં ગ્રેહેજો હાથરે. હરી હમ૦

(૧૬૩) હરી રેહેરે વળગતો વાટેરે, સાંખું છઊં નંદના માટે;
મારૂં મહી લુટ્યું સામાટેરે, જાણી એકલડી વાટે. ટેક.
હરી જાવાદે જળ ભરવા જીવન, જાવું જમનાને ઘાટે;
ક્યાં જનમ્યો ને ક્યાં તું આવ્યો, અક્ષર લખ્યા લેલાટેરે. હરી રેહરે૦
હરી મથુરામાં જનમ્યો ને ગોકુળ આવ્યો, લીધો જસોદાએ
વીજળી સાટે;
ઠાકોર કરી તુજને બેસાડ્યો, નંદતણે રાજપાટેરે. હરી રેહરે૦
હરી રાજકુંએર ભારેખમ હોય શું, હલકો પડાં તો હાથે;
લંપટપણું લજવાઈ ને તું, છાનું માનું ન રાટેરે. હરી રેહરે૦
હરી લીલજ થઈ નથી લાજતો તેં, છેડો મુક્યો માથે;
પરનારીના લુંટી ઝુંટી, મહીનાં મટકાં ચાટેરે. હરી રેહરે૦
હરી જાત ભાત તારી મેં જાણી, ચારયાં ઢોર ગોવાળાની સાથે;
ભરે બજારે ચોરી કરાં તે, દેખે દુરીજન હાટેરે. હરી રેહરે૦
હરી ધણી થઈ ગોવિંદ જાવાદે, શું હઠીલો થયો હઠ વાદે;
મળશે કો માથાની નારી, કરશે પાધરો દોરડાની સાટેરે. હરી રેહરે૦
હરી મારી મરજી જો રાખાં તો, રીત કરું ભલી ભાતે;
દાસી તારી થઈને રહું, ઝુલાવું હીંડોળા ખાટેરે. હરી રેહરે૦
હરી કુંજ ભોવનમાં રાસ રમાડ્યાં, શરદપુનેમની રાતે;
તા થૈ તા થૈ નાચ નચાવ્યા, નાટારંગ ને નાટેરે. હરી રેહરે૦
હરી ભક્ત કારણ મા બાપ એ કીધાં, તે તો હમારે કાજે;
નાથ ભવાન રીઝ્યો રુદીયામાં, મોહી રહી તારે ઠાઠેરે. હરી રેહરે૦

(ઓધવજીનાં હારિયાં).

(૧૬૪) વાલે તો વીસારી મુકયાં, વ્હાલે તો વીસારી મુકયાં;
વ્હાલે તો વિસારી મુકયાં રે, ઓધવજી આ. ટેક.
પ્હેલ વ્હેલી પ્રીત કીધી, નૈયણામાં ઘેરી લીધી;
મુખ જોઈ મોહ પામીરે, ઓધવજી આ, વહાલે તો૦ ૧

સેરીયેરે રહી વહાલે, વેણુ વગાડીને;
ચીતડાં ચોરી લીધાં રે, ઓધવજી આ, વહાલે તો૦ ૨
ગેડીના વંકમાં, ઉલાળીરે લીધી;
મનડું તો મારી લીધુંરે, ઓધવજી આ, વહાલે તો૦ ૩
કાળો કૃષ્ણ કામણગારો, આંખડીનો કરે ચાળો;
મીઠીસી મોરલી વાજીરે, ઓધવજી આ, વહાલે તો૦ ૪
આગે હમે એવાં હુતાં, જહાં જઇયે ત્યાં જોડે રહેતાં;
હવે તો ઘણેરાં બેઠ્યાંરે, ઓધવજી આ, વહાલે તો૦ ૫
રાસ રમાડીને, હમનેરે છેહ દીધા;
આઘાં તેડી પાછાં ઠેલ્યાંરે, ઓધવજી આ, વહાલે તો૦ ૬
રાધા સરખી રામા મુકી, ગોકુળ સરખું ગામ મુકી;
મથુરાંમાં જઈ બેઠારે, ઓધવજી આ, વહાલે તો૦ ૭
કંસને થાણે થાપી, ઉગ્રસેનને રાજ આપી;
કુબજાસું કીધા મેળોરે, ઓધવજી આ, વહાલે તો૦ ૮
કોણ એવી એને મળી, કુબજા કરૂપ કાળી;
વશ કીધા વનમાળીરે, ઓધવજી આ, વહાલે તો૦ ૯
સેરીએરે ઉભી હું, વાટડી જોઉં;
કોઇ કહે જે કૃષ્ણ આવ્યારે, ઓધવજી આ, વહાલે તો૦ ૧૦
મળો તો મીઠાના સ્વામી, એક વાર બીજ આવો;
હું તો જાણું જગ રેલ્યાંરે, ઓધવજી આ, વહાલે તો૦ ૧૧

(૧૬૫) વહાલાને મનાવી લાવોરે, ઓધવજી આ. ટેક
ગોકુળીયું તો સુનું લાગે, નંદજીનું ઘર લાગે;
તેમાં કંઇ ન સારું લાગેરે, ઓધવજી આ, વહાલાને૦ ૧
જમનાજી લ્હેરે જાએ, તરસ્યા ગોવાળા થાએ;
જુએ છે તમારી વાટેરે, ઓધવજી આ, વહાલાને૦ ૨

જસોદાને માત કહાવો, નંદજીને તાત કહાવો;
ઘડપણે રઝળાવી જાઓરે, ઓધવજી આ, વહાલાને૦ ૩
દશરથે દેહ ત્યાગી, નંદ ઘેર ના જોયું ઝાંખી;
તેમાં કંઇ ફાકા ફુકીરે, ઓધવજી આ. વહાલાને૦ ૪
ઘરથી ન જાણ્યો આવો, ધુતારાનો કાવો દાવો;
કપટી કહાનુડો કાળોરે, ઓધવજી આ. વહાલાને૦ ૫
અહીંયાંથી ગયા ન્હાસી, ઘરમાં રાખી કુબજા દાસી;
મથુરાનાં થયા વાસીરે, ઓધવજી આ. વહાલાને૦ ૬
મળો તો મીઠાનાસ્વામી, એક વાર ફરી આવો;
તમ રુઠે જગ રુઠ્યાંરે, ઓધવજી આ. વહાલાને૦ ૭

(૧૬૬) શ્યામને સંદેશો કહેજો, શ્યામને સંદેશો કહેજો;
શ્યામને સંદેશો કહેજોરે, ઓધવજી એટલો. શ્યામને૦ ટેક
સેવંતીને સુખ દેજો, સ્નેહનો સવાદ લેજો;
મોહનજી મથુરાં રહેજોરે, ઓધવજી એટલો. શ્યામને૦ ૧
વ્રન્દાનો હણ્યો પતિ, શિવને તજાવી સતી;
તારાની પણ એવી ગતીરે, ઓધવજી. શ્યામને૦ ૨
માનુની તો આવી મોહી, ગઇ કાન નાક ખોઈ;
એના કુળમાં ના રહ્યું કોઇરે, ઓધવજી. શ્યામને૦ ૩
તન મન ધામ તજી, રહી ભોળો ભાવ ભજી;
હરજી ના આવ્યા હજીરે, ઓધવજી. શ્યામને૦ ૪
સામળીયાજી પ્રિત ત્હારી, સદાએ માણસ મારી;
વીઠલ જો જો વીચારીરે, ઓધવજી. શ્યામને૦ ૫
સુખનાં સ્વપન વીતાં, દુખનાં તો બ્હાણાં છીતાં;
હજુ સેના બોલો બ્હીતારે, ઓધવજી. શ્યામને૦ ૬
રેણુકાને રણમાં રોળી, કેકૈને કલંકે તોળી;
ભોળવી જસોદા ભોળીરે, ઓધવજી. શ્યામને૦ ૭

નારદની માત તારી, પ્રહ્લાદ પીતા સહારી;
વીભીષણ ભ્રાત મારીરે, ઓધવજી. સ્યામને૦ ૮
સુંદરવર સોહાગી, લટકે લગન લાગી;
તારુણીના શકે ત્યાગીરે, ઓધવજી. સ્યામને૦ ૯
મળો તો મીઠાના સ્વામી, જીવન અંતર જામી;
તમને શીખામણ સાનીરે, ઓધવજી. સ્યામને૦ ૧૦

(ગોવાળિયાનાં હારિયાં.)

(૧૬૭) દુધ પીચો જાવાદો હમને, સાને રોકોછો વંન;
એકલડી વન કેમ રહું, ધ્રુજે છે મારુ તંન. દુધ૦ ટેક.
કુંમળી આંગળી મરડાસે, મુકોની મારો હાથ;
હું આવી આગળ થકી, પુઠે આવે સૈયર સાથ. દુધ૦ ૧
દીવસે પરણ્યા પીયુ સાથે, ઉભાં રહ્યું નવ જાય;
નંદજીના સમ અળગા રોહો તો, પરશું કેમ બોલાય. દુધ૦ ૨
પીયુ મારો ચતુર નથી તે, શું જાણે ભોગની રીત;
તેણે હું પ્રીછું નહીં જે, પુરુષ કહેવી પ્રીત. દુધ૦ ૩
જે રસ જેણે ચાખ્યો નહીરે, તે શું જાણે તેહ;
નેન નચાવો છો ઘણાં, હું પ્રીછું નહી કંઇ તેહ. દુધ૦ ૪
તમ સરખી હોય તેને વાહો, મુકોની મારો હાથ;
બાળ પણે એવું કરોજે, આગળ વાધે લાજ. દુધ૦ ૫
કાલ પીતા પરણાવશે રે, ઉત્તમ સુંદર નાર;
પરથી ઘર વસે નહીં એ, વેદનો વહેવાર. દુધ૦ ૬
સુખ ટળે શરીરનું જો, કોઇ શું લાગે મન;
ચીતવ્યું તો નવ પામીએ, અતિ દોહિલો દુરીજંન. દુધ૦ ૭
ચતુર હશે તે જાણશેરે, ચતુરાઇની પેર;
મેં મન તમારૂં ઓળખ્યું, અવસરે આવજો ઘેર. દુધ૦ ૮

મારગમાં ન બોલાવીએરે, આવતા દેખે લોક;
ભાલણ પ્રભુ રઘનાથજી, જુઠાં આળ ચ્હાડાવે ફોક. દુધ૦ ૯

(૧૬૮) જાઓ નંદના ગોવાળીયા તું, સેનું માગે દાણ;
જો તું આવીસ ઢુકડો તો, કંસરાયની આણ. જા૦ ટેક
ઘેર જઇ પુછ માતનેરે, છાસ વેચંતી કાલ;
દાણી થઇ વનમાં રહ્યો, કોની શીખ્યો તું ચાલ. જા૦ ૧
પાંપેણ ઉપેર પાઘડીને, અણીયાળાં લોચંન;
કરમાં કાળી કાંબલી કાં, વદે મીઠાં વચંન. જા૦ ૨
અંગ મા મોડીસ આવડું તું, રાખજે તારો ભાર;
ચંચળ ચાળા શા કરાં હું, તે વાળી નહી નાર. જા૦ ૩
મેં તુંને નિરમળ સાંભળ્યોરે, વસતો વ્રંદાવંન;
ભરમે ભોળી ના જાણતો, અતિ કઠણ છે મારું મન. જા૦ ૪
પાધરે મારગ ચાલીએરે, ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીએ, ભાલણપ્રભુ રઘનાથ. જા૦ ૫

---

(૧૬૯) ઉભી રહેરે આહીરડી, તું બોલતી વાંકા બોલ;
તારી આંખડીને મેં ઓળખીરે, અવર નહીં કોની તોલ. ઉ૦
મારગે છોડી અંબોડલોરે, હીંડતી મોડા મોડ;
સેરી જોઇને ચાલીએ ઘેર, કંથ સારો હોય. ઉ૦ ૧
સતી ન સામું ભાળીએરે, નીચું જોઇને ચાલ;
પરપુરુષથી વેગળી રહે તેની, આંખડલી ઓળખાય. ઉ૦ ૨
દાણ લાગે આ ઠામનું, અહીં નથી કંસનો લાગ;
વણ પ્રીછે આવે નહીં, આવે તો મારો ભાગ. ઉ૦ ૩
આવતાં આવી કામની, હું જે માગું તે આપ;
ભાલણ પ્રભુ રઘનાથજીને, અંતર આણી થાપ. ઉ૦ ૪

(૧૭૦) ઓરો આવરે આહીરડા, મેં જાત તારી જાણી. ટેક
જુલમ કરાં છાં જોરાવરરે, કંસરાયને કહીશું;
નીત ઉઠીને દુખ દો છો તારું, ગોકુળ મુકીને જઇશું. ઓ૦ ૧
અમે દાણી નંદરાયનારે, મન માને તે દઇશું;
કહે જે તારા કંસરાયને, હમે ઉત્તર દઇશું. ઓ૦ ૨
તું સરખા મારે ઘેર ઘણારે, ગાયને પાએ પાણી;
તારું બોલ્યું સાંખું હું તો, નંદનો કુંવર જાણી. ઓ૦ ૩
પાધરે મારગ ચાલીએરે, ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીયે, ભાલણ પ્રભુ રઘનાથ. ઓ૦ ૪

(૧૭૧) એણી વાટે ન જઇયે બાઈ, નંદ કુંવર રહે છે. ટેક.
બંસીબટની વાટમાં એણે, માંડી છે ધીંગાઈ;
કંસરાયને મંન ન આણે, બળીયા છે બે ભાઈ. એણી૦ ૧
ગોવરધન ગીરીધારી માટે, વાધી એની વડાઈ;
રાધા સરખી રૂપે રુડી છે, બીજની ચતુરાઈ. એણી૦ ૨
ચાલોની આપણ સઘળાં જઇયે, જમાનાજીને ઘાટ;
ભાલણ પ્રભુ રઘનાથજીને, દાણ ન આપું લગાર. એણી૦ ૩

(૧૭૨) છબીલા નંદનારે, તારી ચાલનો ચટકો જો;
છોરા આહીરનારે, તારા મુખનો મટકો જો. ટેક.
ચટકો તારી ચાલનો, પાવડીએ કગર કોર;
છુમક છુમક ઘુઘરુ વાજે, નેનમાં નાચે મોર. છબીલા. ૧
તાણીયે બાંધે પાઘડીરે, ઢળકતો મુકે તોર;
સેરીએ લડથડતો હીંડે, મુખ મોરલી ઘનઘોર. છબીલા. ૨
મુખ દેખડાવીને ઘેલાં કીધાં, જાણે હવેરાં ઢોર;
ભાલણ પ્રભુ રઘનાથજી મારાં, ચીતડલાંના ચોર. છબીલા. ૩

(૧૭૩) ભીખુભાંન કેરી બેટી, રાધા છે મારુ નામ;
દધીતણો જો ખપ કરો તો, આવજો ગોકુળ ગામ. ભીખુ૰
લંપટ સંપટ નાથજીરે, કપટીયાળા કહાન;
દધીતણું જો દાણ લેસો તો, કંસને થાસે જાણ. ભીખુ૰ ૧
વૃંદાવનની વાટમાં તમે, સાને રોકો છો ઘાટ;
તારી માતા તો આવડું મોટું, લેતી મહીનું માટ. ભીખુ૰ ૨
રાધા તો દાણ નહીં આપેરે, તમારુ શું જોર;
પીતા મારો જો જાણશે તો, કરશે પાધરા દોર. ભીખુ૰ ૩
સુધલે મારગ ચાલીએરે, ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીયે, ભાલણ પ્રભુ રુઘનાથ. ભીખુ૰ ૪

(૧૭૪) ધુતારી ઘુમટા વાળીરે, આંજ્યાવણ આંખડી કાળીરે. ટેક.
ઉંચી ને અલબેલડીરે, પાતળી પરીધાન;
જોબનીયાનું જોર ઘણું હું, ઉતારુ અભીમાન. ધુતારી. ૧
ન્હાની વયમાં નામ જ કહાડ્યું, લોક કરે વખાણ;
મ્હો ખાયને આંખડી લાજે, માંહો માંહો શું દાણ;
ચાલ્યો જા પાધરી વાટેરે, સાંખું છું નંદના માટેરે. ધુતારી. ૨
આ ગોકુળમાં ઘણી વસે છે, મોટી જાત આહીર;
વ્હેવારની વાતે લજ્જા સાની, છે બહુડકણાની ટેવ. ધુતારી. ૩
પાધરી વાટે તે લડેરે, જેને હોય બે બાપ;
એ દાણ સું લખાવી લાવ્યો, કંસરાયની છાપ. ચાલ્યો૰ ૪
છાપ તો તારો બાપ કરે છે, સૌંકડો ભીખુભાન;
હમો કુંઅર નંદરાયના, ગણું કંસને તૃણ સમાન. ધુતા૰ ૫
સમજી બોલો સામળારે, લોક સાથે સાં લાડ;
ભીખ માગીને જીવવું, માનો પરમેશ્વરનો પાડ. ચાલ્યો જા. ૬

ગોપી ગાળ દીયો અદકેરી, છે જોરાવરનો જોરો;
બીખ માગ્યાની પેર કહું તું, કાન ધરની ગોરો. ધુતારી. ૭
કાન ધરયાનું કામ શું છે, સમજ મનની વાત;
એવો કો દેખતી નથી જે, અટકાવી શકે હાથ. ચાલ્યો જા. ૮
આવે રાણી ઈંદ્રાણી તો, જાય મુકી માન;
તારું સર્વસ્ત લઉં સુંદરી તો, નામ મ્હારું કહાન. ધુતારી. ૯
છ વરસનું છોકરડું રે, ચોરી પીતો છાસ;
સરવસ્ત આપું સામળા તું, આવ મારી પાસ; ચાલ્યો જા. ૧૦
તું મદમાતી મહીયારી હું, નિકટ ન્હાનું બાળ;
બાળપણું તુજને દેખાડું તું, થાવા દે સંધ્યાકાળ. ધુતારી. ૧૧
વિવાદ કરતાં દિવસ વીત્યો, અબળા આકળી થાય;
પ્રેમાનંદ પ્રભુ જાવા દીયો, ગોપી લાગી પાય. ચાલ્યો જા. ૧૨

(વાંસળીનાં હારિયાં.)

(૧૭૫) ધુતારા ધરણીધર તારી વાંસળીરે લોલ;
વાંસળીયે કંઈ ઘેલું કીધું ગામ જો. ધુતારા૦ ટેક.
સખી નહાતાં ધોતાં દહોતાં વલોવતાં નીસરયાંરે; લોલ;
દળતાં પડતાં રડતાં મુક્યાં બાળ જો. ધુતારા૦ ૧
સખી સાસુ સસરો જેઠ જેઠાણી નવ લહ્યાં રે લોલ;
કંથજીને ચ્હડતી મુકી રીસ જો. ધુતારા૦ ૨
સખી મધરાતે મોહનજી બેઠા કદમ ચ્હડી રે લોલ;
ગોપીજનનાં હરીયાં છે કંઈ ચીર જો. ધુતારા૦ ૩
સખી અવળાં વસ્ત્ર ને અવળાં આભ્રણ પહેરીયાં રે લોલ;
કાનતણાં લઈ કેડે ધાલ્યાં કોટે જો. ધુતારા૦ ૪
સખી રામકૃષ્ણ પ્રભુ ભલે પધારયા સેરીએ રે લોલ;
ગોપી જનની પુરી છે કંઈ આશ જો. ધુતારા૦ ૫

(૭૭૬) હસવા સરખી હરીસું મારે ગોઠડી રે લોલ;
હસવા સરખું બ્રીજ મંડળ શુભ ધામ જો. હસવા૦ ટેક.
સખી નહાતાં ને ગાતાં રે ગુણ ગોવિંદના રે લોલ;
વસવા સરખું વૃંદાવન શુભ ગામ જો. હસવા૦ ૧
તીરથ મારે કીરથ કેશવરામનું રે લોલ;
પીવું મારે પ્રેમતણું રસપાન જો. હસવા૦ ૨
નાત હમારી નીરમળ નંદકુંએર શું રે લોલ;
ભાત હમારી ભુધરજી શું ભળતી જો. હસવા૦ ૩
રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યા સેરીયેરે લોલ;
ગોપી સઘળી ગુણ તમારા ગાય જો. હસવા૦ ૪

(૭૭૭) મીઠીને વાગેરે વનમાં વાંસળીરે લોલ. ટેક.
પાણીડાંને મસેરે બેની જોવા નીસરી રે લોલ,
બેડું મુકયું સરોવરની પાળ જો, ઉંઢણી વળગાડી આંબા ડાળ જો;
નીરને ભુલીરે હરીને શોધતાં રે લોલ,
ના દેખું કંઇ નંદજીના લાલજો. મીઠીને૦ ૧
સાસુ સસરો ને જેઠ જેઠાણી નવ લખ્યાં રે લોલ,
શું કરીએ બાઇ સાસુડીનું સાલજો;
સસરાજી મારો રે દીએરીયો દોહીલોરે લોલ,
નણંદ મારી જુઠાં ચહડાવે આળ જો. મીઠીને૦ ૨
સખી એ માણસ તો હળવે શું આવે નહી રે લોલ,
હમે કરતાં જપતપ તીરથ દાન જો;
સફળ થયો જનમારોરે સખી એક સેજમારે લોલ,
આંખડલીએ કીધી મુને સાન જો. મીઠીને૦ ૩
જોતાં ને જોતાં રે મળીયાં કુંજમાંરે લોલ,
ગોપી સઘળી આવે તમારી પાસ જો;

રામકૃષ્ણ પ્રભુ રાસ રમાડી ને રીઝવ્યારે લોલ,
ગોપી જનની પ્રેમે પુરી આશ જો. મીઠીનેં૦ ૪

(ગાગરિયાંનાં હારિયાં.)

(૧૭૮) ગાગરીયાં મત ઘોરો કનૈયા, મેં તો દઉંગી ગારી;
હાંરે મેં તો દઉંગી ગારી, ગાગરીયાં મત ઘોરો. ટેક.
તટ જમનાપર ધેન ચરાવે, હોરી કાંમલીયાં કારી. હારે૦
જમનાજી કો સીતલ પાની, ભર લાઈ રાધે પ્યારી. હાં૦
બીંદ્રાબીનકી કુંજગલનમેં, રાસ રમે રાધા પ્યારી. હાં૦
મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર, ચરણકમલ બલીહારી. હાં૦

---

(૧૭૯) તલપ તલપ મેરો જીયરો તલપે, કોઇ દીન રામ મીલાવે.
હાંરે કોઇ દીન કૃષ્ણ મીલાવે, તલપ૦ કોઈ દીન૦ ટેક.
અંજન મંજન ભુકે મોહન, અંન કછુએ ના ભાવે. હાંરે૦
સેજ સજન બીના સુનોરે મોહન, નૈણે નીંદ્રા ન આવે. હાંરે૦
દાસ મીરાં ને લાલ ગીરીવર, રાગ છત્રીસો ગાવે. હાંરે૦

(છુટક ગરબા.)

(૧૮૦) થનક થનક તા થઇરે, નાચે નાચે નંદનો નાધડીયો. ટેક.
તાળબંધ તાળી વાગે ઘુઘરુ ઘમકે;
હાંરે લાલ મોરલી બજાવે લઇ લઇરે, નાચે નાચે૦ ૧
નારદ નૃત્ય કરંતા રે આગે;
હાંરે વળી સાથ રાધાને લઈ લઈ રે, નાચે નાચે૦ ૨
બ્રહ્મા વેદ ભણંતા રે આગે;
હાંરે ત્યાં તો સૂરજ રહ્યો મોહી મોહી રે, નાચે નાચે૦ ૩
મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર;
હાંરે ત્યાં તો કૃષ્ણજીએ મોરલી બજાઇ રે, નાચે નાચે૦ ૪

(૧૮૧) આવત મોરી ગલીયનમેં ગીરધારી;
મેં તો છુપી હું લાજકી મારી. આવત મોરી૦ ટેક.
કસુંબલ પાઘ કેસરીયા વાઘા, ઉરપર હાર હજારી;
શીર મોતીયનકો તોરો બીરાજે, પેચનકી છબ ન્યારી. આ૦
મોર મુગટ પીતાંબર સોહીયે, કુંડલકી છબ ન્યારી;
ગલે મોતીયનકી માલા બીરાજે, હીરાકી છબ ન્યારી. આ૦
જમુનાકે નીર તીર ધેન ચરાવે, મોરલી અધરપર ધારી;
જદ બસીકી ટેહેલ સુની સખી, આંન મીલે બ્રીજ નારી. આ૦
બીંદ્રાબીનકી કુંજગલનમે, આંન મીલે રાધા પ્યારી;
મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર, તુમ ઝીતે હમ હારી.
આવત મોરી૦

(૧૮૨) માઇ બ્રીજબાસી સ્યામ હો, તેને મેરી ગાગર કયું ઘોરી હો
હાંરે નંદાનંદજીકા છૈયા હો, તેને મેરી૦
હાંરે જસોમતિકા કનૈયા હો, તેને મેરી૦
હાંને બલીભદ્રજીકા ભયા હો, તેને મેરી૦ ટેક.
ગાગર ઘોરી મોરી બઇયાં મરોરી હો,
મોતનકી લટ તોરી, માઇ બ્રીજબાસી સ્યામહો, તેને મેરી૦
ઝીણે ઝીણે કજરા ને બડે બડે નેન હો,
કુંજગલનમે કર ગયો સેન, માઇ બ્રીજબાસી૦ તેને મેરી૦
પાએ બાજે ઘુઘરુ ને મુખે બાજે બેનહો,
મોતનકી માલ ઝગઝગ જોરી, માઇ બ્રીજબાસી૦ તેને મેરી૦
આવરે કનૈયા તું તો અપની ગલન હો,
ચંદન ચરચીત તેરે અંગ, માઈ બ્રીજબાસી૦ તેને મેરી૦
છોડ દે કનૈયા મેરો ફાટેગો ચીર હો,
હમ તો ગુર્જર તુમ જાતકા આહીર, માઇ બ્રીજબાસી૦ તેને૦

બાઈ મીરાં કહે પ્રભુ ગીરીધર લાલ હો,
તુમ દેખન ગોપી ભઈ ન્યાહાલ, માઈ બ્રીજબાસી૦ તેને૦

(૧૮૩) બોલ મા બોલ મા બોલ મા રે રાધાકૃષ્ણ વીના બીજું
બોલ મા. ટેક.
સાકેર શેરડીનો સવાદ તજીને, કડવો લીમડો ઘોળ માંરે. રાધા૦ ૧
ચાંદા સૂરજનું તેજ તજીને, આગીયા સંગાતે પ્રીતરે જોડમાં. રાધા૦ ૨
હીરારે માણેક ઝવેર તજીને, કથીર સંઘાથે મણી તોળમાંરે. રાધા૦ ૩
મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર, શરીર આપ્યું સમતોલમાંરે. રાધા૦ ૪

છઈયાં છઈયાં છઈયારે, દોનો ઠારે કદમસે છઈયાં. ટેક.
ગૌરવરણ હે જેષ્ટ હમારા, સ્યામ વરણ મેરે સૈયારે. દોનો૦
ગૌરકે શીર જરકસબી ચીરા, સ્યામ શીર મુગટ ધરૈયારે;
ગૌરકે નામ બલીભદ્ર ભૈયા, સ્યામકે નામ કનૈયારે; દોનો૦
મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર, દોનો મેરે શીશ નમૈયારે.

(૧૮૪) તમે લો કહાના ગોરસડાં, મીઠડાં ગોરસ લો ગોરસલો. ટેક.
આ ગોરસ મારું મીઠું, તમે પરીયે ન હોયે દીઠું રે. મી૦
આ ગોરસ મેં નથી ચાખ્યું, મેં તો તમારે ખાતર રાખ્યુંરે,
ચાખી ચાખી કુંજ બિહારી, બાંકી સંગત પ્રીમત પ્યારીરે,
રણછોડના સ્વામી રસિયા, મારા રુદેકમળમાં વસીયારે. મી૦

(૧૮૫) નહીં જાઉં તે જમના પાણીરે મા, હુંને ખીજવેતે
સૈયરસમાણીરે મા. ૧.
હુંને કુંવારી કુંવારી સહુ કહેછેરે મા, મારી સૈયરો
તે મેણાં દે છેરે મા. ૨.
જળ જમનાજીને ઘાટેરે મા, હુંને કહાનજી કાદવડે છાંટેરે. ૩.

વ્હાલો કરે નૈણાના ચાળારે મા, મેંહેતો કહાનવર
સાંભળ્યા કુંવારારે મા. ૪.
હુંને કહાનવરને પરણાવોરે મા, મારી વ્રજમાં તે
વાત વખણાવોરે મા. ૫.
મળે સરખેને સરખી જોડરે મા, તુંને પાંખતાં તે
પહોંચસે કોડરે મા. ૬.
હેવા રામકૃષ્ણવર રુડારે મા, હુંને અખંડ પેહેરાવો
ચુડારે મા. ૭.
હેવા રામકૃષ્ણવર રંગીરે મા, મારા જનમ જનમના
સંગીરે મા. ૮.

(૧૮૬) ઓધવ લક્ષણ જુઓની નંદલાલનારે, મથુરા બેસી
રહ્યો છે વ્હાલો ક્યારના જો. ૧.
માહારી મહીની મટુકી રોકે ઘાટમાં જો, મખીયાં
પડશે તે મહીકેરા માટમાં જો. ૨.
તમે કીયા તે ગામના ઠાકરા જો, મા મારરે કહા-
નુડા કહું કાંકરા જો. ૩.
હમે ગોકુળગામના ઠાકરા જો, સહુ ગોપીયોવડે
છઉં ઉછાછલો જો. ૪.
તમે રહો છો તે કીયા ગામમાં જો, આવડા શેણે
આ વાતે અભીમાનમાં જો. ૫.
મહી પીવું હોય તો આવજે મારા મહેલમાં જો,
અલ્યા કહાનુડા તું હમને છેડ મા જો. ૬.
હેવા રામકૃષ્ણના ગુણ ગાઇને જો, પેલી કુબજાએ
રાખ્યા વાહીને જો. કાળી કુબજાએ રાખ્યા વાહીને જો. ૭.

(૧૮૭) વેણુ મા વાઇસરે હો, વીઠલ વારી માગું માન. ટેક.
એરે વાંસલડી વેરણ મ્હારી, સમજી લે છે પ્રાણ. વેણુમાં વાહી.
જહાં રે તમે વેણુ વગાડો મારા વહાલા, ન સુઝે ઘરનાં કામરે,
સાસુ સસરો ને જેઠ જેઠાણી, ત્યાં નથી રહેતું માન. વે૦
અગજ વેધ્યાં ને કાળજ છેદ્યાં, ના રહી સુધ ને સાન રે,
ધરણી લોટું મરણ પદ ભાખું, ખોળ્યા ના જડે ઠામ. વે૦
ઘેલી જોઇ ઘસારો પાયો, તે ત્યાં જોશી જન રે,
વલ્લભ જનના પ્રભુજી પ્રગટ્યા, ગોપીઓ પામી માન. વેણુ૦

(૧૮૮) વેણ હું તો વાઇસ રે હો, ગોપી વેણ પ્રાણ મન મહાં રે,
હારે કરો શ્રવણ વાન જેમ તારે, વેણ હું તો૦ ટેક.
કદળી ફળના પત્ર પત્રમાં, હોય કદળીફળ જેમ રે;
વેણ સંસારે અનુભવે રે હાંરે, તેની દેહડી નીરમળ થાય. વે૦
ચતુરા થઇને ચિત્ત તપાસો, મહા જશ એણે કીધો રે;
ગીરી ગોવરધનને પણ એણે, પુષ્પ ફેંદપર લીધો. વેણ૦
ઘેલી થઇ ઘસારો પીયો, તેડો જોશી જંનરે;
વલ્લભ જનના પ્રભુજી બોલ્યા, ગોપીઓ રીઝી મંન. વેણ૦

(હેલો.)

(૧૮૯) મોહનજી મથુરાં ગયા જો, હાંરે હવે કેમ કરીને
રહેવાય મ્હારી હેલી,
કહો મનડાં કયમ વાળીએ જો, હારે વહાલો વશ
કીધો કુબજા કાળીએ જો. ટેક.
હેલી મ્હારી રે સરસતસામને વીનવું જો,
હારે હવે ગણપત લાગનું પાય મ્હારી હેલી. મોહનજી૦

હેલી મ્હારી રે સરવ સખી ટોળે મળીજો;
હાંરે વળી મળીમળી મંગળ ગાય મ્હારી હેલી. મોહનજી૦
હેલી મ્હારી રે ચાલોની નંદજીને આંગણે જો;
હાંરે ત્યાં તો રમતાં જોઇએ બાળ મ્હારી હેલી. મોહનજી૦
હેલી મ્હારીરે કુબજા તે કોણ આનંદમાં જો;
હાંરે હેના ભાગ્યતણો નહી પાર મ્હારી હેલી. મોહનજી૦
હેલી મ્હારીરે ગોકુળીયું સુનું પડ્યું જો;
હાંરે વહાલે મથુરામાં કીધો વાસ મ્હારી હેલી. મોહનજી૦
હેલી મ્હારીરે કાળી ને કુબડી કુબજા જો;
હાંરે એની બાબરી ફરફર થાય મ્હારી હેલી. મોહનજી૦
હેલી મ્હારીરે સરવસ ધન ગયાં આપણાં જો;
હાંરે હવે નીરધનીયાં થયાં આજ મ્હારી હેલી. મોહનજી૦
હેલી મ્હારી રે ગાય શીખે ને સાંભળે જો;
હાંરે તેનો હોજો તે વૈકુંઠ વાસ મ્હારી હેલી. મોહનજી૦

(ભોળી.)

(૧૯૦) આહીરે સુંદર સાંમળો, સોહે રાધાવર વલ્લભો,
ઝલ્લ રહ્યો નેહરો નેણાં ભોળી રે. ટેક
કામણગારો કહાનુડો ભોળી રે, તેણે હુંને કામણ કીધાં
ભોળી રે;
ચીતલડાં ચોરી ને લીધાં ભોળી રે. આહીરે૦ ૧
કામણ કીધાં તે પેલે કહાનુડે ભોળી રે, હાથડે ન
લાગે ધંધા ભોળી રે;
રોકટ તે નાંખી હુંને ફંદા ભોળીરે. આહીરે૦ ૨
શરદ પુનેમની રાતડી ભોળી રે, ઉગ્યો પુનમકેરો ચંદા
ભોળી રે. આહીરે૦ ૩

જમના તે જીને કાંઠડે ભોળી રે, ઉભો તે નંદજીનો
નંદા ભોળી રે;
ઉભો વજાડે વંશા ભોળી રે, મોરલીમાં હારી ગયા
હંસા ભોળી રે. આહીર૦ ૪
લંકામાં રાવણ રોળીયો ભોળીરે, મથુરામાં માર્યો કંસા
ભોળીરે. આહીર૦ ૫

(બાલેમ)

(૧૯૧) ઉંચા ઉંચા મહોલ ને નીચલા દરવાજા,
આ બાલેમરે માનીતીના મહોલ રે;
માનીતીના મહોલ માનીતીના મહોલ રે, આ બાલેમરે
માનીતીના મહોલરે.
મ્હારા સમ ખાઇને ગયા હુંને વાહીને, એ બાલેમરે
મારા સમ ખાઇને. ટેક.
સાત પાંચ સહીયરો તે પાણીલાંની હારરે, આ કાંઠરે
મોહન છેરે દાણી, આ બાલેમરે મોહન છે રે દાણી.
દાણીએ ઉભાં કાંકરડીરે મારી, આ ભાગીરે ઘડુલાની
કોરરે, એ બાલેમરે. ઘડુલાની૦
ઘડુલો ફુટો ને નીર વહી ગયાંરે, આ ભીનીરે કસું-
બાની કોરરે, એ બાલેમરે કસુંબાની કોરરે૦
સાસુડીરે મારી ખીજવા લાગી, આ નણંદીરે કતલ
કેરું બાણરે, એ બાલેમરે કતલ કેરું૦
જેઠાણી મારી પુછવા લાગી, ક્યાં ભીનીરે સાળુડાની
કોરરે, એ બાલેમરે સાળુડા૦
મ્હારે મ્હોલે આવો મ્હારાં કહ્યાં માનો, એ બાલેમરે મારાં કહ્યાં૦
દસેરાના દહાડા માનીતીના વારા, એ બાલેમરે દસેરાના દહાડા૦

(બેડલુ.)

(૧૯૨) બેડે મ્હારે ભાર ઘણો હો રાજ, વાતો કેમ કરીયે;
ઘડે મારે ભાર ઘણો હો રાજ, વાતો કેમ કરીએ. ટેક.
કનક કચોળે કેસર ઘોળું, હાથ સુનેકી ઝારી;
જસોદાના કહાનને પૂજવા ચાલી, સાથે વ્રીજની નારી.
બેડે મ્હારે૦ ૧
લટકેરે આવું ને લટકેરે જાઉં, લટકામાં સમજાવું;
ક્ષણું એક કહાનજી વિલંબ કરો તો, બેડું ઉતારીને આવું.
બેડે મારે૦ ૨
ઝારીરે સાડી ને જરદ કીનારી, માંહે સુનેરી તાર;
ચંચળ નાર ખડી રહી આગે, રાય ચંપેકો હાર. બેડે મા૦
સેરી ભલી પણ સાંકડીરે, નગર ભલાં પણ દૂર;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, જોબનીયું ભરપૂર. બેડે મા૦

(મોરલો.)

(૧૯૩) સુના બ્હેડું રૂપલા ઉંઢાણી જો, રાજાની રાણીરે
પાણીડાં સાંચર્યાં જો.
પાળે ઉભા હંસલીયા બેચાર જો, એકને ઉભારે વનનો
મોરલો જો.
રાણી પાણી ભરે ને મોર ઢોળે જો, રાજાની રાણીરે
મોરસગે રંગે રમ્યાં જો.
રાણીએ કંઈ મોરલીયાને શિખ દીધી જો, મોરલીયા
તું ઝીણે વન જઈ બેસ જો.
ઝીણેને વનેરે સળોયો નહીં સાંચરે જો, રાણીજી પાણી
ભરી ઘેર આવ્યાં જો.

રાજાજી કંઈ બારણું ઉઘાડો જો, રાણીજી પાણી ભરી
ઘેર આવીયાં જો.
રાજાએ કંઈ બારણાં ઉગાડ્યાં જો, રાણીએ કંઈ રાજાજીને
શિખ દીધી જો
હણજો હણજો હંસલીયા બે ચારજો, એક મા હણસોરે
વનનો મોરલો જો.
રાજાજી શિકાર રમવા સાંચરિયાજો, હણીયા હણીયા
હંસલીયા બે ચાર જો.
એકને હણીયોરે વનનો મોરલો જો, રાજાજી શિકાર
રમી ઘેર આવ્યા જો.
રાણીજી કંઈ બારણાં ઉઘાડો જો, મોરને દેખી રાણી
મુરછા ખાઈ પડ્યાં જો.
કહો તો રાણી દાતણ પાણી લાવું જો, દાતણ કરીએરે
આપણ બેહુ જાણાં જો.
તમે કરો તમારાં છોરુને કરાવો જો, દાતણ કરવાની
મારે આખડી જો.
ઉઠો રાણી રસોઈ નીપજાવો જો, ભોજન કરીએરે
આપણ બેહુ જાણાં જો.
તમે કરો તમારાં છોરુને કરાવજો, ભોજન કરવાની
મારે આખડી જો.
કહો તો રાણી સાળુડા ખીલાવું જો, પાલવે છપાવું
વનનો મોરલો જો.
કહો તો રાણી ટોટડી ઘડાવું જો, તેમાંને ચિતરાવું
વનનો મોરલો જો.
શું કરું તમારી ટોટડીની જોડજો, હૈયાંનો હારરે
મોરલો મારીયો જો.

રાજાજી કંઈ ચંદનકાષ્ટ અણાવો જો, તેણેને રચાવોરે
મંડપ ઓરડો જો.
રાજાની રાણીરે મોર સંગે બળી મુઆં જો, રાજાની
રાણીરે મોર સંગે સતી થયાં જો.

(૧૯૪) બાંસુરી બજાઈ આજ, રંગસેં મોરારી;
મોરલી બજાઈ આજ, રંગસે મોરારી. ટેક.
જીવ જંતુ પંખી મોહે, મોહે ધેન સારી;
ગોકુલકે ગ્વાલ મોહે, મોહે બ્રીજ નારી. બાંસુરી૦ ૧
જમનાજીકી ઉલટ ભઈ, ધુમરી મેં હારી;
ઈંદ્ર સભા ભુલ ગયે, સુધસ બે બિસારી. બાંસુરી૦ ૨
ગાન કરત નારદ ભુલે, શંકર તીહારી;
બેદ પઢત ભૂલ ગયે, બ્રહ્મા બ્રહ્મચારી. બાંસુરી૦ ૩
મોરલીકી ટેહલ સુનત, ભુલ ગઈ સારી;
તુલસીદાસ બંસી બાજે, તીન લોક ન્યારી. બાંસુરી૦ ૪

સમાપ્ત.

[illegible] નવલિકાઓનાં ગીતો

[illegible] (ખંડ [illegible]) [illegible]

ગુજરાત અને [illegible] ([illegible])

[illegible] વ્યાપારી [illegible] ([illegible])

([illegible] [illegible] ઘણી [illegible] [illegible])

[illegible] [illegible] [illegible])

[illegible] [illegible] ([illegible] ૭ [illegible])

[illegible] —

॥ [illegible] [illegible] —[illegible]